

# બાળવર્ગનું શિક્ષણ

## પુસ્તક ૩ નો પહેલો શાખા અભ્યાસક્રમ







રૂહી સંસ્થા

# બાળવર્ગનું શિક્ષણ

## પુસ્તક 3 નો પહેલો શાખા અભ્યાસક્રમ

રૂહી સંસ્થા

આ શ્રેણીના પુસ્તકોઃ

રૂહી સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલા વર્તમાન શિર્ષકો નીચે મુજબ છે. આ પુસ્તકોનો ઉદ્દેશ યુવાનો અને વયસ્કોને તેમના સમુદાયોની સેવા કરવા માટેની તેમની ક્ષમતાનો વિકાસ કરવાના પદ્ધતિસર પ્રયત્નમાં અભ્યાસક્રમોની મુખ્ય શ્રેણી તરીકે ઉપયોગ કરવાનો છે. રૂહી સંસ્થા અભ્યાસક્રમોના એક એવા સમૂહનો પણ વિકાસ કરી રહી છે જે બહાઈ બાળવર્ગના શિક્ષકોની તાલીમ માટે આ શ્રેણીના ત્રીજા પુસ્તકમાંથી શાખાના રૂપમાં વિકાસ પામે છે, તેની સાથે કિશોર જૂથોના અનુપ્રેરકો તૈયાર કરવા માટે પાંચમાં પુસ્તકમાંથી બીજા એક સમૂહનો શાખાના રૂપમાં વિકાસ થાય છે. આ બધાનો પણ નીચેની સુચિમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક વાતની નોંધ લેવી જોઈએ કે, ક્ષેત્રમાંથી પ્રાપ્ત અનુભવને આધારે સૂચિમાં ફેરફાર થઈ શકે છે, અને જેમ જેમ વિકસિત થઈ રહેલા અનેક અભ્યાસક્રમો એવા તબક્કે પહોંચતાં જાય કે જ્યારે તેને વિશાળ પાયે ઉપલબ્ધ કરાવી શકાય તેમ તેમ, તેમાં નવા શિર્ષકોનો ઉમેરો કરવામાં આવશે.

| | |
|---|---|
| પુસ્તક ૧ | *દિવ્ય જીવનઃ એક ચિંતન* |
| પુસ્તક ૨ | *સેવા માટે ઉત્થાન* |
| પુસ્તક ૩ | *બાળવર્ગનું શિક્ષણ, ધોરણ ૧* |
| | *બાળવર્ગનું શિક્ષણ, પુસ્તક ૩ નો પહેલો શાખા અભ્યાસક્રમ* |
| | *બાળવર્ગનું શિક્ષણ, પુસ્તક ૩ નો બીજો શાખા અભ્યાસક્રમ* |
| | *બાળવર્ગનું શિક્ષણ, પુસ્તક ૩ નો ત્રીજો શાખા અભ્યાસક્રમ* |
| | *બાળવર્ગનું શિક્ષણ, પુસ્તક ૩ નો ચોથો શાખા અભ્યાસક્રમ* |
| પુસ્તક ૪ | *જોડિયા અવતારો* |
| પુસ્તક ૫ | *કિશોરોની શક્તિઓને વિમુક્ત કરવી* |
| | *પ્રારંભિક જુસ્સોઃ રૂહી ૫ નો પહેલો શાખા અભ્યાસક્રમ* |
| | *વર્તુળનું વિસ્તરણ કરવુંઃ રૂહી ૫ નો બીજો શાખા અભ્યાસક્રમ* |
| પુસ્તક ૬ | *પ્રભુધર્મનું શિક્ષણ* |
| પુસ્તક ૭ | *સેવાના માર્ગ પર સાથે મળીને ચાલવું* |
| પુસ્તક ૮ | *બહાઉલ્લાહની સંવિદા* |
| પુસ્તક ૯ | *ઐતિહાસિક દ્રષ્ટિકોણ પ્રાપ્ત કરવો* |
| પુસ્તક ૧૦ | *જીવંત સમુદાયોનું નિર્માણ* |
| પુસ્તક ૧૧ | *ભૌતિક સાધન* |
| પુસ્તક ૧૨ | પરિવાર અને સમુદાય |
| પુસ્તક ૧૩ | *સામાજિક ક્રિયામાં સંલગ્ન થવું* |
| પુસ્તક ૧૪ | જન સંવાદમાં સહભાગિતા |

Copyright © 2025 by the Ruhi Foundation, Colombia
All rights reserved. Edition 1.1.1.PE.PV (provisional translation) in November 2025
Printed in Gujarat, India

Originally published in Spanish as *Enseñar clases para niños: Primer curso ramal del Libro 3*
Copyright © 2011, 2024 by the Ruhi Foundation, Colombia
ISBN 978-628-96276-5-7

Permission for a limited printing of this book in Gujarati has been granted to Baha'i Training Institute of Gujarat by the Ruhi Institute.

Ruhi Institute
Cali, Colombia
Email: instituto@ruhi.org
Website: www.ruhi.org

Baha'i Training Institute of Gujarat
Plot 395, Sector- 30, Gandhinagar, 382030
tibgujarat@ibnc.in

# અનુક્રમણિકા

ટ્યૂટર માટે થોડા વિચારો .................................... v
તેમના સૌંદર્યનો પ્રેમ .......................................... 1
બાળ વર્ગો માટેના પાઠ, સેટ ૧-૩ ..................... 53

# ટ્યૂટર માટે થોડા વિચારો

રુહી સંસ્થાની મુખ્ય શ્રેણીના ત્રીજા પુસ્તકમાંથી શાખાના રૂપમાં વિકસિત, આ અભ્યાસક્રમ એવા લોકો માટે છે જેમણે, બાળકોની આધ્યાત્મિક કેળવણીના કાર્યક્રમના પ્રથમ વર્ષમાં બાળકોને શિક્ષણ આપ્યા પછી, સેવાના આ ક્ષેત્રમાં પોતાને સમર્પિત કરવાનું પસંદ કર્યું છે. આ એવા અભ્યાસક્રમોની શ્રેણીમાંનો પહેલો અભ્યાસક્રમ છે જે ધોરણ ૧ પછી, બાળકો જે પાઠોનો અભ્યાસ કરશે તેના ઉદ્દેશ અને સામગ્રી વિશે ચર્ચા કરશે. એવું માનવામાં આવે છે કે, અભ્યાસક્રમોની આ વિશિષ્ટ શ્રેણી પૂર્ણ કર્યા પછી અને અનુરૂપ પાઠનું સંચાલન કર્યા પછી, શિક્ષકોને બાળકોના આધ્યાત્મિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે શું જરૂરી છે તે અંગે ઘણી સમજ મળશે અને આ ક્ષેત્રમાં અસરકારક રીતે કાર્ય કરવા માટે જરૂરી કુશળતા અને ક્ષમતાઓ, ગુણો અને વલણને મજબૂત બનાવશે. એટલું મહત્વપૂર્ણ છે કે, તેઓ શિક્ષકોની એક સેનાનો ભાગ બનશે જેને સંસ્થાઓ દ્વારા તેમના પ્રદેશોમાં બાળ કેળવણી માટે વિસ્તરતી પ્રણાલીને ટકાવી રાખવા માટે ગતિશીલ કરી શકાય છે, જે વિવિધ પૃષ્ઠભૂમિના વિવિધ વય-જૂથના બાળકોની વધતી જતી સંખ્યાને સમાવી શકે છે જેમના માતાપિતા, હંમેશા, આતુર હોય છે કે મજબૂત નૈતિક ધોરણો ઉપર તેમના બાળકોના જીવનની શરૂઆત થાય. જેઓ આ અને ત્યારબાદના અભ્યાસક્રમોના શિક્ષકો તરીકે સેવા આપે છે તેઓ તેમના અભ્યાસમાં અનુભવના વિશાળ ભંડારમાંથી મેળવેલા વ્યવહારુ જ્ઞાનનો અમૂલ્ય ભંડાર લાવી શકશે.

આ પાનાઓ દ્વારા જૂથને માર્ગદર્શન આપવાની તૈયારીમાં, દરેક ટ્યૂટર પુસ્તક ૩, બાળ વર્ગનું શિક્ષણ, ધોરણ ૧ માં આપેલી પ્રારંભિક ટિપ્પણીઓનું પુનરાવર્તન કરે, જે બાળકોની આધ્યાત્મિક કેળવણી માટે રૂહી સંસ્થાના કાર્યક્રમનું વર્ણન કરે છે અને તેને આકાર આપતા કેટલાક સિદ્ધાંતો અને ખ્યાલોની ચર્ચા કરે છે. આ અભ્યાસક્રમ, આગામી એક અભ્યાસક્રમ સાથે, પુસ્તક ૩ માં રજૂ કરાયેલ એક મુખ્ય ખ્યાલને વધુ વિકસિત કરે છે – કે એવા રત્ન જેવા ગુણો જેને બાળકોએ પ્રતિબિંબિત કરવાના છે તેને માનવ આત્માની ક્ષમતાઓ તરીકે શ્રેષ્ઠ રીતે જોઈ શકાય છે, કાયમી માળખા તરીકે જોઈ શકાય છે જેના પર એક કુલિન (ઉમદા) અને પ્રામાણિક ચરિત્રનું નિર્માણ થાય છે. આ મૂળભૂત માન્યતા છે જે આ કાર્યક્રમને અન્ય શૈક્ષણિક અભિગમોથી જુદો પાડે છે, જે સારા ચરિત્રના વિકાસને મૂળભૂત રીતે વર્તન સુધારણાના સંદર્ભમાં જુએ છે, અને તેનો સમગ્ર કાર્યક્રમ દરમિયાન સાહિત્યની શ્રેણીમાં સમાવેશ થાય છે.

આ શાખા અભ્યાસક્રમ અને તેના પછીનો અભ્યાસક્રમ એવી ટેવો અને વર્તન શૈલીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે ધોરણ ૧ માં સંબોધિત આંતરિક આધ્યાત્મિક ગુણોને અભિવ્યક્ત કરે છે. આ અર્થમાં, વર્તનના પ્રશ્નની ચર્ચા કરવામાં આવી હોવા છતાં, હકીકતમાં, તે આધ્યાત્મિક ગુણોનો વિકાસ તથા વલણો અને ટેવોની રચના વચ્ચેનો ગતિશીલ સંબંધ છે જે શિક્ષકો સમક્ષ રજૂ કરવામાં આવતી સામગ્રીનો વાસ્તવિક મુદ્દો છે. તેમને, સૌથી ઉપર, આ ગતિશીલ સંબંધને ધ્યાનમાં રાખવાની જરૂર પડશે.

ખરેખર, આ પુસ્તકનો પહેલો એકમ, "તેમના સૌંદર્યનો પ્રેમ", શિક્ષકોને ધોરણ ૧ માં બાળકો માટે વર્ગો ચલાવવાના તેમના અનુભવ અને તેના ચોવીસ પાઠ દ્વારા પ્રેરિત શૈક્ષણિક પ્રક્રિયામાં

મેળવેલી કેટલીક આંતરદૃષ્ટિ પર ચિંતન કરવા માટે કહેવાથી શરૂ થાય છે, જે દરેક પાઠ એક ચોક્કસ આધ્યાત્મિક ગુણની આસપાસ રચાયેલ છે. તેના આધારે, એકમ અનેક આંતરસંબંધિત વિષયો રજૂ કરે છે જે, પ્રભુધર્મના લખાણોમાં જોવા મળતા ઉપદેશોમાં, વિચાર અને આચારની એવી શૈલીઓ તરફ નિર્દેશ કરે છે જેને શૈક્ષણિક પ્રક્રિયાએ બાળકોમાં કેળવવા જોઈએ. એકમનો બાકીનો ભાગ ત્રણ એવા વિષયોના વિશ્લેષણ માટે આપવામાં આવ્યો છે જે મનુષ્ય અને તેમના સર્જનહાર વચ્ચેના સંબંધના મૂળભૂત વિચારો - પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળવું, ઈશ્વરના આદેશોનું પાલન કરવું અને જ્ઞાન પ્રાપ્ત કરવું - ની ચર્ચા કરે છે. એવી આશા છે કે આ એકમનો અભ્યાસ શિક્ષકોને બીજા એકમમાં સમાવિષ્ટ પાઠો પર વિચાર કરતાં પહેલાં, સંબંધિત ખ્યાલોની તેમની પોતાની સમજને વધુ ઊંડી અને એકીકૃત કરવામાં મદદ કરશે, જેની આ જ વિષયોની આસપાસ ચર્ચા કરવામાં આવી છે.

ત્રણ સેટમાં ગોઠવાયેલા, બાળકો માટેના નવ પાઠ ઉપરાંત, બીજા એકમમાં શિક્ષકો માટે તેના વિષયોનું વિશ્લેષણ કરવા માટેની તૈયારી માટેના (પ્રારંભિક) વિભાગો છે. આ પાઠના મુખ્ય ઘટકો પહેલા ધોરણના પાઠના ઘટકો જેવા જ રહે છે. દરેક સેટના પાઠ મુખ્ય વિષય સાથે સંબંધિત અનેક મુખ્ય ખ્યાલોની આસપાસ પરિભ્રમણ કરે છે, જે મોઢે કરવા માટેના અવતરણનો પરિચય આપતા ફકરામાં દર્શાવેલ છે. શિક્ષકો જ્યારે તેમના વિદ્યાર્થીઓને સંબંધિત વિચારો કેવી રીતે સમજાવવા તે નક્કી કરશે ત્યારે તેમણે ધોરણ ૧ માં શીખવવાના તેમના અનુભવ પર આધાર રાખવો પડશે અને અહીં પ્રથમ એકમનો અભ્યાસ કરવામાં તેમણે મેળવેલી સમજનો ઉપયોગ કરવો પડશે. તેમને મદદ કરવા માટે, પ્રારંભિક સાહિત્યમાં પાઠના દરેક સેટ માટે પ્રશ્નોની એક શ્રેણી આપવામાં આવી છે, અને ટ્યૂટરે ખાતરી કરવી જોઈએ કે સહભાગીઓ સાથે મળીને તેની યોગ્ય રીતે ચર્ચા કરે. તેઓ જે સમજ મેળવે છે તે ફક્ત પાઠના મુખ્ય ખ્યાલોનો પરિચય કરાવવામાં જ નહીં પરંતુ અન્ય ઘટકોને અમલમાં મૂકવા માટે પણ જરૂરી રહેશે, જે બધા, કોઈક રીતે, બાળકો જે શીખી રહ્યા છે તેને મજબૂત બનાવશે. સૌથી નોંધપાત્ર વાત એ છે કે, મોઢે કરવા માટેના અવતરણોની જેમ, વાર્તાઓ પણ આ પાઠના મુખ્ય ઘટકોમાંનું એક ઘટક છે, અને વર્ગનો આ સમયગાળો શિક્ષકોને યોગ્ય સ્તરે, ખ્યાલોની ચર્ચામાં બાળકોને જોડવાની તક આપશે.

અન્ય ઘટકોની વાત કરીએ તો, આ પાઠ અને ધોરણ ૧ ના પાઠ વચ્ચે ચોક્કસ તફાવત છે જેનો ઉલ્લેખ કરવો જોઈએ. સહકારી રમતોને બદલે, બાળકો સર્જનાત્મક નાટકમાં તેમની કુશળતા વિકસાવવા માટે પ્રવૃત્તિઓમાં જોડાશે. તેની સાથે સાથે, દ્રશ્ય કળા સંબંધિત તેમની કુશળતા અને ક્ષમતાઓને એવી પ્રવૃત્તિઓ દ્વારા આગળ લઈ જવામાં આવશે જેનું રંગપૂરણી પર નિર્માણ કરીને, કલાના ત્રણ મૂળભૂત ઘટકો - રેખા, આકાર અને પોત (વણાટ)- ની ચર્ચા કરે છે. ધોરણ ૧ ની પ્રવૃત્તિઓ કરતાં વધુ જટિલ હોવા છતાં, આ બે ક્ષેત્રોમાં પ્રવૃત્તિઓની એવી રીતે રચના કરવામાં આવી છે કે તેઓ કુદરતી રીતે શિક્ષકના પાછલા વર્ષના વિદ્યાર્થીઓ સાથે કામ કરવાના અનુભવ પર આધારિત હશે. એક ટ્યૂટર સ્પષ્ટપણે, પાઠ્યક્રમના સહભાગીઓ કલા અને નાટકની પ્રવૃત્તિઓનું સંચાલન કેવી રીતે કરશે તે અંગે વિચારવામાં તેમની મદદ કરવા માંગશે, પરંતુ આનાથી પાઠના કેન્દ્રિય ઘટકો પરથી તેમનું ધ્યાન વિચલિત થવું જોઈએ નહીં.

એ નોંધવું જોઈએ કે ચિત્રકામ અને કલાની પ્રવૃત્તિઓ માટે થોડો સામાન અને સંસાધનોની જરૂર પડશે, જેમાં કલાના કાગળની નકલોનો પણ સમાવેશ થાય છે, જે બીજા એકમના અંતે આપવામાં આવેલ છે. સંદર્ભની સરળતા માટે, તેને રૂહી સંસ્થાની વેબસાઇટ પરથી શિક્ષકો દ્વારા ડાઉનલોડ કરી શકાય છે. શિક્ષકોને દરેક પાઠમાં ગાવા માટે કેટલાક ગીતો પસંદ કરવામાં મદદ કરવા માટે, તેમના રેકોર્ડિંગ્સ સાથે, લગભગ સિત્તેર ગીતોનું સંકલન પણ ઉપલબ્ધ છે જે તેના મુખ્ય વિચારોને મજબૂત બનાવશે. અલબત્ત, શિક્ષકોએ ક્યારેય પણ સંકલનમાં આપેલા ગીતો સુધી પોતાને સીમિત ન રાખવા જોઈએ, અને તેમને તેમની સ્થાનિક સંસ્કૃતિમાંથી ગીતો શોધવા માટે પણ પ્રોત્સાહિત કરવા જોઈએ.

અંતે, દરેક પાઠમાં આપવામાં આવતી સાહિત્ય-સામગ્રી કેવી રીતે રજૂ કરવામાં આવશે તે અંગે થોડાક શબ્દો કહેવા જોઈએ. અહીં અને તેના પછીના શાખા અભ્યાસક્રમોમાં દરેક પાઠમાં વિષયો ખૂબ વ્યાપક છે, અને તેનો હેતુ તેને થોડા વર્ગોમાં વિભાજિત કરવાનો છે. બીજા એકમના વિભાગ ૩૩ માં જણાવ્યા મુજબ, આ માટે શિક્ષકોએ ચર્ચા હેઠળના મુખ્ય વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરીને દરેક સત્રમાં પ્રવૃત્તિનો યોગ્ય લય સ્થાપિત કરવાની જરૂર પડશે. આમાં, ટ્યૂટરે ક્ષેત્રમાંથી મેળવેલા વ્યવહારુ જ્ઞાનની મોટા પ્રમાણમાં આપ-લે કરવી જોઈએ. તેથી, વિષયની પ્રસ્તુતિમાં કેટલીક હદ સુધી લચકતા છે, એવી આશા રાખવામાં આવે છે કે, જેમ જેમ બાળકો પાઠોના એક સેટમાંથી બીજા સેટમાં જશે તેમ તેમ, તે શિક્ષકોને તેમના ચોક્કસ સંજોગોમાં ગતિશીલ રીતે પ્રતિભાવ આપવામાં સક્ષમ બનાવશે.



# તેમના સૌંદર્યનો પ્રેમ

## ઉદ્દેશ

શિક્ષકોને બાળકોની આધ્યાત્મિક કેળવણીના છ વર્ષના કાર્યક્રમના પ્રથમ વર્ષમાં બાળકો માટે વર્ગો ચલાવવાના તેમના અનુભવ પર ચિંતન કરવા અને પ્રભુધર્મના લખાણોમાં જોવા મળતા ત્રણ વિષયોનું વિશ્લેષણ કરવા સક્ષમ બનાવવાનો, જે આપણા સર્જનહાર સાથેના આપણા સંબંધ પર અને એવી ટેવો અને વર્તનની શૈલી પર પ્રકાશ પાડે છે જે ધોરણ ૧ માં સંબોધિત આધ્યાત્મિક ગુણોની અભિવ્યક્તિ છે.

## વિભાગ ૧

એવું માનવામાં આવે છે કે તમે, આ પુસ્તક, "બાળ વર્ગનું શિક્ષણ: પુસ્તક ૩ ના પ્રથમ શાખા અભ્યાસક્રમ" નો અભ્યાસ કરી રહેલા અન્ય લોકોની જેમ, સેવાના આ ક્ષેત્રમાં મૂલ્યવાન અનુભવ મેળવ્યો હશે, કારણ કે તમે ધોરણ ૧ ના બાળકો સાથે આનંદદાયક એક વર્ષ વિતાવ્યું છે. તમે જાણો છે તેમ, ધોરણ ૧ નો દરેક પાઠ કોઈ ચોક્કસ આધ્યાત્મિક ગુણની આસપાસ રચાયેલ છે, જેનો ઉદ્દેશ બાળકોના ચારિત્ર્યના વિકાસમાં ફાળો આપવાનો છે. આ અને આગામી શાખા અભ્યાસક્રમમાં, સામાન્ય રીતે ૬ થી ૮ વર્ષની વયના બાળકો, જેમણે તેમના આધ્યાત્મિક શિક્ષણ માટે છ વર્ષના કાર્યક્રમનું પ્રથમ વર્ષ પૂર્ણ કર્યું છે તેમના માટે તૈયાર કરવામાં આવેલા વિષયોની શ્રેણીનું તમે વિશ્લેષણ કરશો જેની આસપાસ પાઠના થોડા સેટનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. આ પાઠ એવી ટેવો અને વર્તનની શૈલી સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે જે બાળકોના હૃદય અને મનમાં મૂળ જમાવી રહેલા આંતરિક ગુણોની અભિવ્યક્તિ છે. દરેક સેટ પ્રશંસનીય વર્તનના કેટલાક તત્વોની ચર્ચા કરે છે જેને તમે તેમનામાં મજબૂત બનાવવાનો પ્રયાસ કરશો.

બંને શાખા અભ્યાસક્રમોમાં બે એકમો છે. પ્રથમ એકમ વિષયવસ્તુની પોતાની ચર્ચા માટે સમર્પિત છે, જેથી શિક્ષકોને મુખ્ય સંબંધિત ખ્યાલો વિશેની તેમની સમજને વધુ ઊંડી બનાવવાની તક મળે. બીજા એકમમાં ત્રણ ત્રણ પાઠના સેટમાં વિભાજિત ત્રણ સેટ સામેલ છે. આ અભ્યાસક્રમમાં ત્રણ સેટ અને પછીના અભ્યાસક્રમમાં ચાર સેટ છે, જેમાં કુલ એકવીસ પાઠ છે. આ એકવીસ પાઠની રૂપરેખા ધોરણ ૧ ના પાઠ જેવી જ છે. જોકે, અભ્યાસક્રમના ઘટકોમાં થોડી ભિન્નતા છે, જેની ચર્ચા શિક્ષકો માટેના પ્રારંભિક વિભાગોમાં કરવામાં આવી છે, જે બીજા એકમમાં પણ સામેલ છે. આ બે શાખા અભ્યાસક્રમોનો અભ્યાસ કરતી વખતે, સહભાગીઓને આ ક્ષેત્રમાં અત્યાર સુધી તેમણે પ્રાપ્ત કરેલી અંતઃદૃષ્ટિ પર ચિંતન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, જેના આધારે તેઓ બાળકોને આધ્યાત્મિક કેળવણી આપવાના તેમના પ્રયત્નો ચાલુ રાખશે.

## વિભાગ ૨

તમને યાદ આવશે કે, પુસ્તક ૩ નો પહેલો એકમ બાળકોની આધ્યાત્મિક કેળવણી માટે રુહી સંસ્થાના કાર્યક્રમને આકાર આપતા કેટલાક મુખ્ય ખ્યાલો અને સિદ્ધાંતોની સમીક્ષા કરે છે. ચાલો તમારા અનુભવના પ્રકાશમાં અહીં તેમની ફરી સમીક્ષા કરીએ.

1. બાળકોમાં છુપાયેલી સુષુપ્ત શક્તિઓ વિશે અંતઃદૃષ્ટિ મેળવવા માટે, આપણે આપણું ધ્યાન બહાઉલ્લાહના લખાણોમાંથી મળતી – અમૂલ્ય રત્નોથી સમૃદ્ધ ખાણ -ની વિચારધારા પર કેન્દ્રિત કર્યું હતું. આધ્યાત્મિક ગુણો, જેમ કે શુદ્ધતા અને સત્યવાદિતા,

અને માનવ મનની પ્રકૃતિના રહસ્યો શોધવાની, કલાના સુંદર કાર્યો કરવાની તથા કુલિન (ઉમદા) અને ઉત્થાનકારી વિચારો વ્યક્ત કરવાની શક્તિઓ, જેવા આધ્યાત્મિક ગુણો, આપણે કહ્યું હતું કે, તે આવા કેટલાક રત્નો પૈકી છે જેને યોગ્ય શિક્ષણે વિકાસ કરવો જોઈએ. તમારા વિદ્યાર્થીઓ વિશે વિચારો અને તેમનામાં તમે શોધેલા કેટલાક રત્નોનો ઉલ્લેખ કરો.

2. પુસ્તક 3 ના પ્રથમ એકમમાં 'ઈશ્વરનો પ્રેમ અને ઈશ્વરનો ડર' નામના બીજા બે મહત્વપૂર્ણ ખ્યાલો રજૂ કરવામાં આવ્યા છે. બાળકોને શીખવાની જરૂર છે કે ઈશ્વરના અનંત પ્રેમમાંથી આપણું સર્જન કરવામાં આવ્યું છે તથા આ પ્રેમ હંમેશા આપણું પોષણ અને સંરક્ષણ કરે છે. જો આપણે તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરીશું તો આ પ્રેમ આપણાં સુધી પહોંચશે નહીં તેનો ડર, આપણને આ સીધા માર્ગ પર કાયમ રાખે છે. તમે તમારા વિદ્યાર્થીઓમાં માનવ હૃદયની આ બે મૂળભૂત લાગણીઓને કેવી રીતે ઉછેરવાનો પ્રયાસ કર્યો? બાળકોમાં પ્રશંસનીય ચરિત્રના વિકાસમાં તેમના કેન્દ્રસ્થાન વિશે હવે તમને કેટલી ખાતરી છે?

3. તે એકમમાં, આપણે ઉલ્લેખ કર્યો હતો કે આધ્યાત્મિક કેળવણી સૌંદર્ય પ્રત્યે આકર્ષણના બળનો ઉપયોગ કરે છે. બાળકોમાં આધ્યાત્મિક ગુણોને કેળવવાથી આ બળને યોગ્ય દિશા મળે છે; તે તેમના હૃદયને સારા ચારિત્ર્યની સુંદરતા, પવિત્ર શબ્દમાં રહેલી સુંદરતા, અનુકરણીય આચરણની સુંદરતા, ઉચ્ચ વિચારોની સુંદરતા અને સૌથી

અગત્યનું, સર્વ-મહિમાવાનની સુંદરતા તરફ આકર્ષે છે. શું પવિત્ર શબ્દોને મોઢે કરવાથી અને 'અબ્દુલ-બહા'ની વાર્તાઓ સાંભળવાથી તમારા વિદ્યાર્થીઓમાં આ આકર્ષણ કેળવાયું છે? તમે તેમના શબ્દો અને વર્તનમાં કયા ફેરફારો જોયા છે જે સુંદરતા પ્રત્યે વધતા આકર્ષણને દર્શાવે છે?

4. આપણે એ પણ ચર્ચા કરી હતી કે, બાળકોને પ્રશંસનીય ચારિત્ર અને પ્રામાણિક આચરણ પ્રાપ્ત કરવામાં મદદ કરતી વખતે, તમે તેમના વર્તન પ્રત્યે સચેત રહેશો. તેમ છતાં, તમને ચેતવણી આપવામાં આવી હતી કે બાળકોની સુષુપ્ત ક્ષમતાઓને વિકસિત કરવાના કાર્યને માત્ર વર્તનમાં સુધારો કરવા પૂરતું સીમિત કરવું નહીં. જે વલણ અને ટેવો પ્રશંસનીય ચારિત્રના તત્વો છે તે ફક્ત ત્યારે જ મૂળિયાં પકડશે જો તે આધ્યાત્મિક ગુણોની અભિવ્યક્તિ હોય, માનવ આત્માના એવા મૂળભૂત ગુણો જે ઈશ્વર તરફની આપણી શાશ્વત યાત્રા માટે જરૂરી છે. જ્યારે તમે વિદ્યાર્થીઓને ધોરણ ૧ માં પાઠની વિવિધ પ્રવૃત્તિઓમાં સંલગ્ન કર્યા હતા, જેમાંથી દરેક પાઠ કોઈ એક આધ્યાત્મિક ગુણની આસપાસ કેન્દ્રિત હતો, ત્યારે આવા ગુણોની ગતિશીલતામાં તમે મેળવેલી કેટલીક અંતઃદૃષ્ટિ નીચે લખો. પછી તમારા વર્ગના બાળકોમાં અનુરૂપ આધ્યાત્મિક ગુણોની સમજણમાં વધારો થતાં કેટલીક ટેવો અને વલણો આકાર પામવા લાગ્યા હતા તેની યાદી બનાવો. આ સ્વાધ્યાય હાથ ધરતી વખતે, એ પણ ધ્યાનમાં લો કે, પ્રભુધર્મના લખાણોના આધારે આ ગુણો વિશેની તમારી પોતાની સમજ ધીમે ધીમે કેવી રીતે વધતી ગઈ અને તેમને પ્રગટ કરવાના તમારા પ્રયત્નોએ બાળકો સાથેની તમારી ક્રિયાપ્રતિક્રિયાઓને કેવી રીતે અસર કરી.

ઉપરોક્ત સ્વાધ્યાય પૂર્ણ કર્યા પછી, તમે જે જૂથ સાથે આ અભ્યાસક્રમનો અભ્યાસ કરી રહ્યા છો તેના સભ્યો સાથે તમારા જવાબોની ચર્ચા કરો.

## વિભાગ ૩

પાછલા વિભાગમાં છેલ્લા સ્વાધ્યાયે આપણને યાદ અપાવ્યું છે કે સમુદાયના બાળકોને જે પ્રકારની તાલીમ અને સૂચના મળે છે તે ફક્ત વર્તનમાં સુધારો કરવા પર જ કેન્દ્રિત ન હોવી જોઈએ. તેના બદલે તે મુખ્યત્વે આધ્યાત્મિક ગુણોના વિકાસ સાથે સંબંધિત હોવી જોઈએ, એવા ગુણો જે શબ્દો અને કાર્યોમાં તેમનું તેજ પ્રગટ કરીને, એવા પાયાનું કાર્ય કરે છે જેના પર ઇચ્છનીય વલણ અને ટેવોની રચના થાય છે. તેથી, યોગ્ય શિક્ષણે વિચાર અને આચરણની ચોક્કસ શૈલીઓને જન્મ આપવો જોઈએ જેના દ્વારા પ્રામાણિક અને કુલિન (ઉમદા) ચરિત્રની સુંદરતા જોઈ શકાય. પ્રભુધર્મના લખાણોમાં જોવા મળતા ઉપદેશોમાં અનેક પરસ્પર જોડાયેલા વિષયો આપણને બાળકોમાં વિચાર અને આચરણની યોગ્ય શૈલીઓને શું મજબૂત બનાવે છે તેનો સંકેત આપે છે. આમાં પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળવું, ઈશ્વરના આદેશોનું પાલન કરવું, જ્ઞાન પ્રાપ્ત કરવું, બીજા લોકો સાથે સંપીને રહેવું, માનવ ગૌરવનો આદર કરવો, સારા મિત્ર બનવું અને સેવામાં પોતાનું જીવન સમર્પિત કરવું સામેલ છે. પહેલા ત્રણ વિષયો, ઈશ્વર સાથે વ્યક્તિના સંબંધ વિશેના મૂળભૂત વિચારોની ચર્ચા કરવા માટે, આ શાખા અભ્યાસક્રમમાં લેવામાં આવ્યા છે. બીજા ચાર વિષયો, વ્યક્તિ પોતાના સાથી માનવીઓ સાથે જે સંબંધો સ્થાપિત કરે છે તેની સાથે સંબંધિત છે, તે બીજા શાખા અભ્યાસક્રમનો વિષય હશે.

તમે થોડા સમય માટે થોભી અને વિચાર કરી શકો છો કે બાળકોમાં પ્રશંસનીય ચરિત્રના વિકાસમાં ફાળો આપવા માટે નીચેના ત્રણ વિષયો, તેમાંથી દરેક વિષય એક સેટનો વિષય છે, વિશે ચર્ચા કરવી શા માટે જરૂરી છે. નીચે આપેલી ખાલી જગ્યામાં તમારા થોડા વિચારો લખો:

પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળવું: ____________________

____________________

____________________

____________________

ઈશ્વરના કાયદાનું પાલન કરવું: ____________________

____________________

____________________

____________________

જ્ઞાન પ્રાપ્ત કરવું: ____________________

____________________

____________________

____________________

## વિભાગ ૪

સેટ ૧ નો વિષય, પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળવું, તમારા માટે નવો નથી. ધોરણ ૧ માં, તમને જ્યારે પણ તક મળે ત્યારે, બાળકો સાથે પ્રાર્થનાનો ઉદ્દેશ અને મહત્વ વિશે એવી ભાષામાં વાત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા જે તેમના માટે સુલભ હોય. તમે એવી રીતે વર્ગોનું આયોજન પણ કર્યું હતું કે જેથી તે પ્રાર્થનાઓ સાથે શરૂ થાય અને પ્રાર્થનાઓ સાથે સમાપ્ત થાય, જેમાં ઘણીવાર બાળકો દ્વારા તેમણે મોઢે કરેલી પ્રાર્થના કરવામાં આવતી હતી. પુસ્તક ૩ ના પ્રથમ એકમ સહિત મુખ્ય શ્રેણીના અભ્યાસક્રમોના અભ્યાસ દ્વારા પ્રાર્થનાના સ્વરૂપ વિશેની તમારી પોતાની સમજ વધી છે, જેણે તમારી સંભાળ હેઠળ રહેલા બાળકોને ઈશ્વરના પ્રેમની છાતીથી પોષણ કરવામાં અને તેમનામાં પ્રાર્થનામાં સતત ઈશ્વર તરફ વળવાની ઇચ્છા જાગૃત કરવાની ક્ષમતામાં ફાળો આપ્યો છે તેમાં કોઈ શંકા નથી. આમ કરતી વખતે, 'અબ્દુલ-બહા'ના નીચેના બે અવતરણો ચોક્કસપણે તમારા મનમાં આગળ રહ્યા છે:

> "સૌથી મોટી સિદ્ધિ અથવા મધુર સ્થિતિ ઈશ્વર સાથેના વાર્તાલાપ સિવાય બીજી કોઈ નથી. તે આધ્યાત્મિકતાનું સર્જન કરે છે, સભાનતા અને સ્વર્ગીય લાગણીઓનું સર્જન

કરે છે, દિવ્ય લોકના નવા આકર્ષણોને જન્મ આપે છે અને ઉચ્ચ બુદ્ધિમત્તાની સંવેદનશીલતાઓને જન્મ આપે છે."[૧]

> "આ બાળકો કુમળા છોડ જેવા છે, અને તેમને પ્રાર્થના શીખવવી એ તેમના પર વરસાદ વરસાવા જેવું છે, જેથી તેઓ કોમળ અને તાજા બની શકે અને પ્રભુ પ્રેમની કોમળ વાયુ–લહેરો તેમના પર ફૂંકાય અને તેમને આનંદમાં લહેરાવે."[૨]

પાછલા વર્ષમાં જે હાંસલ થયું છે તેના પર નિર્માણ કરતી વખતે, તમારે યાદ રાખવું જોઈએ કે, બીજા બધા કરતા પહેલા, તે ઈશ્વરનો પ્રેમ છે જે આપણને પ્રાર્થના કરવા પ્રેરે છે, કારણ કે જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણે આપણા પ્રિયત્તમ સાથે વાત કરવાની ઝંખના વ્યક્ત કરીએ છીએ. તેની સાથે, પ્રાર્થનાની ક્રિયા પોતે જ આપણા હૃદયમાં ઈશ્વરના પ્રેમની જ્યોતને પ્રજ્વલિત કરે છે અને તેની સુંદરતા પ્રત્યે આપણું આકર્ષણ વધારે છે. ચાલો આપણે નીચેના અવતરણ પર વિચાર કરીએ:

> "તમે જાણો કે નબળા લોકો માટે શક્તિના સ્ત્રોતને પ્રાર્થના કરવી યોગ્ય છે, અને સ્વર્ગીય કૃપાના અરજદાર માટે નમ્રતાપૂર્વક પ્રાર્થના કરવી યોગ્ય છે, જે સર્વ-મહિમાવાન, અપાર કૃપાના સ્વામી છે. જ્યારે પણ ઉપાસક તેના પરમેશ્વર સાથે વાર્તાલાપ કરે છે, તેમની તરફ સંપૂર્ણ રીતે વળે છે, અને તેમની અનંત કૃપાનો થોડો ભાગ માંગે છે, ત્યારે આ વિનંતીનું કાર્ય તેના હૃદય માટે પ્રકાશ, તેની આંખ માટે આંજણ, તેના આત્મા માટે જીવનનો સ્ત્રોત અને તેના અસ્તિત્વ માટે ઉન્નતિનું કારણ બને છે. તો પછી જુઓ કે જ્યારે તમે ઈશ્વર સાથે વાર્તાલાપ કરો છો અને 'તારું નામ મારું સ્વાસ્થ્ય છે' નું પઠન કરો છો, ત્યારે તમારું હૃદય કેવી રીતે રોમાંચિત થાય છે, તમારો આત્મા ઈશ્વરના પ્રેમના હર્ષાવેશમાં વહે છે, અને તમારી ચેતના તેમના સ્વર્ગીય લોક તરફ ખેંચાય છે. વધુમાં, આ સંવેદનાઓ દ્વારા, તમારી ગ્રહણ-ક્ષમતા વધે છે, અને પાત્ર જેટલું વિશાળ હોય છે, તેટલી તેની સામગ્રી વધુ પ્રચંડ હોય છે; વ્યક્તિની તરસ જેટલી વધુ તીવ્ર હોય છે, તેના તાળવામાં વાદળની ઉદારતા વધુ મીઠી હોય છે. આ છે પ્રાર્થનાનું રહસ્ય; આ વ્યક્તિની જરૂરિયાતોની પરિપૂર્ણતા માટે પ્રાર્થના કરવાનું શાણપણ છે."[3]

બાળકોને પ્રાર્થનાના સ્વરૂપ અને તેના મહત્વ વિશેની સમજણમાં તમે કેવી રીતે મદદ કરશો તે વિશે વિચારવા માટે, નીચેના વિધાન સાચા છે કે નહીં તે નક્કી કરો. દરેક પ્રશ્નનો ફક્ત જવાબ આપીને જ સંતોષ ન કરો પરંતુ તમારા અભ્યાસ જૂથના અન્ય સભ્યો સાથે તેના અર્થ વિશે ચર્ચા કરો.

_____ પ્રાર્થનાનો ઈશ્વર સાથે વાર્તાલાપ તરીકેના વિચારથી બાળકોમાં પ્રાર્થના કરવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે.

_____ પ્રાર્થનાનો અર્થ શું છે તે સમજવાથી બાળકોમાં પ્રાર્થના કરવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે.

_____ પ્રાર્થનાનો અર્થ શું છે તે સમજવાથી બાળકોને દરરોજ પ્રાર્થનાનું ગાન કરવાની ટેવ વિકસાવવામાં મદદ મળે છે.

_____ બાળકોનો ઈશ્વર પ્રત્યેનો પ્રેમ તેમને દરરોજ પ્રાર્થના કરવા માટે પ્રેરિત કરશે.

_____ બાળકોમાં ઈશ્વરને નારાજ કરવાનો ડર તેમને દરરોજ પ્રાર્થના કરવા પ્રેરિત કરશે.

_____ જો દૈનિક પ્રાર્થનાની આદત જીવનભર ટકાવી રાખવી હોય તો, વ્યક્તિ મોટો થતો જાય તેમ તેમ, પ્રાર્થનાના સ્વરૂપની સમજણ સતત વધવી જોઈએ.

_____ પ્રાર્થનાની આદતને મજબૂત પાયા પર સ્થાપિત કરવા અને તેને જીવનભર ટકાવી રાખવા માટે, વ્યક્તિના હૃદયમાં ઈશ્વરનો પ્રેમ કેળવવો જરૂરી છે.

_____ એ યોગ્ય છે કે, આપણી પ્રાર્થના દ્વારા ઈશ્વરની કૃપા મેળવવા માટે, આપણે આપણી નબળાઈને સ્વીકારવી જોઈએ અને ઈશ્વરની શક્તિની સાક્ષી આપવી જોઈએ.

_____ પ્રાર્થનામાં ઈશ્વરને વિનંતી કરવાની ટેવ બાળકોને સાચી નમ્રતા પ્રાપ્ત કરવામાં મદદ કરે છે, જે ઉમદા ચરિત્રનો આવશ્યક એક ગુણ છે.

_____ પ્રાર્થનામાં ઈશ્વરને વિનંતી કરવાથી બાળકોના હૃદયમાં તેમના પ્રેમની અગ્નિ પ્રજ્વલિત થાય છે.

_____ જેમ વરસાદ નાના છોડને તાજગી આપે છે, તેમ મધુર સ્વરમાં કરવામાં આવતું પ્રાર્થનાનું ગાન બાળકોના કુમળા હૃદયને તાજગી આપે છે.

_____ પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળવાની ટેવ આધ્યાત્મિક દ્રષ્ટિ અને બૌદ્ધિક તેજ વિકસાવે છે.

_____ પ્રાર્થના એક માધ્યમ છે જેના દ્વારા આપણે દૈવી આશીર્વાદ મેળવીએ છીએ.

_____ પ્રાર્થનામાં ઈશ્વરને વિનંતી કરવાથી તેમના ઉપહાર અને કૃપા પ્રાપ્ત કરવાની આપણી ક્ષમતામાં વધારો થાય છે.

_____ બાળકોને સમજવાની જરૂર છે કે પ્રાર્થના તેમના આત્માઓને પોષણ આપે છે.

_____ પ્રાર્થનાનું પઠન કરવાથી બાળકોના હૃદય પ્રફુલ્લિત થાય છે અને આત્માને આનંદ મળે છે.

ઉપરોક્ત છેલ્લું અવતરણ આપણા પર એ હકીકતની છાપ પાડે છે કે પ્રાર્થના અને ઈશ્વરને કરવામાં આવતી વિનંતી માનવની સુષુપ્ત શક્તિઓને મુક્ત કરે છે. દૈવી આકર્ષણની શક્તિ દ્વારા માનવ ક્ષમતા વધે છે. આપણી તરસની તીવ્રતા જેટલી વધારે હશે, તેટલું મોટું પાત્ર બનશે જેના દ્વારા આપણે ઈશ્વરની કૃપા અને દયા પ્રાપ્ત કરીશું. બાળકોના આધ્યાત્મિક વિકાસ માટે આ વિચારધારાના અર્થ વિશે તમારા જૂથના અન્ય સભ્યો સાથે ચર્ચા કરો. નીચેની ખાલી જગ્યામાં તમારા કેટલાક નિષ્કર્ષ લખો.

## વિભાગ ૫

સાચું જ્ઞાન અને સમજણ, આધ્યાત્મિક અને બૌદ્ધિક દ્રષ્ટિ, તેજ બુદ્ધિ અને શાણપણ એ ઈશ્વરે માનવ વાસ્તવિકતામાં મૂકેલી એક ભેટ છે. 'અબ્દુલ-બહા આપણને કહે છે કે પ્રાર્થના "ઉચ્ચ સ્તરીય બુદ્ધિમત્તાની સંવેદનશીલતા" ઉત્પન્ન કરે છે. તો શું આપણે ખાતરી નહિ રાખવી જોઈએ કે પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળવાની ટેવ વિકસાવીને બાળકની આ બક્ષિસો પ્રાપ્ત કરવાની ક્ષમતા અનેક ગણી વધી જશે?

નીચેના ફકરા આપણને ઈશ્વરે માનવી ઉપર વરસાવેલા અગણિત ઉપહારોની સમજ આપે છે:

"સર્વશક્તિમાન ઈશ્વરે મનુષ્યને આપેલા આ ઉપકારોમાં સૌપ્રથમ અને મુખ્ય ઉપકાર સમજણની ભેટ છે."[૪]

"કહો: આજના સમયમાં, ઈશ્વરની કૃપાના ફળદ્રુપ પવનો બધી વસ્તુઓને વટાવી ગયા છે. દરેક જીવને તે વહન કરી શકે તેવી બધી સુષુપ્ત શક્તિઓથી સંપન્ન કરવામાં આવ્યું છે. . . . દરેક વૃક્ષને શ્રેષ્ઠ ફળોથી સંપન્ન કરવામાં આવ્યું છે, દરેક સમુદ્ર સૌથી તેજસ્વી રત્નોથી સમૃદ્ધ છે. માણસને પોતાને સમજણ અને જ્ઞાનની ભેટથી સંપન્ન કરાયા છે."[૫]

"બુદ્ધિ, ખરેખર, દૈવી કૃપા દ્વારા માણસને આપવામાં આવેલી સૌથી કિંમતી ભેટ છે. સર્જિત પ્રાણીઓમાં ફક્ત માણસ પાસે જ આ અદ્દભુત શક્તિ છે."[૬]

"બુદ્ધિનો આ પ્રકાશ અસ્તિત્વમાં રહેલો સર્વોચ્ચ પ્રકાશ છે, કારણ કે તે દૈવી પ્રકાશમાંથી જન્મ્યો છે."[૭]

a. સર્વશક્તિમાન ઈશ્વરે મનુષ્યને આપેલા આ ____________ માં ____________ અને ____________ ઉપકાર ________________ ની ભેટ છે.

b. આજના સમયમાં, ઈશ્વરની __________ ના ____________ પવનો બધી વસ્તુઓને ___________ ગયા છે. દરેક _________ ને તે વહન કરી શકે તેવી બધી ______________________ થી ____________ કરવામાં આવ્યું છે.

c. દરેક ____________ ને ________________ થી ______________ કરવામાં આવ્યું છે, દરેક સમુદ્ર સૌથી __________________થી _____________ છે. દરેક માણસને પોતાને ______________ અને __________ની ભેટથી ____________ કરાયા છે.

d. _____________, ખરેખર, ________________ દ્વારા માણસને આપવામાં આવેલી સૌથી ___________ ________ છે. સર્જિત _____________માં ફક્ત માણસ પાસે જ આ ____________ ______________ છે.

e. __________ નો આ ______________ અસ્તિત્વમાં રહેલો __________________ છે, કારણ કે તે ________________ માંથી ______________ છે.

આપણી આંતરિક દ્રષ્ટિ ખુલી જાય અને આપણે, ઉદાહરણ તરીકે ઉપર જણાવેલી, અસંખ્ય કૃપાઓના પ્રાપ્તકર્તા બની શકીએ, તે પ્રભુધર્મની કેન્દ્રિય વિભૂતિઓ દ્વારા પ્રગટ કરાયેલી અસંખ્ય પ્રાર્થનાઓનો મુખ્ય વિષય છે:

"હે મારા પ્રભુ, તારા જ્ઞાનના વૈભવથી અમારા હૃદયને પ્રકાશિત કર, અને અમારી આંખોને એવી દૃષ્ટિથી તેજસ્વી બનાવ જે તારી કૃપાની ક્ષિતિજ અને તારી મહિમાના દીવાનક્ષત્ર પર કેન્દ્રિત હોય."[૮]

"હે મારા પ્રભુ, મારી એવા લોકોમાં ગણના નહીં કરો જેમના કાન બહેરા છે, જેમની આંખ આંધળી છે, જેમની જીભ અવાચક (મૂંગી) છે અને જેમના હૃદય સમજવામાં નિષ્ફળ ગયા છે."[૯]

"અમારા હૃદયને પ્રકાશિત કર, અમને સમજદાર આંખ અને ધ્યાન આપનારા કાન આપ."[૧૦]

## વિભાગ ૬

જેમ જેમ પ્રાર્થના દ્વારા બાળકોના હૃદયમાં ઈશ્વરનો પ્રેમ વધે છે, તેમ તેમ સ્વર્ગીય ગુણો અને પૂર્ણતા પ્રાપ્ત કરવાની તેમની ઝંખના પણ વધે છે. જ્યારે હૃદયના અરિસાને દૈવી પ્રેમના તેજથી વારંવાર ચમકાવવામાં આવે છે, ત્યારે તે સતત વધતા જતા તેજ સાથે ઈશ્વરના ગુણો- તે ગુણો જે તમે ધોરણ ૧ માં શીખવેલા પાઠોના કેન્દ્રમાં હતા – તેને પ્રતિબિંબિત કરી શકશે. 'અબ્દુલ-બહા આ સંદર્ભમાં જણાવે છે:

"ઈશ્વરના પ્રેમની અગ્નિ સાથે સરખામણી કરવામાં આવે છે, કારણ કે તે પડદાઓને બાળી નાખે છે, અને તેની પાણી સાથે સરખામણી કરવામાં આવે છે, કારણ કે તે જીવનનો સ્ત્રોત છે. ટૂંકમાં, ઈશ્વરનો પ્રેમ એ માનવ જગતના ગુણોની સૌથી આંતરિક વાસ્તવિકતા છે. તેના દ્વારા, માનવ સ્વભાવ શુદ્ધ થાય છે. ઈશ્વરના પ્રેમ દ્વારા, વ્યક્તિ માનવ જગતની ખામીઓથી મુક્ત થાય છે. ઈશ્વરના પ્રેમ દ્વારા, વ્યક્તિ સદ્‌ગુણોના ક્ષેત્રમાં પ્રગતિ કરે છે. ઈશ્વરનો પ્રેમ એ વિશ્વના પ્રકાશનું કારણ છે."[૧૧]

હવે તમારા પોતાના અનુભવ પર ચિંતન કરવા માટે થોડો સમય કાઢો અને તમારા જૂથના સભ્યો સાથે નીચેના પ્રશ્નની ચર્ચા કરો: બાળકોમાં આધ્યાત્મિક ગુણોના વિકાસ માટે નિયમિતપણે પ્રાર્થના કરવાની ટેવને મજબૂત બનાવવી શા માટે આટલી મહત્વપૂર્ણ છે? તમારા કેટલાક નિષ્કર્ષ લખવા માટે નીચે થોડી ખાલી જગ્યા આપી છે.

તમારી ચર્ચાથી તમને બાળકોના ચરિત્ર પર પ્રાર્થનાના પડતા પ્રભાવ વિશે નવી સમજ મળી હશે. આ મહત્વપૂર્ણ ખ્યાલ વિશે વધુ સમજવા માટે, ચાલો આપણે થોડા ચોક્કસ ગુણોનું ઉદાહરણ લઈએ અને વિચાર કરીએ કે નિયમિત પ્રાર્થના કરવાની ટેવ તેમના વિકાસમાં કેવી રીતે વધારો કરે છે. આ હેતુ માટે, પ્રાર્થના અને પ્રભુધર્મના લખાણોમાંથી કેટલાક અંશો પસંદ કરવામાં આવ્યા છે, જેમાંથી કેટલાક વિશે તમે પુસ્તક ૩ ના તમારા અભ્યાસમાંથી પહેલાથી જ પરિચિત છો, અને તે નીચેના ત્રણ સેટમાં ગોઠવવામાં આવ્યા છે. દરેક સેટમાં આપેલા અવતરણો પર ચિંતન કરો, જે કોઈ ચોક્કસ આધ્યાત્મિક ગુણ પર પ્રકાશ પાડે છે, અને તેમને અનુસરતા વિધાનોની ચર્ચા કરો. પછી તમને આપેલી ખાલી જગ્યામાં થોડા સમાન વિધાનો લખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે જે વર્ણવતા હોય કે ઈશ્વર સાથેનો સંવાદ બાળકોમાં વિચારણા હેઠળના ગુણના વિકાસમાં કેવી રીતે વધારો કરે છે.

"કારણ કે જ્યારે સાચો પ્રેમી અને સમર્પિત મિત્ર પ્રિયતમની હાજરીમાં પહોંચે છે, ત્યારે પ્રિયતમનું તેજસ્વી સૌંદર્ય અને પ્રેમીના હૃદયની અગ્નિ એક જ્વાળા પ્રગટાવશે અને બધા પડદા અને આવરણોને બાળી નાખશે."[૧૨]

"જો તમારા હૃદયમાં ઈશ્વરના પ્રેમનો સળગતો અગ્નિ પ્રજ્વલિત હોય, તો તમે ન તો આરામ શોધશો, નહીં શાંતિ, ન હાસ્ય કે આરામ, પરંતુ દૈવી નિકટતા, પવિત્રતા અને સુંદરતાના ક્ષેત્રમાં ઉચ્ચતમ શિખરો સર કરવા માટે ઉતાવળ કરશો."[૧૩]

"તમે આ અમર દિવ્ય અગ્નિની જ્યોત દ્વારા તેજસ્વીતાથી સળગી ઉઠો જેને સર્વદયાળુએ સૃષ્ટિના હૃદયના કેન્દ્રમાં પ્રજ્વલિત કરી છે, જેથી તમારા દ્વારા તેના પ્રેમની ગરમી તેના પ્રિયજનોના હૃદયમાં પ્રજ્વલિત થાય. મારા માર્ગનું અનુસરણ કરો અને સર્વ-શકિતમાન, પરમ સ્તુત્ય એવા મારા સ્મરણથી મનુષ્યોના હૃદયને પ્રસન્ન કરો."[૧૪]

– બાળકો પ્રાર્થના માટે જે ક્ષણો સમર્પિત કરે છે તે ક્ષણો સૌથી મધુર હોય છે કારણ કે ઈશ્વર તેમના હૃદયમાં દૈવી પ્રેમની અગ્નિ પ્રજ્વલિત કરે છે.

– નિયમિત પ્રાર્થના કરવાની આદત બાળકોના હૃદયમાં ઈશ્વરના પ્રેમની અગ્નિને તેજ રાખે છે.

– ઈશ્વર સાથેના સંવાદથી બાળકોના હૃદયમાં પ્રજ્વલિત થતી પ્રેમની અગ્નિ તેમને અન્ય લોકોને હૂંફ અને પ્રેમ આપવા સક્ષમ બનાવે છે.

“ઈશ્વર તારા માટે સર્વો-પરિપુરક રહે. તેની ચેતના સાથે એકાકાર બન અને તેનો તું કૃતજ્ઞ બન.”[૧૫]

"હે પ્રભુ મારા ઈશ્વર! તું મહિમાવંત છે! હું તને આભારી છું કારણ કે તેં મને તારા દિવસોમાં અસ્તિત્વ આપ્યું છે અને મારી અંદર તારો પ્રેમ અને તારા જ્ઞાનનો સંચાર કર્યો છે."[૧૬]

“તેથી, ઈશ્વરનો આભાર માન કારણ કે તેણે તને પ્રભુધર્મની સહાયતા કરવાની શકિત આપી છે, કારણ કે તેણે તારી હૃદય વાટિકામાં જ્ઞાન અને ડહાપણના પુષ્પો ઉગાડ્યા છે. આવી રીતે તેની કૃપાએ તને અને આખી સૃષ્ટિને આવરી લીધી છે.”[૧૭]

“સત્ય આ છે કે પરમેશ્વરે માણસને એવા ગુણો, શક્તિઓ અને આદર્શ ક્ષમતાઓથી સંપન્ન કર્યા છે જેનાથી પ્રકૃતિ સંપૂર્ણપણે વંચિત છે અને જેનાથી માણસ ઉન્નત, વિશિષ્ટ અને શ્રેષ્ઠ છે. આપણે આ ઉપહાર માટે, તેણે આપણને આપેલી આ શકિતઓ માટે, તેણે આપણા માથા પર જે તાજ મૂક્યો છે તેના માટે પરમેશ્વરનો આભાર માનવો જોઈએ”[૧૮]

– પ્રભુધર્મની કેન્દ્રીય વિભૂતિઓ દ્વારા પ્રગટ કરાયેલી પ્રાર્થનાઓ બાળકોને ઈશ્વર દ્વારા તેમના પર વરસાવેલા અનેક ઉપકારોની યાદ અપાવે છે, તે દરેક માટે તેઓએ આભારી રહેવું જોઈએ.

– પ્રાર્થનાની ટેવ બાળકોના હૃદયમાં ઈશ્વરનો પ્રેમ મેળવવા અને તેમની નજીક આવવા બદલ કૃતજ્ઞતાની ઊંડી ભાવના ઉત્પન્ન કરે છે.

– પ્રાર્થના બાળકોમાં ઈશ્વરે આપેલી બધી શક્તિઓ અને ગુણો માટે ઊંડી કૃતજ્ઞતા ઉત્પન્ન કરે છે.

"આ પાતાળ લોક તરફ તમારી આંખો બંધ કરો, તેમને અતુલનીય મિત્રના મુખ તરફ ખોલો, અને તેમની ચેતના સાથે પરસ્પર સંવાદ કરો."[૧૯]

"કહોઃ હે લોકો! તમારા આત્માને સ્વાર્થના બંધનમાંથી મુક્ત કરીને મારા સિવાયની બધી આસક્તિઓથી પાવન કરી દો. જો તમે સમજી શકતા હો તો સમજી લો કે મારું સ્મરણ બધી અશુદ્ધિઓને નિર્મળ કરે છે."[૨૦]

"મિત્રના સ્મરણમાં એકતાર બનો અને દુશ્મનથી દૂર રહો. તમારા દુશ્મન એવી વસ્તુઓ છે જે તમે તમારી પોતાની ઇચ્છાથી પ્રાપ્ત કરી છે, જેમને તમે મજબૂત રીતે વળગી રહ્યા છો, અને જેના દ્વારા તમે તમારા આત્માઓને કલંકિત કર્યા છે. આત્માનું મિત્રના સ્મરણ માટે સર્જન કરવામાં આવ્યું છે; તેની પવિત્રતાનું રક્ષણ કરો."[૨૧]

"હે સેવકો! મિત્રનું સ્મરણ સુખદ છેઃ આત્મા ક્યાં છે જે તેની મીઠાશનો સ્વાદ ચાખશે, અને કાન ક્યાં છે જે તેને સાંભળશે? ભલું થજો તેની સાથે જે, આજે, મિત્ર સાથે સંવાદ કરે છે અને તેના માર્ગમાં તેના સિવાય બધું ન્યોછાવર કરી દે છે અને ત્યાગ કરે છે, જેથી તે એક નવી દુનિયા જોઈ શકે અને શાશ્વત સ્વર્ગમાં પ્રવેશ મેળવી શકે."[૨૨]

– પ્રાર્થના કરવાની ટેવ બાળકોને આ દુનિયાની અપ્રિય વસ્તુઓથી પોતાને અનાસક્ત કરવામાં અને ઈશ્વર પર સંપૂર્ણ ભરોસો રાખવામાં મદદ કરે છે.

– ઈશ્વર સાથેનો સંવાદ બાળકોના હૃદયને અયોગ્ય વિચારો અને ઇચ્છાઓથી શુદ્ધ કરે છે.

– પ્રાર્થના બાળકોના હૃદયમા જે દૈવી પ્રેમની અગ્નિ પ્રગટાવે છે તે સ્વાર્થ અને કામનાના પડદાને બાળી નાખે છે.

---
---
---
---

**ઉપરોક્ત અવતરણો પર ચિંતન કરવાથી તમને એ સમજવામાં મદદ મળી હશે કે ઈશ્વર સાથે વાર્તાલાપ કરતી ક્ષણોમાં પ્રજ્વલન, કૃતજ્ઞતા અને અનાસક્તિના આધ્યાત્મિક ગુણો કેવી રીતે આપણામાં મોજૂદ હોવા જોઈએ, એટલું જ નહીં પણ પ્રાર્થના કરવાની આદત આ ગુણોના વિકાસમાં કેવી રીતે વધારો કરે છે તેના વિશે સમજવામાં પણ મદદ મળશે. નિઃશંકપણે બીજા ઘણા ગુણો છે જેનો પ્રાર્થના સાથે આ ગતિશીલ સંબંધ છે. કેટલાક ગુણોનો ઉલ્લેખ કરો અને ચર્ચા કરો કે બાળકો ઈશ્વર સાથે સંવાદ દ્વારા તેમને કેવી રીતે પ્રગટ કરવાનું શીખી શકે**

**છે અને દૈનિક પ્રાર્થનાની ટેવ તેમના વિકાસ માટે કેવી રીતે એક શક્તિશાળી સાધન તરીકે કામ કરે છે.**

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## વિભાગ ૭

તમારા વર્ગના બાળકોને પ્રાર્થનાની શક્તિ વિશે વધુ સમજવામાં મદદ કરવાના તમારા પ્રયાસોમાં, તમે સ્વાભાવિક રીતે તેની અસરો વિશે વાત કરશો. તેમને ખબર હોવી જોઈએ કે આપણે આપણા માટે અને બીજાઓ માટે, આપણી નિષ્ઠાવાન ઇચ્છાઓ પૂર્ણ કરવા માટે ઈશ્વરને વિનંતી કરી શકીએ છીએ; આપણે તેમને વિનંતી કરી શકીએ છીએ કે, અન્ય બાબતોની સાથે, તે આપણું રક્ષણ કરે, આપણને ટકાવી રાખે, આપણા દુ:ખ દૂર કરે, આપણી મુશ્કેલીઓ અને કસોટીઓ દૂર કરે, બીમારને સાજા કરે, શોકાતુરને દિલાસો આપે, હૃદયોને એક કરે, જરૂરિયાતમંદોને મદદ કરે અને તેમના પ્રિયજનોને પ્રભુધર્મ અને માનવતાની સેવા કરવાના તેમના પ્રયાસોમાં સમર્થન આપે. બહાઉલ્લાહ અને અબ્દુલ-બહા દ્વારા પ્રગટ કરાયેલી પ્રાર્થનાઓમાંથી લેવામાં આવેલા નીચે આપેલા ફકરા આવી વિનંતીના નાના ઉદાહરણ છે:

> “હે તું પવિત્રતાની ચેતના, તું જે સર્વ-ઉદાર પ્રદાતા છે, તારા આ મોહિત, પ્રજ્વલિત સેવકને તારા રક્ષણ હેઠળ આશ્રય આપ.”[૨૩]

> “હે પ્રભુ! અમે દુ:ખી છીએ, અમને તારી કૃપા પ્રદાન કર. અમે ગરીબ છીએ, તારી સંપતિના મહાસગરમાંથી અમને પણ એક અંશ આપ. અમને જરૂર છે, અમને સંતુષ્ટ કર. અમે હીન છીએ, અમને ગૌરવ આપ....

> "અમને અમારું રોજનું ભોજન આપ અને જીવનની જરૂરિયાતોમાં તારું વધારાનું વરદાન દે, જેથી અમે તારા સિવાય બીજા કોઈ પર નિર્ભર નહિ રહીએ, સંપૂર્ણ રીતે તારી સાથે જ સંપર્ક રાખીએ, તારા માર્ગે જ ચાલીએ અને તારા જ રહસ્યો પ્રગટ કરીએ.."[૨૪]

> "મારી એકલતામાં મારો મિત્ર બન અને મારા દેશવટામાં મારો સાથી; મારા દુ:ખ દૂર કર. એવું વર દે કે હું તારા સૌંદર્યને સમર્પિત બનું."[૨૫]

"હે પ્રભુ, કમજોરો પર દયા કર, માંદાઓને સાજા કર, અને તેમની સળગતી તરસ છીપાવ."[૨૬]

"હે મારા પરમેશ્વર! હે મારા પરમાત્મા! તારા સેવકોના હૃદયો એક કર, અને એમની સમક્ષ તારો મહાન ઉદ્દેશ પ્રગટ કર."[૨૭]

"તારા પવિત્ર લોકોની દુઃખદાયી ચિંતાઓને આરામમાં, તેમની કઠિણાઈને સુખચેનમાં, તેમના અપમાનને મહિમામાં, તેમના દુઃખને આશીષપૂર્ણ આનંદમાં ફેરવ, હે તું જેની પક્કડમાં સમસ્ત માનવજાતની લગામ છે!"[૨૮]

બાળકોએ એ પણ સમજવું જોઈએ કે આપણે આપણામાં અને આપણા સાથી માનવોમાં આધ્યાત્મિક ગુણોના વિકાસ માટે પ્રાર્થના કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, આપણે ઈશ્વરને વિનંતી કરીએ છીએ કે તે આપણા માટે "બધી વસ્તુઓથી અનાસક્તિના પ્યાલાને" "ભરી દે" અથવા તેમને વિનંતી કરીએ છીએ કે "તારા પ્રિયજનોને ન્યાયનો ઝભ્ભો પહેરાવ અને તેમના જીવનને વિશ્વાસપાત્રતાના પ્રકાશથી પ્રકાશિત કર." નીચેની ખાલી જગ્યામાં તમને જે પ્રાર્થનાઓ પહેલાથી મોઢે આવડે છે, અથવા જેને તમે મોઢે કરવા માંગો છો તેમાંથી સમાન શબ્દસમૂહો લખો જેમાં આપણે ઈશ્વરને તેમના નામો અને ગુણોનો પ્રકાશ આપણા આત્મા પર પાડવા માટે વિનંતી કરીએ છીએ.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

ઉપરોક્ત પ્રાર્થનામાંના શબ્દો આપણને ઈશ્વર પાસેથી આપણે જે કૃપાઓ માંગીએ છીએ તેની પ્રકૃતિની સમજ આપે છે. પરંતુ તે આપણને એવી ભાષા પણ આપે છે જેના દ્વારા આપણે તેમને પ્રાર્થના કરી શકીએ. બહાઉલ્લાહ, એક આત્માને પ્રેરિત કરતી પ્રાર્થનામાં, કહે છે:

"હું તારો આભાર માનું છું, હે તું જેણે મારા આત્મામાં તારો અગ્નિ પ્રગટાવ્યો છે, અને મારા હૃદયમાં તારા પ્રકાશના કિરણોનો પ્રકાશ પાડ્યો છે, કે તેં તારા સેવકોને તારું સ્મરણ કેવી રીતે કરવું તે શીખવ્યું છે, અને તેમની સમક્ષ તારી સૌથી પવિત્ર અને ઉન્નત જીભ અને તારી સૌથી પવિત્ર અને અણમોલ વાણી દ્વારા તને પ્રાર્થના કરવાની રીતો પ્રગટ કરી છે."[૨૯]

આખરે, તમે ઇચ્છશો કે તમારા વર્ગના બાળકો સમજે કે ઈશ્વર તેમના અચૂક શાણપણ અનુસાર આપણી વિનંતીઓ અને યાચનાઓનો જવાબ આપે છે અને પ્રાર્થના દ્વારા આપણે ઈશ્વર પર આપણો સંપૂર્ણ ભરોસો અને વિશ્વાસ મૂકવાનું શીખીએ છીએ. 'અબ્દુલ-બહા કહે છે:

> "ઈશ્વરને પ્રાર્થના કરવી અને તેમની પાસેથી મદદ માંગવી, અને તેમને યાચના કરવી અને તેમની સહાયતા માંગવી એ સેવક માટે શોભનીય છે. આ દાસતાનો દરજ્જો છે, અને ઈશ્વર તેમના સંપૂર્ણ શાણપણ અનુસાર જે ઇચ્છે તે આદેશ કરશે."[30]

અને તમને ચોક્કસપણે તેમના આ શબ્દો યાદ હશે જે તમે પુસ્તક ૧ નો અભ્યાસ કરતી વખતે મોઢે કર્યા હતા:

> "હે તું ઈશ્વર તરફ તારું મુખ ફેરવનાર! બીજી બધી ચીજો તરફ તારી આંખો બંધ કરી દે અને તેને સર્વમહિમામયના સામ્રાજ્ય તરફ ખોલી દે. તું જે કંઈ ઈચ્છે છે તે માત્ર તેની પાસે જ માંગ; તું જે કંઈ પામવા ઈચ્છે તેના માટે માત્ર તેની પાસે જ યાચના કર. એક નજરથી તે લાખો આશાઓ પૂરી કરે છે, એક ઝલકમાં તે લાખો અસાધ્ય રોગોનો ઈલાજ કરે છે, એક ઈશારાથી તે દરેક જખમ પર મલમ લગાવે છે, એક ઝલક સાથે તે હૃદયોને શોકની બેડીઓમાંથી મુકત કરે છે. તે જેમ ઈચ્છે છે તેમ કરે છે, અને આપણી પાસે તેના સિવાય બીજું કયું શરણ છે? તે તેની ઈચ્છા મુજબ કરે છે, જે તેને પ્રિય હોય તે મુજબ તે આદેશ કરે છે. તેથી, તારા માટે બહેતર છે કે તું સમર્પણમાં તારૂ માથું નમાવી લે, અને સર્વદયાળુ પ્રભુમાં તારો ભરોસો રાખ."[૩૧]

આપણે બધા એવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ છીએ જેમાં, દરેક સમયે અને દરેક પરિસ્થિતિમાં ઈશ્વરની મદદ માંગીને, આપણે સ્વીકારીએ છીએ કે, તેમના સંપૂર્ણ જ્ઞાનથી, "તે જે ઇચ્છે છે તેમ કરે છે અને જે ઇચ્છે છે તેમ આદેશીત કરે છે." તમારા જૂથ સાથે આ સ્થિતિના મહત્વની ચર્ચા કરો.

## વિભાગ ૮

બાળકોમાં, ખાસ કરીને પ્રાર્થના સાથે સંબંધિત, તમે જે વર્તન શૈલીને મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છો, તેમાં પૂજ્યભાવનું વલણ અભિન્ન છે. આ વલણ ઈશ્વરની હાજરીમાં વ્યક્તિ જે વિસ્મય અને આશ્ચર્ય અનુભવે છે, જાણે કે ધૂળનો કણ સૂર્ય તરફ વળી રહ્યો હોય, તેમાંથી ઉદ્‌ભવે છે. પૂજ્યભાવ એ ઈશ્વર સમક્ષ વિનમ્રતામાંથી જન્મેલું વલણ છે. જેમ ધોરણ ૧ ના પાઠ શીખવવામાંથી મેળવેલા અનુભવથી જાણો છો તેમ, પ્રાર્થનાના સ્વરૂપ વિશે તમારા વર્ગના બાળકો સાથે તમે જે વાતચીત કરો છો તે તેમનામાં આ વલણને આકાર આપવા માટે જરૂરી છે. આ એકમમાં તમે અત્યાર સુધી જે અભ્યાસ કર્યો છે તેના આધારે,

એવા ખ્યાલોને ઓળખો કે જેની સમજ તમને તમારા વિદ્યાર્થીઓમાં પૂજ્યભાવનું વલણ મજબૂત બનાવવામાં મદદ કરશે. નીચે આપેલી ખાલી જગ્યામાં તમારા વિચારો લખો.

બાળકો સાથે વાતચીતમાં તમે જે સમજૂતી આપો છો તે ઉપરાંત, પ્રાર્થના માટે સમર્પિત વર્ગના તે સમયગાળા દરમિયાન તમે જે વાતાવરણ બનાવો છો તે આ વલણને મજબૂત બનાવવામાં મોટો ફાળો આપશે. ગયા વર્ષે આ સંદર્ભમાં તમે મેળવેલી સમજના આધારે, આવા વાતાવરણની કેટલીક વિશેષતાઓનું વર્ણન કરવું તમારા માટે મદદરૂપ થઈ શકે છે.

હવે વિચાર કરો કે એક શિક્ષક તરીકે તમે તમારા વિદ્યાર્થીઓને પ્રાર્થનાની ક્રિયામાં પૂજ્યભાવના વલણ વિશે શીખવામાં કેવી રીતે મદદ કરો છો. ખાસ કરીને, બાળકોમાં તમે જે અનેક વલણો અને ટેવો કેળવવાની આશા રાખો છો, તે સાતત્ય, પ્રોત્સાહન અને તમારા પોતાના ઉદાહરણ પર ઘણું નિર્ભર રહેશે. પ્રાર્થના માટે સમર્પિત સમયગાળા પહેલાં, તે સમય દરમિયાન અને પછી તરત જ તમે જે રીતે વર્તન કરો છો તેનું બાળકો દ્વારા બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવશે અને તેનાથી તેમને પૂજ્યભાવપૂર્ણ હોવાનો અર્થ શું છે તેનો ખ્યાલ આવશે. નીચેના દ્રષ્યો વિશે તમારા જૂથમાં ચર્ચા કરીને નક્કી કરો કે પ્રાર્થના વિશેની બાળકોની સમજ પર અને તેના પ્રત્યે તેમના દ્વારા વિકસિત વલણ પર તેનો શું પ્રભાવ પડશે:

a. શિક્ષક ઉતાવળે પ્રાર્થના માટે સમર્પિત સમય પસાર કરે છે અને ક્યારેક ક્યારેક નક્કી કરે છે કે એક પ્રાર્થના પૂરતી છે અને, અનુકૂળતા માટે, તે પોતે જ પ્રાર્થના વાંચે છે.

b. શિક્ષક અગાઉથી પ્રાર્થના માટેની જગ્યાની તૈયારી કરે છે. જ્યારે બાળકો આવે છે, ત્યારે તેમનું સ્વાગત કરે છે, તેમની પોતાની જગ્યાએ બેસવાનું કહે છે, અને તેમને યાદ કરાવે છે કે ટૂંક સમયમાં પ્રાર્થનાથી વર્ગ શરૂ કરવામાં આવશે.

c. મોટાભાગે શિક્ષક ચોપડીમાંથી વાંચીને શરૂઆતની પ્રાર્થના કરે છે પરંતુ બાળકોને મોઢેથી પ્રાર્થના કરવાનું કહે છે.

d. શરૂઆતની પ્રાર્થના કરતા પહેલાં, શિક્ષક પ્રાર્થના કરવા માટે શાંતિથી થોડાક બાળકોની પસંદગી કરે છે. પ્રાર્થના કરવાનો સમય આવે ત્યારે, આપણે શા માટે પ્રાર્થનાથી વર્ગની શરૂઆત કરીએ છીએ તેના કારણોની વર્ગમાં યાદ અપાવે છે અને પૂજ્યભાવ સભર વાતાવરણની સુંદરતાનું વર્ણન કરે છે.

e. જો પ્રાર્થનાનું ગાન કરતી વખતે એક અથવા વધુ બાળકો હસતા હોય, તો પ્રાર્થના ચાલુ રાખતા પહેલાં શિક્ષક વર્ગ શાંત થાય ત્યાં સુધી રાહ જુએ છે.

f. પ્રાર્થના દરમિયાન બાળકો બરાબર બેસે છે કે નહિ તેની ખાતરી કરવા માટે શિક્ષક બાળકો પર બરાબર નજર રાખે છે અને જો તેઓ બરાબર બેઠા ન હોય તો તેમને બેસવાનું કહે છે.

g. છેલ્લી પ્રાર્થના થઈ ગયા પછી, શિક્ષક ઝડપથી આગળની પ્રવૃત્તિ શરૂ કરી દે છે.

h. પ્રાર્થના દરમિયાન પરમેશ્વરની દયા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે, શિક્ષક પાવન શ્લોકમાં તલ્લીન થઈ જાય છે.

i. પ્રાર્થનાનું ગાન થતું હોય ત્યારે, બાકીના પાઠની તૈયારી કરવા માટે શિક્ષક ઘણીવાર બહાર જતો રહે છે.

j. જો પૂરતો સમય ન હોય, તો શિક્ષક સમાપન પ્રાર્થના છોડી દે છે.

k. જ્યારે છેલ્લી પ્રાર્થના કરવામા આવે છે, ત્યારે શિક્ષક થોડા સમય માટે મૌન રહે છે અને, પ્રસંગોપાત, પસંદ કરેલી પ્રાર્થનાના શબ્દો પર ટૂંકમાં ટિપ્પણી કરે છે અને વર્ગમાં બધા લોકોના આત્માઓ પર તેમની અસરનો ઉલ્લેખ કરે છે.

'પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળવું', આ વિષય પરની આપણી ચર્ચા પૂરી કરવા માટે, જો તમે પહેલાથી અબ્દુલબહાના આ શબ્દો મોઢે નહીં કર્યા હોય તો, આ શબ્દો મોઢે કરી લેવાનું મૂલ્યવાન રહેશે:

"પરમેશ્વરની સ્તૃતિ હો, કે તમે બંનેએ તમારા કાર્યો દ્વારા તમારા શબ્દોની સચ્ચાઈ દર્શાવી છે, અને પ્રભુ–પરમેશ્વરની સંપુષ્ટિ મેળવી છે. દરરોજ સૂર્યના પહેલા કિરણે, તમે બહાઈ બાળકોને ભેગા કરો છો અને તેમને ભકિત ગીતો અને પ્રાર્થનાઓ શીખવાડો છો. આ એક સૌથી પ્રશંસનીય કાર્ય છે, અને તે બાળકોના હૃદયને આનંદ આપે છે: તેથી તેમણે દરરોજ સવારે, પ્રભુ સામ્રાજ્ય તરફ અભિમુખ થઈને પ્રભુના ગુણગાન કરવા જોઈએ અને તેના નામની સ્તૃતિ કરવી જોઈએ, અને મધુરત્તમ સ્વરમાં ગાન અને પઠન કરવું જોઈએ.

"આ બાળકો કુમળા છોડ જેવા છે, અને તેમને પ્રાર્થના શીખવવી એટલે તેમના ઉપર વરસાદ વરસાવવા જેવું છે, જેથી તેઓ કોમળ અને તાજા થઈ જાય અને પ્રભુ પ્રેમની કોમળ વાયુ–લહેરો તેમના ઉપર ફૂકાય અને તેમને આનંદમાં લહેરાવે."[૩૨]

## વિભાગ ૯

આગામી કેટલાક વિભાગોમાં, આપણે ઈશ્વરના કાયદાનું પાલન કરવાના વિષય પર ચિંતન કરીશું, જેની આસપાસ સેટ ૨ ના પાઠ કેન્દ્રિત છે. અહીં ફરીથી, પાછલા વિષયની જેમ, બાળકોના હૃદયમાં ઈશ્વરનો પ્રેમ કેળવવો એ તમારી મુખ્ય ચિંતાઓમાંની એક હશે. તમારે બાળકોને સમજવામાં મદદ કરવાની જરૂર પડશે કે ઈશ્વરનો પ્રેમ આપણા પૈકી દરેકનું રક્ષણ અને પોષણ કરે છે. તેના વિના, આપણે આપણો માર્ગ ભૂલી જઈશું અને નાશ પામીશું. ઈશ્વરની નજીક જવાની ઇચ્છા આપણને તેમની નજરમાં જે પસંદ છે તેમ કરવા અને તેઓ જે આદેશ આપે છે તેનું પાલન કરવા પ્રેરે છે.

"તમારામાંથી દરેકનું મુખ્ય કર્તવ્ય એવી સંપત્તિ પ્રાપ્ત કરવાનું છે જેને નહિ તો કોઈ તમારી પાસેથી છીનવી શકે કે નહિ તમને તેનાથી વંચિત કરી શકે -સર્વશક્તિશાળી મારા સાક્ષી છે કે -તે ઈશ્વરનો પ્રેમ છે, જો તમે સમજી શકતા હો તો.

"તમે તમારી જાત માટે એવા ઘર બનાવો, જેનો વરસાદ કે પૂર ક્યારેય વિનાશ કરી શકે નહિ, જે તમને આ જીવનના બદલાવો અને પરિવર્તનોથી સુરક્ષિત રાખે. આ તેમનો આદેશ છે જેના પર આ દુનિયાએ જુલમ કર્યો છે અને તેનો અસ્વીકાર કર્યો છે."[33]

"કારણ કે પ્રેમીઓની તેમના પ્રિયતમની સુ-પ્રસન્નતા સિવાય બીજી કોઈ ઈચ્છા હોતી નથી, અને તેમની સાથે પુનઃમિલન સિવાય બીજો કોઈ ધ્યેય હોતો નથી."[૩૪]

"હે મારા પ્રભુ, મને બધી પરિસ્થિતિમાં તારી સેવા કરવા અને તારા સાક્ષાત્કાર અને તારા સૌંદર્યના પ્રિય મંદિર તરફ મારી જાતને સમર્પિત કરવા માટે તૈયાર કર. જો તારી ખુશી હોય, તો મને તારી કૃપાના ઉપવનમાં કોમળ ઔષધિ તરીકે ઉગાડ, જેથી તારી ઇચ્છાના સૌમ્ય પવનો મને લહેરાવે અને મને તારી ખુશી મુજબ વાળે, જેથી મારી ગતિ અને મારી સ્થિરતા સંપૂર્ણપણે તારા દ્વારા નિર્દેશિત થાય."[૩૫]

"પરમેશ્વરના ઉપકાર માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે માણસે પ્રશંસનીય કાર્યો કરવા જોઈએ. આ ઉપહારોના પ્રતિભાવમાં તેણે સારા કાર્યો કરવા જોઈએ, આત્મ-બલિદાન આપવું જોઈએ, પરમેશ્વરના સેવકોને પ્રેમ કરવો જોઈએ, તેમના માટે જીવન પણ ન્યોછાવર કરવું જોઈએ, બધા જીવો પ્રત્યે દયા બતાવવી જોઈએ. તેને દુનિયાથી અનાસક્ત થવું જોઈએ, અભા-લોક તરફ આકર્ષિત થવું જોઈએ, તેજસ્વી મુખ, વાક્ચાતુર્યવાન જીભ, ધ્યાન કેન્દ્રિત કાન સાથે, પરમેશ્વરની સુ-પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે દિવસ-રાત પ્રયત્નશીલ રહેવું જોઈએ. તે જે કંઈ કરવા માંગે છે તે ઈશ્વરની સુ-પ્રસન્નતા સાથે સુસંગત હોવું જોઈએ. તેણે ઈશ્વરની ઇચ્છા શું છે તેનું અવલોકન કરવું જોઈએ અને તે મુજબ કાર્ય કરવું જોઈએ."[૩૬]

ઉપરોક્ત અવતરણોમાંથી કેટલાક શબ્દસમૂહો લખો જે તમે બાળકો સાથે, આપણે આપણા વિચારો, શબ્દો અને આચરણને પરમેશ્વરના ઉપદેશો સાથે કેમ સુસંગત કરવા જોઈએ અને આપણે જે કંઈ કરીએ છીએ તેમાં તેમની સુ-પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો કેમ પ્રયત્ન કરવો જોઈએ, તેના વિશે વાત કરતી વખતે ધ્યાનમાં રાખવા માંગતા હોય.

## વિભાગ ૧૦

ઈશ્વરનો પ્રેમ તેમના અવતારો દ્વારા માનવજાત તરફ વહે છે, જે તેમની ઇચ્છા અને ઉદ્દેશથી આપણને પરિચિત કરાવે છે. યુગે યુગે, તેઓ એવા કાયદા અને આદેશો પ્રગટ કરે છે કે, તેમના પાલન દ્વારા, આપણે વ્યક્તિગત રીતે તેમની નજીક જઈ શકીએ છીએ અને સમાજ પ્રગતિ કરી શકે છે. આ કાયદાઓ આપણા આધ્યાત્મિક અસ્તિત્વને સંચાલિત કરે છે, આપણને તેમના તરફના માર્ગ પર માર્ગદર્શન આપે છે, અને તે આપણા માટે શું ઇચ્છે છે તે સમજવામાં મદદ કરે છે. વિશ્વ ન્યાય મંદિર દ્વારા લખાયેલા એક ફકરામાં આપણે વાંચીએ છીએ:

"જેમ આપણા ભૌતિક જીવનને સંચાલિત કરતા કાયદા છે, જેમાં જરૂરી છે કે, જો આપણે શારીરિક અપંગતા ટાળવા માંગતા હોઈએ, તો આપણે આપણા શરીરને ચોક્કસ ખોરાક પૂરો પાડવો જોઈએ, તેમને ચોક્કસ તાપમાનની મર્યાદામાં જાળવી રાખવા જોઈએ, વગેરે, તેવી જ રીતે આપણા આધ્યાત્મિક જીવનને સંચાલિત કરતા કાયદા પણ છે. આ કાયદા દરેક યુગમાં ઈશ્વરના અવતાર દ્વારા માનવજાત સમક્ષ પ્રગટ કરવામાં આવે છે, અને જો એક વ્યક્તિએ અને સામાન્ય રીતે માનવજાતે યોગ્ય અને સુમેળપૂર્ણ વિકાસ કરવો હોય તો તેનું પાલન ખૂબ જ મહત્વપૂર્ણ છે. વધુમાં, આ વિવિધ તત્વો પરસ્પર નિર્ભર છે. જો કોઈ વ્યક્તિ પોતાના વિકાસ માટે આધ્યાત્મિક કાયદાનું ઉલ્લંઘન કરે છે તો તે ફક્ત પોતાને જ નહીં પરંતુ તે જે સમાજમાં રહે છે તેના માટે પણ નુકસાનનું કારણ બનશે. તેવી જ રીતે, સમાજની સ્થિતિની સીધી અસર તે વ્યક્તિઓ પર પડે છે જેઓ તેમાં રહે છે."[૩૭]

પરમેશ્વરના આદેશોના સ્વરૂપ વિશે બહાઉલ્લાહના નીચેના શબ્દો પર મનન કરો:

"નિશ્ચિતપણે જાણો કે મારા આદેશો મારા સેવકો વચ્ચે મારી સ્નેહિલ કલ્યાણ-ભાવનાના દીવા છે અને મારા સર્જિત જીવો માટે મારી કરૂણાની કૂંચી છે. આવી રીતે તેને તમારા સ્વામી, પ્રગટીકરણના પ્રભુની ઈચ્છાના આકાશમાંથી મોકલવામાં આવ્યા છે."[૩૮]

"ખરેખર, ઈશ્વરના આદેશો મહાસાગર જેવા છે અને મનુ-પુત્રો માછલી જેવા છે, જો તેઓ જાણતા હોય તો?"[૩૯]

"હે બહાના લોકો! અમે પ્રગટ કરેલો દરેક આદેશ અસ્તિત્વ જગત માટે એક શક્તિશાળી કિલ્લો છે."[૪૦]

"એવું ન વિચારો કે અમે તમારી સમક્ષ માત્ર વિધાનોનો એક સંગ્રહ પ્રગટ કર્યો છે. નહિ, પરંતુ અમે સામર્થ્ય અને શક્તિની આંગળીથી દિવ્ય મદિરાનું પાત્ર ખોલી દીધું છે. એનો સાક્ષી છે તે જેને પ્રગટીકરણની કલમે પ્રગટ કર્યું છે. એના પર ચિંતન કરો, હે અંતઃદ્રષ્ટિવાળા માનવી!"[૪૧]

“ઈશ્વરના આદેશો તેમના પરમ મહાન પ્રગટીકરણના આકાશમાંથી મોકલવામાં આવ્યા છે. બધાએ દ્રઢતાથી તેનું પાલન કરવું જોઇએ. માનવીની શ્રેષ્ઠતમ વિશિષ્ટતા, તેની સાચી પ્રગતિ, તેનો અંતિમ વિજય હંમેશા તેના પર નિર્ભર છે અને રહેશે. જે કોઈ ઈશ્વરના આદેશોનું પાલન કરશે તે અનંત સુખ પ્રાપ્ત કરશે.”[૪૨]

“સાચી સ્વતંત્રતા મારા આદેશો પ્રત્યે માનવીના સમર્પણમાં રહેલી છે, તેના વિશે તમે ખૂબ ઓછું જ્ઞાન ધરાવો છો. અમે પ્રગટીકરણના સ્વર્ગમાંથી માનવજાત સમક્ષ જે મોકલ્યું છે તેનું જો માનવી પાન કરે તો, નિશ્ચિતપણે તે સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરશે. આશીર્વાદિત છે એ માનવી, જે સમસ્ત સર્જિત ચીજોને આવરી લેતી તેની ઈચ્છાના સ્વર્ગમાંથી જે કંઈ પ્રગટિત છે તેની પાછળનો ઈશ્વરનો ઉદ્દેશ સમજે છે.”[૪૩]

આગળ, 'અબ્દુલ-બહા'ના નીચેના શબ્દો પર વિચાર કરો:

"તેમણે આપણને ફક્ત એવા કાયદા, નિયમો અને ઉપદેશોનો આદેશ આપ્યો છે જે આત્માને જીવન આપે છે અને તેને પરમ-પ્રિયની નજીક લાવે છે.

"તેમના બધા કાયદા નિયંત્રણને બદલે મુક્તિ આપે છે; તેઓ મર્યાદાને બદલે સ્વતંત્રતા આપે છે; તેઓ બાધા (પ્રતિબંધ)ને બદલે આનંદ અને તેજ આપે છે."[૪૪]

ઉપરોક્ત અવતરણો ઈશ્વરના કાયદા અને આદેશોને મહાસાગર તરીકે અને માનવ સંતાનોને માછલી તરીકે; તેમના સેવકો વચ્ચે તેમની સ્નેહિલ કલ્યાણ-ભાવનાના દીવા તરીકે; તેમના જીવો માટે તેમની દયાની ચાવી તરીકે; તેમણે સામર્થ્ય અને શક્તિની આંગળીથી ખોલી દીધેલ દિવ્ય મદિરા તરીકે; અને અસ્તિત્વ જગત માટે એક શક્તિશાળી કિલ્લો તરીકે વાત કરે છે. તમારા જૂથના અન્ય સભ્યો સાથે, વિચાર કરો કે, આ છબીઓ આપણને એ સમજવામાં કેવી રીતે મદદ કરે છે કે, ઈશ્વરના નિયમોનું પાલન કરવું વ્યક્તિના જીવન માટે અને સમાજની પ્રગતિ માટે શા માટે ખૂબ જ જરૂરી છે.

ઈશ્વરના આદેશોના સ્વરૂપ વિશેની તમારી પોતાની સમજ, નિ:શક, બાળકો સાથે આ વિષય પર તમે કેવી રીતે ચર્ચા કરો છો તેના પર નોંધપાત્ર પ્રભાવ પાડશે. આ સંદર્ભમાં, તમારા માટે એ યાદ રાખવું મહત્વપૂર્ણ રહેશે કે ઈશ્વરના આદેશો ફક્ત આપણને શું કરવું અને

શું ન કરવું તે જણાવતા નિયમો માત્ર નથી; તે, સારમાં, માનવ જીવનની વાસ્તવિકતાના વિધાનો છે. નીચેના વાક્યો જુઓ. કયા વાક્યો સૂચવે છે કે ઈશ્વરના કાયદા ફક્ત આપણા પર લાદવામાં આવેલા નિયમોનો સમૂહ છે, અને કયા વાક્યો ઉપરોક્ત અવતરણો સાથે સહમત છે જે કાયદાઓને, ઉદાહરણ તરીકે, સ્નેહિલ કલ્યાણ-ભાવનાના દીવા તરીકે વર્ણવે છે? પહેલાની સામે "૧" અને બીજાની સામે "૨" લખો.

_____ ઈશ્વરના આદેશો આપણા વર્તનને નિયંત્રિત કરે છે અને એવી ઇચ્છાઓનું અનુસરણ કરવાથી રોકે છે જે માનવ તરીકે આપણા સ્થાનને લાયક નથી.

_____ ઈશ્વરના આદેશો આપણને દુન્યવી ઇચ્છાઓથી મુક્ત કરે છે અને આપણને માનવ તરીકે આપણું સાચું સ્થાન પ્રાપ્ત કરવાની મંજૂરી આપે છે.

_____ આપણને ઈશ્વરના આદેશોનું પાલન કરવાની ફરજ પાડવામાં આવતી નથી, પરંતુ જ્યારે આપણે તેમનો પ્રતિકાર કરીએ છીએ ત્યારે આપણે આપણા પર મુશ્કેલીઓ લાવીએ છીએ.

_____ આપણે ઈશ્વરના ક્રોધના ડરથી નહીં, પરંતુ તે જ્ઞાનથી તેના કાયદાનું પાલન કરવું જોઈએ કે તેમના આદેશો આપણા માર્ગને પ્રકાશિત કરે છે અને આપણું રક્ષણ કરે છે.

_____ ઈશ્વરના આદેશો આપણને માનવી તરીકે આપણું સ્થાન અને આપણે પોતાને કયા આધ્યાત્મિક ગુણોથી શણગારવા જોઈએ તે સમજવામાં મદદ કરે છે.

_____ જેમ જેમ આપણે ઈશ્વરના આદેશોનું પાલન કરવાનો પ્રયાસ કરીએ છીએ, તેમ તેમ આપણને પ્રદાન કરવામાં આવેલી પ્રતિભા અને ક્ષમતાઓ વધુને વધુ પ્રગટ થાય છે.

_____ જો આપણે ઈશ્વરના આદેશોનો ભંગ કરીએ છીએ, તો આપણે તેમના બદલાને આમંત્રણ આપીએ છીએ.

_____ જો આપણે ઈશ્વરના માર્ગદર્શનનું અનુસરણ કરતા નથી, તો આપણે તેમના સર્વવ્યાપી શાણપણના પ્રકાશથી વધુને વધુ દૂર થતા જઈએ છીએ.

_____ ઈશ્વરના આદેશોનું પાલન કરવું એ એક મોટો પડકાર છે જેની સાથે આપણે આપણા જીવનભર સંઘર્ષ કરીએ છીએ.

_____ ઈશ્વરના આદેશોનું પાલન કરવું એ ગહન આનંદ અને સંતોષનો સ્રોત છે.

_____ ઈશ્વરના આદેશોનું પાલન કરવાથી આપણે આપણા ઉચ્ચ સ્વભાવને પ્રગટ કરી શકીએ છીએ અને આપણી ખામીઓ અને ભ્રષ્ટ ઇચ્છાઓને દૂર કરી શકીએ છીએ જે અન્યથા આપણને આપણા અપમાન તરફ દોરી જશે.

## વિભાગ ૧૧

ઈશ્વરના આદેશોનું આપણું પાલન એ તેમના પ્રત્યેના આપણા પ્રેમની કુદરતી અભિવ્યક્તિ છે. સૂર્ય-મુખીનું ફૂલ, પ્રકાશના સ્ત્રોતની શોધમાં, સ્વાભાવિક રીતે સૂર્ય તરફ વળે છે. તેવી જ રીતે, આપણા આત્માઓ ઈશ્વરના પ્રકાશની ઝંખના રાખે છે, તે એકમેવ સ્ત્રોતમાંથી પ્રકાશ મેળવવા માંગે છે. તેમના આદેશોનું પાલન કરીને, આપણે તેમની ઉદાર સંભાળથી પોષણ મેળવીએ છીએ અને તેમના પ્રેમની હૂંફમાં વિકાસ પામીએ છીએ. નીચે આપેલા અવતરણો પર વિચાર કરો જે આપણને ઈશ્વરના આદેશોની પ્રકૃતિ વિશે જણાવે છે.

"તમારા માટે જે યોગ્ય છે તે ઈશ્વરનો પ્રેમ, અને જે તેના સારત્વના અવતાર છે તેનો પ્રેમ, અને તે તમને જે કંઈ પણ સૂચવવા માંગે છે તેનું પાલન છે, જો તમે સમજી શકો તો?"[૪૫]

"મારી શક્તિશાળી મહિમાના આકાશમાંથી મારી સત્તાની જીભે સૃષ્ટિને આ શબ્દોમાં સંબોધન કર્યું... "મારા સૌંદર્યના પ્રેમને ખાતર મારા આદેશોનું પાલન કરો."[૪૬]

"હે માનવ પુત્ર! મારા આદેશોનું ઉલ્લંઘન ન કર જો તું મારા સૌંદર્યને પ્રેમ કરતો હોય, અને મારા ઉપદેશો ભૂલી ન જા, જો તું મારી શુભેચ્છા પ્રાપ્ત કરવા ઈચ્છતો હોય."[૪૭]

"તે ઘોષણા કરે છે કે ઈશ્વરના આદેશોનું પાલન પરમ-પ્રિયના સૌંદર્ય પ્રત્યેના પ્રેમમાંથી ઉદ્ભવે છે. સાધક, જ્યારે ઈશ્વરના પ્રેમના સમુદ્રમાં ડૂબી જશે, ત્યારે તીવ્ર ઝંખનાથી પ્રેરિત થશે અને ઈશ્વરના આદેશોનું પાલન કરવા માટે ▯ ભો થઈ જશે."[૪૮]

ખાસ કરીને જ્યારે તે ઈશ્વરના ઉપદેશોનું આજ્ઞાપાલન કરવાના આપણા પ્રયત્નો સાથે સંબંધિત હોય ત્યારે, સ્પષ્ટપણે તમે ઈશ્વરનો પ્રેમ અને તેમને નારાજ કરવાના ડર વિશે કેવી રીતે વાત કરો છો, તે બાળકોના હૃદય અને મન પર ઊંડી અસર કરશે. નીચે કેટલાક વાક્યો છે જે કોઈ વ્યક્તિ સમયે- સમયે સાંભળી શકે છે. દરેક માટે, નક્કી કરો કે આવી ટિપ્પણી બાળકોમાં નીચેનામાંથી કયા ગુણો, વલણો અથવા લાગણીઓનો વિકાસ કરી શકે છે. કેટલાક કિસ્સાઓમાં, તે એક કરતાં વધુને લાગુ પડી શકે છે. સ્વાધ્યાય શરૂ કરતા પહેલાં, તમે પુસ્તક ૩ ના પ્રથમ એકમના વિભાગોની, ખાસ કરીને વિભાગ ૧૨ નું પુનરાવર્તન કરી શકો છો જે ઈશ્વરના પ્રેમ અને ઈશ્વરના ડરના વિષયોની ચર્ચા કરે છે.

| | |
|---|---|
| a. અપરાધભાવ | g. દૃઢતા |
| b. ડર | h. અજ્ઞાધીનતા |
| c. વિનમ્રતા | i. શ્રેષ્ઠતાની ભાવના |
| d. ઈશ્વરમાં વિશ્વાસ | j. આત્મધાર્મિકતા (સ્વ-પ્રમાણિકતા) |
| e. ભક્તિ | k. ઈશ્વરનો પ્રેમ અને તેમને નારાજ કરવાનો ડર |
| f. સમર્પણભાવ | |

________ ઈશ્વર આપણને જે કંઇ કરવાનું કહે છે તેમ આપણે કરવું જોઈએ, નહીં તો તે આપણને સજા કરશે.

________ ઈશ્વર આપણને જે કંઇ કરવાનું કહે છે તેમ આપણે કરવું જોઈએ, કારણ કે આપણે તેમને પ્રેમ કરીએ છીએ અને તેમની સુ-પ્રસન્નતા પ્રાપ્ત કરવા માંગીએ છીએ.

________ ઈશ્વર આપણને જે કંઇ કરવાનું કહે છે તેમ આપણે કરવું જોઈએ, નહીં તો આપણા આત્માની પ્રગતિ નહીં થાય.

________ જો આપણે બીજા કરતા સારા બનવા માંગતા હોઈએ, તો ઈશ્વર આપણને જે કંઇ પણ કરવાનું કહે છે તેમ આપણે કરવું જોઈએ.

________ આપણે ગમે તે કરીએ, છતાં ઈશ્વર હંમેશા આપણને પ્રેમ કરશે, કારણ કે તેમનો પ્રેમ અનંત છે; જોકે, આપણે ક્યારેય નથી ઇચ્છતા કે આપણા કાર્યો, આપણા દુષ્કૃત્યો, તેમના પ્રેમને આપણા સુધી પહોંચતા અટકાવે.

________ જો આપણે ઈશ્વરને ખરેખર પ્રેમ કરીએ છીએ તો આપણે તે જેમ કરવાનું કહે છે તેમ કરવું જોઈએ.

________ ઈશ્વર પ્રત્યેના આપણા પ્રેમને કારણે, તે આપણને જે કરવાનું કહે છે તે કરીએ છીએ.

________ ઈશ્વર આપણને જે કંઇ પણ કરવાનું કહે છે તેમ આપણે કરવું જોઈએ, પછી ભલે આપણને તે મુશ્કેલ લાગે.

________ આપણી ભૂલોએ આપણને ઈશ્વર આપણને જે કરવાનું કહે છે તે કરવાથી રોકવું જોઈએ નહીં; તે આપણને આપણી ખામીઓને દૂર કરવાની શક્તિ આપશે.

________ ઈશ્વર આપણને જે કંઇ કરવાનું કહે છે તેમ આપણે કરવું જોઈએ, પછી ભલે આપણને તે ગમતું ન હોય.

________ ઈશ્વર આપણને જે કંઇ કરવાનું કહે છે તેમ આપણે કરવું જોઈએ, પછી ભલે આપણે તેના વિશે ગમે તેટલું ઓછું સમજીએ.

________ ઈશ્વર આપણને જે કંઇ કરવાનું કહે છે તેમ આપણે કરવું જોઈએ, કારણ કે તે જાણે છે કે આપણા માટે શું શ્રેષ્ઠ છે; તે સર્વજ્ઞ, સર્વજ્ઞાની છે.

________ જે લોકો ઈશ્વર આપણને જે કંઇ કરવાનું કહે છે તેમ કરે છે, માત્ર તે લોકો જ ખરેખર તેમના પ્રેમને લાયક છે.

________ ઈશ્વર આપણને જે કંઇ કરવાનું કહે છે તેમ આપણે કરવું જોઈએ, કારણ કે તે આપણને સાચું સુખ આપશે.

તમારા જૂથના અન્ય સભ્યો સાથે ચર્ચા કરો કે ઈશ્વરના પ્રેમથી જન્મેલ આજ્ઞાપાલન આપણને પ્રતિકૂળતાના સમયમાં પણ આનંદી અને સંતુષ્ટ રહેવામાં કેવી રીતે મદદ કરે છે.

## વિભાગ ૧૨

તમે પહેલાથી જ ચિંતન કર્યું છે કે પ્રાર્થના બાળકોમાં આધ્યાત્મિક ગુણોના વિકાસમાં કેવી રીતે ફાળો આપે છે. દરરોજ પ્રાર્થના કરવી એ ઈશ્વર દ્વારા તેમના અવતારોના માધ્યમથી આપણને આપવામાં આવેલા ઘણા આદેશોમાંથી એક આદેશ છે. હવે આજ્ઞાપાલનના પ્રશ્ન વિશે સામાન્ય રીતે વિચારો. જેમ જેમ એક બાળક પુખ્તાવસ્થામાં વિકાસ પામે છે તેમ તેમ, આધ્યાત્મિક ગુણોની પ્રાપ્તિ ઈશ્વરના આદેશોનું પાલન કરવામાં તેને કેવી રીતે મદદ કરે છે? તેમના આદેશોનું પાલન કેવી રીતે આધ્યાત્મિક ગુણોનો વિકાસ કરે છે?

ચાલો આપણે આ બે પ્રશ્નોનું કેટલાક ચોક્કસ આધ્યાત્મિક ગુણોના સંદર્ભમાં અવલોકન કરીએ: સંતોષ, હિંમત અને વફાદારી. પહેલા નીચે આપેલા અવતરણોનો સમૂહ વાંચો. અને તેના પછી આપેલા વિધાનો પર ચિંતન કરો અને તેમાં થોડા બીજા વિધાનો ઉમેરવાનો પ્રયાસ કરો.

> "હે ચેતના પુત્ર! અંતરિક્ષની વિશાળતામાંથી તું વેગથી પસાર થઈ જાય અને આકાશના વિસ્તારને પાર કરી જાય, છતાં પણ મારી આજ્ઞાઓ પ્રત્યે સમર્પણ અને મારા મુખારવિંદ સમક્ષ વિનમ્રતા સિવાય, તને બીજે ક્યાંય શાંતિ નહિ મળે."[૪૯]

"તમે એક સત્ય ઈશ્વરની આજ્ઞાથી સંતુષ્ટ રહો, કારણ કે ઈશ્વરના હાથે માતૃગ્રંથમાં અંકિત છે તેમ, સાર્વભૌમત્વ ચોક્કસપણે તેમનામાં સુશોભિત જે તેમનું સ્મરણ છે."[૫૦]

"હે મારા ઈશ્વર, હું તને વિનંતી કરું છું કે... મારી પસંદગી તારી પસંદગીને અનુરૂપ થાય અને મારી ઇચ્છા તારી ઇચ્છાને અનુરૂપ થાય, જેથી હું તારી ઇચ્છાથી સંપૂર્ણપણે સંતુષ્ટ રહી શકું, અને તારી ઉદારતા અને કૃપાથી તેં મારા માટે જે નિયત કર્યું છે તેનાથી સંપૂર્ણપણે સંતુષ્ટ રહી શકું."[૫૧]

- આપણે આપણી પોતાની ઇચ્છાઓનો ત્યાગ ન કરીએ અને તેમની પવિત્ર ઇચ્છા અને પ્રસન્નતાને આધીન ન થઈએ ત્યાં સુધી આપણે પૂરા દિલથી ઈશ્વરના આદેશોનું પાલન કરી શકતા નથી.

- ઈશ્વરની ઇચ્છાથી સંતુષ્ટિનો અભાવ બળવો તરફ દોરી જાય છે, અને બળવો તેમના ઉપકારો મેળવવાની આશાને ચકનાચૂર કરે છે.

- જ્યારે આપણે ઈશ્વરના આદેશો અને ઉપદેશોનું પાલન કરીએ છીએ, ત્યારે આપણે અયોગ્ય ઇચ્છાઓ અને આકાંક્ષાઓથી મુક્ત થઈએ છીએ.

"**પ્રભુના વચનોનો પ્રસાર અને તેના પ્રેમમાં દ્રઢતા એ હિંમત અને શકિતનો સ્ત્રોત છે.**"[૫૨]

"હે માનવ પુત્ર! દરેક વસ્તુનું એક ચિન્હ હોય છે. પ્રેમનું ચિન્હ છે મારા આદેશના પાલનમાં દ્રઢતા, અને મારી કસોટીઓમાં ધૈર્ય."[૫૩]

"તમે દિવ્ય લોક તરફ સંપૂર્ણ રીતે વળવા માટે શક્ય તેટલો પ્રયત્ન કરો, જેથી તમે જન્મજાત હિંમત અને આદર્શ શક્તિ પ્રાપ્ત કરી શકો."[૫૪]

- દૈવી ધોરણોનું દૃઢતાથી પાલન કરવા માટે હિંમતની જરૂર છે.

- હિંમત વિકસાવવાથી બાળકોને ઈશ્વરના ઉપદેશોની વિરુદ્ધના કાર્યોથી દૂર રહેવામાં મદદ મળે છે.

– જ્યારે બાળકો સમજે છે કે ઈશ્વરના કાયદાનું પાલન તેમને પોષણ અને રક્ષણ આપે છે ત્યારે તેઓ હિંમત મેળવે છે.

"જ્યારે પણ મારા કાયદા મારી વાણીના આકાશમાં સૂર્યની જેમ પ્રગટ થાય છે, ત્યારે બધાએ તેમનું વફાદારીથી પાલન કરવું જોઈએ, પછી ભલે મારો હુકમ દરેક ધર્મના આભને ફાડી નાખે."[૫૫]

"હે મારા પ્રભુ અને મારી આશા! તારા પ્રિયજનોને તારી શક્તિશાળી સંવિદામાં અડગ રહેવામાં, તારા પ્રગટ ધર્મ પ્રત્યે વફાદાર રહેવામાં અને તારી મહિમાના ગ્રંથમાં તેં જે આદેશો આપ્યા છે તેનું પાલન કરવામાં મદદ કર..."[૫૬]

"તે ખરેખર, જે કોઈ પણ આદેશ આપે છે, ફરમાન કરે છે, અને પ્રગટ કરે છે તેનું પાલન કરવું જોઈએ, અને તેની સર્વોપરિતા દ્વારા તે જે કોઈ પણ આદેશ આપે છે, અને તેની સત્તા દ્વારા, જે કોઈ પણ ફરમાન કરે છે તેમાં તેને પ્રેમ કરવો જોઈએ."[૫૭]

– ઈશ્વરના આદેશોનું વફાદારીપૂર્ણ પાલન કરવાથી આપણે આપણી આંતરિક વાસ્તવિકતામાં રહેલી શક્તિઓ અને ક્ષમતાઓ પ્રગટ કરી શકીએ છીએ.

– જ્યારે ઈશ્વર આપણને જે કંઈ કરવાનું કહે છે તેમાં તેને પ્રેમ કરીએ છીએ, ત્યારે આપણે, બધી પરિસ્થિતિઓમાં, તેમના પ્રત્યે વફાદાર રહી શકીએ છીએ.

– ઈશ્વરને ખુશ કરનારા કાર્યોમાં વફાદારી પ્રગટ થાય છે.

ઈશ્વરના આદેશોનું પાલન કરવા ઇચ્છતા લોકો માટે બીજા કયા આધ્યાત્મિક ગુણો જરૂરી છે - એવા ગુણો જે તેના આદેશોનું પાલન કરવાથી મજબૂત બને છે? ઉદાહરણ તરીકે,

બહાઉલ્લાહનો નીચેનો ફકરો તમને ઈશ્વરના આદેશોનું પાલન કરવામાં અડગતાના મહત્વ પર ચિંતન કરવામાં મદદ કરશે:

> "તમારી સાચી અને શાશ્વત કિર્તી બીજી કોઈ બાબતમાં નથી સિવાય ઈશ્વરની આજ્ઞાઓના તમારા દ્રઢ પાલનમાં, તેમના કાયદાના સહૃદય પાલનમાં, તેમના આદેશોના અક્ષરશઃ પાલનમાં અને દ્રઢપણે સદ્દમાર્ગ પર ચાલવાના તમારા દ્રઢ સંકલ્પમાં.."[૫૮]

## વિભાગ ૧૩

ઈશ્વરના આદેશો અનુસાર જીવન જીવવાના વ્યક્તિના પ્રયાસોમાં શિસ્ત કેન્દ્રસ્થાને છે. આખરે આવું શિસ્ત દૈવી આકર્ષણના બળ દ્વારા વ્યક્તિના અંતઃકરણમાંથી જન્મવું જોઈએ; તે ઈશ્વરના અવતાર દ્વારા પ્રગટ થયેલા કાયદાની પ્રકૃતિની વધતી જતી સમજ અને ઇચ્છાશક્તિના ઉપયોગનું પરિણામ હોય છે. બાળકોએ ખંતપૂર્વક પાલન કરવાનું શીખવું જોઈએ તેવા કેટલાક સ્વર્ગીય ઉપદેશો શોધી કાઢો. આ બાબતમાં તેમને સહાયરૂપ થતી કઈ દૈનિક પ્રથાઓ હોઈ શકે? વર્ગખંડની વ્યવસ્થા તેમના વિકાસમાં કેવી રીતે ફાળો આપી શકે છે?

તમે અનુભવ દ્વારા જોયું હશે કે જ્યારે બાળકો સમક્ષ અપેક્ષાઓ સ્પષ્ટ કરવામાં આવે છે અને જ્યારે તેમને પ્રશંસનીય આચરણના ધોરણોને પૂર્ણ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે ત્યારે તેઓ જરૂરી શિસ્ત વિકસાવી શકે છે. તેમ છતાં, જેમ આપણે પુસ્તક ૩ માં ચર્ચા

કરી હતી, કે પુરસ્કારનો યોગ્ય ઉપયોગ અને ક્યારેક, હળવા પ્રતિબંધો બાળકોને આ ધોરણો તરફ આગળ વધવામાં મદદ કરી શકે છે. ગયા વર્ષે તમારા વર્ગમાં બાળકોને પ્રોત્સાહિત કરવામાં તમને સૌથી વધુ અસરકારક લાગ્યા હોય તેવા કેટલાક પુરસ્કારોનો ઉલ્લેખ કરો. એવા કેટલાક પ્રતિબંધો કયા હતા જેને તમે ક્યારેક ક્યારેક લાગુ કર્યા હતા અને કયા સંજોગોમાં તમે આમ કર્યું હતું? તમારા જૂથના અન્ય સભ્યો સાથે તમે અપનાવેલા અભિગમોની અસરકારકતા વિશે ચર્ચા કરો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

ખંતપૂર્વક, શિસ્તબદ્ધ વર્તનને પ્રોત્સાહન આપવાની એક રીત, નિ:શક, વર્ગમાં નિર્માણ કરવામાં આવતું વાતાવરણ છે. બાળકોને શીખવાના આનંદદાયક છતાં શિસ્તબદ્ધ વાતાવરણમાં ફાળો આપવામાં એક શિક્ષક કેવી રીતે મદદ કરી શકે છે?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

તમારા જૂથ સાથે ચર્ચા કરો કે નીચેની પરિસ્થિતિઓ બાળકો અને વર્ગના વાતાવરણ પર કેવી અસર કરી શકે છે:

a. શિક્ષક બાળકોને પ્રશ્નો પૂછવાની મંજૂરી આપ્યા વિના વર્ગમાં સંપૂર્ણ આજ્ઞાપાલનની માંગ કરે છે.

b. શિક્ષક શિસ્તહીન વર્તનની અવગણના કરે છે, અને ખાતરી રાખે છે કે જ્યારે વર્તનના ધોરણો લાદવાથી તેમની સ્વતંત્રતામાં ઘટાડો ન થાય, ત્યારે બાળકો તેમની ક્ષમતાઓનો શ્રેષ્ઠ વિકાસ કરે છે.

c. શિક્ષક એવું માનીને અયોગ્ય વર્તનની અવગણના કરે છે, કે બાળકોએ તેમની પોતાની ભૂલો દ્વારા તેમની જાતે શીખવું જોઈએ.

d. જ્યારે પણ શક્ય હોય, ત્યારે શિક્ષક બાળકોને સમજવામાં મદદ કરવાનો પ્રયાસ કરે છે કે તેમને વર્તનના ચોક્કસ ધોરણોનું પાલન કરવાનું શા માટે કહેવામાં આવે છે.

e. શિક્ષક ફક્ત અનિચ્છનીય અને બાધારૂપ વર્તન તરફ ધ્યાન આપે છે અને જ્યારે બાળકો પ્રશંસનીય વર્તન દર્શાવી રહ્યા હોય ત્યારે તેમના પર ધ્યાન આપતા નથી.

f. શિક્ષક પ્રશંસનીય વર્તનને સ્વીકારે છે અને તેની પ્રશંસા કરે છે અને બાળકોને કહે છે કે આવું વર્તન 'અબ્દુલ-બહા'ના હૃદયને આનંદ આપે છે.

ઈશ્વરના આદેશોનું પાલન કરવાના વિષય પર કેન્દ્રિત આ વિભાગોનો તમારો અભ્યાસ પૂરો કરવા માટે, તમે 'અબ્દુલ-બહા'ના નીચેના શબ્દો મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો, જે બાળકોના શિક્ષક તરીકે તમારા માટે ચોક્કસ આનંદનો સ્ત્રોત બનશે:

> “તમારો પત્ર મળ્યો અને ઈશ્વરની સ્તુતિ હો, તેના શબ્દોએ ખૂબ આનંદ આપ્યો છે કે, આભા સ્વર્ગના બાળકો સ્વર્ગીય કૃપાના વાદળોમાંથી વરસતા વરસાદથી લીલાછમ અને કોમળ છે, કે તેઓ સ્વર્ગીય માર્ગદર્શનના એપ્રિલના વરસાદમાં ખીલે છે અને ફુલેફાલે છે અને દિવસે દિવસે પ્રગતિ કરી રહ્યા છે.
>
> “એ ચોક્કસ છે કે તેમાંથી દરેક વ્યક્તિ માર્ગદર્શનના ધ્વજ સમાન વિકસશે, અને સર્વમહિમાવાનના રાજ્યમાંથી વરસતા આશીર્વાદોના પ્રતીકરૂપ બનશે. તેઓ જ્ઞાનના બગીચાઓમાં મધુર ગાન કરતી બુલબુલ હશે, નાજુક અને સુંદર હરણ હશે, ઈશ્વરના પ્રેમના ઉપવનોમાં વિચરણ કરતાં હશે. તમારે બાળકોના શિક્ષણને સૌથી વધુ મહત્વ આપવું જોઈએ, કારણ કે આ ઈશ્વરના કાયદાનો પાયો છે અને તેમના ધર્મના ભવનના મકાનનો આધાર છે.”[૫૯]

## વિભાગ ૧૪

પાછલા વિભાગોમાં, તમે બાળકોને ઈશ્વરના ઉપદેશો અને આદેશો સાથે સુસંગત આદતો અને વર્તનની શૈલીઓ વિકસાવવામાં મદદ કરવાના મહત્વ વિશે ચિંતન કર્યું હતું. સારું વર્તન, અલબત્ત, આંખ બંધ કરીને પ્રાપ્ત કરવાનું નથી. આપણે ચોક્કસ રીતે કાર્ય કરવા માટે તૈયાર કરેલ મશીનો નથી. આપણે બધાએ આપણા પોતાના આધ્યાત્મિક અને બૌદ્ધિક વિકાસ માટે સભાનપણે કામ કરવું પડશે, જે જ્ઞાન પ્રાપ્ત કરવાના જુસ્સા તરફ નિર્દેશ કરે છે. તેથી, જ્ઞાન પ્રાપ્ત કરવું એ સેટ ૩ નો મુખ્ય વિષય છે.

તમને પુસ્તક ૧ ના તમારા અભ્યાસમાંથી યાદ છે કે ઈશ્વરને ઓખવાની અને તેમને પ્રેમ કરવાની ક્ષમતા, એક એવી ક્ષમતા જે ઈશ્વરે ફક્ત મનુષ્યોને જ આપી છે, "એક એવી ક્ષમતા કે જેનો સર્જનાત્મક પ્રેરણા અને સંપૂર્ણ સર્જન માટેનો આધારભૂત પ્રાથમિક ઉદ્દેશ તરીકે વિચાર કરવો જોઈએ." ઈશ્વર પ્રત્યેના આપણા પ્રેમમાંથી ઉદ્દભવતા જ્ઞાન અને ક્રિયા એકબીજા સાથે જોડાયેલા છે. બંને વચ્ચેના ગતિશીલ સંબંધને કારણે જ 'જ્ઞાન પ્રાપ્ત કરવા'ના પાઠ આજ્ઞાપાલન પર કેન્દ્રિત પાઠોનું અનુસરણ કરે છે. પરમ પાવન પુસ્તક, કિતાબ-એ-અકદસનો પ્રારંભિક ફકરો આપણને કહે છે કે આજના યુગના ઈશ્વરના અવતારને ઓળખવાનું અને તેમની આજ્ઞાઓનું પાલન કરવાનું આ બે અવિભાજ્ય દ્વિ-કર્તવ્ય છે જેની આપણને આજ્ઞા કરવામાં આવી છે:

> "ઈશ્વર દ્વારા તેમના સેવકો માટે નિર્ધારિત સર્વપ્રથમ કર્તવ્ય એ છે કે તેઓ તેને ઓળખે જે તેના પ્રગટીકરણનો અરુણોદય અને તેના નિયમોનો સ્ત્રોત છે, જે તેના ધર્મનું સામ્રાજ્ય અને આ સૃષ્ટિ જગત- બન્નેમાં ઈશ્વરની સત્તાના પ્રતિનિધિ છે. જે કોઈએ આ કર્તવ્યનું પાલન કરી લીધું છે તેણે બધું શુભ પ્રાપ્ત કરી લીધું છે અને જે આ કર્તવ્યથી વંચિત છે તે માર્ગ ભટકી ગયા છે, પછી ભલે તે સંપૂર્ણ સદ્કાર્યોના પ્રણેતા કેમ ન હોય. જે કોઈએ આ મહાન સ્થાન, આ સર્વોચ્ચ ગરીમાંનું શિખર પ્રાપ્ત કરી લીધું છે, તે દરેકનું કર્તવ્ય છે કે તે તેના દરેક આદેશનું પાલન કરે જે વિશ્વની અભિલાષા છે. આ દ્વિકર્તવ્ય અવિભાજય છે. એક વિના બીજું સ્વીકાર્ય નથી. આવો જ આદેશ આપ્યો છે તેણે જે દિવ્ય પ્રેરણાનો સ્ત્રોત છે."[૬૦]

એક પાતીમાં બહાઉલ્લાહ ઉલ્લેખ કરે છે કે ઈશ્વરનું જ્ઞાન તેમના આદેશો અને ઉપદેશોના પાલન પર આધારિત છે:

> "કારણ કે ઈશ્વર વિશેનું માણસનું જ્ઞાન તેમના દ્વારા આદેશીત અને તેમના સ્વર્ગીય ગ્રંથમાં જે કંઈ નિર્ધારિત છે તેનું પાલન કર્યા વિના સંપૂર્ણ અને પર્યાપ્ત રીતે વિકાસ પામી શકતું નથી."[૬૧]

ઉપરોક્ત ફકરા સૂચવે છે કે આપણે ફક્ત સત્ય જાણીને સંતુષ્ટ થવું જોઈએ નહીં પરંતુ તેના પર કાર્ય કરવાની અપેક્ષા રાખવી જોઈએ. જ્ઞાને ક્રિયા તરફ દોરી જવું જોઈએ, અને ઉપદેશો સાથે સુસંગત કાર્યો આપણા જ્ઞાન અને સમજને વધુ ગાઢ બનાવે છે. જ્ઞાન અને ક્રિયા વચ્ચેના સંબંધ- ખાસ કરીને ઈશ્વરના જ્ઞાન અને તેમના ઉપદેશો અનુસાર કાર્યો કરવા-ના સંબંધ વિશે તમારા કેટલાક વિચારો લખવાનું તમારા માટે ઉપયોગી બનશે.

## વિભાગ ૧૫

સેટ 3 ના પાઠ શીખવતી વખતે, તમે કદાચ એવા બાળકો સાથે જ્ઞાન અને ક્રિયા વચ્ચેના સંબંધ વિશે સ્પષ્ટ રીતે ચર્ચા નહીં કરો, જેમની આ વિભાવનાઓની સમજ હજુ વિકાસના પ્રારંભિક તબક્કામાં છે. આમછતાં, તમે તેમનામાં આ મહત્વપૂર્ણ સંબંધની સાહજિક જાગૃતિ કેળવવાની ઈચ્છા રાખશો. બાળ કેળવણીના સંદર્ભમાં આ વિષય પર વધુ ચિંતન કરવા માટે, નીચેના વાક્યો વિશે વિચાર કરો અને નક્કી કરો કે કયા વાક્યો સાચા છે. યાદ રાખો કે તમારે ફક્ત જવાબ પસંદ કરીને જ સંતોષ માનવો જોઈએ નહીં પરંતુ તમારા અભ્યાસ જૂથના અન્ય સભ્યો સાથે દરેક વિધાનના અર્થની ચર્ચા કરવી જોઈએ.

_____ જ્ઞાન મહત્વપૂર્ણ છે, ત્યારે બાળકોને તે કારણો સમજવાની જરૂર નથી કે તેમને શા માટે કોઈ કાર્ય કરવાનું કહેવામાં આવે છે. તેમને જે કહેવામાં આવે છે તે કરવાનું શીખવવું જોઈએ. જ્ઞાન ઘમંડ તરફ દોરી જાય છે અને તે વિદ્રોહી વલણ અને સત્તાને આધીન થવાની અનિચ્છાને જન્મ આપે છે.

_____ નાના બાળકો અમૂર્ત ખ્યાલો અને સંબંધોને સમજી શકતા નથી. તેમને ફક્ત શું કરવું તે કહેવું જોઈએ અને જેમ જેમ તેઓ મોટા થતા જાત તેમ તેમ, સમય જતાં ચોક્કસ કાર્યો માટેના કારણો વિશે શીખવું જોઈએ.

_____ બાળકો માટે કેવી રીતે યોગ્ય રીતે વર્તન કરવાનું તે શીખવાનો એકમાત્ર રસ્તો બીજાઓના સારા ઉદાહરણોનું અનુસરણ કરવાનું છે.

_____ બાળકોને સારું વર્તન કરવામાં પ્રોત્સાહિત કરવા માટે, તેમના કયા પ્રકારના વર્તન માટે તેમને સજા કે પુરસ્કાર મળશે તે જાણવું પૂરતું છે.

_____ બાળકોએ આજ્ઞાપાલન કરવાનું શીખવું જોઈએ અને જે બાબતો તેઓ સમજી શકતા નથી તેના વિશે વધુ પડતા પ્રશ્નો પૂછવા જોઈએ નહીં.

_____ જ્ઞાનની તરસને પ્રોત્સાહન આપવું અને જિજ્ઞાસુ મન કેળવવું મહત્વપૂર્ણ છે, પરંતુ બાળકોને એવી છાપ ન મળવી જોઈએ કે જો તેમને સંતોષકારક જવાબો અને સમજૂતી ન મળે તો તેઓ પાલન કરવાનો ઇનકાર કરી શકે છે.

_____ જ્યાં સુધી બાળકો જ્ઞાનની તરસ ન વિકસાવે, ત્યાં સુધી તેઓ પોતાના માટે વિચારવાનું શીખશે નહીં અને તેમના સાથીદારો અને અન્યોનું આંધળું અનુકરણ કરશે.

_____ જ્ઞાન બાળકો પર લાદવું જોઈએ નહીં. તેમને સત્ય વિશે પોતાના નિષ્કર્ષ પર પહોંચવાની સ્વતંત્રતા આપવી જોઈએ.

_____ ખ્યાલો અને વિચારો બાળકોને સમજાવવા જોઈએ નહીં. તેઓએ સંશોધન અને રમત દ્વારા જાતે શીખવું જોઈએ.

_____ બાળકોએ નાનપણથી જ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તેમની શારીરિક, આધ્યાત્મિક અને બૌદ્ધિક શક્તિઓનો ઉપયોગ કરવાનું શીખવાનું શરૂ કરવું જોઈએ.

_____ બાળકોને આસ્થા પ્રાપ્ત કરવા અને દૃઢ વિશ્વાસ (યકીન)માં વિકાસ કરવામાં મદદ કરવાનો એક મહત્વપૂર્ણ રસ્તો એ છે કે તેમને શંકા વ્યક્ત કરવાની અને તેમને જે મૂંઝવણમાં મૂકે છે તે સમજવાની મંજૂરી આપવી; તેના પછી તેમને યોગ્ય પ્રમાણમાં, યોગ્ય સમજૂતીઓ આપી શકાય છે.

_____ જેમ જેમ બાળકો ઈશ્વરની સૃષ્ટિનું જ્ઞાન મેળવે છે, તેમ તેમ તેમના પ્રત્યેનો પ્રેમ વધતો જાય છે, અને ઈશ્વરના આદેશોનું પાલન એ તેમના સૌંદર્ય માટેના પ્રેમ પ્રત્યેનો કુદરતી પ્રતિભાવ છે.

_____ બાળકની જ્ઞાન માટેની તરસ તેને વધુને વધુ આધ્યાત્મિક પૂર્ણતાઓ વિકસાવવા તરફ દોરી જવી જોઈએ.

## વિભાગ ૧૬

એ સ્પષ્ટ છે કે આપણા જીવનનો એક પ્રેરક હેતુ જ્ઞાન પ્રાપ્ત કરવાનો છે, ખાસ કરીને ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો. આપણે તેમના અવતારો દ્વારા ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ; તેઓ જે ઉપદેશો લાવે છે તે "માનવ સંતાનોને અજ્ઞાનતાના અંધકારમાંથી મુક્ત કરે છે અને તેમને સાચી સમજણના પ્રકાશ તરફ દોરી જાય છે." આપણે ઈશ્વરની સૃષ્ટિનો અભ્યાસ કરીને પણ જ્ઞાન મેળવીએ છીએ, જેમાં તેમની મહાનતા અને શક્તિના ચિહ્નો દરેક જગ્યાએ જોઈ શકાય છે. આ અર્થમાં, આપણે ઘણીવાર જ્ઞાનના બે સ્રોત વિશે વાત કરીએ છીએ, પ્રકટીકરણનું પુસ્તક અને સૃષ્ટિનું પુસ્તક, જેનો આપણે ધર્મ અને વિજ્ઞાન દ્વારા અભ્યાસ કરીએ છીએ. આ સંદર્ભમાં, તમે નીચેના અવતરણો વાંચવાની ઈચ્છા રાખશો:

> "સૌથી મહાન માર્ગદર્શનની પ્રાપ્તિ જ્ઞાન અને શાણપણ પર અને પવિત્ર શબ્દોના રહસ્યોથી પરિચિત થવા પર આધારિત છે. તેથી, ઈશ્વરના પ્રિયજનો, ભલે તેઓ નાના હોય કે મોટા, પુરુષ હોય કે સ્ત્રી, દરેકે પોતાની ક્ષમતાઓ અનુસાર, જ્ઞાનની વિવિધ શાખાઓ પ્રાપ્ત કરવા અને પવિત્ર પુસ્તકોના રહસ્યોની તેમની સમજણ વધારવા તથા દૈવી પુરાવા અને સાબિતીઓને સુવ્યવસ્થિત રીતે રજૂ કરવાની કુશળતા વધારવા માટે પ્રયત્ન કરવો જોઈએ."[૬૨]

> "ખરેખર, હે ભાઈ, જો આપણે દરેક સર્જિત વસ્તુનો વિચાર કરીશું, તો આપણે અસંખ્ય પૂર્ણ શાણપણના દર્શન કરીશું અને અસંખ્ય નવા અને અદ્દભુત સત્ય શીખીશું."[૬૩]

> "વિજ્ઞાન એ પરમેશ્વર તરફથી મનુષ્ય તરફ આવતી પ્રથમ પ્રભાવના (પ્રકાશ) છે. તમામ સર્જિત જીવોમાં ભૌતિક પૂર્ણતાની સુષુપ્ત શક્તિ રહેલી છે, પરંતુ બુદ્ધિપૂર્વક તપાસ કરવાની અને વૈજ્ઞાનિક જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિ એ વધુ ઉચ્ચ ગુણ છે — જે મનુષ્યને વિશેષરૂપે પ્રદાન કરવામાં આવ્યો છે. અન્ય પ્રાણીઓ અને જીવસૃષ્ટિ આ સુષુપ્ત શક્તિ અને સિદ્ધિથી વંચિત છે."[૬૪]

> "સાચા ધર્મ અને વિજ્ઞાન વચ્ચે કોઈ વિરોધાભાસ નથી. જ્યારે કોઈ ધર્મ વિજ્ઞાનનો વિરોધ કરે છે ત્યારે તે ફક્ત અંધશ્રદ્ધા છે: જે જ્ઞાનની વિરુદ્ધ છે તે અજ્ઞાનતા છે."[૬૫]

> "ધર્મ અને વિજ્ઞાન એ બે પાંખો છે જેના પર માણસની બુદ્ધિ ઊંચાઈએ વિહાર કરી શકે છે, જેનાથી માનવ આત્મા પ્રગતિ કરી શકે છે."[૬૬]

> "જોકે વિજ્ઞાન અને કલા પ્રાપ્ત કરવી એ માનવજાતનો સૌથી મોટો મહિમા છે, પરંતુ આ એક શરત પર આધારિત છે કે, જો માણસની નદી મહાસાગરમાં વહે છે, અને પરમેશ્વરના પ્રાચીન સ્રોતમાંથી તેમની પ્રેરણા મેળવે છે. જ્યારે આવું સાકાર થાય છે,

ત્યારે દરેક શિક્ષક કિનારા વગરના સમુદ્ર જેવો છે, દરેક વિદ્યાર્થી જ્ઞાનનો ઉદાર ફુવારો છે. જો, જ્ઞાનનો અભ્યાસ તેના સૌંદર્ય તરફ દોરી જાય છે જે બધા જ્ઞાનનો ઉદ્દેશ છે, તો તે ધ્યેય કેટલું ઉત્તમ છે; પરંતુ જો નહીં, તો માત્ર એક ટીપું કદાચ માણસને કૃપાના પૂરથી દૂર રાખશે, કારણ કે વિદ્વતા સાથે ઘમંડ અને અભિમાન આવે છે, અને તે ઈશ્વર પ્રત્યે ભ્રાંતિ (ભૂલ) અને ઉદાસીનતા લાવે છે."[૬૭]

બાળકો સાથેના તમારા કાર્યમાં, તમે, અલબત્ત, તેમનામાં જ્ઞાનની તરસ જગાડવાનો પ્રયાસ કરશો, જે પ્રકટીકરણના પુસ્તક અને સૃષ્ટિના પુસ્તક બંનેમાંથી પ્રાપ્ત કરવામાં આવે છે. નીચેની સૂચિનો વિચાર કરો. સૂચિબદ્ધ કેટલીક બાબતોનું જ્ઞાન મોટાભાગે એક અથવા બીજા સ્રોતોમાંથી આવે છે. તેમને "પ" અથવા "સ" થી ચિહ્નિત કરો. જે બંને સ્રોતોમાંથી જ્ઞાન મેળવે છે, તેમને "બ" થી ચિહ્નિત કરો.

_____ વીજળી કેવી રીતે કાર્ય કરે છે

_____ છોડ સૂર્યમાંથી ઉર્જા કેવી રીતે મેળવે છે

_____ ગ્રહો સૂર્યની આસપાસ કેમ ફરે છે

_____ શારીરિક ઇન્દ્રિયો કેવી રીતે કાર્ય કરે છે

_____ યુગોથી વિવિધ સમાજો કેવી રીતે જીવન જીવ્યા છે

_____ કેટલીક બીમારીઓ કેવી રીતે મટાડવામાં આવે છે

_____ પ્રજાતિઓ પોતાનો વંશ કેવી રીતે જાળવી રાખે છે.

_____ પ્રાકૃતિક પર્યાવરણ સાથે સુમેળમાં કેવી રીતે જીવવું.

_____ સમમિતિ (symmetry) અને પ્રમાણ (proportion) સૌંદર્યમાં કેવી રીતે યોગદાન આપે છે.

_____ બ્રહ્માંડની વિશાળતા

_____ બ્રહ્માંડમાં બધી વસ્તુઓનું પરસ્પર જોડાણ

_____ સભ્યતાનો હેતુ

_____ સાચી સંપત્તિનો સ્રોત શું છે

_____ સાચા સુખનો સ્રોત શું છે

_____ સાચી સ્વતંત્રતા કેવી રીતે પ્રાપ્ત કરવી

_____ આપણા જીવનનો હેતુ

_____ માનવજાતની એકતા

_____ પૂર્વગ્રહની હાનિકારકતા

_____ માનવીની સાચી ક્ષમતા

_____ માનવીનો બેવડો સ્વભાવ

_____ સહકારની આવશ્યકતા

_____ ઈશ્વરની એકતા

_____ અંધશ્રદ્ધાના જોખમો

_____ માનવ સમજણની મર્યાદાઓ

## વિભાગ ૧૭

આપણે જાણીએ છીએ કે જ્ઞાન સામાજિક અસ્તિત્વના કેન્દ્રમાં છે. તેના ઉપયોગ દ્વારા આપણે, કેવી રીતે બહેતર વિશ્વનું નિર્માણ કરવું તેના વિશે શીખી શકીએ છીએ. આપણે આ ત્યારે કરી શકીએ છીએ જ્યારે આપણે વૈજ્ઞાનિક જ્ઞાનનો ઉપયોગ કરીને, ઈશ્વરીય ઇચ્છા અને હેતુ અનુસાર, સમાજહિત માટેની શક્તિઓમાં યોગદાન આપીએ છીએ. જે શૈક્ષણિક પ્રણાલીઓ આધ્યાત્મિક જ્ઞાનનો સમાવેશ કરવામાં નિષ્ફળ જાય છે તે બાળકો અને યુવાનોની અંતઃનિહિત સુષુપ્ત શક્તિ અને ક્ષમતાને યોગ્ય રીતે દોરવણી આપવામાં અસમર્થ હોય છે.

'અબ્દુલ-બહા' વિશે એક અદ્દભુત વાર્તા છે જે આ વિચારધારા વિશે સમજાવે છે: એકવાર, ઇંગ્લેન્ડના એક શિક્ષક સાથે વાત કરતી વખતે, 'અબ્દુલ-બહા'એ પૂછ્યું કે તેઓ શાળામાં કયા વિષયો શીખવે છે. તે સજ્જને કહ્યું કે તે લેટિન, અંગ્રેજી, બીજગણિત અને ભૂમિતિ શીખવે છે. 'અબ્દુલ-બહા'એ પછી તેમને પૂછ્યું કે શું તેઓ તેમના વર્ગમાં આધ્યાત્મિક વિષયો પર પણ ધ્યાન આપે છે. તે સજ્જને જવાબ આપ્યો કે શાળામાં આધ્યાત્મિક શિક્ષણ માટે કોઈ સમય નથી. 'અબ્દુલ-બહા'એ કોઈ ટિપ્પણી કરી નહીં, પરંતુ તેમને સમજાવવાની જરૂર નહોતી! તેમના પ્રશ્ન અને તેમના મૌનથી, તે સજ્જન સમજી ગયા હતા કે માનવ પ્રગતિ માટે ભૌતિક અને આધ્યાત્મિક શિક્ષણ બંને જરૂરી છે.

તમારે જાણવું જોઈએ કે, નાનપણથી જ, બાળકો જે શીખે છે તેનો તેમની આસપાસની દુનિયાને સુધારવા માટે ઉપયોગ કરીને, જ્ઞાન મેળવવાના અને તેમના મનના વિકાસના મહત્વ વિશે સમજવાનું શરૂ કરી શકે છે. તમે જે વર્ગોમાં શિખવશો તેના સંદર્ભમાં, આ વિચાર પર વધુ ચિંતન કરવામાં, નીચેના અવતરણો તમને મદદ કરવા માટે છે.

> "અમુક સ્તંભો એવા છે જે પ્રભુધર્મના અટલ આધાર તરીકે સ્થાપિત થયા છે. આમાં સૌથી શક્તિશાળી છે વિદ્વતા (શીખવાનું) અને મનનો ઉપયોગ, સભાનતાને બહોળી કરવાનો, અને બ્રહ્માંડની વાસ્તવિકતાઓ અને સર્વશક્તિમાન ઈશ્વરના છુપાયેલા રહસ્યોની સમજ."[૬૮]

> "શોધક મન ચેતન અને જીવંત છે; જ્યારે નિષ્ઠુર અને ઉદાસીન મન બહેરું અને મૃત છે."[૬૯]

> "જ્યારે બાળકો હજુ તેમના શિશુકાળમાં છે ત્યારે તેમને સ્વર્ગીય કૃપાના સ્તનમાંથી ખવડાવો, તેમને તમામ ઉત્કૃષ્ટતાના પારણામાં ઉછેરો, તેમને ઉદારતાના આલિંગનમાં ઉછેરો. તેમને દરેક પ્રકારના ઉપયોગી જ્ઞાનનો લાભ આપો. તેમને દરેક નવી અને દુર્લભ અને અદ્દભુત કારીગરી અને કલામાં ભાગ લેવા દો. તેમને કામ કરવા અને પ્રયત્નશીલ રહેવા માટે પ્રેરિત કરો, અને તેમને મુશ્કેલી સહન કરવાની ટેવ પાડો. તેમને સૌથી મહત્વની બાબતોમાં પોતાનું જીવન સમર્પિત કરવાનું શીખવો, અને તેમને એવી વિદ્યાશાખાનો અભ્યાસ કરવા પ્રેરણા આપો જે માનવજાતને લાભ કરે."[૭૦]

> "દરેક પ્રકારનું જ્ઞાન, દરેક વિજ્ઞાન, એક વૃક્ષ જેવું છે: જો તેના ફળ ઈશ્વરનો પ્રેમ છે, તો તે ધન્ય વૃક્ષ છે, પરંતુ જો નહીં, તો તે વૃક્ષ ફક્ત સુકાઈ ગયેલું લાકડું છે, અને આગ પેટાવવા માટે જ તેનો ઉપયોગ થશે."[૭૧]

> "આજના સમયમાં જ્ઞાનના વૃક્ષનું સૌથી શ્રેષ્ઠ ફળ એ છે જે માનવજાતના કલ્યાણની સેવા કરે છે અને તેના હિતોનું રક્ષણ કરે છે."[૭૨]

નીચેના વાક્યોમાં ખાલી જગ્યા પૂરો.

a. અમુક ____________ એવા છે જે પ્રભુધર્મના ______________________ તરીકે સ્થાપિત થયા છે. આમાં સૌથી _____________ છે ______________ અને _________ નો ઉપયોગ, ______________ ને બહોળી કરવાનો, અને બ્રહ્માંડની _________________ અને સર્વશક્તિમાન ઈશ્વરના છુપાયેલા ____________ માં __________.

b. શોધક મન __________ અને __________ છે; જ્યારે નિષ્ઠુર અને ઉદાસીન મન _________ અને _________ છે.

c. જ્યારે બાળકો હજુ તેમના ____________માં છે ત્યારે આપણે

- તેમને ________________ના સ્તનમાંથી __________ખવડાવવું જોઈએ,
- તેમને તમામ ___________ના __________માં ઉછેર કરવો જોઈએ,
- તેમને ______________ના ____________માં ઉછેર કરવો જોઈએ.
- તેમને દરેક પ્રકારના ____________ ________નો ________ આપવો જોઈએ.
- તેમને ________________ કરવાની ટેવ પાડવી જોઈએ.
- તેમને સૌથી _________ની બાબતોમાં પોતાનું જીવન __________ નું ___________ જોઈએ, અને
- તેમને એવી ______________નો અભ્યાસ કરવાની __________આપવી જોઈએ જે ______________ ને લાભ કરે.

d. દરેક પ્રકારનું _________, દરેક ________, એક ________ જેવું છે: જો તેના ફળ ઈશ્વરનો ________ છે, તો તે ________ વૃક્ષ છે, પરંતુ જો નહીં, તો તે વૃક્ષ ફક્ત ______________________ છે, અને ______________ માટે જ તેનો ઉપયોગ થશે.

e. આજના સમયમાં _________ ના વૃક્ષનું સૌથી શ્રેષ્ઠ _____________ એ છે જે માનવજાતના ____________ની _________ કરે છે અને તેના _________નું ________ કરે છે.

શૈક્ષણિક પદ્ધતિઓ બાળકોને શીખવા માટે જુદા જુદા અનેક કારણોસર પ્રોત્સાહિત કરી શકે છે. જ્ઞાન વિશેના નીચેના વિધાનો વિશે વિચાર કરો, જે સમયાંતરે કોઈ વ્યક્તિને સાંભળવા મળી શકે છે, અને બાળકોના વર્તન અને શીખવા માટેની પ્રેરણા પર પડતી તેમની અસરોની ચર્ચા કરો:

a. જ્ઞાનની પ્રાપ્તિ આપણને બીજા કરતા બહેતર બનાવે છે.

______________________________________________

______________________________________________

______________________________________________

b. સારા ગુણ મેળવવા અને પરીક્ષાઓ પાસ કરવા માટે જ્ઞાન મેળવવું જરૂરી છે.

c. જે વ્યક્તિ પાસે મોટા પ્રમાણમાં જ્ઞાન છે તેને સારી નોકરી મળશે અને જીવનની ભૌતિક સુવિધાઓ મેળવવા માટે જરૂરી પૈસા કમાશે.

d. જે વ્યક્તિ પાસે મોટા પ્રમાણમાં જ્ઞાન છે તેની પાસે મોટી સત્તા અને પ્રભાવ હોય છે.

e. જે વ્યક્તિ પાસે મોટા પ્રમાણમાં જ્ઞાન છે તેની પાસે વ્યક્તિગત સંતોષ પણ ખૂબ વધારે હોય છે.

f. જે વ્યક્તિ પાસે મોટા પ્રમાણમાં જ્ઞાન છે તેની પાસે ઘણી જવાબદારી પણ હોય છે.

g. જે વ્યક્તિ પાસે મોટા પ્રમાણમાં જ્ઞાન છે તેની ફરજ છે કે તે તેની અન્ય લોકો સાથે એક અથવા બીજી રીતે આપ-લે કરે.

h. જ્ઞાનની પ્રાપ્તિ માનવતાની સેવાના માર્ગો ખોલે છે.

________________________________________

________________________________________

________________________________________

તમારા જૂથના સભ્યો સાથે, એવા કેટલાક ઉદાહરણો વિશે વિચારો જેમણે તમારા સમુદાયના લાભ માટે તેમના જ્ઞાનનો ઉપયોગ કર્યો છે. આ ઉદાહરણો તમને, બાળકોને એ ખ્યાલ સમજાવવામાં કેવી રીતે મદદ કરી શકે છે કે, જ્ઞાનનો ઉપયોગ વિશ્વના ભલા માટે થવો જોઈએ?

## વિભાગ ૧૮

તમારા વર્ગના બાળકો સ્વાભાવિક રીતે જ જ્ઞાનની શોધ અને પ્રાપ્તિની જીવનભર ચાલતી એક યાત્રાના શરૂઆતના તબક્કામાં છે — જેથી તેઓ સમાજની પ્રગતિમાં પોતાનું યોગદાન આપી શકે. આ યાત્રા હાથ ધરવા માટે તેમને અનેક આધ્યાત્મિક ગુણોની જરૂર પડશે. 'અબ્દુલ-બહા' આપણને કહે છે: "જ્ઞાન ત્યારે પ્રશંસનીય છે જ્યારે તે નૈતિક વર્તન અને સદ્દગુણસભર સ્વભાવ સાથે જોડાયેલું હોય; નહીં તો તે ઘાતક વિષ અને ભયાનક જોખમ છે." ચાલો, આ વિચાર વિશે ખાસ કરીને ચાર આધ્યાત્મિક ગુણોના સંદર્ભમાં વિચારીએ — જે બાળકોને તમે ધોરણ ૧ માં શિખવેલા પાઠોમાં સામેલ છે: વિનમ્રતા, શુદ્ધતા, સત્યવાદિતા અને ન્યાય. નીચે અવતરણો અને વિધાનોના સેટ આપેલા છે, જેમાંથી દરેક સેટ આ ગુણોમાંથી કોઈ એક સાથે સંબંધિત છે. જેમ જેમ તમે તે વાંચો છો, તેમ તેમ તેમનો વિકાસ જ્ઞાન મેળવવાની આપણી ક્ષમતા સાથે કેવી રીતે પરસ્પર સંબંધિત છે તેના પર વિચાર કરો. પછી, તમારા જૂથ સાથે પરામર્શ કરીને, દરેક સેટમાં થોડા વધારાના વિધાનો ઉમેરવાનો પ્રયાસ કરો.

> "ધરતીની જેમ સમર્પિત અને ત્યાગી બનો, જેથી તારા અસ્તિત્વની માટીમાંથી મારા જ્ઞાનના સુરભીયુક્ત, પવિત્ર અને રંગબેરંગી પુષ્પો ખીલી ઉઠે. અગ્નિની જેમ સળગી ઉઠો, જેથી તમે બેદરકારીના આવરણને ભષ્મ કરી દો તથા થીજી ગયેલા અને ભ્રમિત હૃદયને પ્રભુ-પ્રેમની સ્ફૂર્તિમય શક્તિઓથી પ્રદિપ્ત કરી શકો."[૭૩]

> "હે લોકો, અમે ફરમાવ્યું છે કે બધા જ્ઞાનનો સર્વોચ્ચ અને અંતિમ હેતુ તેનો સ્વીકાર કરવાનો છે જે સમસ્ત જ્ઞાનનું લક્ષ્ય (સ્ત્રોત) છે; અને છતાં, જુઓ કે તમે તમારી વિદ્વતાને કેવી રીતે પડદા દ્વારા, જેઓ આ પ્રકાશનો દીવા-નક્ષત્ર છે, જેના દ્વારા દરેક છુપાયેલી વસ્તુ પ્રગટ થઈ છે, તેનાથી તમને દૂર રાખવા દીધા છે."[૭૪]

"એક બીજા પ્રત્યે સહનશીલતા, પરોપકાર અને પ્રેમ દર્શાવો. તમારામાંથી જો કોઈ વ્યક્તિ ચોક્કસ સત્ય સમજવા અસમર્થ હોય અથવા તેને સમજવાનો પ્રયત્ન કરી રહ્યો હોય તો, તેમની સાથેની વાતચીત દરમિયાન સંપૂર્ણ દયાળુતા અને શુભેચ્છાપૂર્ણ ભાવ દર્શાવો. તમે તેમના કરતાં લેશમાત્ર પણ મહાન છો અથવા તમે મહાન આશીર્વાદથી સંપન્ન છો એવી રીતે તમારી જાતનું મૂલ્યાંકન કર્યા વિના તેને સત્ય સમજવા તથા સ્વીકારવામાં મદદ કરો."[૭૫]

- ધરતીની જેમ સમર્પિત અને વિનમ્ર બનવાથી આપણા હૃદય ઈશ્વરના જ્ઞાન પ્રત્યે ગ્રહણશીલ બને છે.
- વિનમ્રતા વિના, આપણી વિદ્વતા એક પડદા તરીકે કામ કરે છે જે આપણને ઈશ્વરની ઉદારતા અને કૃપાથી દૂર રાખે છે.
- બીજા લોકો સાથે આપણા જ્ઞાનની આપ-લે કરતી વખતે, આપણે અત્યંત નમ્રતા બતાવવી જોઈએ; નહીં તો આપણા શબ્દોની કોઈ અસર પડશે નહીં.

________________________________________________________

________________________________________________________

________________________________________________________

________________________________________________________

________________________________________________________

"તેથી હૃદયને માણસોની નિષ્ક્રિય વાતોથી શુદ્ધ કરવાની અને દરેક પ્રકારના દુન્યવી સ્નેહથી પવિત્ર કરવાની જરૂર છે, જેથી તે દૈવી પ્રેરણાના છુપાયેલા અર્થને શોધી શકે, અને દૈવી જ્ઞાનના રહસ્યોનો ભંડાર બની શકે."[૭૬]

" હે મારા બંધુ! મારી મધઝરતી વાણીના હર્ષદાયક શબ્દો સાંભળ, અને મારા મીઠાશ ફેલાવતા મુખેથી ગૂઢ પવિત્રતાનું પાન કર. તારા હૃદયની શુદ્ધ માટીમાં મારા દિવ્ય ડહાપણના બીજ રોપ, અને અસંદિગ્ધતાના જળથી તેનું સિંચન કર, કે જેથી તારા હૃદયની પવિત્ર નગરીમાં મારા જ્ઞાન અને ડહાપણના તાજા અને લીલાંછમ છોડવા ઉગી નીકળે."[૭૭]

"કાશ કે શુદ્ધ અને નિર્દોષ હૃદય મળી શકે, જેથી હું તેના પર મારા પ્રભુએ મને આપેલા જ્ઞાનના મહાસાગરોમાંથી છંટકાવ કરી શકું, જેથી તેઓ પૃથ્વી પર ચાલતી વખતે અંતરીક્ષમાં ઉડાન ભરી શકે અને જમીન પર ગતિ કરતી વખતે પાણી પર ગતિ કરી શકે, અને તેઓ તેમના આત્માઓને તેમના હાથમાં લઈ શકે અને તેમને તેમના સર્જનહારના માર્ગમાં સમર્પિત કરી શકે."[૭૮]

– સાચી સમજણ મેળવવા માટે, આપણે શુદ્ધતા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

– ઈશ્વરના શબ્દમાં એવી શક્તિ છે કે તે વ્યક્તિના હૃદયને નિષ્ક્રિય કલ્પનાઓ અને સ્વાર્થી ઇચ્છાઓથી શુદ્ધ કરી શકે છે અને તેને પ્રકાશ પ્રાપ્ત કરવા સક્ષમ કરી શકે છે.

– શુદ્ધ ઇરાદા વિના આપણા જ્ઞાનની વહેંચણી આપણી પોતાની પ્રગતિ કે બીજાના ઉત્થાનમાં ફાળો આપતી નથી.

"ઈશ્વરનો શબ્દ એ સત્યનો સૂર્ય છે, જેના પર સમજણ અને વાણીની શક્તિથી સંપન્ન લોકોના શિક્ષણનો આધાર છે. તે સાચી ચેતના અને સ્વર્ગીય જળ છે, જેની સહાય અને દયાળુ કૃપા દ્વારા બધી વસ્તુઓ જીવંત થઈ છે અને જીવંત થશે. દરેક અરીસામાં તેનું પ્રગટીકરણ તે અરીસાના રંગ પર આધારિત છે. ઉદાહરણ તરીકે, જ્યારે તેનો પ્રકાશ વિવેકી હૃદયના અરીસા પર પાડવામાં આવે છે, ત્યારે તે શાણપણ લાવે છે. તેવી જ રીતે, જ્યારે તે કારીગરોના હૃદયના અરીસામાં પોતાને પ્રગટ કરે છે, ત્યારે તે નવી અને અદ્ભુત કળાઓ પ્રગટ કરે છે, અને જ્યારે તે સત્યને સમજનારાઓના હૃદયમાં પ્રતિબિંબિત થાય છે, ત્યારે તે સાચા જ્ઞાનના અદ્ભુત ચિહ્નો પ્રગટ કરે છે અને પરમેશ્વરની વાણીની સત્યતાઓને પ્રગટ કરે છે."[૭૯]

"સત્યના શબ્દને વાક્પટુતા અને શાણપણથી સ્થાપિત કરવા અને ધરતી પરથી જુઠ્ઠાણુંને દૂર કરવા માટે તમારી મહત્તમ શક્તિઓનો ઉપયોગ કરો. આ રીતે તમને આ તેજસ્વી ક્ષિતિજમાંથી દૈવી જ્ઞાનનો દીવાનક્ષત્ર નિર્દેશ કરે છે."[૮૦]

– સત્યના સૂર્ય પાસેથી જ્ઞાન મેળવવું એ સત્યવાદી વ્યક્તિનું એક વિશિષ્ટ લક્ષણ છે.

– ઈશ્વર, તેમના અવતારો દ્વારા, આપણને સત્યનું ધોરણ આપે છે જેનાથી બધી વિદ્યાને તોલવું જોઈએ.

– સત્યવાદી બનવા માટે આપણે જુઠાણું સામે લડવું જોઈએ અને સાચા જ્ઞાનને પ્રોત્સાહન આપવું જોઈએ.

“હે ચેતના પુત્ર! મારી નજરમાં સમસ્ત વસ્તુઓમાં સૌથી પ્રિય વસ્તુ ન્યાય છે; જો તને મારી અભિલાષા હોય તો તેનાથી વિમુખ ન થા અને તેની ઉપેક્ષા ન કર, જેથી હું તારામાં વિશ્વાસ રાખી શકું. તેની સહાયતાથી તું તારી પોતાની આંખે જોઈ શકીશ, બીજાની આંખે નહિ, અને તારા પોતાના જ્ઞાનથી સમજતો થઈશ, તારા પડોશીના જ્ઞાનથી નહિ. તારા અંતઃકરણમાં વિચાર કે તારે માટે કેવા થવું યોગ્ય છે. ખરેખર ન્યાય તને મારી બક્ષિસ છે અને મારી પ્રેમાળ-કરુણાની નિશાની છે. તેથી તેને તારી નજર સમક્ષ રાખ.”[૮૧]

"જેનું વર્ણન કરવામાં આવ્યું છે તેના કરતાં મોટો 'જુલમ' કયો છે? સત્ય શોધતો અને ઈશ્વરનું જ્ઞાન મેળવવા માંગતો આત્મા જાણતો ન હોય કે તેના માટે ક્યાં જવું અને કોની પાસેથી તેને શોધવું, તેના કરતાં મોટો જુલમ કયો છે?"[૮૨]

"અમે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે તે તમને ન્યાયી અને નિષ્પક્ષ બનવામાં મદદ કરે, અને તમને એવી બાબતોથી પરિચિત કરાવે જે માણસની નજરથી છુપાયેલી હતી. ખરેખર, તે શક્તિશાળી અને અબાધિત છે. અમે તમને, જે પ્રગટ થયું છે તેના પર ચિંતન કરવા અને તમારી વાણીમાં નિષ્પક્ષ અને ન્યાયી બનવા વિનંતી કરીએ છીએ, જેથી સત્યવાદિતા અને ઈમાનદારીના દિવાનક્ષત્રનો પ્રકાશ ચમકી ઉઠે, અને તમને અજ્ઞાનતાના અંધકારમાંથી મુક્ત કરે, અને વિશ્વને જ્ઞાનના પ્રકાશથી પ્રકાશિત કરે.”[૮૩]

– વાસ્તવિકતાની શોધ કરવા માટે, આપણને ન્યાયનો આધ્યાત્મિક ગુણ વિકસાવવાની જરૂર છે, જે આપણને આપણી પોતાની આંખે જોવા અને આપણા પોતાના કાનથી સાંભળવામાં મદદ કરશે.

– વ્યર્થ કલ્પનાઓ, નિરર્થક તરંગો અને સ્વાર્થી ઇચ્છાઓ ન્યાયની શક્તિને નબળી પાડે છે; તે એવા પડદા છે જે આપણી આંતરિક આંખને ઢાંકી દે છે અને આપણને સાચા જ્ઞાનના પ્રકાશને સમજવાથી રોકે છે.

– ન્યાય માટે જરૂરી છે કે આપણે જુલમને જડમૂળથી ઉખેડી નાખીએ, અને સૌથી મોટો જુલમ ત્યારે થાય છે જ્યારે વ્યક્તિઓ જ્ઞાન માટે ઝંખે છે પરંતુ તેને કયા સ્રોતથી શોધવો તેના વિશે જાણ હોતી નથી.

અહીં આપણે વિચાર્યું છે કે સાચા જ્ઞાનના સમુદ્રના કિનારા સુધી પહોંચવાના આપણા જીવનભરના પ્રયાસો માટે વિનમ્રતા, શુદ્ધતા, સત્યવાદિતા અને ન્યાય કેટલો જરૂરી છે. તમારા જૂથના સભ્યો સાથે પરામર્શ કરીને, બીજા આધ્યાત્મિક ગુણો શોધી કાઢો જે સાચા જ્ઞાનની પ્રાપ્તિ માટે જરૂરી છે અને જે બદલામાં, સમજણ માટેની આપણી શોધ દ્વારા મજબૂત બને છે.

## વિભાગ ૧૯

તેમના જીવનના શરૂઆતના દિવસોથી જ, બાળકો તેમની આસપાસની દુનિયાને સમજવાનો પ્રયાસ કરે છે, અને જ્ઞાન માટેની તેમની તરસ મહાન હોય છે. બાળકોના બહાઈ વર્ગોના શિક્ષક તરીકે તમારા માટે સૌથી આવશ્યક કાર્યોમાંનું એક કાર્ય એ છે કે તમારા વિદ્યાર્થીઓમાં સત્ય શોધવાની અને વાસ્તવિકતામાં અંતઃદૃષ્ટિ મેળવવાની તેમની કુદરતી ઇચ્છાનું પોષણ કરવાનું.

બાળકોને તેમના વિકાસમાં પ્રગતિ કરતી વખતે ઘણા પરિબળો તેમને પ્રભાવિત કરે છે - પછી ભલે તે તેમનો શારીરિક, બૌદ્ધિક કે આધ્યાત્મિક વિકાસ હોય - પરંતુ દરેક ઉંમરે બાળકના શિક્ષણ માટે પ્રેરણાનો મુદ્દો મૂળભૂત છે. શિક્ષક તરીકે તમે જ્ઞાનના પ્રશ્નની જે રીતે રજૂઆત કરો છો, અને ખાસ કરીને તમે બાળકોની સમજણમાં વૃદ્ધિ પામવાની સુષુપ્ત શક્તિ તરફ કેવી રીતે જુઓ છો, તે શીખવા પ્રત્યેના તેમના વલણ પર સીધી અસર કરશે. તેથી તમે પ્રેરણાના વિષય વિશે વારંવાર વિચારવા માંગશો. જેમ આપણે ઘણા અભ્યાસક્રમોમાં ચર્ચા કરી છે, તેમ સમજણ પોતે જ બધા પ્રકારની પ્રેરણા કરતાં સૌથી મહાન પ્રેરણા છે. જ્યારે કોઈ વિદ્યાર્થી સમજણ પ્રાપ્ત કરે છે, ત્યારે શીખવાનો પ્રયત્ન સતત આનંદનો સ્રોત બની જાય છે. તેથી, સ્પષ્ટપણે, તમારા વિદ્યાર્થીઓમાં જ્ઞાન માટેની તરસનો વિકાસ કરવામાં, તમે ખૂબ જ ધીરજ રાખશો અને તેમને તેમની સમજણમાં આગળ વધવામાં મદદ કરવાનો પ્રયાસ કરશો.

તમારે એ વાતનું ધ્યાન રાખવાની જરૂર પડશે કે તમારા કોઈ પણ શબ્દો કે ક્રિયાઓ વાસ્તવિકતાની શોધ કરવાની અને જ્ઞાન મેળવવાની તેમની ઇચ્છાને અજાણતામાં પણ ઓછી ન કરે. નીચે આપેલ દરેક બાબત કેવી રીતે નિરાશાજનક અસર કરી શકે છે તેના વિશે તમારા અભ્યાસ જૂથના બીજા સભ્યો સાથે ચર્ચા કરવી તમારા માટે ઉપયોગી બની શકે છે:

a. એક શિક્ષક જે બાળકોને ઘણા બધા પ્રશ્નો પૂછવા બદલ તુચ્છ ગણે છે (તેમનું અપમાન કરે છે) અને તેમનામાં ભૂલો કરવાનો ડર પેદા કરે છે.

b. એક શિક્ષક જે માને છે કે દરેક વસ્તુનો જવાબ છે અને તે એવા પ્રશ્નો કરવાની મંજૂરી આપતા નથી જેનો કોઈ સ્પષ્ટ અંત કે જવાબ નથી અને જેનો "હા" કે "ના" માં સરળ જવાબ હોતો નથી, અને જ્યાં જરૂર પડે ત્યાં અસ્પષ્ટતા માટે જગ્યા છોડી દે છે.

c. એક શિક્ષક જે માને છે કે બધી વસ્તુઓ માપી શકાય છે અને બધા પ્રકારનું જ્ઞાન, થોડું થોડું કરીને, ધીમે ધીમે આપી શકાય છે, અને જે એવી શક્યતાને મંજૂરી આપતા નથી કે કેટલાક પ્રકારના શિક્ષણમાં, ખાસ કરીને આધ્યાત્મિક બાબતોના કિસ્સામાં, અંતઃદૃષ્ટિ પ્રાપ્ત કરવાનો સમાવેશ થાય છે.

d. એક શિક્ષક જે બધી બાબતોને સમાન સ્તરે જુએ છે, તેથી એક નાની માહિતી, જે કોઈપણ મુશ્કેલી વિના ઝડપથી સમજી શકાય છે તેને, અને એક ગહન ખ્યાલ જેને સમય જતાં ધીમે ધીમે પ્રમાણમાં સમજી શકાય છે- તે બંનેને એક સમાન ગણે છે.

e. એક શિક્ષક જે બાળકોમાં પોતાના પ્રત્યે વધુ પડતો લગાવ કેળવે છે અને જે તેમનામાં એવી જરૂરિયાત ઉભી કરે છે કે તેઓ અંતે બધા જવાબો માટે તેમની તરફ જુએ અને તેમના પર આધાર રાખે.

f. એક શિક્ષક જે સત્ય શોધવાના મહત્વ વિશે વાત કરે છે પરંતુ, સમય સમય પર, ઉદાહરણ તરીકે, છોકરીઓમાં છોકરાઓ કરતાં ઓછી ક્ષમતા હોય છે એવું સૂચવીને, બાળકોના હૃદયમાં સૂક્ષ્મ પૂર્વગ્રહો પેદા કરે છે.

g. એક શિક્ષક જે સત્ય શોધવામાં સહકારના મહત્વ વિશે વાત કરે છે છતાં બાળકોમાં સ્પર્ધાને પ્રોત્સાહન આપે છે.

આ એકમના ત્રણ આંતરસંબંધિત વિષયો જેના વિશે તમે ટૂંક સમયમાં તમારા વર્ગના બાળકો સાથે ચર્ચા કરશો તેનો અભ્યાસ પૂર્ણ કરવા માટે, નીચેનો ફકરો વાંચો અને બાળકોના

શિક્ષક તરીકે તમે જે સેવા આપી રહ્યા છો તેના સંદર્ભમાં તેના પર ચિંતન કરો. પછી તમે તેનો ભાગ અથવા આખો ફકરો મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો.

> "હે આભા સૌંદર્યના પ્રિયજનો! હે સર્વશક્તિમાન પ્રભુના મિત્રો! આ સર્વોચ્ચ વરદાન (અનુગ્રહ) માટે આભાર વ્યક્ત કરવા તમારી જીભ ખોલો, અને અતુલનીય પ્રભુની સ્તુતિ કરો કે તમને આ કૃપા અને ઉપહાર માટે પસંદ કરવામાં આવ્યા છે, અને જેમણે સેવાની ઊંચાઈઓ પ્રાપ્ત કરી છે તેમાં તમારી ગણના કરવામાં આવી છે. પ્રયત્નોની કમર કસી લો, અને એકતાના સ્વર્ગના દેવદૂતોના વર્તુળમાં પ્રવેશ કરો. આ રીતે, તમે, પરમ મહાન મહાસાગરના કિનારે, દૈવી જ્ઞાનના સમુદ્ર માટે તરસતી માછલીઓને જાળમાં પકડી શકો અને, એકતાના ક્ષેત્રમાં, વાસ્તવિકતાનું ઘાસ શોધતા હરણોને પકડી શકો, જેથી પરમેશ્વરની અચૂક સહાય અને અનુગ્રહ દ્વારા, તમે એકતાના 'શબ્દ'ની છાયા હેઠળ બધા રાષ્ટ્રોને ભેગા કરી શકો. આ રીતે પરમેશ્વરની મીઠી સુગંધ પૂર્વ અને પશ્ચિમમાં ફેલાય, અને સર્વ-દયાળુની ચુંબકીય શક્તિઓ અસ્તિત્વ જગતને પ્રેરિત કરે. આ રીતે આ પવિત્ર યુગચક્રના રહસ્યો પ્રગટ થાય, પરમ મહાન નામના ધર્મકાળના સંકેતો પ્રગટ થાય, વિશ્વનો બગીચો ફળદ્રુપ બને, અને સૃષ્ટિના ઉપવન સ્વાદિષ્ટ ફળો આપે. આ રીતે દૈવી એકતાનો દીવો પ્રગટાવવામાં આવે, ઈશ્વરના સળગતા અગ્નિની એક જ જ્યોત દ્વારા નાશવંત મર્યાદાઓ ભસ્મીભૂત થાય, માર્ગદર્શનના પ્રકાશ ચમકે, અને અજ્ઞાન અને અંધત્વનો અંધકાર સંપૂર્ણપણે નાબૂદ થાય."[૮૪]

## સંદર્ભસૂચિ


1. વોર્ડ્સ ઓફ અબ્દુલબહા, સ્ટાર ઓફ ધ વેસ્ટ, વોલ્યુમ. ૮, નં. ૪
2. સિલેક્શન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૧૫.૩
3. વોર્ડ્સ ઓફ અબ્દુલબહા, સ્ટાર ઓફ ધ વેસ્ટ
4. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૯૫
5. ધ સમન્સ ઓફ ધ લોર્ડ ઓફ હોસટ્સ: ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧.૪૭
6. પેરીસ ટોક્સ, અબ્દુલબહાનું વક્તવ્ય, તા. ૨૬ ઓકટોબર ૧૯૧૧
7. પેરીસ ટોક્સ, અબ્દુલબહાનું વક્તવ્ય, તા. ૫ નવેમ્બર ૧૯૧૧
8. પ્રેયર્સ એન્ડ મેડિટેશન બાય બહાઉલ્લાહ
9. બાબ, બહાઈ પ્રાર્થના
10. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થના
11. ખિતાબત: અબ્દુલબહાના વક્તવ્યો
12. ધ કોલ ઓફ ધ ડિવાઈન બિલોવડ, નં. ૨.૭૬
13. બહાઉલ્લાહ, જેમ્સ ઓફ ડિવાઈન મિસ્ટરીસ, ફકરો નં. ૧૬
14. ધ સમન્સ ઓફ ધ લોર્ડ ઓફ હોસટ્સ: ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧.૧૪૫
15. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૨૯
16. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થના
17. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૨૯
18. પ્રોમોલગેશન ઓફ ધ વર્લ્ડ પીસ, અબ્દુલબહનું વક્તવ્ય, તા. ૨૩ એપ્રિલ ૧૯૧૨
19. બહાઉલ્લાહ, ધ ટેબરનેકલ ઓફ યુનિટી
20. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ,નં. ૧૩૬
21. બહાઉલ્લાહ, ધ ટેબરનેકલ ઓફ યુનિટી
22. બહાઉલ્લાહ, ધ ટેબરનેકલ ઓફ યુનિટી
23. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થના
24. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થના
25. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થના
26. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થના
27. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થના
28. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થના
29. પ્રેયર્સ એન્ડ મેડિટેશન બાય બહાઉલ્લાહ
30. અબ્દુલબહા, પ્રાર્થના અને ભક્તિમય જીવન
31. સિલેક્શન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૨૨.૧
32. સિલેક્શન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૧૫.૨-૩
33. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૨૩

34. બહાઉલ્લાહ, કિતાબ-એ-ઈકાન, ફકરો નં. ૧૩૯
35. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થના
36. પ્રોમોલગેશન ઓફ ધ વર્લ્ડ પીસ, અબ્દુલબહનું વક્તવ્ય, તા. ૧૫ જુલાઇ ૧૯૧૨
37. વિશ્વ ન્યાય મંદિર તરફથી રાષ્ટ્રીય આધ્યાત્મિક સભાઓને સંબોધિત ૬ ફેબ્રુઆરી ૧૯૭૩ ના એક સંદેશમાંથી
38. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૫૫
39. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ ની પ્રસ્તાવના માંથી
40. ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફ્ટર કિતાબ-એ-અકદસ, નં. ૬.૩૨
41. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૫૫
42. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૩૩
43. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૫૯
44. લાઇટ ઓફ ધ વર્લ્ડ: સિલેક્ટેડ ટેબ્લેટ્સ ઓફ અબ્દુલબહા, નં. ૩૨.૧
45. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૩૪
46. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૫૫
47. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. ૩૯
48. લાઇટ ઓફ ધ વર્લ્ડ: સિલેક્ટેડ ટેબ્લેટ્સ ઓફ અબ્દુલબહા, નં. ૬.૭
49. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. ૪૦
50. સિલેક્શન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ ધ બાબ, નં. ૨:૩:૧
51. પ્રેયર્સ એન્ડ મેડિટેશન બાય બહાઉલ્લાહ
52. ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફ્ટર કિતાબ-એ-અકદસ, નં. ૧૦.૧૦
53. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. ૪૮
54. સિલેક્શન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૭૯.૧
55. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૫૫
56. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થના
57. પ્રેયર્સ એન્ડ મેડિટેશન બાય બહાઉલ્લાહ
58. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૧૮
59. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થના
60. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ, ફકરો નં. ૧
61. ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફ્ટર કિતાબ-એ-અકદસ, ૧૭.૧૩૧
62. અબ્દુલબહા, બહાઈ એજ્યુકેશન
63. ધ કોલ ઓફ ધ ડિવાઈન બિલોવ્ડ, નં. ૨.૬૬
64. પ્રોમોલગેશન ઓફ ધ વર્લ્ડ પીસ, અબ્દુલબહનું વક્તવ્ય, તા. ૧૫ જુલાઇ ૧૯૧૨
65. અબ્દુલબહા, પેરીસ ટોક્સ, વક્તવ્ય તા. ૧૨ નવેમ્બર ૧૯૧૧
66. અબ્દુલબહા, પેરીસ ટોક્સ, વક્તવ્ય તા. ૧૨ નવેમ્બર ૧૯૧૧

67. સિલેક્શન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૭૨.૨
68. સિલેક્શન્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૭૭-૭૮
69. પ્રોમોલગેશન ઓફ ધ વર્લ્ડ પીસ, અબ્દુલબહનું વક્તવ્ય, તા. ૨૩ એપ્રિલ ૧૯૧૨
70. સિલેક્શન્સ ઓફ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૦૨.૩
71. સિલેક્શન્સ ઓફ ધ રાઇટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૧૫૪.૩
72. ધ ટેબરનેકલ ઓફ યુનિટી, નં. ૧.૧૬
73. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૫૨
74. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૦૮
75. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૫
76. કિતાબ-એ-ઈકાન, ફકરો નં. ૭૭
77. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, ફારસી, નં. ૩૩
78. ધ જેમ્સ ઓફ ડિવાઈન મિસ્ટરીસ
79. બહાઉલ્લાહ, ઇમ્પોર્ટનન્સ ઓફ ધ આર્ટ્સ ઇન પ્રોમોટિંગ ધ ફેઈથ, નં. ૧
80. ધ ટેબ્લેટ્સ ઓફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફ્ટર કિતાબ-એ-અકદસ, નં. ૯.૬
81. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં. ૨
82. કિતાબ-એ-ઈકાન, ફકરો નં. ૨૯
83. બહાઉલ્લાહ, એપિસ્ટલ ટુ ધ સન ઓફ ધ વુલ્ફ
84. લાઇટ ઓફ ધ વર્લ્ડ, નં. ૩૫.૩



# બાળ વર્ગો માટેના પાઠ

# સેટ ૧ - ૩

### ઉદ્દેશ

પ્રાર્થના અને અવતરણો મોઢે કરવા, ગીતો, વાર્તાઓ તેમજ ચિત્રકામ
અને કલા જેવા તત્વો બાળકોના વર્ગોમાં શિખવવાની
ક્ષમતામાં અધિક વધારો કરવો

## વિભાગ ૧

આ પુસ્તકના પહેલા એકમમાં, આપણે ત્રણ વિષયો - પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળવું, ઈશ્વરના કાયદાનું પાલન કરવું અને જ્ઞાન પ્રાપ્ત કરવું – વિશે વિચાર કર્યો અને આધ્યાત્મિક કેળવણીના સંદર્ભમાં તેમના મહત્વની ચર્ચા કરી. આપણે આપણી જાતને એ પણ યાદ અપાવી કે આધ્યાત્મિક ગુણો કુલિન અને પ્રશંસનીય ચરિત્ર સાથે સંકળાયેલા વલણો અને ટેવોના પાયામાં છે અને, તેથી, તેને સતત પ્રબળ કરતા રહેવું જોઈએ. આ એકમમાં ત્રણ સેટમાં નવ પાઠ સામેલ છે, જે ઉપર જણાવેલ વિષયોની ચર્ચા કરે છે. તેમના પહેલાં ઘણા પ્રારંભિક વિભાગો છે જે તમને, આધ્યાત્મિક ગુણોનો વિકાસ, જે તમારી સર્વોચ્ચ ચિંતા રહેવી જોઈએ તેને ધ્યાનમાં રાખીને, ધોરણ ૧ ના પાઠના ઘટકો પ્રસ્તુત કરવાના તમારા અનુભવ પર ચિંતન કરવામાં અને આ નવ પાઠના વિષયોની સમીક્ષા કરવામાં તમારી મદદ કરશે.

## વિભાગ ૨

ધોરણ ૧ ના પાઠનું એક મુખ્ય તત્વ પ્રાર્થના અને અવતરણ મોઢે કરવાનું છે – જે આખા છ વર્ષના અભ્યાસક્રમ દ્વારા પ્રેરિત શૈક્ષણિક પ્રક્રિયાનું એક મુખ્ય તત્વ છે. પુસ્તક ૩ ના પ્રથમ એકમ, "બહાઈ કેળવણીના સિદ્ધાંતો"ના વિભાગ ૮ અને ૧૭ માં, આપણે બાળકોના આધ્યાત્મિક વિકાસ અને સમજણ વધારવામાં આ તત્વની મહત્વપૂર્ણ ભૂમિકા પર ચિંતન કર્યું છે. તમે હવે તે વિભાગોનું પુનરાવર્તન કરવા માટે થોડો સમય કાઢી શકો છો. મોઢે કરવાથી નાના બાળકોને બધી પરિસ્થિતિઓમાં લખાણો તરફ વળવાની ટેવ પાડવામાં મદદ મળે છે અને તે તેમને ઈશ્વરના શબ્દની સર્જનાત્મક શક્તિનો ઉપયોગ કરવામાં સક્ષમ બનાવે છે, જેનાથી વિચાર અને વર્તનની એવી શૈલીઓ મજબૂત બને છે જે એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલી છે. પાઠ્યક્રમના આ મહત્વપૂર્ણ તત્વનું વધુ વિશ્લેષણ કરવા માટે, ચાલો આપણે નીચેના અવતરણો વાંચીએ અને તેના પર મનન કરીએ:

> "ઈશ્વરના શબ્દને દિવ્ય વસંતઋતુના જીવન-દાયી કોમળ વાયુ-લહેરો સાથે સરખાવી શકાય છે. જ્યારે તેને આધ્યાત્મિક સૂરમાં ગાવામાં આવે છે, ત્યારે તે જીવનનો શ્વાસ પ્રદાન કરે છે અને સાચી મુક્તિ આપે છે. તે શુદ્ધ માટીમાંથી ગુલાબ-વાટિકાનું નિર્માણ કરે છે, અને સમગ્ર વિશ્વમાં તેની કસ્તુરી-સભર મીઠી સુગંધ ફેલાવે છે."[૧]

> "આ દિવસે, સાચી શક્તિ અને સામર્થ્ય સર્વોચ્ચ અમૃતમાં રહેલી છે, જે અંધકારમય વાસ્તવિકતાઓને તેજસ્વી આત્માઓમાં પરિવર્તિત કરે છે અને અજ્ઞાનતાની પરાકાષ્ટાને સર્વ-દયાળુના સંકેતમાં પરિવર્તિત કરે છે. સર્વોચ્ચ અમૃત બીજું કોઈ નહીં

પણ ઈશ્વરનો શબ્દ છે, જેણે નાશવંત જગત પર દૈવી પ્રકાશ પાડ્યો છે અને આખી ધરતી પર પવિત્રતાની સુગંધ ફેલાવી છે."[૨]

"કહો: ઈશ્વરનો શબ્દ ક્યારેય તેના જીવોના શબ્દોથી ગૂંચવાઈ (પરાજિત થઈ) શકતો નથી. તે, ખરેખર, શબ્દોનો સમ્રાટ છે, જેમ કે ઈશ્વર પોતે બધાના સાર્વભૌમ પરમેશ્વર છે, અને તેમનો ધર્મ જે હતું અને જે હશે તે બધાથી પર છે."[3]

"જોકે, બધા લોકોએ દૈવી વાણીના ક્ષિતિજમાંથી પ્રગટ થયેલા શબ્દ પર પોતાની નજર કેન્દ્રિત કરવી જોઈએ. દરેક આત્મા માટે તેનું સાર્વભૌમત્વ અને વ્યાપક પ્રભાવ, તેની તાકાત અને સર્વવ્યાપી શક્તિનો વિચાર કરવો અનિવાર્ય છે. . . . તે વિશ્વનો જન્મદાતા અને તેના લોકોનો શિક્ષક છે. તે વિરહની ખીણમાં ભટકતા લોકોને પુનઃમિલનના સમુદ્ર તરફ તેમના પગલાંને નિર્દેશિત કરવા માટે આહવાન કરે છે. તે જ્ઞાનના પ્રભાતના પ્રકાશથી અજ્ઞાનતાના અંધકારને પ્રકાશિત કરે છે."[૪]

"ઈશ્વરના શબ્દના રહસ્યો આવા છે, જે ખુલ્લું અને પ્રગટ કરવામાં આવ્યું છે, જેથી તમે દૈવી માર્ગદર્શનના પ્રભાતના પ્રકાશને સમજી શકો, જે વિશ્વાસ અને ત્યાગની શક્તિ દ્વારા વ્યર્થ કલ્પનાઓ, ખચકાટ અને શંકાના દીવાને ઓલવી શકે, અને તમારા હૃદયના અંતરત્તમ કક્ષમાં, દૈવી જ્ઞાન અને દૃઢ વિશ્વાસના નવજાત પ્રકાશને પ્રગટાવી શકે."[૫]

નીચેના વાક્યોમાં ખાલી જગ્યા પૂરો:

a. ઈશ્વરના ____________ ને ________________________ ના ________________ કોમળ વાયુ-લહેરો સાથે સરખાવી શકાય છે.

b. જ્યારે તેને ______________________ માં ગાવામાં આવે છે, ત્યારે ઈશ્વરના શબ્દ _____________________ પ્રદાન કરે છે અને _________________ આપે છે.

c. ઈશ્વરના શબ્દો _________________ માંથી _____________વાટિકાનું નિર્માણ કરે છે.

d. ઈશ્વરના શબ્દો _________________માં તેની _____________________________ ફેલાવે છે.

e. આ દિવસે, ____________________ અને _____________ સર્વોચ્ચ _____________માં રહેલી છે, __________________ બીજું કોઈ નહીં પણ ઈશ્વરનો શબ્દ છે

f. સર્વોચ્ચ અમૃત __________ ને __________માં પરિવર્તિત કરે છે અને __________ને __________ના સંકેતમાં પરિવર્તિત કરે છે.

g. સર્વોચ્ચ અમૃત નાશવંત __________પર __________ પાડ્યો છે અને આખી __________ પર __________ ફેલાવી છે.

h. ઈશ્વરનો શબ્દ ક્યારેય તેના __________ના શબ્દોથી __________ શકતો નથી.

i. ઈશ્વરનો શબ્દ, ખરેખર, __________ છે, જેમ કે ઈશ્વર પોતે બધાના __________ છે.

j. બધા લોકોએ __________ના __________માંથી પ્રગટ થયેલા શબ્દ પર પોતાની __________ __________ કરવી જોઈએ.

k. દરેક __________ માટે __________નું __________ અને વ્યાપક __________, તેની __________ અને __________ શક્તિનો વિચાર કરવો અનિવાર્ય છે.

l. ઈશ્વરનો શબ્દ __________ નો __________ અને તેના __________ નો __________ છે.

m. ઈશ્વરનો શબ્દ __________ ની ખીણમાં __________ ને __________ના __________ તરફ તેમના પગલાંને નિર્દેશિત કરવા માટે આહ્વાન કરે છે.

n. ઈશ્વરનો શબ્દ __________ના પ્રભાતના __________થી __________ને પ્રકાશિત કરે છે.

o. ઈશ્વરના શબ્દના રહસ્યો આવા છે, જે ખુલ્લું અને પ્રગટ કરવામાં આવ્યું છે, જેથી આપણે દૈવી __________ના __________ના __________ને __________ શકીએ,

p. ઈશ્વરના શબ્દના રહસ્યો આવા છે, જે ખુલ્લું અને પ્રગટ કરવામાં આવ્યું છે, જેથી આપણે __________ અને __________ની શક્તિ દ્વારા

_______________ઓ, ___________ અને _________ના દીવાને ઓલવી શકીએ.

q. ઈશ્વરના શબ્દના રહસ્યો આવા છે, જે ખુલ્લું અને પ્રગટ કરવામાં આવ્યું છે, જેથી આપણે આપણા __________ના અંતરત્તમ કક્ષમાં, દૈવી __________ અને _____________ના નવજાત પ્રકાશને _____________ શકીએ.

હવે બાળકોને ધોરણ ૧ ના ચોવીસ પાઠ શીખવવાના તમારા અનુભવ પર ચિંતન કરો, અને નીચે આપેલી ખાલી જગ્યામાં ઈશ્વરના શબ્દને સમજવાથી અને મોઢે કરવાથી સમુદાયમાં બાળકોના હૃદય અને મન પર કેવી અસર પડે છે તે અંગે તમારા કેટલાક અવલોકનો લખો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

બાળકોને પવિત્ર શ્લોક મોઢે કરવામાં મદદ કરવાના જુદા જુદા શિક્ષકોના અનુભવો અલગ અલગ હશે. તમે કેવી રીતે મોઢે કરવાના સમયગાળાનું સંચાલન કર્યું હતું તેના અનુભવની તમારા અભ્યાસ જૂથના અન્ય સભ્યો સાથે આપ-લે કરો. તમને કયા પગલાં સૌથી અસરકારક લાગ્યા? આ બાબતને ધ્યાનમાં લેતાં, તમે તમારી જાતને નીચે આપેલા પ્રશ્નો જેવા પ્રશ્નો પૂછી શકો છો: જો તમે ઘણા બાળકો સાથે કામ કર્યું હોય, તો શું મોઢે કરવા માટે તમે તેમને નાના જૂથોમાં વિભાજીત કર્યા હતા? જો એમ કર્યું હોય, તો શું તમે તેમને વિભાજિત કર્યા પહેલાં, મુશ્કેલ શબ્દો અને વાક્યોનો અર્થ સમજાવ્યો હતો? જો તમારી પાસે થોડા બાળકો એવા હતા જેઓ બીજા કરતા પહેલાં વધુ ઝડપથી અવતરણો શીખી ગયા હોય ત્યારે તમે કેવી રીતે સંચાલન કર્યું હતું? જેમની ગતિ ધીમી હતી તેમની સાથે તમે શું કર્યું હતું? જો કેટલાક બાળકોને મુશ્કેલી પડી હોય, તો તમે તેનું કેવી રીતે સંચાલન કર્યું હતું? તમે કેવી રીતે ખાતરી કરી હતી કે, ભલે કોઈ બાળક ફકરાને સારી રીતે મોઢે ન કરી શક્યો હોય, તો પણ દરેક બાળક સિદ્ધિની ભાવના અનુભવે?

_______________________________________________
_______________________________________________
_______________________________________________

## વિભાગ ૩

તમે ધોરણ ૧ ના પાઠમાં ગીતો ગાવાના તત્વને મહત્વપૂર્ણ તત્વ માન્યું હશે અને જોયું હશે કે સંગીત કેવી રીતે ચેતનાને ઉન્નત કરે છે અને બાળકોના હૃદયને આનંદથી ભરી દે છે. આ તત્વ પર વધુ વિચાર કરવા માટે, નીચે આપેલ અવતરણ વાંચો, જે તમને પુસ્તક ૩ માંથી યાદ હશે. અહીં સમાવિષ્ટ વધારાના વાક્યો ખાસ કરીને શિક્ષણમાં સંગીતની ભૂમિકા સાથે સંબંધિત છે.

> **"સંગીતની કળા દિવ્ય અને પ્રભાવશાળી છે. તે આત્મા અને ચેતનાનું ભોજન છે. સંગીતની શકિત અને મોહિની દ્વારા માનવીના આત્માની પ્રગતિ થાય છે. બાળકોના હૃદયમાં તેની અદ્દભૂત અસર અને પ્રભાવ પડે છે, કારણ કે તેમના હૃદય શુદ્ધ હોય છે અને મધુર સૂરનો ઊંડો પ્રભાવ પડે છે. આ બાળકોના હૃદય જે સુષુપ્ત કૌશલ્યોથી વિદ્યમાન છે તે સંગીતના માધ્યમથી અભિવ્યક્ત થશે. તેથી, તમારે તેમને નિપુણ બનાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ; તેમને શ્રેષ્ઠતા અને પ્રભાવશાળી રીતે ગાતા શીખવવું જોઈએ. દરેક બાળક માટે સંગીત વિશે કંઈક જાણવું ફરજિયાત છે, કારણ કે આ કલાના જ્ઞાન વિના વાદ્ય અને અવાજના સૂરોનો યોગ્ય રીતે આનંદ માણી શકાતો નથી. તેવી જ રીતે, શાળાઓમાં તે શીખવવું જરૂરી છે જેથી વિદ્યાર્થીઓના આત્માઓ અને હૃદય જીવંત અને ઉલ્લાસિત બને અને તેમનું જીવન આનંદથી પ્રકાશિત થાય."**[5]

ગયા વર્ષે તમે જે પાઠ શિખવ્યા હતા તે વિશે વિચારો. શું તમને એવો કોઈ સમય યાદ છે જ્યારે તમારા વિદ્યાર્થીઓ પર કોઈ સૂરનો પ્રભાવ ખાસ કરીને આકર્ષક હતો? જો તમારે કોઈની સમક્ષ બાળકો પર પડતા સંગીતના પ્રભાવનું વર્ણન કરવાનું હોય, તો તમે કેવી રીતે વર્ણન કરશો? ભલે તમે તમારા વર્ગમાં ઔપચારિક રીતે સંગીત શીખવ્યું ન હતું, છતાં શું

તમે બાળકોની ગાવાની ક્ષમતામાં સુધારો જોયો હતો? શું તેઓ વધુ સારી રીતે સૂરમાં ગાવાનું શીખ્યા હતા? શું તેમણે લયની વધુ સારી સમજ મેળવી હતી? આ પ્રશ્નોની તમારા જૂથ સાથે ચર્ચા કરો.

## વિભાગ ૪

ધોરણ ૧ ના પાઠોમાં મોટાભાગની વાર્તાઓ 'અબ્દુલબહા'ના જીવનમાંથી લેવામાં આવી છે. તેનો હેતુ બાળકોને તેમના દ્વારા સંપૂર્ણ રીતે પ્રગટ કરાયેલા આધ્યાત્મિક ગુણોની સમજ પૂરી પાડવાનો છે. આ જ કારણ છે કે ગયા વર્ષે દરેક પાઠમાં વાર્તા કહેવાની તૈયારી કરતી વખતે, તમે કેટલાક સંબંધિત પ્રશ્નો પર ચિંતન કર્યું હતું. વાર્તાઓનું વર્ણન કરવામાં અને દરેક પાઠના મુખ્ય વિષય સાથે તે કેવી રીતે સંબંધિત છે તે વિશે બાળકો સાથે વાતચીત કરવામાં તમારા ચિંતને તમને કેવી રીતે મદદ કરી? પ્રશ્નોએ તમને તેમાં વર્ણન કરવામાં આવેલી ઘટનાઓથી ઉપર, તેની સાથે સંકળાયેલા આધ્યાત્મિક ગુણોની ગતિશીલતાની ઝલક મેળવવાના તેમના દૃષ્ટિકોણમાં કેવી રીતે વધારો કર્યો હતો?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

પુસ્તક 3 માં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે વાર્તા કહેવાની એક કળા છે, અને અવાજનો સ્વર, હાવભાવ, લાગણીઓ, લય અને ગતિ જેવા પરિબળો શિક્ષકને બાળકોના મનમાં વાર્તાને જીવંત બનાવવામાં મદદ કરે છે. જેમ જેમ તમે વાર્તા કહેવાની તકનિકો શીખવાનો પ્રયાસ કર્યો, તેમ તેમ તમે ખાતરી કરી કે તેઓ પાઠયક્રમના આ તત્વના હેતુને ઢાંકી ન દે, જે બાળકોને તેમની ક્ષમતાઓ અનુસાર, ચોક્કસ ગહન હકીકતોને સમજવામાં મદદ કરવાનો છે. તમારા અનુભવે આ અનોખા કલા સ્વરૂપની વર્તનની શૈલીમાં બદલાવ લાવવા અને સમજણ વધારવાની શક્તિ પ્રત્યેની તમારી સમજણમાં વધારો કર્યો હશે. શું તમે કેટલાક ઉદાહરણોનું વર્ણન કરી શકો છો જેમાં આ શક્તિની અસરો ખાસ કરીને તમારા વર્ગમાં સ્પષ્ટ હતી?

________________________________________

________________________________________

## વિભાગ ૫

પુસ્તક ૩ ના પાઠોમાં મોટાભાગની રમતોનું સ્વરૂપ સહકારી હતું; તે ફક્ત બાળકોને વ્યસ્ત રાખવા માટે તૈયાર કરવામાં આવેલ શારીરિક પ્રવૃત્તિ કરતાં ઘણી વધારે હતી. જો તમારે કોઈને સહકારી રમતોની બાળકો પર થતી અસરો સમજાવવી પડે, તો તમે તે કેવી રીતે સમજાવશો? તેઓએ તમારા વિદ્યાર્થીઓમાં કઈ કુશળતા વિકસાવી? તેઓએ કયા વલણને પ્રોત્સાહન આપ્યું? બાળકોને સિદ્ધિની ભાવના શામાંથી પ્રાપ્ત થઈ?

કોઈ રમત કેવી રીતે રમવી તેના વિશે બાળકોને સમજવામાં મદદ કરવા માટે, તમારે કદાચ તેમની સાથે ઘણી વખત પ્રેક્ટિસ કરવી પડી હશે. શું એવા પ્રસંગો હતા જ્યારે કેટલાક બાળકો માટે રમતો ખૂબ સરળ અથવા ખૂબ મુશ્કેલ હતી? તમે પરિસ્થિતિને કેવી રીતે સંભાળી? શું તમે તેમની ક્ષમતાના સ્તરને અનુરૂપ રમતોમાં ફેરફાર કરી શક્યા હતા?

## વિભાગ ૬

હવે ચાલો આપણે તમારા વર્ગમાં ગયા વર્ષે થયેલી છેલ્લી પ્રવૃત્તિ, રંગપૂરણીની સમીક્ષા કરીએ. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં કઈ કુશળતાઓ અને વલણોનો વિકાસ થયો? શું તેઓએ સુંદરતા અને વ્યવસ્થા પ્રત્યે વધુ સમજણ વિકસાવી? શું વિગતો પર ધ્યાન આપવાની અને હાથ પરના કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાની તેમની ક્ષમતામાં વધારો થયો? આ પ્રવૃત્તિએ તેમને અન્ય લોકો પ્રત્યે આદર દર્શાવવાની અને તેમના સાથી વિદ્યાર્થીઓ સાથે સંસાધનોની આપ-લે કરવામાં આનંદ માણવાની તક કેવી રીતે પૂરી પાડી?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

પુસ્તક 3 માં, એવું સૂચન કરવામાં આવ્યું હતું કે તમે તેમના વર્ગના આ સમયગાળાનો લાભ લઈને બાળકો સાથે વાતચીત કરી શકો છો જે તેમને ચિત્રોમાં દર્શાવેલ ચીજોને પાઠમાં દર્શાવવામાં આવેલા ગુણો સાથે જોડવામાં મદદ કરશે. આ સંદર્ભમાં તમારો અનુભવ શું હતો? ઉદાહરણ તરીકે, શું તમે જોયું કે તમે માનવ આત્માના આ ગુણોના ગહન સ્વભાવને તુચ્છ ગણ્યા વિના, બાળકો સાથે ચર્ચા કરવામાં આવેલા ગુણો કેવી રીતે પ્રગટ થાય છે તેની કેટલીક વ્યવહારિક રીતો સમજાવી શક્યા છો? વાતચીતથી બાળકોની સમજ કેવી રીતે વધી હતી કે, આધ્યાત્મિક ગુણો વ્યક્તિના વર્તનની સુંદરતામાં વ્યક્ત થાય છે? તેમના વિચારો વ્યક્ત કરવાની તક આ સમજણમાં કેવી રીતે ફાળો આપે છે? શું તમે એવું વાતાવરણ બનાવી શક્યા હતા કે જેમાં બધા બાળકો ચોક્કસ વિષયની આસપાસ વાર્તા બનાવવામાં ભાગ લઈ શકે અને આવા સહયોગનો આનંદ અનુભવી શકે? વર્ગના આ સમયગાળા માટે તમે અપનાવેલા કેટલાક વિવિધ અભિગમોની તમારા અભ્યાસ જૂથ સાથે ચર્ચા કરો, તમારી ચર્ચામાંથી નીચે કેટલાક મુદ્દાઓ લખો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

# વિભાગ ૭

ધોરણ ૧ ના પાઠ શિખવતી વખતે, તમારા વર્ગના બાળકોના માતા-પિતા સાથે ગાઢ અને પ્રેમાળ સંબંધ સ્થાપિત કરવાના મહત્વ વિશે, તમને ખાતરી થઈ ગઈ હશે. તમે "બહાઈ કેળવણીના કેટલાક સિદ્ધાંતો"ના વિભાગ ૨૬ ની સમીક્ષા કરવા માટે થોડો સમય કાઢી શકો છો, જે આ વિષયની ચર્ચા કરે છે, અને આધ્યાત્મિક કેળવણીની જોગવાઈને વર્ગના સમયગાળાથી આગળ વધારવામાં માતાપિતાની ભૂમિકા વિશે તમે જે સમજ મેળવી છે તેના વિશે એક - બે ફકરા લખી શકો છો. આમ કરીને, નીચેના પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયાસ કરો: જેમ કે, પુસ્તક ૩ માં ચર્ચા કરાયેલ કયા શૈક્ષણિક ખ્યાલો વિશે તમે તેમની સાથે ચર્ચા કરી હતી? તેમણે કેવો પ્રતિભાવ આપ્યો? તેમના બાળકો વર્ગમાં જે ચોક્કસ ગુણો વિશે શીખી રહ્યા હતા તેના વિશે તમે તેમને શું કહ્યું? શું બાળકો વર્ગમાં જે પ્રાર્થનાઓ અને અવતરણો મોઢે કરતા હતા તેનું ઘરે પુનરાવર્તન કરતા હતા? શું તેમના માતાપિતાએ તેમાં તેમને મદદ કરી હતી? શું કેટલાક માતાપિતાએ આગળ વધીને તમારા ગામ કે મહોલ્લાના બાળકોને આધ્યાત્મિક શિક્ષણની વ્યવસ્થામાં વધુ વ્યાપક રીતે મદદ કરવાનું શરૂ કર્યું છે? કઈ રીતે?

## વિભાગ ૮

ગયા વર્ષે તમે જે પાઠો શિખવ્યા હતા તેના વિવિધ ઘટકો વિશેના તમારા અનુભવ પર ચિંતન કર્યા પછી, ચાલો હવે આ એકમમાં સમાવિષ્ટ ત્રણ સેટના પાઠો વિશે વિચાર કરીએ. ઈશ્વર તરફ પોતાનું હૃદય ફેરવવું અને તેમની મદદ માંગવી એ મૂળભૂત આદતો અને વર્તનની શૈલીઓ છે જેને આ એકમના બધા પાઠ મજબૂત બનાવવાનો પ્રયાસ કરે છે. પાઠના પહેલા સેટમાં, તમે બાળકોને તેમના આધ્યાત્મિક જીવનના સૌથી મહત્વપૂર્ણ પાસાં તરીકે પ્રાર્થનાની ઊંડી સમજ મેળવવામાં મદદ કરશો. ખાસ કરીને, તમે તમારા વિદ્યાર્થીઓને પ્રાર્થનાનું સ્વરૂપ, આપણે શા માટે પ્રાર્થના કરીએ છીએ અને પ્રાર્થના કરતી વખતે આપણે કેવું વર્તન કરીએ છીએ તે સમજવામાં મદદ કરશો. હવે તમે સેટના ત્રણ પાઠ વાંચો અને દરેક પાઠમાં રજૂ કરાયેલા મુખ્ય ખ્યાલો લખો.

પાઠ ૧.૧: ____________________

પાઠ ૧.૨: ____________________

પાઠ ૧.૩: ______________________________

તમારા અભ્યાસ જૂથના સભ્યો સાથે ચર્ચા કરો કે દરેક પાઠમાં રજૂ કરાયેલા મુખ્ય ખ્યાલો એકબીજાને કેવી રીતે મજબૂત કરે છે.

## વિભાગ ૯

બાળકો ધોરણ ૧ ના પાઠ પૂર્ણ કરે ત્યાં સુધીમાં, તેઓ દરેક વર્ગના સમયગાળાની શરૂઆતમાં પ્રાર્થનાનું મોઢે ગાન કરવાની ટેવ પાડી ચૂક્યા હશે. તેમ છતાં, તમારે તેમને યાદ કરાવવાની જરૂર પડી શકે છે કે, જ્યારે તેઓ આ નવા પાઠોના સેટનો અભ્યાસ કરવા જઈ રહ્યા છે, ત્યારે તેમના વર્ગો પ્રાર્થનાઓથી શરૂ થશે જેથી તેઓ ઈશ્વરનું સ્મરણ કરી શકે અને તેમની મદદ અને માર્ગદર્શન માટે વિનંતી કરી શકે. દરેક સત્ર માટે, તમે જાતે પ્રાર્થના કરો પછી, તમારે બે કે ત્રણ વિદ્યાર્થીઓને શરૂઆતની પ્રાર્થના કરવાનું કહેવા માટે તૈયાર રહેવું જોઈએ. ધોરણ ૧ ના પાઠથી વિપરીત, જ્યાં તમને કેટલીક પ્રાર્થનાઓનું ગાન કરવા માટે સૂચન કરવામાં આવ્યું હતું, અહીં તમે તમારી પોતાની પસંદગી કરી શકો છો.

મોઢે કરવાની વાત કરીએ તો, ધોરણ ૧ માં બાળકો ચોવીસ પાઠ દરમિયાન છ પ્રાર્થનાઓ મોઢે બોલવાનું શીખ્યા હતા. હવે તેમને દરેક સેટ સાથે એક નવી પ્રાર્થના મોઢે કરવાનું કહેવામાં આવશે. અલબત્ત, તમારા બધા વિદ્યાર્થીઓ એક જ ગતિએ શીખશે નહીં. કેટલાક અન્ય કરતા ઝડપથી શીખશે. પરંતુ એવી અપેક્ષા રાખવામાં આવે છે કે લગભગ દરેક બાળક સેટના ત્રણ પાઠના અભ્યાસ દરમિયાન એક પ્રાર્થના મોઢે કરી શકશે. નીચે સેટ ૧ માટે સૂચવેલ પ્રાર્થના છે.

> "હે પ્રભુ! હું બાળક છું; મને તારી પ્રેમાળ-કરુણાની છાયા તળે વિકાસ કરવા સક્ષમ બનાવ. હું એક કુમળો છોડ છું; તારી ઉદારતાના વાદળોના વરસાદથી મને વિકાસ કરવા દો. હું પ્રેમના બગીચાનો એક છોડ છું; મને ફળદાયી વૃક્ષ બનાવ.
>
> "તું સમર્થ અને શક્તિશાળી છે, અને તું સર્વ-પ્રેમાળ, સર્વ-જ્ઞાની, સર્વ-દ્રષ્ટા છે."[૭]

જેમ જાણો છો તેમ, મોઢે કરવું એ કોઈ યાંત્રિક કવાયત નથી જે બાળકો પાસેથી કરાવવાની અપેક્ષા રાખવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ તેનો અર્થ સમજી શકતો નથી તો તેને

મોઢે કરવું મુશ્કેલ હોય છે. પ્રાર્થનાનો પરિચય આપતી વખતે, તમે યાદ રાખો કે, જો આ સમજણના ચાવીરૂપ શબ્દો બાળકો માટે અપરિચિત હોય, તો તેનો અર્થ સમજાવવા માટે ચોક્કસ ઉદાહરણો આપવા જોઈએ. ઉપરોક્ત પ્રાર્થનામાં આવા કોઈ શબ્દો હોય તો શોધી કાઢો અને નીચેની ખાલી જગ્યામાં લખો કે તમે આ શબ્દો વિશે તમારા વિદ્યાર્થીઓને કેવી રીતે સમજાવશો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## વિભાગ ૧૦

આ સેટના દરેક પાઠમાં, ધોરણ ૧ ની જેમ, એક ટૂંકી સમજૂતી છે જે તેના વિષય અને મોઢે કરવા માટેના અવતરણનો પરિચય આપે છે. જેમ તમે તમારા અનુભવમાંથી જાણો છો તેમ, તમારે આ પરિચયાત્મક વિધાનોને તમારા વિદ્યાર્થીઓની ક્ષમતાના સ્તર સાથે સમાયોજિત કરવાની જરૂર પડશે. તેથી, તમારા માટે, તમારો ઉદ્દેશ તેમને અવતરણ મોઢે કરવાની તૈયારીમાં વિષયને સમજવામાં મદદ કરવાનો છે, એવું યાદ રાખીને દરેક વિધાન વિશે અગાઉથી કાળજીપૂર્વક વિચારવું અને સમગ્ર પાઠના સંદર્ભમાં, આ વિચારોની બાળકો સાથે કેવી રીતે ચર્ચા કરવી તે નક્કી કરવું મહત્વપૂર્ણ રહેશે.

પાછલા એકમના વિભાગ ૪ થી ૮ ના તમારા અભ્યાસમાં, તમે પ્રાર્થનાનું સ્વરૂપ અને માનવ આત્મા પર તેની અસર વિશે ચર્ચા કરી છે, જે વિષયથી તમે પહેલાથી જ પરિચિત છો. તમે જાણો છો, કે પ્રાર્થના એ ઈશ્વર પ્રત્યેના આપણા પ્રેમની અભિવ્યક્તિ છે અને તેની સાથે એક માધ્યમ છે જેના દ્વારા તે પ્રેમમાં અધિક વધારો થાય છે. પ્રાર્થના દ્વારા, જેવી રીતે સ્વર્ગીય ગુણો અને લક્ષણોને પ્રતિબિંબિત કરવાની આપણી ઇચ્છા વધે છે તેવી જ રીતે ઈશ્વરે માનવ આત્મામાં જમા કરેલી - સાચા જ્ઞાન અને સમજણની, આધ્યાત્મિક અને બૌદ્ધિક દૃષ્ટિની, પ્રખર બુદ્ધિ અને શાણપણની ભેટો - મેળવવાની આપણી ક્ષમતા વધે છે. તેથી, નાનપણથી જ બાળકોમાં પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળવાની ટેવનો વિકાસ કરવાનું ખાસ કરીને મહત્વનું છે. આ સંદર્ભમાં, હવે તમારું ધ્યાન આ પહેલા સેટના પાઠોમાં મોઢે કરવાના પ્રારંભિક વિધાનો અને અવતરણો પર કેન્દ્રિત કરો. તમે આને તમારા વર્ગમાં કેવી રીતે રજૂ કરશો તે નક્કી

કરવા માટે, તમારા અભ્યાસ જૂથના સભ્યો સાથે નીચેના પ્રશ્નોની ચર્ચા કરવી તમારા માટે ઉપયોગી થઈ શકે છે:

a. પાઠ ૧.૧ માં જણાવ્યા મુજબ, બાળકોને પ્રાર્થના "ઈશ્વર સાથે વાર્તાલાપ" છે તે સમજાવવાથી, તેઓ તેમના સર્જનહાર સાથે જે સંબંધનો વિકાસ કરે છે તેને કેવી રીતે મજબૂત બનાવશે?

b. તમે તમારા વર્ગના વિદ્યાર્થીઓને 'પ્રાર્થનાની સ્થિતિમાં જીવવાનો અર્થ શું છે' તે કેવી રીતે સમજાવી શકો છો?

c. પાઠ ૧.૨ માં આપેલી શરૂઆતની ટિપ્પણીઓ તમારા વર્ગના વિદ્યાર્થીઓને પ્રાર્થના અને ઈશ્વરને વિનંતી કરવાના શાણપણની કદર કરવામાં કેવી રીતે મદદ કરશે?

d. પ્રાર્થના આત્મા માટે પોષણ છે, તેના વિશે વાત કરવાથી તેમના હેતુની સમજ કેવી રીતે વધશે અને પરિણામ સ્વરૂપે, તેમનામાં દરરોજ પ્રાર્થના કરવાની ટેવ કેવી રીતે મજબૂત થશે?

e. પ્રાર્થના કરતી વખતે, તેમણે આંતરિક સ્થિતિ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો જોઈએ અને તે સ્થિતિના પરિણામ શું હશે તેના વિશે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ,

તેના વિશે સમજવામાં પાઠ ૧.૩ માં આપેલી ટિપ્પણી કેવી રીતે બાળકોને મદદ કરશે?

f. તમે નોંધ્યું હશે કે દરેક પાઠમાં આપેલ સમજૂતી 'અબ્દુલ-બહા'ના શબ્દો અને કાર્યોનો સંદર્ભ આપે છે. બાળકોને અબ્દુલબહાની વાણીના શાણપણ અને તેમના કાર્યો દ્વારા તેમણે જે ઉદાહરણ આપ્યું છે તેની યાદ અપાવવાથી દરેક પાઠમાં વિચાર કરવામાં આવતા વિષયની તેમની સમજ કેવી રીતે વધશે?

બાળકોને તેઓ જે અવતરણો મોઢે કરી રહ્યા છે તે સમજવામાં મદદ કરવા માટે, તમારે તેમની સાથે કઠિન અને અપરિચિત શબ્દો અને શબ્દસમૂહોના અર્થની ચર્ચા કરવામાં થોડો સમય પસાર કરવો પડશે. ધોરણ ૧ ની જેમ, આવા શબ્દો સમજાવવામાં તમારી મદદ કરવા માટે બે વાક્યો આપવામાં આવ્યા છે. તમને તમારા અભ્યાસ જૂથના અન્ય લોકોની મદદથી, દરેક માટે એક અથવા વધુ વધારાના વાક્યો બનાવવા માટે અનુભવ દ્વારા વિકસાવેલી ક્ષમતાનો ઉપયોગ કરવાનું કહેવામાં આવે છે અને તે વાક્યો નીચેની ખાલી જગ્યામાં લખવાનું કહેવામાં આવે છે. તમે જે બાળકોને શીખવી રહ્યા છો તેમના સાંસ્કૃતિક વાતાવરણને અનુરૂપ સંદર્ભમાં શબ્દોનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરો.

ગાન કરવું: __________

પ્રદીપ્ત કરવું: __________

આકર્ષિત કરવું: __________

તીવ્ર ઈચ્છા: ______________________________

______________________________

______________________________

નિમગ્ન કરવું: ______________________________

______________________________

______________________________

વાર્તાલાપ કરવો: ______________________________

______________________________

______________________________

વિનંતી : ______________________________

______________________________

______________________________

એકતાર બનવું: ______________________________

______________________________

______________________________

સાર: ______________________________

______________________________

______________________________

## વિભાગ ૧૧

સંગીત તમારા વર્ગોનો એક ભાગ તરીકે ચાલુ રહેશે, પરંતુ જેમ પહેલા ધોરણના પાઠમાં આપવામાં આવ્યા હતા તેમ, તમને દરેક પાઠ માટે ગીત આપવામાં આવ્યું નથી. તેના બદલે, ગીતોનું એક અલગ સંકલન ઉપલબ્ધ છે, જેમાં ગયા વર્ષના ગીતો અને ઘણા નવા ગીતો સામેલ છે. સંકલનમાં આપેલા કેટલાક ગીતો આધ્યાત્મિક ગુણો સાથે સંબંધિત છે, જ્યારે અન્ય બાળકો જે ટેવો અને વર્તનની શૈલી (રીત) વિકસાવવા માટે પ્રયત્નશીલ છે તેની સાથે સંબંધિત છે; અને બીજા કેટલાક પ્રભુધર્મના ઇતિહાસ અને તેના મુખ્ય પાત્રો સાથે સંબંધિત છે. દરેક પાઠ માટે બે ગીતો પસંદ કરવાનું તમારા પર છોડી દેવામાં આવે છે. સહાયતા માટે, દરેક સેટ માટે એક કે બે ગીત સૂચવવામાં આવેલ છે. તમારા વર્ગના આ ઘટક વિશે વિચારતી વખતે, તમારે એક મહત્વપૂર્ણ વિચાર ધ્યાનમાં રાખવો જોઈએ કે: જો પસંદ કરેલા ગીતો તમે જે વિષય શીખવવાનો પ્રયાસ કરી રહ્યા છો તેની સાથે સંબંધિત હોય, તો તે બાળકો જે શીખી રહ્યા છે તેને મજબૂત બનાવશે.

આપણે અહીં એ પણ ઉલ્લેખ કરવો જોઈએ કે તમારે સંકલનમાં આપવામાં આવેલા ગીતો સુધી જ તમારી જાતને સીમિત રાખવાની જરૂર નથી. વિશ્વની દરેક ભાષામાં, એવા સુંદર ગીતો છે જે ગીતો ગાવામાં બાળકોને આનંદ આવશે. બાળકોના બહાઈ વર્ગોના શિક્ષક તરીકે, તમારે ધીમે ધીમે તમારા પોતાના ગીતોનું એક પુસ્તક તૈયાર કરવું જોઈએ અને તેનું ગાતા આવડતું હોય એવી કોઈ વ્યક્તિ સાથે પ્રેક્ટિસ કરીને અથવા રેકોર્ડિંગ સાંભળીને તેમને સારી રીતે ગાવાનું શીખવું જોઈએ.

બાળકો સાથે ગીતો ગાવાની સાથે, તમને કેટલીક સરળ પ્રવૃત્તિઓ હાથ ધરવાનું ફાયદાકારક લાગી શકે છે જેથી તેઓ તેમની સંગીતની ક્ષમતાને વધુ વિકસિત કરી શકે. ઉદાહરણ તરીકે, તાળી પાડવાથી અથવા ઢોલ વગાડવાથી તેમની લયની સમજમાં વધારો થશે. તમે કદાચ એવી પ્રવૃત્તિથી પરિચિત હશો જેમાં "નેતા" ટૂંકી લયબદ્ધ તાલ સાથે તાળી પાડે છે અથવા ઢોલ વગાડે છે અને અન્ય લોકો તેનું પુનરાવર્તન કરે છે. પછી, એક પણ તાલ (બીટ) ચૂક્યા વિના, નેતા પહેલા જેટલા જ સમયગાળાનો બીજો લયબદ્ધ તાલ રજૂ કરે છે, અને બીજા લોકો તેનું અનુસરણ કરે છે. પ્રવૃત્તિ આ રીતે ચાલુ રહે છે, તેમાં નવા તાલ ઉમેરવામાં આવે છે અને વિવિધ બાળકો વારાફરતી નેતા તરીકે ભૂમિકા ભજવે છે.

આ પ્રકારની બીજી ઉપયોગી પ્રવૃત્તિ જૂથોમાં કરી શકાય છે. ઉદાહરણ તરીકે, તમે બાળકોને બે જૂથોમાં વિભાજીત કરી શકો છો અને પહેલા જૂથને એક લયમાં તાળી પાડવાનું શરૂ કરવા માટે કહી શકો છો. પછી તમે બીજા જૂથને બીજા લયમાં તાળી પાડવાનું કહી શકો છો, અને બંને જૂથો એકસાથે તાળી વગાડવાનું ચાલુ રાખે છે. આ પ્રવૃત્તિ વધુમાં વધુ પાંચ જૂથો સુધી એકસાથે કરી શકાય છે, જેમાં દરેક જૂથ તાળી પાડે છે અથવા અલગ લયમાં ઢોલ વગાડે છે.

એવી પ્રવૃત્તિઓ પણ છે જે બાળકોની સૂર વહન કરવાની ક્ષમતામાં વધારો કરી શકે છે, ઉદાહરણ તરીકે, રાઉન્ડમાં ગાવાનું, જેમાં એક જૂથ એક સૂર શરૂ કરે છે અને એક કે બે અન્ય જૂથો જુદા જુદા સમયે સમાન સૂર સાથે તેમની સાથે જોડાય છે. અલબત્ત, તમારે બાળકો સાથે કામ કરતી વખતે નક્કી કરવું પડશે કે આવી વધારાની પ્રવૃત્તિઓ મૂલ્યવાન હશે કે નહીં. યાદ રાખો કે તમે તેમને ઔપચારિક રીતે સંગીત શીખવવાનો પ્રયાસ કરી રહ્યા નથી. બાળકોને ગીતો ગાવાનું ગમે છે, અને વર્ગનો આ સમયગાળો આનંદ અને ખુશીથી ભરેલો હોવો જોઈએ.

હવે, ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, ગીતોના સંકલન તરફ એક નજર નાખો અને આ અભ્યાસક્રમમાં તમારા સાથી સહભાગીઓ સાથે મળીને, સેટ ૧ ના દરેક પાઠમાં ગાવા માટે યોગ્ય બે કે ત્રણ ગીતો પસંદ કરો. ઉદાહરણ તરીકે, "તેમના ગુણગાન ગાઓ" પહેલા પાઠ માટે યોગ્ય હોઈ શકે છે.

પાઠ ૧.૧: ____________________

____________________

____________________

પાઠ ૧.૨: ____________________

____________________

____________________

પાઠ ૧.3: ____________________

____________________

____________________

## વિભાગ ૧૨

આ વર્ષે પણ વાર્તા કહેવાનું તમારા વર્ગોનું એક મહત્વપૂર્ણ તત્વ રહેશે. નવ પાઠમાંની વાર્તાઓ ભાષા અને સામગ્રી બંનેની દ્રષ્ટિએ પહેલા ધોરણના પાઠમાંની વાર્તાઓ જેવી જ છે. પરંતુ, તે થોડી લાંબી છે અને તેથી, જો તમે બાળકોને શીખવાની પ્રક્રિયામાં વ્યસ્ત રાખવા માંગતા હો તો, તમારે તમારી વાર્તા કહેવાની કુશળતાને મજબૂત બનાવવાની જરૂર પડશે. જેમ તમે ધોરણ ૧ ના પાઠ સાથે કર્યું હતું તેમ, તમારે દરેક વાર્તાથી સારી રીતે પરિચિત થવું જોઈએ, તમારા વર્ગની તૈયારીના ભાગરૂપે અભ્યાસ અને પ્રેક્ટિસ કરવા માટે પૂરતો સમય ફાળવવો જોઈએ.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, આ પહેલા ત્રણ પાઠમાં તમે બાળકોને જે વાર્તાઓ સંભળાવશો તે ફરીથી વાંચો, યાદ રાખો કે, દરેક કિસ્સામાં, તમે બાળકોને પ્રાર્થનાના સ્વરૂપ વિશે એક અથવા વધુ વિચારો સમજવા માટે ઘટનાઓની શ્રેણીથી આગળ જોવામાં મદદ કરવા માંગો છો. તમારા સાથી શિક્ષકો સાથે નીચે આપેલા પ્રશ્નોની ચર્ચા કરવાથી તમને આ સંદર્ભમાં મદદ મળી શકે છે.

પાઠ ૧.૧ રૂહુલ્લાહની વાર્તા કહે છે, જે બાળકોને પ્રાર્થનાની શક્તિ વિશે સમજાવશે. તમે તમારા વિદ્યાર્થીઓને કેવી રીતે સમજાવશો કે રૂહુલ્લાહ કોણ હતા? તમે કેવી રીતે ખાતરી કરશો કે તેઓ સમજે કે તેમનું હૃદય ઈશ્વરના પ્રેમથી એટલું પ્રજ્વલિત હતું કે તેમની પ્રાર્થનાઓમાં બીજાઓના હૃદયને પ્રેરિત કરવાની શક્તિ હતી? વાર્તામાંથી બાળકો માટે, રૂહુલ્લાહના જીવન વિશે કઈ વિગતો શીખવી મહત્વપૂર્ણ છે?

____________________

____________________

પાઠ ૧.૨ માં આપેલી વાર્તા બાળકોને લુઆ ગેટસિંગરનો પરિચય કરાવે છે અને પવિત્ર ભૂમિની મુલાકાત દરમિયાન એક સવારે હૉલવેમાં 'અબ્દુલ-બહા' સાથે થયેલી ટૂંકી મુલાકાતનું વર્ણન કરે છે. તેનું વર્ણન કરવાથી, ધાર્મિક વિધિ તરીકે નહીં પરંતુ આપણા આત્માઓને પોષણ આપવાના આવશ્યક સાધન તરીકે બાળકોને, દૈનિક પ્રાર્થનાના મહત્વની સમજ પડવી જોઈએ. તમે બાળકોને કેવી રીતે સમજવામાં મદદ કરશો કે, લુઆની જેમ, આપણે પણ ખાતરી કરવી જોઈએ કે આપણા જીવનના આ ભાગને અવગણવામાં ન આવે. વાર્તા પ્રાર્થનાના સ્વરૂપ વિશે અન્ય કયા ખ્યાલો રજૂ કરે છે? તમારા વિદ્યાર્થીઓ આ વિચારોને સમજે તે માટે તમે તમારા વર્ણનમાં કઈ વિગતોનો સમાવેશ કરશો?

સેટ ૧ ના છેલ્લા પાઠમાં, તમે એક માણસ વિશે એક વાર્તા કહેશો જેને 'અબ્દુલ-બહા'એ પ્રાર્થના કેવી રીતે કરવી તે શીખવ્યું હતું. 'અબ્દુલ-બહા'ને પ્રાર્થનાની સ્થિતિમાં જોઈને તે માણસને ઈશ્વર સાથે વાતચીત કરવાનો અર્થ શું છે તેની ઝલક મળી અને તેને આવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પ્રેરણા મળી. તેના પછી, 'અબ્દુલબહા'એ તે માણસને આપેલા પ્રેમાળ ઉપદેશોથી પ્રાર્થનાના સ્વરૂપ વિશેની તેની સમજ વધુ ગહન થઈ. વાર્તામાં એવી કેટલીક વિગતો કઈ છે જે બાળકોને 'અબ્દુલબહા'એ તેના કાર્યો અને તેના શબ્દો બંને દ્વારા માણસને શીખવેલા પાઠને સમજવામાં મદદ કરશે?

## વિભાગ ૧૩

તમે પાછલા એકમમાંથી જાણો છો કે આ અને આગામી શાખા અભ્યાસક્રમમાં સમાવિષ્ટ પાઠોના સેટ એવા આધ્યાત્મિક ગુણોની ચર્ચા પર આધારિત છે જે ધોરણ ૧ ના કેન્દ્રમાં હતા. પાઠ જે ટેવો અને વર્તનની શૈલી (રીત)ની ચર્ચા કરે છે તે આ ગુણોની બાહ્ય અભિવ્યક્તિ છે, જેણે બાળકોના હૃદયમાં ઊંડાણપૂર્વક મૂળિયાં જમાવવા જોઈએ. તેથી, પાઠ શીખવતી વખતે, તમારે આવા ગુણોના વિકાસને મજબૂત કરવાના રસ્તાઓ શોધવાની જરૂર પડશે.

આ સંદર્ભમાં, સેટ ૧ નું પુનરાવર્તન કરતી વખતે, તમે નોંધ્યું હશે કે બાળકોએ ધોરણ ૧ માં તેજસ્વીતા, કૃતજ્ઞતા અને અનાસક્તિ વિશે શીખેલા ત્રણ અવતરણો તમારા સંદર્ભ માટે પ્રથમ પાઠમાં સામેલ છે. તમે આ પુસ્તકના પ્રથમ એકમમાં આ ગુણો પર ચિંતન કર્યું છે અને પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળવાની ટેવ પાડવા માટે તેમના મહત્વ વિશે વિચાર્યું છે. તમારા અભ્યાસ જૂથના સભ્યો સાથે ચર્ચા કરો કે સેટ ૧ માટે પાઠનું સંચાલન કરતી વખતે, ખાસ કરીને અવતરણ મોઢે કરતી વખતે અને વાર્તાઓનું પુનરાવર્તન કરતી વખતે તમે આ ગુણો સંબંધિત વિચારોને કેવી રીતે સમાવી શકો છો. નીચેની ખાલી જગ્યામાં તમારા કેટલાક વિચારો લખો. યાદ રાખો કે તમે બાળકોને તેમણે મોઢે કરેલા શ્લોકો યાદ કરાવવાની તક પણ લેવા માંગશો અને તેનું પુનરાવર્તન કરવાના માધ્યમ તરીકે તેનું પઠન કરાવવાનું કહેશો.

## વિભાગ ૧૪

જેમ તમે પાઠના પહેલા સેટના પુનરાવર્તનમાં જોયું તેમ, આ સેટમાં નાટક સંબંધિત પ્રવૃત્તિઓએ પાછલા વર્ષમાં રમાયેલી રમતોનું સ્થાન લીધું છે. દરેક પાઠમાં, બે પ્રકારની પ્રવૃત્તિઓ સૂચવવામાં આવી છે. પહેલી પ્રવૃતિમાં સર્જનાત્મક નાટકની કુશળતા અને ક્ષમતાઓ વિકસાવવા માટે રચાયેલ એકદમ સરળ કસરતોનો સમાવેશ થાય છે. પ્રવૃત્તિઓનો બીજો સેટ પાઠના વિષય સાથે જોડાયેલો છે. સામાન્ય રીતે, બાળકો માટે અભિનય કરવા માટે એક દ્રશ્ય અથવા પરિસ્થિતિ રજૂ કરવામાં આવે છે. સર્જનાત્મક નાટકમાં, જ્યારે આપણે અભિનયની વાત કરીએ છીએ, ત્યારે આપણો અર્થ એ થાય છે કે સંવાદ લખાયેલો કે વાંચવામાં આવતો નથી પરંતુ ક્રિયા સાથે સ્થળ પર જ તૈયાર કરવામાં આવે છે. તે એક વાર્તા લખવા જેવું છે જેમાં જૂથનો દરેક સભ્ય ફાળો આપે છે અને તે મુજબ સંવાદ આગળ જાય છે. શિક્ષક સૌથી નાની રૂપરેખા – જેમ કે પાત્રો, સ્થળ, વાર્તા, એટલે કે શરૂઆત, મધ્યાંતર અને અંત – પૂરા પાડે છે અને બાળકોને દ્રશ્યનો અભિનય કરવા માટે તેમની કલ્પનાનો ઉપયોગ કરવા દે છે. શિક્ષકે, અલબત્ત, પ્રક્રિયાને નજીકથી માર્ગદર્શન આપવું પડશે. અભિનયની સફળતા સુનિશ્ચિત કરવા માટે, "તમે કોણ છો?" "તમે ક્યાં છો?" "શું થઈ રહ્યું છે?" અને "તમે હવે શું કરવાનું વિચારી રહ્યા છો?" જેવા પ્રશ્નો પૂછવા જરૂરી હોઈ શકે છે.

તમારા અભ્યાસ જૂથના અન્ય સભ્યો સાથે, તમને સેટ ૧ માં સમાવિષ્ટ નાટકની પ્રવૃત્તિઓ, જે ખાસ કરીને પાઠના વિષયો સાથે સંબંધિત છે તેના તરફ નજર કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. તમે દરેકનો પરિચય કેવી રીતે આપી શકો છો, તેના ઉદ્દેશો કેવી રીતે સમજાવી શકો છો અને તેને અમલમાં મૂકવા માટે સૂચનાઓ કેવી રીતે આપી શકો છો? ઉદાહરણ તરીકે, પાઠ ૧.૧ માં, બાળકોને સમજવામાં મદદ કરવા માટે તમે શું કહી શકો છો કે બધી સર્જિત વસ્તુઓ, તેમના અસ્તિત્વ દ્વારા, પરમેશ્વરને પ્રાર્થના કરી રહી છે? જ્યારે તેઓ મકાઈના ખેતર, અથવા કોઈ અન્ય પાક, જે સુકાઈ જાય છે પરંતુ પછી વરસાદ પડે છે, તેનું નાટક કરે છે ત્યારે તમે તેમને કેવી રીતે માર્ગદર્શન આપશો?

પાઠ ૧.૨ માં, નાટક સંબંધિત પ્રવૃત્તિઓનો બીજો સેટ બાળકોના મનમાં એ વિચારને મજબૂત બનાવવાનો છે કે પ્રાર્થનાથી વ્યક્તિને શક્તિ મળે છે. તમે બાળકોને આ પ્રવૃત્તિઓ કેવી રીતે સમજાવશો જે તેમને આ હેતુ સમજવામાં મદદ કરશે?

પાઠ ૧.3 ની વાત કરીએ તો, પ્રવૃત્તિઓનો બીજો સેટ તમને પ્રાર્થના દરમિયાન બાળકોએ કેવા વલણ દર્શાવવા જોઈએ તે અંગે અગાઉના પ્રસંગોએ કરેલી ઘણી વાતચીતોના આધારે નિર્માણ કરવામાં સક્ષમ બનાવશે. તમે કેવી રીતે ખાતરી કરશો કે, સૂચવેલ પ્રવૃત્તિઓ હાથ ધરતી વખતે, તમારા વિદ્યાર્થીઓ અમુક અંશે આ વિચારને સમજે છે કે આપણે બાહ્ય રીતે જે આદર બતાવીએ છીએ તે ઈશ્વરના શબ્દની સુંદરતા અને મહિમાની સમજમાંથી જન્મે છે?

## વિભાગ ૧૫

ધોરણ ૧ માં બાળકો દ્વારા કરવામાં આવેલી કલાત્મક પ્રવૃત્તિઓએ સુંદરતા અને વ્યવસ્થા પ્રત્યેની તેમની સમજમાં વધારો કર્યો અને તેમનામાં કેટલીક મહત્વપૂર્ણ કુશળતા અને ક્ષમતાઓનો વિકાસ કર્યો, જેમાં વિગતો પર ધ્યાન આપવું અને હાથ પરના કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું સામેલ છે. આ કુશળતા અને ક્ષમતાઓનો અહીંના પાઠમાં વધુ વિકાસ કરવામાં આવશે. દરેક સેટમાં કલાના એક મૂળભૂત તત્વ પર કેન્દ્રિત પ્રવૃત્તિઓની શ્રેણી સામેલ છે. દરેક પાઠમાં, બાળકો પહેલા એક કે બે પ્રવૃત્તિઓ હાથ ધરશે જેથી તેઓ સંબોધિત તત્વથી વધુ સારી રીતે પરિચિત થાય અને તેનો ઉપયોગ કરવામાં વધુ કુશળ બને. ત્યારબાદ તેમને પાઠના વિષયના કેટલાક પાસા સાથે સંબંધિત એક સરળ છબી બનાવવા માટે તેઓ જે શીખ્યા છે તેને લાગુ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવશે.

સેટ ૧ માં આપેલી પ્રવૃત્તિઓનું પુનરાવર્તન કરો, જે કલામાં "રેખા"ના તત્વ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. દરેક પાઠ પહેલાં તમને કઈ તૈયારીઓ કરવાની જરૂર પડશે? તમે બાળકોને વિવિધ પ્રવૃત્તિઓનો હેતુ અને તેમની પાસેથી શું અપેક્ષા રાખવામાં આવે છે તેનું વર્ણન કેવી રીતે કરશો?

પાઠ ૧.૧: ______________________________

______________________________

______________________________

______________________________

______________________________

પાઠ ૧.૨: ______________________________

______________________________

______________________________

______________________________

______________________________

પાઠ ૧.3: ______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## વિભાગ ૧૬

પહેલા પાઠોના સેટની પ્રવૃત્તિઓની સમીક્ષા કર્યા પછી, આ અભ્યાસક્રમમાં: પ્રાર્થનાનો પરિચય આપવા જે પ્રાર્થના બાળકો મોઢે કરે એવી અપેક્ષા રાખવામાં આવે છે, દરેક પાઠના મુખ્ય વિષયનું વર્ણન કરવા, અવતરણોનો અર્થ સમજવા માટે ચાવીરૂપ શબ્દો અને શબ્દસમૂહો સમજાવવા, તમે પસંદ કરેલા ગીતો ગાવા, વાર્તાઓ કહેવા અને નાટક અને કલાત્મક પ્રવૃત્તિઓ રજૂ કરવા અંગે તમારા સાથી સહભાગીઓ સાથે મળીને, બાળકોને શીખવવાની પ્રેક્ટિસ કરવા માટે થોડો સમય કાઢો.

સેટ ૨ અને ૩ નું પુનરાવર્તન કર્યા પછી તમે તમારા અભ્યાસ જૂથના સભ્યો સાથે સમાન કવાયત કરવાની ઈચ્છા રાખી શકો છો.

## વિભાગ ૧૭

હવે આપણે સેટ ૨ ના પાઠોનું પુનરાવર્તન શરૂ કરીશું, જે ઈશ્વરનો પ્રેમ અને તેમના આદેશો અને ઉપદેશોનું પાલન કરવા સાથે સંબંધિત છે. પ્રાર્થના સંબંધિત અગાઉના સેટમાં ચર્ચા કરાયેલા વિચારો પર આધારિત, આ પાઠોનો હેતુ બાળકોને ઈશ્વરના આદેશોનું સ્વરૂપ અને તેનું પાલન કરવાના મહત્વ વિશે વિચાર કરવામાં મદદ કરવાનો છે. પાઠોનું પુનરાવર્તન કરવું અને તેમાં ચર્ચા કરવામાં આવેલા મુખ્ય ખ્યાલો નીચે આપેલી ખાલી જગ્યામાં લખવાનું તમારા માટે ઉપયોગી પુરવાર થઈ શકે છે.

પાઠ ૨.૧: ________________________________

પાઠ ૨.૨: ________________________________

પાઠ ૨.3: ________________________________

દરેક પાઠમાં ચર્ચા કરવામાં આવેલ મુખ્ય ખ્યાલ એકબીજા પાઠના ખ્યાલની સમજ વધારવામાં કેવી રીતે પુનઃબળ પૂરું પડે છે?

## વિભાગ ૧૮

આ ત્રણ પાઠ દરમિયાન બાળકો જે પ્રાર્થના મોઢે કરશે તે નીચે આપેલી છે. હંમેશની જેમ, તમે તેમને મુખ્ય શબ્દો અને શબ્દસમૂહોનો અર્થ સમજવામાં મદદ કરવાની ઈચ્છા રાખશો. તમારા વિદ્યાર્થીઓ માટે કયા શબ્દો અપરિચિત હોઈ શકે છે? તમે તેમને કેવી રીતે સમજાવી શકશો?

> **"હે મારા પરમેશ્વર! હે મારા પરમાત્મા! તારા સેવકોના હૃદયો એક કર અને એમની સમક્ષ તારો મહાન ઉદ્દેશ પ્રગટ કર. તેઓ તારા આદેશો માને અને તારા કાયદાઓનું પાલન કરે. હે ભગવાન! તેમના પુરુષાર્થમાં સહાયક બન, તારી સેવા કરવાની એમને શક્તિ આપ. હે પ્રભુ, એમને એકલા ન છોડી દે, બલ્કે તારા જ્ઞાનના પ્રકાશથી એમના ચરણોને માર્ગ દેખાડ અને તારા પ્રેમથી એમના હૃદયોને હર્ષિત કર. તું જ ખરેખર એમનો સહાયક અને સ્વામી છે."**[૮]

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

## વિભાગ ૧૯

હવે ચાલો આપણે સેટ ૨ ના ત્રણ પાઠના વિષયો પર વિચાર કરીએ. જેમ તમને યાદ હશે તેમ, આ પુસ્તકના પહેલા એકમના વિભાગ ૯ થી ૧૩ માં, તમને ઈશ્વરના આદેશોનું સ્વરૂપ તથા આજ્ઞાપાલન અને પ્રેમ વચ્ચેના સંબંધ વિશે તમારી પોતાની સમજણને વધુ ગાઢ બનાવવાની તક આપવામાં આવી હતી. તમે ત્યાં એ પણ ચિંતન કર્યું હતું કે આધ્યાત્મિક ગુણોની પ્રાપ્તિ તેમના આદેશોના પાલનમાં કેવી રીતે ફાળો આપે છે અને આ કાયદાઓનું પાલન તેના પરિણામે, આવા ગુણોના વિકાસને કેવી રીતે પ્રોત્સાહન આપે છે. આ સંદર્ભમાં, જેમ તમે સેટ ૧ ના પાઠ માટે કર્યું હતું તેમ,તમારા અભ્યાસ જૂથના અન્ય સભ્યો સાથે મળીને

દરેક પાઠમાં પ્રારંભિક વિધાન અને મોઢે કરવાના અવતરણની સમીક્ષા કરો, અને નીચેના પ્રશ્નોની ચર્ચા કરો:

a. પાઠ ૨.૧ માં કિલ્લાનું ઉદાહરણ બાળકોને તેમના માટે ઈશ્વરના પ્રેમની ખાતરી રાખવામાં વધારો કરવામાં કેવી રીતે મદદ કરશે?

b. તમે બાળકોને કેવી રીતે સમજાવી શકો છો કે ઈશ્વરના માર્ગદર્શનને અનુસરવાથી અને તેમના ઉપદેશો અનુસાર જીવવાથી ખુશી મળે છે?

c. બાળકો માટે એ સમજવું શા માટે મહત્વપૂર્ણ છે કે આપણે ઈશ્વર પ્રત્યેના પ્રેમને કારણે તેમના આદેશોનું પાલન કરીએ છીએ, જેના મુખ્ય વિચારની પાઠ ૨.૨ માં ચર્ચા કરવામાં આવી છે?

d. તમે બાળકોને કેવી રીતે સમજાવશો કે, ઈશ્વરની આજ્ઞાઓનું પાલન કરીને, આપણે વફાદારી, હિંમત અને દૃઢતા જેવા આધ્યાત્મિક ગુણો વિકસાવીએ છીએ?

e. પાઠ ૨.૩ માં આપેલી સમજૂતી બાળકોને ઈશ્વરના કાયદાને તેમની પ્રેમાળ ઉદારતા (વિધાતા)ના દીવા તરીકે જોવામાં કેવી રીતે મદદ કરશે?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

અહીં એ ઉલ્લેખ કરવો મદદરૂપ થશે કે બહાઉલ્લાહે માનવજાત માટે પરમેશ્વરનું માર્ગદર્શન કાયદા, નિયમો, ઉપદેશો અને સિદ્ધાંતો સહિત અનેક સ્વરૂપોમાં પ્રગટ કર્યું છે. સામાન્ય રીતે, આ સેટના ત્રણ પાઠોમાં, "આજ્ઞાઓ" અને "કાયદાઓ" શબ્દોનો ઉપયોગ સમાવેશક અર્થમાં થાય છે. તેમ છતાં, તમારે યાદ રાખવું જોઈએ કે, ઉદાહરણ તરીકે, "કાયદો" અને "ઉપદેશ" વચ્ચે તફાવત છે, ખાસ કરીને પાઠ ૨.૩ શીખવતી વખતે, જ્યાં તમે જોયું તેમ, તમે ચોક્કસ આદેશો બાળકોના ધ્યાન પર લાવશો. આ અભ્યાસક્રમમાં તમારા સાથી સહભાગીઓ સાથે ચર્ચા કરો કે તમે નીચે આપેલા દરેક કાયદા વિશે તમારા વિદ્યાર્થીઓને કેવી રીતે સમજાવશો.

– નિંદાની વિરુદ્ધનો આદેશ

– પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતાની વિરુદ્ધનો આદેશ

– વિનમ્ર બનવાનો આદેશ

હવે, અવતરણોના અર્થને સમજવા માટે શોધી કાઢેલા ચાવીરૂપ શબ્દો અને શબ્દસમૂહો જુઓ અને દરેક માટે તૈયાર કરવામાં આવેલા વાક્યો ફરીથી વાંચો. પછી નીચે એક કે બે વધારાના વાક્યો લખો જેમાં શબ્દ અથવા શબ્દસમૂહનો તમારા વિદ્યાર્થીઓ પરિચિત હોય એવા સંદર્ભમાં ઉપયોગ કરવામાં આવ્યો હોય.

દુર્ગ: ______________________________________________

______________________________________________

______________________________________________

સલામત અને સુરક્ષિત: ______________________________________________

______________________________________________

______________________________________________

નાશ પામવું: ______________________________________________

______________________________________________

______________________________________________

સર્વશક્તિમાન: ______________________________

______________________________

______________________________

સંબોધન: ______________________________

______________________________

______________________________

પાલન કરવું: ______________________________

______________________________

______________________________

આજ્ઞાઓ: ______________________________

______________________________

______________________________

નિશ્ચિતપણે: ______________________________

______________________________

______________________________

પ્રેમાળ ઉદારતા (વિધાતા): ______________________________

______________________________

______________________________

જીવો/સૃષ્ટિ: ______________________________

______________________________

______________________________

## વિભાગ ૨૦

હવે જ્યારે તમે આ પાઠોમાં રજૂ કરાયેલા વિચારો વિશે વધુ ચર્ચા કરી છે, તો તમે તમારા સાથી શિક્ષકો સાથે કેટલાક ગીતો નક્કી કરી શકો છો જે દરેકના વિષયની સમજમાં વધારો કરી શકે. "હું ખુશ રહેવા માંગુ છું" ગીત આપેલ સંકલનમાંથી એક ઉદાહરણ છે.

પાઠ ૨.૧: ______________________________

______________________________

______________________________

પાઠ ૨.૨: ______________________________

______________________________

______________________________

પાઠ ૨.૩: ______________________________

______________________________

______________________________

## વિભાગ ૨૧

હંમેશની જેમ, આ સેટના દરેક પાઠમાં એક વાર્તા સામેલ છે જે બાળકોને તેના મુખ્ય વિષય વિશે થોડી સમજ આપશે. ત્રણ વાર્તાઓ ફરીથી વાંચ્યા પછી, તમારા જૂથ સાથે નીચેના પ્રશ્નોની ચર્ચા કરો.

પાઠ ૨.૧ માં માર્થા રૂટની વાર્તા છે; તે લેટિન અમેરિકામાં પ્રભુધર્મનું શિક્ષણ આપવા માટે તેણે કરેલી જોખમી યાત્રા દરમિયાન ઈશ્વર પરનો તેનો વિશ્વાસ દર્શાવે છે. તમે બાળકોને માર્થા રૂટ કોણ હતી અને તેની મુસાફરીનો હેતુ શું હતો તેના વિશે કેવી રીતે સમજાવશો? તમે માર્થા રૂટના અનુભવને એ વિચાર સાથે કેવી રીતે સાંકળશો કે ઈશ્વરનો પ્રેમ એક કિલ્લો જેવો છે? જો બાળકોને વાર્તાનો મુખ્ય વિષય સમજવો હોય તો વાર્તાના વર્ણનમાં કઈ વિગતો પર ભાર મૂકવો મહત્વપૂર્ણ રહેશે?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

પાઠ ૨.૨ હાજી મહમદના જીવનની એક વાર્તા કહે છે, જેમાં એક પ્રસંગનું વર્ણન કરવામાં આવ્યું છે જ્યારે તેમણે સ્વયંભૂ અને આનંદપૂર્વક બહાઉલ્લાહની સૂચનાઓનું પાલન કર્યું હતું. બાળકોને ઈશ્વરમાં વિશ્વાસ અને તેમના આદેશોનું પાલન વચ્ચેના સંબંધને સમજવામાં મદદ કરવા માટે કઈ વિગતો આપવી મહત્વપૂર્ણ રહેશે? તમે તેમને કેવી રીતે સમજવામાં મદદ કરશો કે હાજી મહમદનું આશીર્વાદિત સૌંદર્યની ઇચ્છાઓનું સંપૂર્ણ પાલન તેમના પ્રત્યેની ભક્તિ અને પ્રેમમાંથી જન્મ્યું હતું?

______________________________

______________________________

સેટ ૨ ના આગામી અને અંતિમ પાઠમાં આપેલી વાર્તા પણ હાજી મહમદના જીવનમાંથી લેવામાં આવી છે. પરંતુ, એક પ્રસંગ, જે તેમના જીવનની શરૂઆતમાં બન્યો હતો, તેમાં આપણે જોઈએ છીએ કે તેમની પોતાની ઇચ્છા તેમને બહાઉલ્લાહની ઇચ્છાઓનું પાલન કરવાથી રોકતી હતી. તમે બાળકોના મનમાં ઈશ્વરની આજ્ઞાઓનું પાલન કરવા અને તેમના કાયદાઓનું પાલન કરવા માટે સક્ષમ બનાવતા ગુણો વિકસાવવાના મહત્વની સમજને મજબૂત બનાવવા માટે આ વાર્તા કેવી રીતે કહી શકો છો?

## વિભાગ ૨૨

કોઈ વ્યક્તિ જ્યારે ઈશ્વરની આજ્ઞાઓનું ચુસ્તપણે પાલન કરવાનું શીખે છે, ત્યારે ઘણા આધ્યાત્મિક ગુણોનો વિકાસ થાય છે. આ મુખ્ય વિષયના સંદર્ભમાં આપણે અગાઉના એકમમાં ત્રણ ગુણોની સમીક્ષા કરી હતી તે સંતોષ, હિંમત અને વફાદારી હતા, અને તે ફરીથી સેટ ૨ ના પાઠમાં તમારા ધ્યાન પર લાવવામાં આવ્યા છે. તમારા જૂથ સાથે ચર્ચા કરો કે, આ ત્રણ પાઠ શીખવતી વખતે, તમે વિદ્યાર્થીઓ સાથેની તમારી વાતચીતમાં - ખાસ કરીને મોઢે કરવા અને વાર્તા કહેવાના સમયગાળા દરમિયાન આ ગુણો સાથે સંબંધિત વિચારોનો કેવી રીતે સમાવેશ કરી શકો છો અને તેમને ધોરણ ૧ માં મોઢે કરેલા તેના પછી આપેલા શ્લોકોનું પુનરાવર્તન કરવા માટે પ્રોત્સાહિત કરો. નીચેની ખાલી જગ્યામાં તમારા થોડા વિચારો લખો.

## વિભાગ ૨૩

સેટ ૨ માં દરેક પાઠની નાટકની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન કરો અને પહેલા સેટની જેમ તેનું વિશ્લેષણ કરો. તમારા સાથી શિક્ષકો સાથે ચર્ચા કરો કે તમે પ્રવૃત્તિઓ કેવી રીતે રજૂ કરી શકો છો, તેમના ઉદ્દેશો સમજાવી શકો છો અને તેમને અમલમાં મૂકવા માટે, ખાસ કરીને મુખ્ય વિષય સાથે સંબંધિત સૂચનાઓ આપી શકો છો.

ઉદાહરણ તરીકે, પાઠ ૨.૧ માં, તમે વર્ગની કેવી રીતે ગોઠવણી કરશો જેથી બધા બાળકોને ત્રણ ત્રણની ટીમમાં સરળ દૃશ્યો ભજવવાની તક મળે જે તેમને ઈશ્વરને ખુશ કરતી ક્રિયાઓ વિશે વિચારવામાં મદદ કરે? શું કોઈ વધારાના દૃશ્યો છે જે તમે બાળકો સમક્ષ રજૂ કરી શકો છો?

પાઠ ૨.૨ ના મુખ્ય વિષય સાથે સંબંધિત નાટકની પ્રવૃત્તિ બાળકોને હાજી મહમદની જહાજમાં અક્કાથી જેદ્દાહ સુધીની મુસાફરીનું બે અલગ અલગ રીતે નાટક કરવા માટે કહે છે: પહેલાં વહાણ પર નિરાશ મુસાફરો હોવાનો દેખાવ કરવો અને પછી હાજી મહમદે ઈશ્વરમાં જે વિશ્વાસ દર્શાવ્યો હતો તે જ વિશ્વાસ દર્શાવવો. બે પરિસ્થિતિઓમાં તેમની ક્રિયાઓ કેવી રીતે અલગ હશે તે વિચારવામાં તમારા વિદ્યાર્થીઓને મદદ કરવા માટે તમે શું કહેશો?

છેલ્લે, પાઠ ૨.૩ માં તમે બાળકોને નાટક માટે કેવી રીતે તૈયાર કરશો, જેમાં તેઓ બે-બેની ટીમમાં તેમની માતા માટે શાકભાજી ખરીદવા માટે બજારમાં એક કાલ્પનિક મુસાફરી (સફર)નું નાટક કરશે? શું તમે આજ્ઞાપાલન સાથે સંબંધિત બીજી કોઈ વાર્તાઓ જાણો છો જેના વિશે તેઓ નાટક કરી શકે? જો કોઈ શિક્ષક બાળકોને વાર્તા શું શીખવવાનો પ્રયાસ કરી રહી છે તે અંગે જાગૃત કર્યા વિના ફક્ત આ પ્રકારની પ્રવૃત્તિ કરવાનું કહે તો શું થશે?

## વિભાગ ૨૪

હવે સેટ ૨ ના ત્રણ પાઠમાં આપેલી કલાત્મક પ્રવૃત્તિઓનું પુનરાવર્તન કરો, જેમાં "આકાર"ના તત્વનો સમાવેશ કરવામાં આવ્યો છે. તમે બાળકોને દરેક પ્રવૃત્તિનો હેતુ અને તેમની પાસેથી શું અપેક્ષા રાખવામાં આવે છે તેના વિશે કેવી રીતે સમજાવશો? દરેક પાઠના આ ભાગ માટે તમે અગાઉથી કેવી રીતે તૈયારી કરશો?

પાઠ ૨.૧: ____________________

____________________

____________________

____________________

____________________

પાઠ ૨.૨: ____________________

____________________

____________________

____________________

____________________

પાઠ ૨.3: ____________________

____________________

____________________

____________________

____________________

## વિભાગ ૨૫

સેટ 3 ના પાઠમાં, બાળકોને એ વિચારથી પરિચિત કરવામાં આવશે કે ઈશ્વરને ઓળખવા અને તેમને પ્રેમ કરવા માટે તેમનું સર્જન કરવામાં આવ્યું છે અને તેમના અવતારો દ્વારા અને તેમની સૃષ્ટિના અભ્યાસ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવું એ તેમના જીવનનો મુખ્ય વ્યવસાય હશે. તમે તેમનામાં પહેલાથી જ રહેલી જ્ઞાનની તરસને મજબૂત કરવાનો પ્રયાસ કરશો અને માનવજાતના ભલા માટે જ્ઞાનનો ઉપયોગ કરવાના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરશો. વધુમાં, તમે તેમની સાથે વાસ્તવિકતાની શોધ કરવા માટે જરૂરી ગુણો અને લક્ષણો પર વિચાર કરશો. આ વિચારોને ધ્યાનમાં રાખીને, તમારે હવે આ સેટના પાઠો પર એક નજર કરવી જોઈએ અને દરેકમાં વર્ણવેલ મુખ્ય ખ્યાલો નીચે લખવા જોઈએ.

પાઠ 3.૧: ____________________

____________________

____________________

____________________

પાઠ 3.૨: ____________________

____________________

____________________

____________________

પાઠ ૩.૩: ______________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

હવે જ્યારે તમે પાઠમાં ચર્ચા કરવામાં આવેલા ખ્યાલોથી પરિચિત છો, ત્યારે તમે નીચેના વિભાગોના અભ્યાસમાં આગળ વધી શકો છો, જે તમને આગળના કાર્યની તૈયારી કરવામાં મદદ કરશે.

## વિભાગ ૨૬

આ ત્રણ પાઠ દરમ્યાન બાળકોને નીચે આપેલી પ્રાર્થના મોઢે કરવામાં મદદ કરવાનું તમને સૂચન કરવામાં આવે છે. તેમને પ્રાર્થના મોઢે કરવાનું કહેતા પહેલાં, તમારે હંમેશની જેમ, તેમને એવા મુખ્ય શબ્દો અને શબ્દસમૂહો સમજવામાં મદદ કરવી જોઈએ જે તેમના માટે નવા અથવા મુશ્કેલ હોઈ શકે છે. તમારા જૂથના સભ્યો સાથે આવા કોઈ શબ્દો અને શબ્દસમૂહો શોધી કાઢો અને તેનો અર્થ કેવી રીતે સમજાવવો તે વિચારો.

> "હે મારા ભગવાન! હે મારા ભગવાન! તું આ બાળકોને જુએ છે, તે જીવનના વૃક્ષની ડાળીઓ છે, મોક્ષના હરિયાળા ઉપવનના પક્ષીઓ છે, તારી કૃપાના મહાસાગરના મોતી છે, તારા માર્ગદર્શનના બાગના ગુલાબ છે.
>
> "હે ભગવાન! અમારા પ્રભુ! અમે તારા સ્તુતિગાન કરીએ છીએ, તારી પવિત્રતાની સાક્ષી આપીએ છીએ અને તારી દયાના સ્વર્ગ સમક્ષ આતુરતાથી વિનંતી કરીએ છીએ કે તે અમને માર્ગદર્શનના પ્રકાશ બનાવે, માનવજાતમાં શાશ્વત મહિમાની ક્ષિતિજ પર ચમકતા તારા બનાવે, અને તારા તરફથી વહેતું જ્ઞાન શીખવે. યા બહા'ઉલ-અભા!"[૯]

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

## વિભાગ ૨૭

જેમ તમને યાદ હશે તેમ, પાછલા એકમના વિભાગ ૧૪ થી ૧૯ જ્ઞાન પ્રાપ્ત કરવાના મુખ્ય વિષય અને બાળકોના જીવનમાં ઇચ્છનીય શૈલી અને ટેવો વિકસાવવામાં તેનો ઉપયોગ કેવી ભૂમિકા ભજવે છે તેના પર કેન્દ્રિત હતા. ત્યાં ચર્ચા કરવામાં આવેલ એક મુખ્ય વિચાર એ છે કે આપણે બે સ્ત્રોત - પ્રકટીકરણનું પુસ્તક અને સૃષ્ટિનું પુસ્તક -માંથી જ્ઞાન મેળવીએ છીએ, એવું જ્ઞાન જે આપણે પ્રાપ્ત કરીએ છીએ, ફેલાવીએ છીએ અને સભ્યતાના વિકાસ માટે લાગુ કરીએ છીએ. ઈશ્વરનું જ્ઞાન અને તેમના ઉપદેશોનું પાલન વચ્ચેના પરસ્પર મજબૂત સંબંધના પ્રકાશમાં, આ સેટના ત્રણ પાઠ સેટ ૨ માં આપેલા પાઠોને અનુસરે છે, જે ઈશ્વરના આદેશોનું પાલન કરવાના ખ્યાલની આસપાસ પરિભ્રમણ કરે છે. આ વિચારોને ધ્યાનમાં રાખીને, હવે તમને પાઠ ૩.૧, ૩.૨ અને ૩.૩ માં સંક્ષિપ્ત પરિચયાત્મક નિવેદનો અને મોઢે કરવા માટેના અવતરણોનું પુનરાવર્તન કરવાનું કહેવામાં આવે છે. તમે દરેક વિષયને કેવી રીતે રજૂ કરશો તે વિશે વિચારવામાં મદદ કરવા માટે, તમારા અભ્યાસ જૂથ સાથે નીચેના પ્રશ્નોની ચર્ચા કરો:

a. પાઠ ૩.૧ માં જણાવ્યા મુજબ, બાળકો સમજે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે આપણે તેમના અવતારો દ્વારા ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ, જે આપણી સમક્ષ તેમના ઉપદેશો લાવે છે. આ સમજણ ઈશ્વર પ્રત્યેના તેમના પ્રેમ અને તેમને ખુશ કરવાની તેમની ઇચ્છાને કેવી રીતે મજબૂત બનાવે છે?

________________________________________
________________________________________
________________________________________
________________________________________

b. શું તમે શરૂઆતના નિવેદનમાં આપેલા ઉદાહરણો ઉપરાંત, કેટલાક ઉદાહરણો વિચારી શકો છો જે બાળકોને ઈશ્વર દ્વારા સર્જિત દરેક વસ્તુમાં તેમની સંપૂર્ણતાના સંકેતોને સમજવામાં મદદ કરશે?

________________________________________
________________________________________
________________________________________
________________________________________

c. પાઠ ૩.૨ માં આપેલ "વિજ્ઞાન અને કલાનું જ્ઞાન" શબ્દનો અર્થ શું છે તે સમજવામાં બાળકોને મદદ કરવા માટે તમે કયા ઉદાહરણો આપી શકો છો?

________________________________________
________________________________________

d. ઈશ્વરના અવતારો દ્વારા આપણને મળતા આધ્યાત્મિક જ્ઞાનના કેટલાક ઉદાહરણો કયા છે?

e. આપણા સમુદાયોને સુધારવા માટે જ્ઞાનનો ઉપયોગ કરવાનો અર્થ શું છે તે તમે બાળકોને કેવી રીતે સમજાવી શકો છો?

f. જ્ઞાન એક કિલ્લો જેવું છે તે સમજવામાં તમે બાળકોને કેવી રીતે મદદ કરી શકો છો?

g. પાઠ ૩.૩ માં જણાવ્યા મુજબ, બાળકો માટે એ સમજવું શા માટે મહત્વપૂર્ણ છે કે આપણે ગમે તેટલું શીખીએ, છતાં અમુક બાબતોની આપણી સમજ હંમેશા અધૂરી રહે છે?

h. સત્યના શોધકને એવી વ્યક્તિ સાથે કેવી રીતે સરખાવી શકાય જે કોઈ પણ દિવામાંથી પ્રકાશ પ્રગટ થતો હોય તેની પરવા કર્યા વિના પ્રકાશ શોધે છે, બાળકોએ જ્ઞાનની શોધ કરવા માટે કયા જરૂરી ગુણો વિકસાવવા જોઈએ તે સમજવામાં મદદ કરે છે?

i. બાળકોને કેવી રીતે સમજવામાં મદદ કરી શકાય કે જ્ઞાનની શોધ વર્ગખંડની બહાર વિસ્તરે છે અને એવા વલણ અને ગુણો પ્રાપ્ત કરે છે જે તેમને તેમના જીવનભર શીખવા માટે સક્ષમ બનાવશે?

આ સેટમાં બાળકોને મોઢે કરવાના અવતરણોનો અર્થ સમજવા માટે આપેલા વાક્યોનું પુનરાવર્તન કરવા તમને પ્રોત્સાહિત કરવામાં આવે છે. દરેક શબ્દ માટે, એક કે બે વધારાના વાક્યો લખો જે તેને તમારા વિદ્યાર્થીઓ પરિચિત હોય એવા સંદર્ભમાં મૂકે.

ઉદ્દેશ:

પ્રાપ્ત કરવું:

હાજરી (સાંનિધ્ય):

દરેક પ્રયત્ન કરવો:

સમજણ:

પૂરી તાકાત લગાવવી:

સિદ્ધિઓ: ______________________________

______________________________

______________________________

મહત્તમ: ______________________________

______________________________

______________________________

ક્ષમતા: ______________________________

______________________________

______________________________

પુરુષાર્થ (સખત પ્રયત્ન): ______________________________

______________________________

______________________________

## વિભાગ ૨૮

આ ત્રણ પાઠમાં બાળકો જે અવતરણો મોઢે કરવાના છે તેના પર વિચાર કર્યા પછી, તમને દરેક પાઠના મુખ્ય વિષય સાથે સંબંધિત બે કે ત્રણ ગીતો શોધી કાઢવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ગીતોના આપેલા સંકલનમાંથી "હે જિજ્ઞાસુ" અને “શુદ્ધ તાહીરા”, યોગ્ય પસંદગી હોઈ શકે છે.

પાઠ ૩.૧: ______________________________

______________________________

______________________________

પાઠ ૩.૨: ______________________________

______________________________

______________________________

પાઠ ૩.૩: ______________________________

______________________________

______________________________

## વિભાગ ૨૯

ચાલો આપણે આ સેટના પાઠ સાથે જોડાયેલી વાર્તાઓ તરફ ધ્યાન આપીએ, જેનો હેતુ તેમના મુખ્ય વિષયો સમજાવવાનો છે. વાર્તાઓ ફરીથી વાંચ્યા પછી, તમારા અભ્યાસ જૂથના સભ્યો સાથે નીચેના પ્રશ્નોની ચર્ચા કરો.

પાઠ ૩.૧ માં દિવ્યાત્મા બાબની મુલાકાત લેવા અને તેમણે કરેલા દાવા સાચા હતા કે કેમ તે નક્કી કરવા માટે ઈરાનના રાજા દ્વારા વાહિદને સોંપવામાં આવેલા મિશનની વાર્તા કહેવામાં આવી છે. બાળકોને વાર્તાનું અનુસરણ કરવામાં મદદ કરવા માટે તમે તમારા વર્ણનમાં કઈ વિગતોનો સમાવેશ કરશો? વાર્તા તેમને ઈશ્વરના અવતારો પાસેથી જ્ઞાન મેળવવાનો અર્થ શું છે તે સમજવામાં અને આ સંદર્ભમાં વિનમ્રતાના મહત્વને કેવી રીતે સમજવામાં મદદ કરશે?

પાઠ ૩.૨ માં, બાળકો અમેરિકન ડૉક્ટર સુજેન મૂડીના બલિદાનપૂર્ણ પ્રયાસો વિશે શીખશે, જેમણે 'અબ્દુલ-બહા'ની સૂચનાનું પાલન કરીને ઈરાન જવાનો નિર્ણય લીધો હતો. તમે તમારા વર્ણનમાં વાર્તાના કયા પાસાઓ પર ભાર મૂકશો જેથી બાળકોમાં જ્ઞાન પ્રાપ્ત કરવાની અને તેને બીજાના લાભ માટે લાગુ કરવાની ઇચ્છાને મજબૂત બનાવવામાં આવે? ડૉ. મૂડીએ ઈરાનના લોકો, ખાસ કરીને સ્ત્રીઓ અને છોકરીઓના જીવનની સુધારણા માટે પોતાના જ્ઞાનનો ઉપયોગ કરવામાં કયા ગુણો દર્શાવ્યા હતા?

પાઠ ૩.૩ માં, વિદ્યાર્થીઓ બહાઈ ઇતિહાસની બીજી બહાદુર મહિલા, પ્રખ્યાત તાહીરા વિશે શીખશે. વાર્તા તાહીરાએ સામનો કરેલા વિશાળ પડકારો છતાં તેનો સત્ય પ્રત્યેનો પ્રેમ અને જ્ઞાન મેળવવાની ઉત્સુકતાનું કેવી રીતે વર્ણન કરે છે? વાર્તા કહેવામાં તમે કયા વિચારો

પર ભાર મૂકશો જેથી બાળકોની સત્યની શોધ માટે પ્રયત્ન કરવાની પોતાની ઇચ્છા મજબૂત થાય?

## વિભાગ ૩૦

પાછલા એકમમાં, આપણે ચાર ગુણો - ખાસ કરીને વિનમ્રતા, શુદ્ધતા, સત્યવાદિતા અને ન્યાય – સત્યની શોધ કરવાના આપણા પ્રયત્નોમાં આપણને કેવી રીતે દૃઢ કરે છે અને દોરવણી આપે છે તેના પર ચિંતન કર્યું હતું, અને સેટ ૩ ના પાઠમાં તમને તેમના મહત્વની યાદ અપાવવામાં આવી છે. જેમ જેમ તમે આ પાઠ શીખવો છો, તેમ તેમ, તમે બાળકોની જ્ઞાન પ્રાપ્ત કરતી વખતે આ અને અન્ય આધ્યાત્મિક ગુણો પ્રગટ કરવાના મહત્વ વિશે જાગૃતિમાં વધારો કરવાની ઈચ્છા રાખો છો. તમારા જૂથના અન્ય સભ્યો સાથે નક્કી કરવા માટે થોડો સમય કાઢો કે પાઠમાં ક્યાં આવું કરવું સ્વાભાવિક હોઈ શકે છે - ઉદાહરણ તરીકે, મોઢે કરવાના અવતરણોનો પરિચય આપતી વખતે કે વાર્તાઓ સંભળાવતી વખતે. નીચે આપેલી ખાલી જગ્યામાં તમારા થોડા વિચારો લખો. એ પણ યાદ રાખો કે તમે તમારા વિદ્યાર્થીઓને ઉપર ઉલ્લેખિત ગુણો સાથે સંબંધિત ધોરણ ૧ માં તેમણે મોઢે કરેલા શ્લોકો યાદ કરાવવા માંગતા હશો.

## વિભાગ ૩૧

સેટ ૩ ના નાટકને લગતા સ્વાધ્યાય દરમિયાન બાળકોને માર્ગદર્શન આપવા માટે, હવે તમારા સાથી શિક્ષકો સાથે તેમનું પુનરાવર્તન કરો. પછી નક્કી કરો કે તમે તમારા વિદ્યાર્થીઓને તેમના ઉદ્દેશો કેવી રીતે સમજાવશો, તેમને કેવી રીતે દરેક પ્રવૃત્તિના પગલામાં માર્ગદર્શન આપશો અને તેમને સ્પષ્ટ સૂચનાઓ કેવી રીતે આપશો.

પાઠ ૩.૧ ના વિષય સાથે સંબંધિત નાટકની પ્રવૃત્તિમાં, બાળકોને કહેવામાં આવે છે કે આપણે બધી સર્જિત વસ્તુઓમાં પરમેશ્વરના ચિહ્નો જોઈ શકીએ છીએ. પછી તેમને પર્વત, ફૂલ અથવા વાદળ જેવા પ્રકૃતિના તત્વની કલ્પના કરવા અને તે મુજબ અભિનય કરવા કહેવામાં આવે છે. પાઠમાં ઉલ્લેખિત દરેક તત્વ અને આ પ્રવૃત્તિ માટે તમે જે અન્ય તત્વો સૂચવી શકો છો તે પરમેશ્વરના ચિહ્નો કેવી રીતે પ્રગટ કરે છે તે અંગે થોડો વિચાર કરવો તમારા માટે અહીં યોગ્ય રહેશે.

પાઠ ૩.૨ માં, તમે બાળકો સમક્ષ કેટલીક કાલ્પનિક પરિસ્થિતિઓ રજૂ કરશો જેમાં ચોક્કસ પાત્રો સુજેન મૂડીના સંપર્કમાં આવે છે. ત્યારબાદ બાળકોને ડૉ. મૂડીના ગુણો વિશે વિચારવાની અને આ પાત્રોના દ્રષ્ટિકોણથી તેમનું વર્ણન કરવાની જરૂર પડશે. આ સ્વાધ્યાયમાંથી બાળકો શું શીખશે એવું તમને લાગે છે?

પાઠ ૩.૩ માં નાટકની પ્રવૃત્તિઓનો બીજો ભાગ તમારા વિદ્યાર્થીઓને સત્યની શોધ કરવાનો અર્થ શું છે તે સમજવામાં મદદ કરવાનો છે. કારુ કારુ ગામની વાર્તામાંથી બાળકોને કઈ સમજ મળશે તેવી તમને આશા છે?

## વિભાગ ૩૨

પાઠનું અંતિમ ઘટક કલા સાથે સંબંધિત છે. પાછલા સેટમાં, બાળકોએ કલાના બે મૂળભૂત તત્વો - રેખા અને આકાર - સાથે થોડી પરિચિતતા વિકસાવી હતી અને હવે તેઓ " રચના(પોત)" વિશે શીખશે. તમે પહેલાથી જ નોંધ્યું હશે કે સેટ ૩ માંની પ્રવૃત્તિઓ પહેલાની પ્રવૃત્તિઓ કરતા થોડી વધુ જટિલ છે. કલાના સ્વાધ્યાયો ફરીથી વાંચો અને તમારા જૂથના સભ્યો સાથે ચર્ચા કરો કે તમે બાળકોને દરેક પ્રવૃત્તિનો હેતુ કેવી રીતે સમજાવશો અને તેમની પાસેથી શું અપેક્ષા રાખવામાં આવે છે. આ પ્રવૃત્તિઓને સરળતાથી આગળ લઈ જવા માટે તમને કઈ તૈયારીઓ કરવાની જરૂર પડશે તે અંગે પણ વિચારો.

પાઠ ૩.૧: ______________________

પાઠ ૩.૨: ______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

પાઠ ૩.૩: ______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## વિભાગ ૩૩

હવે જ્યારે તમે આ નવ પાઠોના વિવિધ ઘટકોથી પરિચિત થઈ ગયા છો અને તમારા સાથી શિક્ષકો સાથે પ્રવૃત્તિઓ કરવાની પ્રેક્ટિસ કરી છે, ત્યારે કેટલીક વ્યવહારુ બાબતોની ચર્ચા કરવી મદદરૂપ થશે.

જેમ તમે જોઈ ગયા છો તેમ, આ પાઠોમાં આપવામાં આવતી સામગ્રી તમને ધોરણ ૧ માં આપવામાં આવેલી સામગ્રી કરતાં ઘણી વધુ વ્યાપક છે, જે સામાન્ય રીતે એક જ વર્ગના સમયગાળામાં આવરી લેવામાં આવી શકે છે. અહીં, તેના બદલે, તમારે બે અથવા કદાચ ત્રણ સત્રોમાં સૂચવેલ પ્રવૃત્તિઓને કેવી રીતે શ્રેષ્ઠ રીતે વિભાજિત કરવી તે નક્કી કરવાની જરૂર પડશે. તમે ગમે તેમ કરવાનું પસંદ કરો, છતાં એ ખાતરી કરવી મહત્વપૂર્ણ રહેશે કે પાઠના મુખ્ય તત્વો - ખાસ કરીને, મોઢે કરવાનું અવતરણ અને વાર્તા - જેનો હેતુ આંતરિક આધ્યાત્મિક ગુણોનું પ્રતિબિંબ પાડતી આદતો અને વર્તનની શૈલીઓ પર પ્રકાશ પાડવાનો છે તે દરેક વર્ગના સમયગાળાના કેન્દ્રમાં રહે. બીજા શબ્દોમાં કહીએ તો, આખા વર્ગનો સમયગાળો, ઉદાહરણ તરીકે, નાટક અથવા કલાને સમર્પિત કરવાથી સમગ્ર શીખવાની પ્રક્રિયાને ફાયદો થશે નહીં. આ સંદર્ભમાં, તમારે આ અન્ય તત્વોને અમલમાં મૂકવાની દરેક તકનો લાભ લેવો જોઈએ, જેથી તમારા વિદ્યાર્થીઓના મન અને હૃદયમાં તેમણે મોઢે કરેલા અવતરણનું મહત્વ અને અનુરૂપ વાર્તામાંથી મેળવેલી સમજ મજબૂત બને.

આ પાઠોમાં, દરેક વર્ગના સમયગાળાની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં તમારા પોતાના અનુભવનો ઉપયોગ કરીને અનેક સત્રોમાં સાહિત્ય-સામગ્રી શીખવવા માટે તમને પડકાર આપવામાં આવશે. આમાં, એક સમયગાળાથી બીજા સમયગાળા સુધી બાળકો સાથે ચર્ચા કરાયેલા વિચારોનું પુનરાવર્તન કરવાની તમારી ક્ષમતાને ખૂબ જ તેજ કરવાની જરૂર પડશે. તેથી, તમારે પણ, જે પ્રવૃત્તિઓ માટે ખૂબ જ હલનચલનની જરૂર હોય તે પ્રવૃત્તિઓ

વધુ શાંત પ્રવૃત્તિઓ સાથે અસરકારક રીતે મિશ્રિત થાય, તેની ખાતરી કરીને દરેક સત્રમાં સ્થાપિત લય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. યાદ રાખો કે તમારી પાસે તમારી નોટબુક હશે, જેમાં તમે દરેક પાઠના તમારા વિશ્લેષણની નોંધ રાખી રહ્યા છો અને તેને કેવી રીતે શીખવવું તે અંગેના તમારા વિચારો અને સત્રો કેવી રીતે વિકસિત થાય છે તે અંગેના તમારા વિચારોની નોંધ કરી શકો છો. તમે ત્યાં દરેક બાળકની પ્રગતિની નોંધ રાખવાનું પણ ચાલુ રાખશો, જેની તમે, નિ:શક, તેમના માતાપિતા સાથે તેમના ઘરની મુલાકાત દરમિયાન ચર્ચા કરશો.

# પાઠ ૧

## પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળવું

## પાઠ ૧.૧

### A. પ્રાથના અને પવિત્ર શ્લોકનું ગાન કરવું

તમે અગાઉથી પસંદ કરેલી પ્રાર્થનાનું ગાન કરીને વર્ગ શરૂ કરો. પછી તમે બે કે ત્રણ બાળકોને તેમને જે પ્રાર્થના મોઢે આવડે છે તે પ્રાર્થના કરવા કહી શકો છો. તેના પછી, વિદ્યાર્થીઓ નીચેની પ્રાર્થના મોઢે કરવાનું શરૂ કરી શકે છે. તેનો પરિચય આપતી વખતે, તમારે એવા કોઈપણ શબ્દો અને શબ્દસમૂહો જે બાળકો માટે અપરિચિત હોય તેને નક્કર ઉદાહરણો દ્વારા સમજાવવા તૈયાર રહેવું જોઈએ જે તેનો અર્થ સમજવા માટે ચાવીરૂપ હોય. સેટ ૧ ના ત્રણ પાઠના અભ્યાસ દરમિયાન તમારા મોટાભાગના વિદ્યાર્થીઓ માટે પ્રાર્થના મોઢે કરવાનું શક્ય બનવું જોઈએ.

> "હે પ્રભુ! હું એક બાળક છું; મને તારી પ્રેમાળ-કરુણાની છત્રછાયાં તળે વિકાસ કરવા સક્ષમ બનાવ. હું એક કુમળો છોડ છું; મને તારી દયાના વાદળોની વર્ષાથી પોષણ મેળવવા દે. હું તારા પ્રેમના બગીચાનો એક છોડ છું; મને ફળદાયી વૃક્ષ બનાવ.
>
> "તુ શકિતશાળી અને બળવાન છે, અને તું સર્વ–પ્રેમાળ, સર્વજ્ઞાતા, સર્વદ્રષ્ટા છે."[૧૦]

જેમ જેમ તમે ત્રણ પાઠોમાં આગળ વધો છો, તેમ તેમ તમારે બાળકો સાથેની તમારી ચર્ચા દરમિયાન તેમને ધોરણ ૧ માં શીખેલા આધ્યાત્મિક ગુણોની યાદ અપાવવાની તકો શોધવી જોઈએ જે આ સેટના એકંદર વિષય, "પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળવું", ખાસ કરીને તેજસ્વીતા, કૃતજ્ઞતા અને અનાસક્તિ સાથે ગાઢ રીતે સંબંધિત છે. આમ કરીને, તમે તેમને ગયા વર્ષે મોઢે કરેલા શ્લોકો પણ યાદ કરાવવાની ઈચ્છા રાખી શકો છો, જેનું તમે તેમને યોગ્ય સમયે પુનરાવર્તન કરવા કહી શકો છો:

> **"હે લોકો, તમે પ્રભુ-પ્રેમની ગરમીથી પ્રજ્વલિત થાઓ, કે જેથી તમે બીજાના હૃદયને પ્રજ્વલિત કરી શકો."[૧૧]**
>
> **"તમે ખુશ રહો. કૃતજ્ઞ બનો. પરમેશ્વરને ધન્યવાદ આપવા માટે એવી રીતે ઊભા થાઓ કે, તમારી કૃતજ્ઞતા આશીર્વાદ વધારવામાં સહાયક બને."[૧૨]**
>
> **"સમજી લો કે પરમેશ્વરનો પ્રેમ અને તેના સિવાયની બધી ચીજોથી તારી અનાસકિતમાં જ તારૂં સાચું આભૂષણ સમાયેલું છે..."[૧૩]**

### B. અવતરણો મોઢે કરવા

સૂચન કરવામાં આવે છે કે તમે મોઢે કરવા માટેના અવતરણનો પરિચય આપવા માટે નીચે આપેલી સમજૂતીનું તમારા પોતાના શબ્દોમાં વર્ણન કરો.

> 'અબ્દુલ-બહા આપણને કહે છે કે પ્રાર્થના એ "ઈશ્વર સાથેનો વાર્તાલાપ" છે. આપણી પ્રાર્થના દ્વારા આપણે ઈશ્વરને તેમના પ્રત્યેના આપણા પ્રેમ વિશે વાત કરીએ છીએ.

જ્યારે આપણે કોઈ મિત્રને પ્રેમ કરીએ છીએ, ત્યારે ભલે આપણો મિત્ર આપણા પ્રેમ વિશે જાણતો હોય, છતાં એ સ્વાભાવિક છે કે આપણે તેના વિશે તેને કહેવાની ઈચ્છા રાખીએ. તેવી જ રીતે, ભલે ઈશ્વર આપણા હૃદયમાં શું છે તે જાણે છે, છતાં પણ આપણે તેમને તેમના પ્રત્યેના આપણા પ્રેમ વિશે કહેવા માંગીએ છીએ અને તેમણે આપણા પર જે ઉપકારો વરસાવ્યા છે તેના માટે તેમનો આભાર માનવા માંગીએ છીએ.

'અબ્દુલ-બહા પ્રાર્થનાની સ્થિતિમાં રહેતા હતા. તેમનું હૃદય હંમેશા પરમેશ્વર તરફ વળેલું રહેતું હતું. તેઓ વારંવાર કહેતા હતા કે જીવનમાં પ્રાર્થના કરતાં વધારે મધુર બીજું કંઈ નથી. જ્યારે આપણે દરરોજ ઈશ્વર સાથે વાતચીત કરીએ છીએ, ત્યારે આપણે તેમની નજીક જઈએ છીએ અને તેમના માટેનો આપણો પ્રેમ વધુ મજબૂત બને છે. આ પ્રેમ આપણા હૃદયને અજોડ આનંદથી ભરી દે છે. આપણે એ પણ જાણવું જોઈએ કે ઈશ્વર આપણે કલ્પના કરી શકીએ તેના કરતાં આપણને વધારે પ્રેમ કરે છે. તેથી, આપણને માર્ગદર્શન આપવા, આપણું રક્ષણ કરવા, અને ઈશ્વરના પ્રેમને લાયક બનવામાં આપણી સહાયતા કરવા માટે આપણે જ્યારે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે આપણે નિરંતર તેની કૃપા મેળવતા રહીએ છીએ. પ્રાર્થનાની સ્થિતિમાં, આપણા હૃદય હંમેશા ઈશ્વર તરફ વળેલા રાખીને, આપણા જીવન જીવવાના આપણા પ્રયત્નોમાં આપણને મદદ કરવા માટે, ચાલો આપણે બહાઉલ્લાહનું નીચેનું અવતરણને મોઢે કરીએ:

"હે મારા સેવક, તને પ્રાપ્ત થયેલા ઈશ્વરના પદોનું એવી રીતે ગાન કર, જેવી રીતે તેનું સાંનિધ્ય પામેલાએ ગાન કર્યું છે, જેથી તારા શબ્દોના સંગીતની મધુરતા તારા પોતાના આત્માને પ્રદિપ્ત કરે અને બધા મનુષ્યોના હૃદયોને આકર્ષિત કરે"[૧૪]

બાળકો અવતરણ મોઢે કરવાનું શરૂ કરે તે પહેલાં, તમારે તેમના માટે નવા હોય તેવા શબ્દો અને શબ્દસમૂહો સમજાવીને તેનો અર્થ સમજવામાં મદદ કરવી જોઈએ. નીચે આપેલા વાક્યો તમને આમ કરવામાં મદદ કરશે. વધુમાં, તમે થોડા વાક્યો બનાવવાની ઈચ્છા રાખશો જે શબ્દોને તમારા વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક વાતાવરણને અનુરૂપ સંદર્ભમાં સમજવામાં મદદ કરી શકે.

ગાન કરવું

1. તેણી તેનું માથુ નમાવી અને આંખો બંધ કરીને સભામાં ▯ ભી હતી. ઓરડામાં શાંતિ હતી. પછી તેણે માથુ ઊંચુ કર્યું અને મધુર સ્વરમાં ઈશ્વરના શ્લોકોનું ગાન કરવા લાગી.

2. બાહેરેએ તેના બાળકોને દરેક નવા દિવસની શરૂઆતમાં અને સાંજે સૂતા પહેલાં સુંદર પ્રાર્થનાઓનું ગાન કરવાનું શીખવ્યું.

પ્રજ્વલિત

1. મેદાનમાં ઘાસ એકદમ સુકાઈ ગયું હતું. ઉનાળાની સખત ગરમીમાં સુકું ઘાસ સળગી  ઠયું હતું અને નગરની સીમા સુધી આગ પ્રજ્વલિત થઈ હતી.

2. બહાઉલ્લાહના ગ્રંથોમાંથી થોડા અવતરણો વાંચ્યા પછી, ફ્લોરેન્સને તેણીના હૃદયમાં પ્રજ્વલિત થયેલી ઈશ્વરના પ્રેમની અગ્નિનો અહેસાસ થયો.

આકર્ષિત

1. આપણને ફૂલોને જોવાનું ગમે છે કારણ કે તે સુંદર હોય છે. આપણે તેના સૌદર્ય પ્રત્યે આકર્ષિત થઈએ છીએ.

2. જ્યારે આપણને ઈશ્વરના પ્રેમનો અનુભવ થાય છે, ત્યારે આપણે તેની નજીક રહેવા ઈચ્છીએ છીએ. આપણા હૃદયો ઈશ્વરના પ્રેમની શકિતથી આકર્ષિત થાય છે.

**C.** ગીતો

આ પાઠની વિવિધ પ્રવૃત્તિઓ કરતી વખતે, તમે બાળકો સાથે એક કે બે ગીતો ગાઈ શકો છો જે તેઓ પહેલાથી જાણતા હોય, જે અગાઉ ઉલ્લેખિત આધ્યાત્મિક ગુણો - પ્રજ્વલિતતા, કૃતજ્ઞતા અને અનાસક્તિ - સાથે સંબંધિત હોઈ શકે અને તેમને ઓછામાં ઓછું એક નવું ગીત શીખવામાં મદદ કરો જે તમે ઉપરોક્ત અવતરણ રજૂ કરતી વખતે તેમની સાથે ચર્ચા કરેલા વિચારોને મજબૂત બનાવવા માટે પસંદ કર્યું છે.

**D.** વાર્તા

પાઠના આ ભાગ માટે, તમે તમારા વિદ્યાર્થીઓને પ્રાર્થનાની સ્થિતિમાં જીવવાનો અર્થ શું છે તે સમજવામાં મદદ કરવા માટે તેમને એક વાર્તા સંભળાવી રહ્યા હોય, ત્યારે તેમને શાંતિથી બેસવાનું કહો.

> આપણે બધાએ બહાઈ ધર્મના સુરવીરો વિશે સાંભળ્યુ છે, જેમણે તેના શરૂઆતના દિવસોમાં ઈશ્વરની સેવામાં અસાધારણ કાર્યો કર્યા છે. આ વાર્તા રૂહુલ્લાહ વર્ગા નામના એક નાના બાળકની છે, જેઓ બહાઉલ્લાહ અને અબ્દુલબહાના સમયમાં જીવતા હતા. રૂહુલ્લાહનો પરમેશ્વર પ્રત્યેનો પ્રેમ એટલો મહાન હતો, અને તેના ધર્મ પ્રત્યેની તેમની સમર્પણની ભાવના એટલી ગહન હતી કે જ્યારે પણ આપણે તેનું નામ સાંભળીએ છીએ ત્યારે આપણને ભક્તિમય અને દાસત્વથી સભર જીવન યાદ આવે છે.
>
> રૂહુલ્લાહ જ્યારે લગભગ સાત વર્ષનો હતો, ત્યારે તે તેમના પિતા સાથે પવિત્ર ભૂમિમાં ગયા હતા. ત્યારે તેને બહાઉલ્લાહને મળવાનું મહાન સૌભાગ્ય મળ્યું, જેઓ આ યુગમાં માનવજાત માટે ઈશ્વરનો સંદેશ લાવ્યા હતા. રૂહુલ્લાહનું હૃદય બહાઉલ્લાહના પ્રેમમાં તરબોળ થઈ ગયું અને તેઓ તેમની સેવા કરવા સિવાય વધારે કશું ઈચ્છતા ન હતા.

ફારસમાં ઘરે પાછા આવ્યા પછી તેણે લોકોને બહાઉલ્લાહના આગમનના સમાચારની આપ–લે કરવામાં તેનો સમય વિતાવ્યો. રૂહુલ્લાહ સત્યવાદી, પ્રામાણિક, વિનયી અને દયાળુ હતો અને તેના શ્રોતા પર તેના શબ્દોનો ખૂબ પ્રભાવ પડતો. તે દરરોજ મળસ્કે પ્રાર્થના કરવા  ઠી જતો અને તેના હૃદયને ઈશ્વર તરફ ઉન્મુખ કરીને, દરેક દિવસ ઈશ્વર પ્રત્યેના દાસત્વમાં પસાર કરતો.

એક દિવસ, રૂહુલ્લાહને એક સરકારી અધિકારી સામે હાજર થવા બોલાવવામાં આવ્યો. તે દિવસોમાં, દેશભરમાં ફેલાઈ રહેલા નવીન સંદેશથી લોકો ગભરાતા હતા. તેઓ જુની માન્યતાઓને વળગી રહ્યા હતા, અને નવા ધર્મના અનુયાયી ઘણીવાર કઠોર સજાનો શિકાર બનતા હતા. તેના કારણે, રૂહુલ્લાહના પિતા ભયંકર મુસીબતમાં હતા. રૂહુલ્લાહના પિતાએ નવા ધર્મમાં તેનો ઉછેર કર્યો હતો તેની સાબિતી માટે પેલા અધિકારીઓની હાજરીમાં રૂહુલ્લાહને એક પ્રાર્થના કરવાનું કહેવામાં આવ્યું. અપેક્ષા કરવામાં આવી હતી કે તેના પિતાજીને અપરાધી ઠેરવવા માટે આટલું પુરતું હતું. રૂહુલ્લાહે શાંતિથી ઈશ્વરને પ્રાર્થના અર્પણ કરવા માટે તેના હૃદયને તૈયાર કર્યું તેના પછી, મધુર સૂરમાં મનોહર સુંદરતાથી બહાઈ પ્રાર્થનાનું ગાન કર્યું. અધિકારીના મન પર તેનો ઘેરો પ્રભાવ પડ્યો. તેમણે આ શબ્દો સાથે તરત જ કેસ બંધ કરી દીધો કે, તેઓ એવા માણસને દોષિત ઠરાવશે નહિ જેણે એટલી સુંદર રીતે તેના બાળકની પરવરિસ કરી છે. અને આવી રીતે રૂહુલ્લાહના પિતા બચી ગયા.

આગળ જતા, રૂહુલ્લાહ જ્યારે લગભગ બાર વર્ષના હતા ત્યારે, તેઓ ફરી એક વાર તેમના પિતા સાથે પવિત્ર ભૂમિની યાત્રાએ નિકળી પડ્યા. આ વખતે, તેને અબ્દુબહાના સાંનિધ્યમાં તેના દિવસો પસાર કરવાનો આશીર્વાદ મળ્યો, જેઓ રૂહુલ્લાહને સૌથી વધારે પ્રેમ કરતા હતા અને ખાસ કરીને રૂલ્લાહને મોઢે આવડતી પ્રાર્થનાઓ તેના સૂરીલા અવાજમાં સાંભળવાથી અબ્દુલબહાને ખૂબ ખુશી થતી હતી. પ્રભુ–ધર્મ માટે સર્વસ્વનો ત્યાગ કરવા તૈયાર રૂહુલ્લાહ, દિવ્ય પ્રેમથી પ્રદિપ્ત થઈને પવિત્ર ભૂમિમાંથી પરત ગયા.

**E. નાટક**

રચનાત્મક નાટકમાં ભાગ લેવા માટે જરૂરી શિસ્ત અને હલન-ચલનની સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે, બાળકોએ નિર્ધારિત જગ્યામાં તેમની ક્રિયાઓને નિયંત્રિત કરવાનું શીખવું જોઈએ. નીચેની પ્રવૃત્તિઓ આ ક્ષમતાના વિકાસમાં ફાળો આપશે:

1. તમારા વિદ્યાર્થીઓને એકબીજાથી લગભગ બે મીટરના અંતરે  ભા રાખો. દરેક બાળકે કલ્પના કરવી જોઈએ કે તે દોઢ મીટર ગુણ્યા દોઢ મીટરના ચોરસના ખૂણામાં  ભો છે. તેમને તેમની આંખોથી તેમના કાલ્પનિક ચોરસની સીમાઓ દોરવાનું કહો. પછી દરેકને તેમના પોતાના ચોરસની સીમા રેખા પર ચાલવા કહો.

2. આગળ તેમને કલ્પના કરવા કહો કે જમીનથી લગભગ અર્ધો મીટર ઉપર એક દોરડું બાંધેલું છે જે તેમના દરેક ચોરસની વચ્ચે છે. તેમને તેના ઉપરથી કૂદવાનું, તેની નીચે ઘૂંટણીએ ચાલવાનું, તેને સમાંતર ચાલવાનું, તેને સમાંતર કૂદવાનું અને તેમના ચોરસ છોડ્યા વિના તેની આસપાસ ફરવાનું કહો.

3. હવે તેમને અભિનય કરવાનું કહો: એક તીડ જે કૂદકો મારતો હોય, એક પતંગિયું જે ફફડતું હતું, એક સસલું જે કુદકા મારતું હોય, એક બિલાડી જે ચાલતી હોય, એક પક્ષી જે સરકતું હોય, એક ઘોડો જે દોડતો હોય, એક દેડકો જે કુદકા મારતો હોય, એક બતક જે પાણીમાં તરતુ હોય - આ બધું તેમના ચોરસમાંથી બહાર નીકળ્યા વિના કરવાનું કહો.

બાળકોને સહકાર આપવાનું અને એક સાથે કામ કરવાનું શીખવાની પણ જરૂર છે. નીચેની પ્રવૃત્તિઓ તેમને અનુરૂપ કેટલીક ક્ષમતાઓ વિકસાવવામાં મદદ કરશે:

1. બાળકોને બે-બે ની જોડીમાં વિભાજીત કરો. કોઈ ખૂબ જ વજનદાર વસ્તુ વિશે વિચારો જેનાથી તેઓ પરિચિત હોય અને દરેક જોડીને અભિનય કરવાનું કહો કે તેઓ સાથે મળીને તેને ઉચકીને લઈ જઈ રહ્યા છે.

2. તેના પછી દરેક જોડીને દેખાવ કરવાનું કહો કે તેઓ એકસાથે મળીને કૂવો ખોદી રહ્યા છે.

3. હવે તેમને કલ્પના કરવાનું કહો કે બાળકોમાંથી એક બાળકે, તેના માતાપિતાની પરવાનગીથી, એક મિત્રને આમંત્રણ આપ્યું છે. દરેક જોડીમાં એક બાળક યજમાન છે અને બીજો મહેમાન છે. જ્યારે મહેમાન આવે છે, ત્યારે યજમાન તેને અંદર આવવાનું આમંત્રણ આપે છે અને તાજગી આપતું કંઈક પીવા આપે છે. બાળકો યજમાન અને મહેમાન તરીકે વારાફરતી ભૂમિકા ભજવી શકે છે.

બીજા પ્રકારની પ્રવૃત્તિ પાઠનો વિષય–પ્રાર્થનાની સ્થિતિ સાથે સબંધિત છે. બાળકોને કહો કે હવે તેઓ પ્રાર્થનાની સ્થિતિને લગતી એક પરિસ્થિતિનો અભિનય કરવા જઈ રહ્યા છે:

1. બાળકોને તેમના કાલ્પનિક ચોરસમાં પાછા જવાનું કહીને શરૂઆત કરો. તેઓ એકવાર તેમનું સ્થાન લઈ લે પછી તેમને સમજાવો કે, આપણે શબ્દો દ્વારા ઈશ્વરની પ્રાર્થના કરતા હોવા છતાં, અન્ય ચીજો તેના અસ્તિત્વ દ્વારા ઈશ્વરના આશીર્વાદ અને આશીષ માગે છે. આવી રીતે બધી સર્જિત ચીજો ઈશ્વરને પ્રર્થના કરે છે. દાખલા તરીકે, એક છોડની વૃદ્ધિ માટે વરસાદની જરૂર છે. આ છોડ તેના અસ્તિત્વના માધ્યમથી પ્રાર્થના કરે છે, “હે ઈશ્વર! મારા માટે વરસાદ વરસાવ!”

2. હવે બાળકોને કહો કે તેઓ જાણે કે મકાઈના ખેતરમાં, કે તેઓ જાણતા હોય એવા બીજા કોઈ પાકના ખેતરમાં હોવાનો અભિનય કરે. આ ખેતરમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદ પડ્યો નથી. તે કેવા દેખાય છે? દિવસો પસાર થતા જાય છે, પણ

આકાશમાં એક પણ વાદળ નથી. છોડ વધારેને વધારે કરમાવા લાગે છે. તે ચૂપચાપ પ્રાર્થના કરે છે. પછી, અચાનક, દૂર ક્યાંક વિજળીના ચમકારા થાય છે. અને વાદળો ગરજવા લાગે છે, તેના અવાજમાં વધારો થતો જાય છે. વાદળોના ગરજવાનો અવાજ કરવા માટે તમે તમારા હાથ અથવા બીજા સાધનોનો ઉપયોગ કરી શકો છો. વરસાદ વરસતો હોય એવો અભિનય કરવા કોઈ વસ્તુ પર તમારા હાથ થપથપાવવાની શરૂઆત કરી શકો છો. ધીરે ધીરે આ થપથપાટને વધારે તેજ બનાવો. વરસાદ આવે છે અને ધીરે ધીરે છોડવા તેના કરમાયેલા પાંદડાને ઉપર ઉઠાવે છે.

**F. ચિત્રકામ અને કલા**

પહેલા ત્રણ પાઠમાં કલાત્મક પ્રવૃત્તિઓ તમારા વિદ્યાર્થીઓની રેખાઓ દોરવાની ક્ષમતાને મજબૂત બનાવશે. પાઠ ૧.૧ ની તૈયારીમાં, એકમના અંતે આપેલી અનુરૂપ ચિત્રના કાગળની નકલો બનાવો. તમારા માટે થોડા સફેદ કાગળ લાવવાનું પણ ઉપયોગી પુરવાર થઈ શકે છે.

1. પહેલાં ક્યાં તો દરેક વિદ્યાર્થીને એક અથવા થોડા વિદ્યાર્થીને એક એવી રીતે કાગળની નકલો વહેંચી દો. વર્ગ સાથે, ચોરસમાં દર્શાવેલ વિવિધ પ્રકારની રેખાઓ જુઓ: જેમ કે ટૂંકી રેખાઓ, લાંબી રેખાઓ, પાતળી રેખાઓ, જાડી રેખાઓ, વક્ર રેખાઓ અને ગમે તેવું લખાણ (સ્ક્રિબલ્સ).
2. તેના પછી, દરેક વિદ્યાર્થીને ખાલી ચોરસ સાથે શીટ ૨ ની એક નકલ આપો. બાળકોને તેમના ખાલી ચોરસમાં શીટ ૧ માં બતાવેલ સમાન પ્રકારની રેખાઓ દોરવાનું કહો. તેમને વિવિધ પ્રકારની રેખાઓ કેવી રીતે દોરવી તેની પ્રેક્ટિસ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે. ઉદાહરણ તરીકે, એક જ રેખા પર વારંવાર રેખા દોરીને અથવા ફક્ત પેન્સિલ પર વધુ દબાણ કરીને જાડી રેખાઓ દોરી શકાય છે.
3. હવે વિદ્યાર્થીઓને અગાઉ કરવામાં આવેલી નાટકની પ્રવૃત્તિ યાદ કરાવો જ્યાં તેઓ મકાઈના ખેતર અથવા અન્ય કોઈ પાકના ખેતર હોવાનો અભિનય કરતા હતા. દરેક વિદ્યાર્થીઓને શીટ નંબર ૩ની એક નકલ આપો, જેમાં મકાઈના સાંઠાનું રેખાચિત્ર આપેલું છે. તેમને તેમની રેખાઓ દોરવાના કૌશલ્યોની પ્રેક્ટિસ કરીને તેની બાજુમાં થોડા સ્વસ્થ **સાંઠા** દોરવાનું કહો. આ પ્રવૃત્તિના વિસ્તરણ તરીકે, તમે બાળકોને પાનાની બીજી બાજુ અથવા કોરા કાગળ પર દોરવાનું કહી શકો છો કે જો થોડા અઠવાડિયા સુધી વરસાદ ન પડે તો પાક કેવો દેખાશે.

**G. સમાપન પ્રાર્થના**

## પાઠ ૧.૨

### A. પ્રાથના અને પવિત્ર શ્લોકનું ગાન કરવું

વર્ગ શરૂ કરવા માટે, મોઢે હોય તેવી કોઈ એક પ્રાર્થનાનું ગાન કરો અને તમારા કેટલાક વિદ્યાર્થીઓને પણ તેમ જ કરવા કહો. પછી બાળકો પાઠ ૧.૧ માં શીખવા શરૂ કરેલી પ્રાર્થના મોઢે કરવાનું ચાલુ રાખી શકે છે.

યાદ રાખો કે, જેમ જેમ તમે આ પાઠમાં આગળ વધો છો, તેમ તેમ તમારે તમારી ચર્ચાઓમાં તેજસ્વીતા, કૃતજ્ઞતા અને અનાસક્તિ જેવા આધ્યાત્મિક ગુણો, જેના વિશે બાળકો ગયા વર્ષે શીખ્યા હતા, તેને લગતા વિચારોનું પુનરાવર્તન કરવાની તકો શોધવી જોઈએ.

### B. અવતરણો મોઢે કરવા

નીચે આપેલી સમજૂતી તમને બાળકો જે અવતરણ મોઢે કરવાના છે તેનો પરિચય આપવામાં મદદ કરશે:

> આપણે જાણીએ છીએ કે, જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે આપણે ઈશ્વર સાથે વાતચીત કરીએ છીએ. પ્રાર્થના દ્વારા, આપણે તેમના પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરીએ છીએ, તેમણે આપણા પર વરસાવેલા બધા ઉપકારો માટે તેમનો આભાર માનીએ છીએ, અને તેમને આપણને માર્ગદર્શન આપવા કહીએ છીએ. જ્યારે આપણે બીમાર હોઈએ છીએ, ત્યારે આપણે તેમને પ્રાર્થના કરીએ છીએ કે તેઓ આપણને સાજા કરે. જ્યારે આપણે મુશ્કેલીમાં હોઈએ છીએ, ત્યારે આપણે તેમની મદદ માટે વિનંતી કરીએ છીએ. જ્યારે આપણે શંકા અને મૂંઝવણમાં હોઈએ છીએ, ત્યારે આપણે તેમના શાણપણનો પ્રકાશ શોધીએ છીએ. આપણે ફક્ત પોતાના માટે જ નહીં, પણ આપણા પરિવાર, આપણા મિત્રો, આપણા સમુદાય અને સમગ્ર માનવજાત માટે પણ પ્રાર્થના કરીએ છીએ.
>
> એકવાર કોઈએ અબ્દુલ-બહાને પત્ર લખીને પૂછ્યું કે: "આપણે શા માટે પ્રાર્થના કરવી જોઈએ? પરમેશ્વરે આપણું સર્જન કર્યું છે અને તે જાણે છે કે આપણામાંથી દરેક માટે શું શ્રેષ્ઠ છે. તેમણે સમગ્ર બ્રહ્માંડની સંપૂર્ણ વ્યવસ્થામાં સર્જન કર્યું છે અને તે વસ્તુઓ માટે શ્રેષ્ઠ વ્યવસ્થા વિશે જાણે છે. તો પછી તેમની મદદ માંગવાની અને તેમને આપણી જરૂરિયાતો જણાવવાનું શાણપણ શું છે?" અબ્દુલ-બહાએ જવાબ આપ્યો કે માત્ર કમજોર વ્યક્તિ માટે જ શક્તિશાળીને પ્રાર્થના કરવી યોગ્ય છે, દયા શોધનાર માટે સર્વ-ઉદારને વિનંતી કરવી યોગ્ય છે. ઈશ્વર તરફ વળવાની અને તેમના ઉપહાર અને કૃપા મેળવવાની ક્રિયા, 'અબ્દુલ-બહા' સમજાવે છે કે, હૃદયને પ્રકાશિત કરે છે અને આત્માને જીવન આપે છે. તેથી, આપણે કહી શકીએ કે પ્રાર્થના આત્માનો ખોરાક જેવી

છે; તે તેને પોષણ આપે છે અને મજબૂત બનાવે છે. જેમ આપણે દરરોજ ભોજન કરવું જોઈએ જેથી આપણું શરીર કમજોર અને બીમાર ન રહે, તેમ આપણે આપણા હૃદય અને મનને દરરોજ ઈશ્વર તરફ ફેરવીને આપણું સર્જન કરનાર સાથે વાતચીત કરીને આપણા આત્માઓને પોષણ આપવું જોઈએ. આ જ કારણ છે કે આપણને દરરોજ સવારે અને સાંજે, મુશ્કેલીના સમયે તેમજ આરામ અને સુખચેનના સમયે, જ્યારે આપણે બીમારીનો સામનો કરી રહ્યા હોઈએ છીએ ત્યારે તેમજ જ્યારે આપણે સારા સ્વાસ્થ્યનો આનંદ માણી રહ્યા હોઈએ છીએ, જ્યારે આપણે દુઃખી હોઈએ છીએ તેમજ જ્યારે આપણે આનંદમાં હોઈએ છીએ ત્યારે આપણને પ્રાર્થના કરવાની સલાહ આપવામાં આવે છે.

'અબ્દુલ-બહા' આપણને ખાતરી આપે છે કે જો આપણે એવી કોઈ વસ્તુ માટે પ્રાર્થના કરીએ છીએ જે દૈવી શાણપણ સાથે સુસંગત હોય, તો ઈશ્વર તે આપણને આપશે. પરંતુ ક્યારેક ક્યારેક આપણે અજાણતાં એવી વસ્તુઓ માંગીએ છીએ જે આપણને નુકસાન પહોંચાડે છે, અને ઈશ્વર, તેમના અનંત શાણપણમાં, આપણી ઇચ્છા પૂરી કરતા નથી. આપણે કોઈ વસ્તુની ગમે તેટલી ઈચ્છા રાખતા હોવા છતાં, આપણને ખાતરી છે કે ઈશ્વર એવું જ કરશે જે આપણા માટે શ્રેષ્ઠ છે. આપણે શા માટે પ્રાર્થના કરીએ છીએ તેના વિશે યાદ રાખવામાં આપણી જાતને મદદ કરવા માટે, ચાલો આપણે નીચેનું અવતરણ મોઢે કરીએઃ

"ઈશ્વરીય સામ્રાજ્ય તરફ આકર્ષિત દરેક આત્માની તીવ્ર ઝંખના સંપૂર્ણ ભકિત સાથે તેના પ્રિયત્તમ તરફ ઉન્મુખ થવા માટે સમય કાઢવાની, જેથી તે તેની દયા અને આશીર્વાદ મેળવી શકે તથા તેની જાતને વાર્તાલાપ, વિનંતી અને દયા–યાચનાના મહાસાગરમાં નિમગ્ન કરી શકે."[૧૮]

આ પાઠની તૈયારીના ભાગરૂપે તમે જે વધારાના વાક્યો બનાવવા માંગો છો તેની સાથે અહીં કેટલાક વાક્યો આપ્યા છે, જેથી તમારા વિદ્યાર્થીઓને અવતરણમાંના એવા શબ્દોનો અર્થ સમજવામાં મદદ મળે જે તેમના માટે નવા હોઈ શકે છે. બાળકો, અગાઉના પાઠમાં તમારી ચર્ચામાંથી "આકર્ષિત" શબ્દથી પહેલાથી જ પરિચિત છે; આમછતાં, તમે તેમની સાથે તેનું પુનરાવર્તન કરી શકો છો.

ઝંખના

1. તાન્યાનો ભાઈ જ્યારે વિશ્વ વિદ્યાલયમાં ભણવા ગયો હતો, ત્યારે તે તેના ભાઈને ખૂબ યાદ કરતી હતી. તાન્યાના હૃદયમાં તેના ભાઈને મળવાની તીવ્ર ઝંખના હતી.

2. ખેતરમાં કલાકો સુંધી રોપણીનું કામ કર્યા પછી રોડરીગો ખૂબ થાકી ગયો હતો. દિવસના અંતે આરામ કરવાની તેની તીવ્ર ઝંખના હતી.

નિમગ્ન

1. ઈંડું બાફવા માટે તેને પૂરેપૂરું પાણીમાં ડુબાડી દેવું જોઈએ. ઈંડાને બાફવા માટે તેને પાણીમાં નિમગ્ન કરવું જોઈએ.

2. કારના એન્જિનનું કામ કર્યા પછી, નોરમનના હાથ ગંદા અને ચીકણાં થઈ ગયા હતા. તેથી તેણેં કુવામાંથી એક ડોલ પાણી ભર્યું અને તેના હાથ પાણીમાં ડુબાડીને તેના હાથનો મેલ અને ચિકાસ ધોઈ નાંખી. તેના હાથ પાણીમાં નિમગ્ન હતા.

વાર્તાલાપ

1. તેમના પોતાના દેશમાં મુસિબતોને કારણે, બધા ભાઈઓ તેમની માતૃભૂમિ છોડીને કામની શોધમાં દુનિયાના અલગ અલગ ભાગોમાં નિકળી ગયા. ઘણા વર્ષો વિતી ગયા છંતા તેઓ એકબીજાને મળ્યા ન હતા કે તેમણે એકબીજા સાતે વાત કરી ન હતી. પરંતુ તેમના વિચારો અને પ્રાર્થના દ્વારા તેઓ એકબીજા સાથે વાર્તાલાપ કરતા હતા અને તેઓ  ઘરડા થયા ત્યારે ફરીથી ખુશી–ખુશી એક થઈ ગયા હતા.

2. જયારે આપણે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે આપણે આપણા હ્રદયને ઈશ્વર તરફ વાળીએ છીએ અને તેની સાથે વાર્તાલાપ કરીએ છીએ. પ્રાર્થના ઈશ્વર સાથેનો વાર્તાલાપ છે.

વિનંતી

1. રાજાની પ્રજાનો એક સભ્ય ખૂબ જરૂરીયાતમંદ હતો, તેથી તેણે રાજા પાસે મદદની ભીખ માંગી, રાજાએ આ વ્યકિતની વિનંતી પર વિચાર કર્યો અને તેની મદદ કરવા રાજી થઈ ગયા.

2. શિક્ષકો શાળાના પુસ્તકાલયમાં પુસ્તકોની સંખ્યા ઓછી હોવાથી ચિંતિત હતા, તેથી તેમણે આચાર્યને વધારાના પુસ્તકો મંગાવવા કહ્યું. આચાર્યએ તેમની વિનંતી સાંભળી અને તેનો અમલ કર્યો. હવે બધા બાળકો વાંચી શકે તે માટે પૂરતા પુસ્તકો છે.

**C.** **ગીતો**

આ પાઠ માટે સમર્પિત વર્ગના સમયગાળા દરમિયાન, તમે બાળકો સાથે થોડા ગીતો ગાવા માટે યોગ્ય સમય શોધી શકો છો, જેમાં ઉપરોક્ત વિષયની સમજમાં વધારો કરવા માટે તમે પસંદ કરેલ ઓછામાં ઓછું એક ગીત સહિત થોડા ગીતોનો સમાવેશ થઈ શકે છે.

**D.** **વાર્તા**

પાઠના આ ભાગ માટે બાળકોને ભેગા કર્યા પછી, તેમને સમજાવો કે હવે તમે તેમને એક વાર્તા કહેશો જે તેમને દરરોજ પ્રાર્થના કરવાનું મહત્વ સમજાવશે.

> આ વાર્તા પશ્ચિમના શરૂઆતના એક બહાઈ લુઆ ગેટસિંગરની અને પ્રાર્થના વિશે તેણે શીખેલા મહત્વના પાઠની છે. લુઆ ઈશ્વરને ખૂબ પ્રેમ કરતી હતી, અને તે વારંવાર ઈશ્વર તરફ અભિમુખ થઈને યાચના કરતી હતી કે તેને સેવામય જીવન જીવવા સક્ષમ બનાવવામાં આવે. તે એના માટે પણ પ્રાર્થના કરતી કે તે અધિક ધીરજ રાખવાનું પણ શીખે. તે વધારે સમયની રાહ જોયા વગર, ઝડપથી શીખવા માંગતી હતી.
>
> એક દિવસ, જ્યારે તે પવિત્ર ભૂમિમાં અબ્દુલબહાને મળવા ગઈ હતી, ત્યારે અબ્દુલબહાએ તેને સમજવામાં મદદ કરી કે કેટલીક ચીજો એવી હોય છે જેના માટે આપણે હંમેશા સમય કાઢવો જોઈએ, પછી આપણને ગમે તેટલી ઉતાવળ કેમ ન હોય. એક દિવસ રોજની પોતાની, સવારની પ્રાર્થના કર્યા વગર, ઝટપટ નાસ્તા માટે પહોંચતી લુઆ વરંડામાં અચાનક અબ્દુલબહાને મળે છે. અબ્દુલબહાએ તેના તરફ નજર કરી અને તેની આંખોમાં એકીટસે જોવા લાગ્યા. અને તમને શું લાગે છે કે તેમણે લુઆને શું કહ્યું હશે? તેમણે તેણીને કહ્યું, લુઆ, "જ્યાં સુધી તું આધ્યાત્મિક ભોજન નહીં કરે ત્યાં સુધી તારે ભૌતિક ભોજન કરવું જોઈએ નહીં." આવી રીતે લુઆને શીખવાનું મળ્યું કે તેણેં પરમેશ્વરના સ્વર્ગીય ઉપહારો માંથી પોષણ મેળવવાનું કદી ભૂલવું જોઈએ નહીં, જે શકિતનો સાચો સ્રોત છે.

**E.** **નાટક**

વર્ગના આ ભાગની એવી પ્રવૃતિઓ સાથે શરૂઆત થાય છે જે અભિનય સાથે સંબંધિત કૌસલ્યો અને ક્ષમતાઓ વિકસાવવામાં તમારા વિદ્યાર્થીઓની મદદ કરશે.

1. અગાઉના પાઠની જેમ, બાળકોને એકબીજાથી લગભગ બે -બે મીટર દૂર ઉભા રાખો અને તેમને કલ્પના કરવા દો કે તેઓ પોતપોતાના ચોરસમાં છે. તમે તેમને તેમના પોતાના ચોરસના કિનારે ચાલવાનું કહી શકો છો.

2. બાળકોને તેમના હાથ ઊંચા કરવાનું કહો અને તેમના પગની આંગળીઓ પર  ભા રહીને આકાશ તરફ હાથ ઉપર ખેંચવાનું કહો. હવે તેમને આરામ કરવાનું અને તેમના હાથ અને માથાને આરામની સ્થિતિમાં લઈ જવાનું કહો. આ કવાયતનું ત્રણથી ચાર વાર પુનરાવર્તન કરો.

3. તેના પછી તમારા વિદ્યાર્થીઓને કહો કે બંને હાથની હથેળીઓને એકસાથે દબાવીને, તેઓ તેમના હાથ માથાની ઉપર ઉઠાવે. તેઓ સળગતી મીણબત્તી છે. તેમને સમજાવો કે, તમે ધીમે ધીમે દશથી ઊંધી ગણતરી કરશો, અને તમે ગણતરી કરશો ત્યારે તેઓ જાણે કે મીણબત્તીની જેમ પીગળી રહ્યા હોય એવો અભિનય કરશે. ઊંધી ગણતરી કરતાં તમે શૂન્ય બોલો એટલામાં તેઓ જમીન પર એવી રીતે બેસી જશે, જાણે કે તેઓ પીગળી ગયેલી મીણબત્તીનું જમીન પર પડેલું મીણ હોય. તમે તેમને બીજો સંકેત આપો ત્યાં સુધી તેમણે તે સ્થિતિમાં જ રહેવું જોઈએ.

ઉપરોક્ત કસરતોથી બાળકોને હલનચલન અને શારીરિક અભિવ્યક્તિની કુશળતા વિકસાવવામાં મદદ મળશે. તેમને મૌખિક અભિવ્યક્તિની વધુને વધુ અસરકારક કુશળતા પ્રાપ્ત કરવાની પણ જરૂર પડશે. તેમને મદદ કરવા માટે, તેમને "ગુડ મોર્નિંગ" (સુપ્રભાત) કહેવા માટે કહો.

– જાણે કે તેઓ આદરપૂર્વક કોઈ શિક્ષકનું અભિવાદન કરી રહ્યા હોય.

– જાણે કે તેઓ કોઈ મિત્રને મળવા માટે ઉત્સુક હોય.

– જાણે કે તેઓ કોઈ મિત્રને મળતા હોય જે ઉદાસ છે.

– જાણે કે તેઓ સૂઈ ગયેલા બાળક જાગી નહીં જાય તેની કોશીશ કરી રહ્યા હોય.

પ્રવૃત્તિઓનો બીજો સેટ આ પાઠના વિષય, આપણે શા માટે પ્રાર્થના કરીએ છીએ, સાથે સંબંધિત છે. બાળકોને કહો કે, આ પ્રવૃત્તિઓ માટે, તેઓ પહેલાં જે શીખ્યા છે તેને યાદ રાખવું જોઈએ – કે જેવી રીતે આપણે આપણા શારીરિક સ્વાસ્થ્યને જાળવવા માટે દરરોજ ખાઈએ છીએ, તેમ આપણે આપણા આત્માને મજબૂત અને સ્વસ્થ રાખવા માટે દરરોજ પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળીએ છીએ.

1. બાળકોને પોત–પોતાના કાલ્પનિક ચોરસમાં પાછા જવાનું કહીને શરૂઆત કરો. તેમને કહો કે તેઓ કોઈ વજનદાર વસ્તુ ઉપાડવાનો અભિનય કરીને, એક કાલ્પનિક ઝાડ ઉપરની કોઈક વસ્તુ તોડવા માટે ઊંચા કુદકા મારવાનો અભિનય કરીને, તથા એક કાલ્પનિક મિનાર બનાવવાનો અભિનય કરીને તેમનામાં પૂરી તાકાત છે એમ બતાવવાનો અભિનય કરે.

2. હવે બાળકોને અભિનય કરવાનું કહો કે તેમને ભૂખ લાગી રહી છે અને તેઓ કમજોરીનો અનુભવ કરે છે. તેમને વજનદાર વસ્તુ ઉપાડવાનું, કુદકા મારવાનું અને મિનાર બનાવવાનો અભિનય કરવાનું ચાલુ રાખવા કહો.

3. તેના પછી તેમને કહો કે, તેમને ખોરાક મળી રહ્યો છે અને તેઓ ફરીથી તાકાત મેળવવનો અનુભવ કરી રહ્યા છે. તેમને ફરી એક વાર ઉપરોક્ત અભિનયનું પુનરાવર્તન કરવાનું કહો.

**F. ચિત્રકામ અને કલા**

વર્ગના આ ભાગની તૈયારી કરતી વખતે, ખાતરી કરો કે તમારી પાસે પાઠ ૧.૨ માટે પૂરતી સંખ્યામાં ચિત્રકામના કાગળો છે જે આ એકમના અંતમાં આપવામાં આવ્યા છે.

1. સૌથી પહેલાં શીટ ૧ ની નકલો દરેક વિદ્યાર્થીને એક અથવા થોડા વિદ્યાથીઓને એક આપો. બાળકોને ચોરસમાં દર્શાવેલ વિવિધ પ્રકારની રેખાઓ બતાવો: સતત રેખાઓ, તૂટેલી રેખાઓ અને કેન્દ્રમાંથી નીકળતી રેખાઓ.

2. હવે દરેક વિદ્યાર્થીને ત્રણ ખાલી ચોરસવાળી શીટ ૨ ની એક નકલ આપો અને તેમને તેમના ચોરસમાં સમાન પ્રકારની રેખાઓ દોરવા કહો.

3. તેના પછી, શીટ ૩ આપતી વખતે, જેમ આપણે પૌષ્ટિક ખોરાક ખાઈને આપણા શરીરને પોષણ આપીએ છીએ, તેવી રીતે દરરોજ પ્રાર્થનામાં આપણા હૃદય અને મનને ઈશ્વર તરફ ફેરવીને આપણા આત્માઓને પોષણ આપવાના મહત્વ વિશેની તેમની અગાઉની ચર્ચાની બાળકોને યાદ અપાવો. તેમને શીટ ૩ પર રીંગણ અને લીંબુના ચિત્રો જોવા કહો. તેમને સમજાવો કે બંને સતત રેખાથી દોરવામાં આવ્યા છે, અને લીંબુમાં રહેલી રેખા પણ કેન્દ્રમાંથી નીકળે છે. તેમને આપેલા ખાલી ચોરસમાં પેન્સિલ ઉપાડ્યા વિના બે છબીઓ દોરવાનું કહો.

4. છેલ્લે, બાળકોને તૂટેલી રેખાઓ દોરવા માટે તેમના ચિત્રોના નાના ભાગોને દૂર કરવા માટે રબરનો ઉપયોગ કરવા કહો. પછી તેઓએ તેમના ચિત્રો એકબીજાને બતાવવા જોઈએ અને તેમના મિત્રોને પૂછવું જોઈએ કે શું રીંગણ અને લીંબુ હજુ પણ ઓળખી શકાય છે.

**G. સમાપન પ્રાર્થના**

## પાઠ ૧.૩

### A. પ્રાથના અને પવિત્ર શ્લોકનું ગાન કરવું

હંમેશની જેમ વર્ગ શરૂ કર્યા પછી, પ્રાર્થનાના ગાન સાથે, બાળકો સાથે છેલ્લા બે પાઠ દરમિયાન તેઓ જે પ્રાર્થના મોઢે કરી રહ્યા છે તેનું પુનરાવર્તન કરો. તેઓ આગામી પાઠમાં નવી પ્રાર્થના શીખવાના હોવાથી, તમારે ખાતરી કરવી જોઈએ કે તેઓ આ પહેલી પ્રાર્થના સારી રીતે બોલી શકે.

સેટ ૧ ના આ અંતિમ પાઠનો અભ્યાસ કરતી વખતે, તમારે પહેલાની જેમ, બાળકોને પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળતી વખતે તેજસ્વીતા, કૃતજ્ઞતા અને અનાસક્તિના આધ્યાત્મિક ગુણો પ્રગટ કરવાના મહત્વને સમજવામાં મદદ કરવાની તકો શોધવી જોઈએ અને તેમને ગયા વર્ષે શીખેલા અનુરૂપ શ્લોકોનું પુનરાવર્તન કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

### B. અવતરણો મોઢે કરવા

બાળકો જે અવતરણ મોઢે કરશે એવી અપેક્ષા રાખવામાં આવે છે તે અવતરણ રજૂ કરવામાં નીચેના વિચારો તમને મદદ કરશે:

> જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે આપણે હંમેશા યાદ રાખવું જોઈએ કે આપણે સર્વશક્તિમાન પરમેશ્વરની હાજરીમાં હોઈએ છીએ. આપણે તેમની સમક્ષ વિનમ્રતા બતાવીએ છીએ અને આદરપૂર્વક કાર્ય કરીએ છીએ. આપણને કહેવામાં આવ્યું છે કે ઈશ્વરે આ વિશાળ વિશ્વમાં બધું જ આપણા માટે બનાવ્યું છે, સિવાય કે માનવ હૃદય જે તેમનું છે. તેથી જેવી રીતે આપણા હાથ ગંદા હોય ત્યારે આપણે આપણા શ્રેષ્ઠ કપડાંને સ્પર્શતા નથી, તેમ આપણે આપણા હૃદયને ઈર્ષ્યા અને સ્વાર્થી ઇચ્છાના નામોનિશાનથી પણ સ્વચ્છ કરવું જોઈએ. જ્યારે આપણે પ્રાર્થનામાં ઈશ્વર તરફ વળીએ છીએ, ત્યારે આપણે આપણું ધ્યાન બીજી બધી બાબતોથી દૂર કરીએ છીએ અને આપણા વિચારો સંપૂર્ણપણે તેમના પર કેન્દ્રિત કરીએ છીએ. જ્યારે આપણે આ સ્થિતિમાં હોઈએ છીએ, ત્યારે આપણે પોતાને શાંત અને નિરાંત નિહાળીશું અને ઈશ્વરના પ્રેમની મીઠાશનો સ્વાદ ચાખીશું.
>
> અબ્દુલબહા મિત્રોને પ્રાર્થના કરતી વખતે તેમના વિચારોને સંપૂર્ણપણે ઈશ્વર તરફ કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કરતા હતા. તેઓ આગ્રહ કરતા હતા કે, તેમણે આ દુનિયાની ચીજોને, તેમની આજુબાજુ જે કંઈ થઈ રહ્યું હોય તેને, અને એટલે સુધી કે તેમની પોતાની જાતને ભુલી જવું જોઈએ. અબ્દુલબહાને જે લોકોએ પ્રાર્થના કરતાં જોયા હતા તેઓ કહે છે કે, જાણે કે તેઓ બીજી દુનિયામાં પહોચી ગયા હોય એવું લાગતું હતું. તેઓ ખલેલ પહોચાડતી ચીજોથી મુકત થઈને ઈશ્વર સાથેના વાર્તાલાપમાં એકદમ

મગ્ન થઈ જતા હતા. જ્યારે આપણે ઈશ્વર તરફ આપણા વિચારોને કેન્દ્રિત કરીએ છીએ અને પૂજ્યભાવથી પ્રાર્થના કરીએ છીએ, ત્યારે આપણે આપણા હૃદયો પણ તેના પ્રેમમાં તરબોળ થઈ ગયા હોય એવી અનુભૂતિ કરીએ છીએ. પ્રાર્થના દરમિયાન આપણું વર્તન કેવું હોવું જોઈએ તેને યાદ રાખવામાં આપણી જાતને મદદ કરવા માટે, ચાલો આપણે બહાઉલ્લાહના નીચેના વચનો મોઢે કરીએ:

"હે પ્રકાશના પુત્ર! મારા સિવાય બીજું બધું ભૂલી જા, અને મારી ચેતના સાથે વાર્તાલાપ કર. આ મારા આદેશનો સાર છે, તેથી એની તરફ વળ."[૧૬]

ઉપરોકત અવતરણ સમજવામાં બાળકોને મદદ કરવા માટે તમને કદાચ નીચેના શબ્દોનો અર્થ સમજાવવાની જરૂર પડશે. આમ કરવા માટે નીચેના વાક્યો તમારી સહાયતા કરશે:

વાર્તાલાપ

1. જ્યારે ઇઓઆના વાંસળી વગાડે છે, ત્યારે દરેક વ્યક્તિ તેના સંગીતનો આનંદ અનુભવે છે. ઇઓઆના સંગીત દ્વારા શ્રોતાઓ સાથે વાર્તાલાપ કરે છે.
2. જ્યારે હ્યુગો પ્રાર્થના કરે છે ત્યારે, તેને ઈશ્વરની નજીક હોવાનો અનુભવ થાય છે, પ્રાર્થના દ્વારા હ્યુગો પરમેશ્વર સાથે વાર્તાલાપ કરે છે.

સાર

1. શાળાના વર્ષની શરૂઆતમાં આચાર્યશ્રીએ શાળામાં બધા બાળકો સાથે વાત કરી અને તેમને યાદ કરાવ્યું છે કે, તેમણે વર્ગમાં ધ્યાન આપવું જોઈએ, તેમનું ગૃહ કાર્ય કરવું જોઈએ અને શક્ય હોય એટલું વાંચવું જોઈએ. તેમની સલાહનો સાર એવો હતો કે તેમણે અભ્યાસમાં સખત મહેનત કરવી જોઈએ.
2. એથેન હંમેશા વિચાર કરતો હતો કે બીજાની સેવા કેવી રીતે કરી શકાય અને તેણે લોકોની મદદ કરવા માટે પોતાની જાતને સમર્પિત દીધી. સેવા એથેનના જીવનનો સાર હતો.

## C. ગીતો

યાદ રાખો કે, આ પાઠ શીખવતી વખતે, જેમાં બે કે ત્રણ વર્ગનો સમય લાગી શકે છે, તમારે ઓછામાં ઓછું એક નવું ગીત સહિત, બાળકો સાથે કેટલાક ગીતો ગાવા જોઈએ, જે ઉપરોક્ત વિચારોને તેમના મનમાં મજબૂત કરવામાં મદદ કરશે.

**D.** વાર્તા

સૂચન  છે કે આજે તમે બાળકોને નીચેની વાર્તા કહોઃ

અમેરિકામાં તેમના પ્રવાસ દરમિયાન , એકવાર અબ્દુલબહાએ એક ખૂબ જ નિષ્ઠાવાન બહાઈને પ્રાર્થના કેવી રીતે  કરવી તેના વિશે શીખવવાનો સ્વીકાર કર્યો. અબ્દુલબહાએ તેને બીજા દિવસે પરોઢિયે તેમના નિવાસે આવવા કહ્યું. શ્રદ્ધાળુનું હૃદય ખુશીથી તરબોળ થઈ ગયું. તેઓ પરોઢિએ ▯ ઠી ગયા અને અબ્દુલબહાના નિવાસે દોડી ગયા. જ્યારે તેમણેં માસ્ટરના કક્ષમાં પ્રવેશ કર્યો ત્યારે તેમણે જોયું કે તેઓ પહેલાંથી જ પ્રાર્થનામાં હતા. તેમને અહેસાસ થયો કે તે માસ્ટરને કોઈ પ્રશ્ન પૂછી શકે એમ નથી તેથી તેણે પણ પ્રાર્થનામાં બેસી જવાનો નિશ્ચય કર્યો. તે જમીન પર ઘૂંટણીએ બેસી ગયો અને પ્રાર્થના કરવા લાગ્યો. તેણે ચૂપચાપ તેના સગા–સંબંધીઓ, તેના મિત્રો અને પોતાના માટે પ્રાર્થના કરી. તેની પ્રાર્થના પૂરી થતાં તેણે ઉપર જોયું તો અબ્દુલબહા તો હજું પ્રાર્થનામાં લીન હતા. તેથી તેણે હજુ થોડી વાર પ્રાર્થના કરવાનો નિશ્ચય કર્યો. તેને જેટલી પ્રાર્થના આવડતી હતી તે બધી પ્રાર્થનાનું તેણે વારંવાર પુનરાવર્તન કર્યું. છતાં, અબ્દુલબહાની મુદ્રામાં કોઈ જાતનું હલનચલન જોવા મળતું ન હતું.

હવે શ્રદ્ધાળુને ધ્યાનમાં આવવા લાગ્યું કે, તેના એક ઘૂંટણમાં દુખાવો થવા લાગ્યો હતો અને તેની પીઠમાં તકલીફ થતી હતી. પછી તેને બહારથી પક્ષીઓના કલરવનો અવાજ સંભળાવા લાગ્યો. ઓરડામાં આમતેમ નજર દોડાવતાં તેને દિવાલમાં મોટી તીરાડ દેખાઈ. તેના પછી તેણે ફરીથી માસ્ટર તરફ નજર કરી અને અબ્દુલબહાના મુખારવિંદના ભાવને જોઈને, અચાનક જ તેનામાં પણ પ્રાર્થના કરવાની ઉત્કટ ઈચ્છા ઉત્પન્ન  થઈ. તે બધું ભુલી ગયા. તેના હૃદયમાં માત્ર એક જ ઈચ્છા હતી ઈશ્વરની સમીપ રહેવાની, તેની સાથે વાર્તાલાપ કરવાની. તેમણે આજ દિન સુધી કદી પ્રાર્થના કરી ન હતી, એવી રીતે તે પ્રાર્થના કરવા લાગ્યો. માસ્તરે તેને શિખવ્યું કે કેવી રીતે પ્રાર્થના કરવી જોઈએ.

આજ ક્ષણે અબ્દુલબહા ▯ ભા થયા, સ્મિત વરસાવતા તેમની નજીક ગયા અને કહેવા લાગ્યાઃ "જ્યારે તમે પ્રાર્થના કરતા હોવ ત્યારે તમારે, નહિ તો દુઃખતા શરીરનો વિચાર કરવો જોઈએ, નહિ બારીની બહાર કલરવ કરતા પક્ષીઓનો કે નહિ દિવાલમાં પડેલી તીરાડનો! જ્યારે તમે પ્રાર્થના કરવા ઈચ્છો ત્યારે, સૌથી પહેલા તમારે જાણવું જોઈએ કે તમે સર્વશકિતશાળીની હાજરીમાં ▯ ભા છો!"

**E. નાટક**

હંમેશાની જેમ, એવી પ્રવૃત્તિઓથી વર્ગના આ સમયગાળાની શરૂઆત થાય છે જેનો ઉદ્દેશ સર્જનાત્મક નાટકમાં પ્રભાવશાળી રીતે ભાગ લેવા માટે બાળકોને કૌશલ્યો અને ક્ષમતાઓનો વિકાસ કરવામાં મદદ કરવાનો છે.

1. બાળકોને તેમના કાલ્પનિક ચોરસમાં □ ભા રહેવાનું કહીને શરૂ કરો. તેમના ચોરસ સંપૂર્ણપણે સ્પષ્ટ છે તેની ખાતરી કરવા માટે, તેમને પોત–પોતાના ચોરસના કિનારે ચાલવાનું કહો.

2. અગાઉના પાઠની જેમ, તમારા વિદ્યાર્થીઓને તેમના હાથ ઊંચા કરીને, આકાશ તરફ ઉપર ખેચવાનું કહો અને પછી તેમને વિશ્રામ કરવાનું કહો. તેમણે ચારથી પાંચ વાર તેનું પુનરાવર્તન કરવું જોઈએ.

3. હવે તેમને સમજાવો કે તમે ક્રમમા આદેશ આપશો જેનું તેમણે તાત્કાલિક પાલન કરવું જોઈએ. તમારે બાળકો સમક્ષ જે આદેશોનું નિદર્શન કરવું જોઈએ તે નીચે મુજબ છે:

| | |
|---|---|
| સ્થિર | બધી હિલચાલ તાત્કાલિક બંધ કરો અને સંપૂર્ણ રીતે સ્થિર રહો |
| ફરી જાઓ–સ્થિર | અર્ધા પાછળ ફરી જાઓ અને સ્થિર □ ભા રહો. |
| કુદો–સ્થિર | હવામાં કૂદો, અર્ધા પાછળ ફરી જાઓ અને પછી સ્થિર □ ભા રહો |
| આખા ફરી જાઓ–સ્થિર | હવામાં કૂદો, ગોળ ફરી જાઓ અને પછી સ્થિર □ ભા રહો. |

4. તેના પછી બાળકોને કહો કે, આગામી કવાયત માટે, તેઓ તેમના કાલ્પનિક ચોરસમાંથી બહાર નીકળશે. તેઓ એકબીજા સાથે ટકરાય નહીં તેનું ધ્યાન રાખીને વર્ગની જગ્યામાં ગમે તેમ આંટા-ફેરા મારવાનું કહો. જ્યારે તેઓ ચાલતા હોય, ત્યારે તેમને સમજાવો કે તમે આદેશ આપશો "સ્થિર" અને, એકવાર તેઓ સ્થિર થઈ જાય, પછી જ્યાં સુધી તમે તેમને ફરીથી બીજો સંકેત નહીં આપો ત્યાં સુધી તેઓ તેમની સ્થિતિમાં જ રહેશે. તમારે ગમે તેટલી વાર, કોઈપણ ક્રમમાં આદેશો બોલવા માટે સ્વતંત્ર રહેવું જોઈએ.

હવે પાઠના વિષયને લગતી પ્રવૃત્તિઓ તરફ જાઓ, જે પ્રાર્થના દરમિયાન આપણે કેવું વર્તન કરીએ છીએ તેના વિશે છે. પાઠના આ ભાગ માટે તમને એક પ્રાર્થનાની ચોપડીની જરૂર પડશે. બાળકોને સમજાવો કે જ્યારે આપણે આપણા બધા વિચારોને ઈશ્વર તરફ કેન્દ્રિત કરીને પ્રાર્થના કરીએ છીએ, ત્યારે આપણે તેમના પ્રત્યે પૂજ્યભાવ અને આદર વ્યક્ત કરીએ છીએ. પછી તેમને કહો કે તેઓ થોડી કવાયત કરશે જે તેમને સમજવામાં મદદ કરશે કે કોઈ

ખાસ વસ્તુ પ્રત્યે આદરભાવથી વર્તવાનો અર્થ શું છે. આપણે આપણા શરીરને જે સ્થતિમાં રાખીએ છીએ, આપણે જે રીતે હલનચલન કરીએ છીએ અને આપણે જે રીતે આપણા અવાજનો ઉપયોગ કરીએ છીએ તેના દ્વારા આપણે પૂજ્યભાવ દર્શાવી શકે છે.

1. બાળકોને શાંતિથી તેમના કાલ્પનિક ચોરસમાં પાછા જઈને પૂજ્યભાવની મુદ્રામાં □ ભા રહેવાનું કહીને શરૂ કરો. થોડી ક્ષણો પછી તેમને પૂજ્યભાવની મુદ્રામાં બેસી જવાનું કહો.

2. હવે, બાળકો તેમના હાથમાં પક્ષીનું નાનું બચ્ચું પકડી રહ્યા હોય એવી કલ્પના કરવાનું કહો. તેઓ જાણે કે ધ્યાનપૂર્વક અને નરમાશથી પક્ષીને સંભાળી રહ્યા હોય એમ બતાવવાનું કહો.

3. તેના પછી બાળકોને કલ્પના કરવાનું કહો કે, તેઓ મહાન સમ્રાટ સમક્ષ □ ભેલા એક સેવક છે. તેઓ સમ્રાટ સમક્ષ આદરભાવ અને આજ્ઞાકારિતા સાથે કેવી રીતે નમન કરશે, તે બાળકોને બતાવવા કહો.

4. અંતમાં, હજુ જ્યારે તેઓ તેમના ચોરસમાં □ ભા છે, ત્યારે પ્રાર્થનાની ચોપડી હાથમાં પકડીને બાળકોને બતાવો. તેમને સમજાવો કે આ વસ્તુ વિશેષ છે, કારણ કે તેમાં ઈશ્વરના અવતાર દ્વારા પ્રગટિત ઈશ્વરના વચનો છે અને આપણે પ્રેમ અને ભક્તિમાં તેના તરફ અભિમુખ થઈએ છીએ ત્યારે તેનું વાંચન કરીએ છીએ. તેમને કહો કે, દરેકને આ પ્રાર્થનાની ચોપડી હાથમાં પકડવાનો અવસર મળશે જેને તેમણેં સંભાળપૂર્વક અને પૂજ્યભાવથી હાથમાં લેવી જોઈએ. કોઈ એક બાળકને પ્રાર્થનાની ચોપડી આપો અને તેને બીજાને આપવાનું કહો, અને તેને બીજા બાળકને વગેરે. તેઓ ચોપડી બીજાને આપતા હોય ત્યારે દરેકે કહેવાનું છે, "આ ખાસ ચોપડી હાથમાં લેવાનો હવે તમારો વારો છે." ચોપડી હાથમાં પકડવાનો દરેક બાળકને અવસર મળે પછી, દરેક બાળકે તેમના કાલ્પનિક ચોરસમાં પાછા જવું જોઈએ અને ટટ્ટાર અને શાંતિથી બેસી જઈને પોતાની આંખો બંધ કરવી જોઈએ. સૌથી છેલ્લે □ ભા રહેલા બાળકે ચોપડી તમને પાછી આપવી જોઈએ અને પછી બેસી જવું જોઈએ.

5. થોડી વાર પછી, પૂજ્યભાવથી પ્રાર્થનાની ચોપડી સંભાળવા બદલ તમે બાળકોનો વિનમ્રભાવે આભાર વ્યકત કરી શકો છો. તેમને કહો કે હવે તેઓ ચિત્રકામની પ્રવૃત્તિ તરફ આગળ વધી શકે છે. તેમને સમજાવો કે તમે કોઈ એક બાળકના ખભે હાથ થાભળીને મૃદુલ અવાજમાં કહેશો "તમારો આભાર"; ત્યારે તે કે તેણીએ □ ભા થવું જોઈએ, બીજા એક બાળકના ખભે હાથ ઠપથપાવીને, "તમારો આભાર" કહેવું જોઈએ અને ચિત્રકામ માટે નિર્ધારિત કરેલ ક્ષેત્રમાં જવું જોઈએ. બીજા બાળકે પણ એવું જ

કરવું જોઈએ, અને જે બાળક સૌથી છેલ્લે હોય તે જ્યારે બધાની સાથે સામેલ થતો હોય ત્યારે, તેણે કહેવું જોઈએ “બધાનો આભાર”.

**F. ચિત્રકામ અને કલા**

જેમ તમે પાછલા પાઠ માટે કર્યું હતું, તેમ તમારે બાળકોને વહેંચવા માટે જરૂરી ચિત્રકામના કાગળની નકલો અગાઉથી તૈયાર કરી રાખવાની જરૂર પડશે.

1. હંમેશની જેમ વર્ગમાં દરેક વિદ્યાર્થીને અથવા થોડા વિદ્યાર્થીને કાગળની શીટ ૧ આપીને આ પ્રવૃત્તિની શરૂઆત કરો. હાલ સુધીમાં બાળકો ચોરસમાં બતાવેલ વિવિધ પ્રકારની – જેમ કે સીધી અને સમાંતર રેખાઓ, સીધી અને આડી-□ ભી રેખાઓ, વક્ર રેખાઓ અને આડી-અવળી રેખાઓ -ના સંદર્ભમાં તમારી સાથે આગળ જવા માટે તૈયાર હશે. હવે તમે દરેક બાળકને ચાર ખાલી ચોરસ વાળી શીટ ૨ ની એક એક નકલ આપી શકો છો. તેમને તેમના ચોરસમાં સમાન પ્રકારની રેખાઓ દોરવાનું કહો.

2. આગામી પ્રવૃત્તિ માટે, બાળકોને શીટ ૩ ની જરૂર પડશે, જેમાં મોટા અને નાના અક્ષરોમાં, દરેકની નીચે ખાલી રેખાઓ સાથે, બે વાર મૂળાક્ષરો આપેલ છે. તમારા વિદ્યાર્થીઓને યાદ કરાવો કે, જેમ તેઓ જાણે છે તેમ, વાક્યો શબ્દોથી બનેલા છે, અને શબ્દો અક્ષરોથી બનેલા છે. શીટ પરના મૂળાક્ષરોનો સંદર્ભ આપીને, તમારે તેમને નિર્દેશ કરવો જોઈએ કે અક્ષરો વિવિધ પ્રકારની રેખાઓથી લખાયેલા છે - "c" માં વક્ર રેખા હોય છે, મોટા "H" માં બે સમાંતર રેખાઓ હોય છે, "z" માં કોણીય રેખાઓ હોય છે. તેમને ખાલી રેખાઓ પર મોટા અને નાના અક્ષરોમાં મૂળાક્ષરો લખવાની પ્રેક્ટિસ કરવા કહો.

3. આ પાઠની ચિત્રકામની પ્રવૃત્તિઓ પૂર્ણ કરવા માટે, બાળકોને નીચેની પ્રાર્થના સાથે શીટ ૪ ની એક એક નકલની જરૂર પડશે: “તે ઈશ્વર છે! હે ઈશ્વર, મારા ઈશ્વર! મને મોતી જેવું એક શુદ્ધ હૃદય પ્રદાન કર.” બાળકોને તેમના ધોરણ ૧ ના પાઠમાંથી આ પ્રાર્થના યાદ આવશે અને જો તેઓ તેને કેવી રીતે વાંચવું અને લખવું તે જાણતા નહીં હોય, તો હવે તે શીખવા માટે ઉત્સુક હશે. તેમને મદદ કરવા માટે, તમે તેમને "પ્રાર્થનામાં કેટલા શબ્દો છે?" અને "તમે અક્ષરોમાં કયા પ્રકારની રેખાઓ જુઓ છો?" જેવા પ્રશ્નો પૂછી શકો છો. પછી તમે તેમને શીટ ૫ પર પ્રાર્થના કાળજીપૂર્વક અને આદર સાથે લખવાની પ્રેક્ટિસ કરાવી શકો છો.

**G. સમાપન પ્રાર્થના**

# સેટ ૨

## ઈશ્વરના આદેશોનું પાલન કરવું

## પાઠ ૨.૧

### A. પ્રાથના અને પવિત્ર શ્લોકનું ગાન કરવું

એવું સૂચન કરવામાં આવે છે કે, શરૂઆતની પ્રાર્થના કર્યા પછી, તમે બાળકો સાથે પાઠ ૧.૧ માંથી પ્રાર્થનાનું પુનરાવર્તન કરો જે હવે તેમને મોઢે આવડે છે. પછી તમે નીચેની પ્રાર્થના રજૂ કરી શકો છો, જે તેઓ આગામી ત્રણ પાઠમાં મોઢે કરશે. યાદ રાખો કે શરૂ કરતાં પહેલાં તમારે વિદ્યાર્થીઓને ચાવીરૂપ શબ્દો અને શબ્દસમૂહોના અર્થ સમજાવવાની જરૂર પડશે.

> "હે મારા પરમેશ્વર! હે મારા પરમાત્મા! તારા સેવકોના હ્રદયો એક કર અને એમની સમક્ષ તારો મહાન ઉદ્દેશ પ્રગટ કર. તેઓ તારા આદેશો માને અને તારા કાયદાઓનું પાલન કરે. હે ભગવાન! તેમના પુરુષાર્થમાં સહાયક બન, તારી સેવા કરવાની એમને શક્તિ આપ. હે પ્રભુ, એમને એકલા ન છોડી દે, બલ્કે તારા જ્ઞાનના પ્રકાશથી એમના ચરણોને માર્ગ દેખાડ અને તારા પ્રેમથી એમના હ્રદયોને હર્ષિત કર. તું જ ખરેખર એમનો સહાયક અને સ્વામી છે."[૧૭]

આ ત્રણ પાઠોના અભ્યાસ દરમિયાન, તમારે બાળકોને એ સમજવામાં મદદ કરવાની દરેક તકનો ઉપયોગ કરવો જોઈએ કે સેટ ૨ નો એકંદર વિષય, ઈશ્વરના કાયદાઓનું પાલન કરવા માટે, કેવી રીતે સંતોષ, હિંમત અને વફાદારી – જેવા આધ્યાત્મિક ગુણોની જરૂર પડે છે, જેના વિશે તેઓ ધોરણ ૧ માં શીખી ગયા છે. આ સંદર્ભમાં, ગયા વર્ષે તેમણે મોઢે કરેલા નીચેના અવતરણોને તેમની સાથેની તમારી વાતચીતમાં સામેલ કરવા તમારા માટે ઉપયોગી થઈ શકે છે, જેનું તેમને યોગ્ય સમયે પુનરાવર્તન કરવા પણ કહી શકાય:

> **"પરમેશ્વરે જે કંઈ પ્રદાન કર્યું છે તેનો સ્વીકાર અને તેણે આદેશિત કર્યું છે તેમાં સંતોષ એ સમસ્ત ગૌરવનો સ્રોત છે"**[૧૮]

> **"પ્રભુના વચનોનો પ્રસાર અને તેના પ્રેમમાં દ્રઢતા એ હિંમત અને શકિતનો સ્રોત છે."**[૧૯]

> **"ખુશ છે તે નિષ્ઠાવાન જે શ્રેષ્ઠ પ્રયત્નના પરિધાનથી સુશોભિત છે અને આ ધર્મની સેવા કરવા ઊભો થયો છે."**[૨૦]

### B. અવતરણો મોઢે કરવા

મોઢે કરવા માટેના અવતરણનો પરિચય આપવા માટે, તમે નીચે આપેલી સમજૂતીની તમારા પોતાના શબ્દોમાં રજુઆત કરી શકો છોઃ

> પરમેશ્વરના તેની સૃષ્ટિ પ્રત્યેના પ્રેમને કારણે સમસ્ત માનવજાતિનું સર્જન કરવામાં આવ્યું છે તથા તેના પ્રેમથી આપણું નિરંતર પોષણ અને રક્ષણ થતું રહે છે. જો એક ક્ષણ માટે પણ આપણને ઈશ્વરના આશીર્વાદ નહિ મળે તો આપણે નષ્ટ થઈ જઈશું. ઈશ્વરનો પ્રેમ તો એક શક્તિશાળી કિલ્લો (દુર્ગ) સમાન છે. કિલ્લો એવી એક વિશાળ

ઈમારત હોય છે જેની દિવાલ એટલી મજબૂત અને મોટી હોય છે કે કશું તેને તોડીને અંદર આવી શકતું નથી. જ્યારે આપણે કોઈ કિલ્લાની અંદર હોઈએ છીએ, ત્યારે આપણે કોઈપણ પ્રકારની હાનિથી સુરક્ષિત હોઈએ છીએ. એવી જ રીતે, જ્યારે આપણા હૃદયો ઈશ્વરના પ્રેમથી ભરેલા હોય છે અને તેમને ખુશ કરવાનો આપણે આપણો દરેક શક્ય પ્રયત્ન કરીએ છીએ, ત્યારે આપણે તેના પ્રેમના કિલ્લામાં સુરક્ષિત છીએ; તે આપણને માર્ગદર્શન આપશે અને નુકશાનકારક રિતોથી દૂર રાખશે.

પરમેશ્વરના માર્ગદર્શનને અનુસરીને અને તેમના ઉપદેશો અનુસાર જીવન જીવીને જ આપણને સાચું સુખ મળે છે, એવું સુખ જે કાયમ માટે આપણી સાથે રહેશે. આપણે જાણીએ છીએ કે, અબ્દુલ-બહાએ ઈશ્વરના બધા ઉપદેશોને સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત કર્યા છે. તેમણે કહ્યું છે કે આ દુનિયામાં તેમનો એકમાત્ર આનંદ ઈશ્વરના માર્ગ પર ચાલવાનો છે. આપણે તેમના ઉદાહરણને અનુસરવા માટે આપણા શ્રેષ્ઠ પ્રયાસો કરવા જોઈએ, નહીં તો આપણે ચોક્કસપણે દુ:ખ અને મુશ્કેલીના ભાર હેઠળ દબાઈ જઈશું. ઈશ્વરનો પ્રેમ જ આપણને હંમેશા સુરક્ષિત અને ખુશ રાખે છે તે યાદ રાખવામાં આપણને મદદ કરવા માટે, ચાલો આપણે બહાઉલ્લાહનું નીચેનું અવતરણ મોઢે કરીએ:

**"હે અસ્તિત્વના પુત્ર! મારો પ્રેમ મારો દુર્ગ છે; જે તેમાં પ્રવેશ કરે છે તે સલામત અને સુરક્ષિત છે, અને જે તેનાથી દૂર જાય છે તે નિશ્ચિત રઝળીને નાશ પામશે."**[૨૧]

બાળકો આ અવતરણ મોઢે કરવાની શરૂઆત કરે તેના પહેલા, તેઓ ઉપરોક્ત અવતરણની મૂળભૂત સમજ પ્રાપ્ત કરે તેની ખાતરી કરી લેવી મહત્વપૂર્ણ રહેશે. તમે જાતે તૈયાર કરવા ઇચ્છતા હોય એવા વાક્યોની સાથે, નીચેના વાક્યો બાળકો અપરિચિત હોય એવા શબ્દો અને શબ્દસમૂહો તેમને સમજાવવા માટે નીચેના વાક્યો તમારી મદદ કરશેઃ

દુર્ગ (કિલ્લો)

1. પોતાની જાતને દુશ્મનોથી બચાવવા માટે, લોકોએ નગરની ફરતે એક મોટી દિવાલ બાંધી હતી. આ નગર કિલ્લાની અંદર હતું.
2. મરઘાંને વરૂઓથી બચાવવા માટે, ખેડુતે મરઘા એક પિંજરામાં રાખ્યા હતા. પિજરૂં મરઘા માટે એક દુર્ગ (કિલ્લો) બની ગયો હતો

સલામત અને સુરક્ષિત

1. ઘેટાં ઝાડીમાં ખોવાઈ ગયા અને મેરીને તેમને શોધવાની જરૂર પડી, જેથી જંગલી કુતરા તેનો શિકાર નહીં કરે. હવે ઘેટાં વાડામાં પાછા આવી ગયા છે અને તે સલામત અને સુરક્ષિત છે.

2. જ્યારે મોટું વાવાઝોડું આવ્યું, ત્યારે બધા નગરજનોએ પુસ્તકાલયમાં આશરો લીધો. દરેક વ્યક્તિ તેની મજબૂત દિવાલોની અંદર સલામત અને સુરક્ષિત હોવાનો અનુભવ કરતો હતો.

નાશ પામવું

1. ગામમાં ઘણા મહિનાઓથી ઓછો વરસાદ પડ્યો હતો, અને બધાને ડર હતો કે પાણી વગર પાક નાશ પામશે.
2. ઝાડ પરથી પાંદડા ખરી પડ્યા પછી, તે ધીમે ધીમે સડી જાય છે અને જમીનમાં અદૃશ્ય થઈ જાય છે. પાંદડા નાશ પામે છે.

**C. ગીતો**

પાછલા પાઠોની જેમ, તમારે ઓછામાં ઓછું એક નવું ગીત સહિત, બાળકો સાથે કેટલાક ગીતો ગાવા માટે સુયોગ્ય સમય શોધવો જોઈએ, જે ઉપર ચર્ચા કરેલા વિચારોને તેમના મનમાં દ્રઢ કરવામાં મદદ કરશે.

**D. વાર્તા**

તમે પાઠના આ ભાગની શરૂઆત બાળકોને સમજાવીને કરી શકો છો કે તમે તેમને એક વાર્તા કહેશો જે તેમને યાદ રાખવામાં મદદ કરશે કે, ઈશ્વરના પ્રેમથી ચારેબાજુ ઘેરાયેલા અને સુરક્ષિત રહીને, આપણે હંમેશા તેમની ઇચ્છાને અનુસરીએ છીએ અને તેમની દૃષ્ટિમાં જે પ્રસન્નતાનું કારણ બને છે તે કરીએ છીએ.

> તમારામાંથી કેટલાકે પહેલાં માર્થા રૂટ વિશે સાંભળ્યું હશે. તે પશ્ચિમના શરૂઆતના બહાઈઓમાંથી એક હતી જે તેના પરાક્રમી કાર્યો અને હિંમત માટે જાણીતી હતી. તેણીને પ્રભુધર્મ વિશે જાણ થતાં જ, તે ઉપદેશોને દૂર દૂર સુધી ફેલાવવા માટે તૈયાર થઈ ગઈ. તેણીએ અબ્દુલ-બહને પત્ર લખ્યો, અને અબ્દુલબહાએ તેણીને કહ્યું કે તે તેના હૃદયનું અનુસરણ કરે અને પ્રભુધર્મનું શિક્ષણ આપવા માટે વિશ્વભરમાં પ્રવાસ કરે. "ગર્જના સાથે દૈવી રાજ્યનું આહ્વાન કર," તેમણે જવાબ આપ્યો. "તમે મહાન પરિણામો અને અસાધારણ પુષ્ટિઓ જોશો."
>
> હવે, માર્થા પાસે વધારે પૈસા નહોતા, પણ તેની પાસે લખવાની પ્રતિભા હતી. તેથી તેણે નક્કી કર્યું કે તે વાર્તાઓ અને લેખો લખી શકે છે અને તેને અખબારોમાં વેચી શકે છે, જેનાથી તે એક જગ્યાથી બીજી જગ્યાએ જઈ શકે છે અને પ્રભુધર્મનું શિક્ષણ આપી શકે છે. કોઈ દિવસ તમે ઘણા વર્ષો સુધી તેણીએ કરેલી અસાધારણ યાત્રાઓ વિશે વધુ શીખી શકશો. આજે આપણે ન્યુ યોર્કથી દક્ષિણ અમેરિકા સુધીની તેણીની યાત્રાની વાર્તા સાંભળીશું. અબ્દુલ-બહાએ પશ્ચિમના બહાઈઓને તે વિશાળ ખંડમાં

બહાઈ ઉપદેશો લાવવા અને ત્યાં "બહિયા" નામના એક ખાસ સ્થળની મુલાકાત લેવા વિનંતી કરી હતી. માર્થાએ પહેલાં તે શહેરમાં જવાનું મન બનાવી લીધું હતું.

તે દિવસોમાં, નિ:શક, આટલી લાંબી મુસાફરી કરવાનો એકમાત્ર રસ્તો સમુદ્ર માર્ગ હતો. તેનું જહાજ લગભગ એક મહિના મોડું ઉપડવાનું હતું, પરંતુ તે આખરે ન્યુ યોર્કથી રવાના થયું અને કેટલાક અઠવાડિયા પછી દક્ષિણ અમેરિકામાં બ્રાઝિલ પહોંચ્યું. તે બ્રાઝિલમાં કોઈને ઓળખતી ન હતી અને તે ત્યાંની ભાષા બોલી શકતી ન હતી. તેમ છતાં, તેણી જાણતી હતી કે તે અબ્દુલ-બહાની ઇચ્છા પૂરી કરવાનો માર્ગ શોધી કાઢશે. એવું બન્યું કે તેને બહિયા જવા માટે બીજી હોડી લેવી પડી અને થોડા દિવસો પછી તે શહેરમાં પહોંચી. માર્થાએ ત્યાં ઘણા મિત્રો બનાવ્યા અને તે બધા સાથે પ્રભુધર્મના સંદેશની આપ-લે કરી. તેણીએ પ્રવચનો આપ્યા, સ્થાનિક અખબારોમાં લેખો પ્રકાશિત કર્યા અને જાહેર પુસ્તકાલયમાં બહાઈ પુસ્તકો આપ્યા. પરંતુ, નિ:શક, હજુ તેણીની સફર પૂરી થઈ ન હતી, અને તેણીએ એક શહેરથી બીજા શહેર અને એક દેશથી બીજા દેશમાં મુસાફરી કરી. તેણીનું હૃદય હંમેશા પ્રેમ અને ભક્તિમાં ઈશ્વર તરફ વળેલું રહેતું હતું, અને તેણી સતત તેમના માર્ગદર્શન માટે પ્રાર્થના કરતી હતી. અને અબ્દુલ-બહાએ વચન આપ્યું હતું તે મુજબ, તે જ્યાં પણ ગઈ ત્યાં તેના માટે દરવાજા ખુલતા રહ્યા.

આખરે, બીજા દેશમાં જવા માટે, માર્થાને એન્ડીઝ પર્વતો પાર કરવાની જરૂર હતી. હવે, એન્ડીઝ પર્વતો વિશ્વના કેટલાક સૌથી ઊંચા પર્વતોમાંથી છે, અને શિખરો બરફથી ઢંકાયેલા છે. તેમને પાર કરવા માટે તાકાત અને દૃઢ નિશ્ચયની જરૂર પડે છે. માર્થાના મિત્રોએ તેણીને ન જવાની વિનંતી કરી. તેઓએ કહ્યું કે તે શિયાળો હતો, અને માર્ગ ઠંડો અને મુશ્કેલ હશે. પરંતુ માર્થાએ ગરમ કોટ અને અન્ય ગરમ વસ્ત્રો ભેગા કર્યા અને ખચ્ચર પર એક નાના જૂથ સાથે નીકળી પડી જેની સાથે ઘણા માર્ગદર્શકો હતા. તેઓ ઉપર અને ઉપર ગયા, બર્ફીલા ઠંડા શિખરો પર પહોંચ્યા. ક્યારેક ખચ્ચરના પગ સાંકડા માર્ગો પર લપસી પડતા અને સરકી જતા. ઘણીવાર રસ્તો એટલો ઢાળવાળો અને સાંકડો હતો કે તેમને ચાલવું પડતું અને તેમના ખચ્ચરને દોરી જવું પડતું. અને એકવાર તેમને સંપૂર્ણ અંધારામાં એક સુરંગમાંથી પસાર થવું પડ્યું હતું, અને માર્થા જે ખચ્ચર પર સવારી કરી રહી હતી તે ખાઈના કિનારા પાસે ઠોકર ખાઈને પડી ગયું. પરંતુ માર્થા, બહાઈ ઉપદેશોનો ફેલાવો કરવાની અબ્દુલ-બહાની ઇચ્છાઓને પૂર્ણ કરવા માટે ▯ભી થઈ હોવાથી, તે ઈશ્વરના પ્રેમના કિલ્લામાં સુરક્ષિત હતી. તેના માર્ગદર્શકો એન્ડીઝ પર્વતો વિશે સારી રીતે જાણતા હતા અને દરેક જોખમથી તેમને દૂર રાખવામાં મદદ કરતા હતા. ઘણા દિવસો પછી, જૂથ પર્વતોની બીજી બાજુ નીચે આવ્યું, જ્યાં માર્થા દેશ-દેશમાં મુસાફરી કરતી રહી અને ઉપદેશોની આપ-લે કરવાના તેના પ્રયાસોમાં સંપુષ્ટિ મેળવતી રહી.

**E. નાટક**

બાળકો સાથે નીચેની પ્રવૃત્તિઓ કરીને, તમે તેમને સર્જનાત્મક નાટક સંબંધિત કુશળતા અને ક્ષમતાઓ વિકસાવવાના તેમના પ્રયત્નોમાં પ્રોત્સાહિત કરી શકો છો:

1. બાળકોને તેમના કાલ્પનિક ચોરસમાં ▯ ભા રહેવાનું કહીને શરૂ કરો. તેઓ પોત–પોતાની જગ્યાએ ▯ ભા થઈ જાય પછી, તમે તેમણે પહેલાં કર્યું છે તેવી જ રીતે તેમના ચોરસના કિનારે ચાલવાનું કહો.
2. હવે બાળકોને પાઠ ૧.૨ માં આપેલી શરીરને ઉપર તરફ ખેંચવાની કવાયત કરાવો.
3. આગળની કવાયત માટે, બાળકો તેમના કાલ્પનિક ચોરસની બહાર કામ કરશે. તેમને સમજાવો કે, તેમણે છેલ્લા પાઠમાં કર્યું હતું તેમ, તેઓ ગમે–તેમ આંટા–ફેરા કરશે. પરંતુ આ વખતે, તેમણે તેમના હાથ લાંબા કરીને ગોળ–ગોળ ફરવાનું છે અને તેમના શરીરને શક્ય એટલું ઉપર–નીચે કરીને લહેરાતા હોય એવી રીતે હલન–ચલન કરવાનું છે. તેમણે મુક્તપણે ફરવાનું છે, પરંતુ એકબીજા સાથે ટકરાય નહિ તેની કાળજી રાખવાની છે. તમે જ્યારે કહો, "સ્થિર" ત્યારે તેઓ જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં સ્થિર રહેવાનું છે. તેના પછી તેમાંથી કોઈ એક બાળકને પૂછો, "તમે શું કરો છો? બાળકે વિચાર કરવાનો છે કે તે કઈ સ્થિતિમાં સ્થિર થયો છે, અને તે મુજબ તેની સ્થિતિ સાથે મેળ બેસતો હોય એવો જવાબ આપવાનો છે, દાખલા તરીકે, "હું એક કંપાઉન્ડની દિવાલને રંગાવી રહ્યો છું" અથવા "હું સફરજન તોડી રહ્યો છું". આ કવાયતનું કેટલીક વાર પુનરાવર્તન કરો અને દરેક બાળકને તે શું કરી રહ્યો છે તેના વિશે જવાબ આપવાનો ઓછામાં ઓછો એક અવસર મળે તેની કાળજી રાખો.

પાછલા પાઠની જેમ, ઉપરની કવાયતે પણ બાળકોને વિશાળ જગ્યામાં આમથી તેમ ફરવાનો અનુભવ પૂરો પાડ્યો હશે. હવે પછીની કવાયતનો ઉદ્દેશ આજના પાઠમાં પ્રસ્તુત ખ્યાલોની સમજમાં વધારો કરવાનો છે.

નીચે કેટલાક સરળ દ્રશ્યોની સૂચિ આપેલી છે, જે દરેક દ્રશ્યમાં ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. બાળકોને ત્રણ-ત્રણ ના જૂથમાં વહેંચી દો. તેમને પહેલા વર્ણવેલ દ્રશ્યનો અભિનય કરવા કહો અને પછી કહો "સ્થિર". તેમને કહો કે, તેઓ તેમના મત મુજબ ઈશ્વરને પ્રસન્ન કરે એવા દ્રશ્ય સાથે તેનું સમાપન કરે. બાકીના બે દૃશ્યો સાથે આ પ્રવૃત્તિનું પુનરાવર્તન કરો.

– જ્યારે એક બાળક પડી જાય છે ત્યારે બે બીજા મિત્રો ત્યાંથી પસાર થઈ રહ્યા છે.
– ત્રણ મિત્રો થોડા ફળ એકબીજા સાથે વહેંચી રહ્યા છે અને તેમાંથી એક મિત્ર પોતાનો ભાગ (ટુકડો) જમીન પર પાડી દે છે.
– ત્રણ ભાઈ-બહેનોને રાત્રિભોજન પછી સાફ-સફાઈ કરવાનું કામ આપવામાં આવ્યું છે – જેમ કે ટેબલ સાફ કરવાનું, ફરસ સાફ કરવાનું અને વાસણ ધોવાનું. જ્યારે બીજા બે ભાઈ-બહેન પોતાનું કામ પૂરું કરે છે ત્યારે ત્રીજો હજુ પણ વાસણ ધોઈ રહ્યો છે.

**F. ચિત્રકામ અને કલા**

આગામી ત્રણ પાઠમાં ચિત્રકામની પ્રવૃત્તિઓ કલામાં "આકાર"ના તત્વ પર ધ્યાન કેન્દ્રિત કરશે. પાઠ ૨.૧ માટે નિર્ધારિત ચાર કાગળની નકલો ઉપરાંત, તમારી પાસે વર્ગના આ ભાગ માટે થોડા સફેદ કોરા કાગળ હોવા જોઈએ.

1. દરેક વિદ્યાર્થીને વર્તુળ, ત્રિકોણ, ચોરસ અને લંબચોરસ વાળી શીટ ૧ ની એક એક નકલ આપો. બાળકોને, પહેલા તેમને આપેલી ટપકાંવાળી રેખાઓ સાથે લીટી દોરીને અને પછી તેમને નીચે આપેલી ખાલી જગ્યામાં દોરીને કાગળ પર આકાર દોરવાની પ્રેક્ટિસ કરવા કહો.

2. તેના પછી, બાળકોને સમજાવો કે તેમણે હમણાં જ દોરેલા આકારોને અન્ય આકારો બનાવવા માટે જોડી શકાય છે. પૃષ્ઠની ટોચ પર અનેક સંયુક્ત આકારો વાળી શીટ ૨ ની નકલો આપો. પછી તમે તમારા વિદ્યાર્થીઓને એ સમજવામાં મદદ કરી શકો છો કે બે ત્રિકોણ કેવી રીતે હીરા (ડાઇમંડ) નો આકાર બનાવી શકે છે, બે અર્ધવર્તુળો સાથેનો ચોરસ કેવી રીતે લંબગોળ આકાર બનાવી શકે છે, અને છ ત્રિકોણ કેવી રીતે ષટ્કોણ બનાવી શકે છે. પહેલા તેમને આપેલી ટપકાંવાળી રેખાઓ સાથે લીટી દોરીને અને પછી તેમને પૃષ્ઠ પર ખાલી જગ્યામાં દોરીને, તેમને હીરા, લંબચોરસ અને ષટ્કોણ દોરવાની પ્રેક્ટિસ કરવા પ્રોત્સાહિત કરો.

3. એકવાર વિદ્યાર્થીઓ તેમના ચિત્રો દોરવાનું પૂર્ણ કરી લે, પછી તમે ઉપરોક્ત પ્રવૃત્તિને આગળ વધારીને સમજાવી શકો છો કે, કેટલીકવાર, આકારોને જોડીને આપણે પ્રકૃતિમાં જોયેલી વસ્તુઓ, જેમ કે વૃક્ષો જેવા આકાર બનાવી શકીએ છીએ. દરેક બાળકને કોરો કાગળ આપો અને ક્યાંતો દરેક બાળકને અથવા થોડા બાળકો વચ્ચે શીટ ૩ ની એક નકલ આપો. તમારા પ્રદેશમાં ઉપલબ્ધ હોય એવા વૃક્ષો જેવા દેખાતા એક કે બે આકાર તરફ ધ્યાન દોરો અને બાળકોને પૂછો કે તેઓ તેમને કયા વૃક્ષોની યાદ અપાવે છે. પછી તેઓ તેમના કોરા કાગળમાં સમાન સંયુક્ત આકારો દોરવાની પ્રેક્ટિસ કરી શકે છે.

4. અંતે, "ઈશ્વરનો પ્રેમ કેવી રીતે એક કિલ્લો સમાન છે જેમાં આપણે સલામત અને સુરક્ષિત છીએ, તેને લગતી તેમની અગાઉની ચર્ચા વિશે બાળકોને યાદ અપાવો. તેમને કહો કે, આગામી પ્રવૃત્તિ માટે, તેઓ આકારોને ભેગા કરીને કિલ્લો દોરશે. દરેક વિદ્યાર્થીને શીટ ૪ ની એક એક નકલ આપો, જે દર્શાવે છે કે આ કેવી રીતે કરી શકાય છે. દરેક બાળકને પૃષ્ઠ પર ખાલી જગ્યામાં તેમાં દર્શાવેલા ત્રણ ચિત્રોની નકલ કરવા કહો, જે ક્રમશઃ એક કિલ્લાની રચના કરે છે.

**G. સમાપન પ્રાર્થના**

## પાઠ ૨.૨

### A. પ્રાથના અને પવિત્ર શ્લોકનું ગાન કરવું

શરૂઆતની પ્રાર્થના પછી, તમારે બાળકોને અગાઉના પાઠમાં રજૂ કરેલી પ્રાર્થના મોઢે કરવામાં મદદ કરવા થોડો સમય ફાળવવો જોઈએ.

યાદ રાખો કે, આ પાઠના અભ્યાસ દરમિયાન, તમારે ખાતરી કરવી જોઈએ કે બાળકો ઈશ્વરના કાયદાનું પાલન કરવાના આપણા પ્રયત્નોમાં આધ્યાત્મિક ગુણો - ખાસ કરીને સંતોષ, હિંમત અને વફાદારી - ના મહત્વની ઝલક મેળવે. જ્યારે યોગ્ય હોય ત્યારે, બાળકોએ ગયા વર્ષે શીખેલા સંબંધિત શ્લોકો તરફ પણ તેમનું ધ્યાન દોરી શકો છો.

### B. અવતરણો મોઢે કરવા

નીચેના વિચારોની તમારા પોતાના શબ્દોમાં રજુઆત કરીને તમે આજનું અવતરણ પ્રસ્તુત કરી શકો છો.

> આપણા પ્રત્યેના તેમના અનંત પ્રેમમાં, ઈશ્વરે આપણને કાયદા અને ઉપદેશો આપ્યા છે. અને તેમના પ્રત્યેના આપણા પ્રેમ અને તેમની ખુશી પ્રાપ્ત કરવાની આપણી ઇચ્છાથી જ આપણે તેમણે આપેલા કાયદા અને ઉપદેશોનું પાલન કરીએ છીએ. ઈશ્વરના આદેશોનું પાલન આપણને તેમની નજીક લાવે છે અને આપણને વફાદારી અને સંતોષ, દૃઢતા અને હિંમત, તેમજ બીજા ઘણા આધ્યાત્મિક ગુણો પ્રગટ કરવા માટે સક્ષમ બનાવે છે જેનાથી તે આપણને સુશોભિત કરવા ઈચ્છે છે. ઈશ્વર માટેનો પ્રેમ આપણને ઈશ્વરને પ્રસન્ન કરતી હોય એવી રીતે કાર્ય કરવા પ્રેરે છે.
>
> અબ્દુલબહાનું ઉદાહરણ આપણને સમજવામાં મદદ કરે છે કે પ્રેમના કારણે ઈશ્વરના આદેશોનું પાલન કરવાનો અર્થ શું છે. અબ્દુલબહાનો ઇશ્વર પ્રત્યેનો પ્રેમ એટલો ગહન હતો કે, તેમણે દરરોજ જે કંઈ કર્યું હતું તેનું કારણ પ્રભુ–પ્રેમ હતો. તેઓ પ્રાર્થના કરવા માટે દરરોજ વહેલી સવારે ▯ઠી જતા અને તેમનો સમય બીમાર અને જરૂરીયાતમંદોની મુલાકાત લેવામાં, મિત્રોની મદદ કરવામાં તથા તેમના ઘરે આવતા મહેમાનોના આત્માઓને તેમના પ્રોત્સાહક શબ્દો અને પ્રેમપૂર્ણ સલાહથી પ્રસન્ન કરવામાં ગાળતા હતા. દુનિયાભરમાંથી તેને મળતા પત્રોના પ્રવાહનો જવાબ લખતાં લખતાં, તેઓ ઘણીવાર તો અર્ધી રાત પછી પણ જાગતા રહેતા હતા. અબ્દુલબહા કહેતા હતા કે, "જ્યારે કોઈ વ્યકિત પ્રેમ કરે છે ત્યારે તેને કશું વધારે પરેશાન કરી શકતું નથી, અને તેના માટે હંમેશા સમય મળી રહે છે." ઈશ્વર માટેના આપણા પ્રેમને કારણે તેના આદેશોનું પાલન કરવાનું મહત્વ યાદ રાખવા માટેના આપણા પ્રયત્નોમાં, ચાલો આપણે નીચેનું અવતરણ મોઢે કરીએઃ

"મારી સર્વશક્તિમાન મહિમાના સ્વર્ગમાંથી, મારી સત્તાની વાણીએ મારી સૃષ્ટિને આ શબ્દોમાં સંબોધન કર્યુંઃ 'મારા સૌદર્યના પ્રેમ ખાતર મારા આદેશોનું પાલન કરો."[૨૨]

નીચે કેટલાક વાક્યો આપેલા છે જે તમને ઉપરોક્ત અવતરણમાંના કેટલાક શબ્દોનો અર્થ સમજાવવામાં મદદ કરશે જે બાળકોને મુશ્કેલ લાગી શકે છે. તેઓ પહેલા ધોરણમાં પાઠ ૧૫ માં મોઢે કરેલા અવતરણમાંથી "મહિમા" શબ્દથી પહેલાથી જ પરિચિત છે; છતાં, તમે અહીં બાળકો સાથે તેનું પુનરાવર્તન કરી શકો છો.

સર્વશક્તિમાન

1. ઈશ્વર સર્વશક્તિમાન છે. સમસ્ત ચીજો પર તેમની સત્તા છે.
2. ઈશ્વર સર્વશક્તિમાન છે તે જાણીને, આપણે પ્રાર્થના કરતી વખતે તેમની દૈવી સહાયની શક્તિ પ્રાપ્ત કરવાની આશા રાખીએ છીએ.

સંબોધન

1. શાળાના બધા બાળકો, વર્ષમાં એકવાર આચાર્યનું વક્તવ્ય સાંભળવા ભેગા થાય છે. આચાર્ય દર વર્ષે બાળકોને સંબોધન કરે છે.
2. કોઈચી હંમેશા તેના દાદાની સાથે પ્રેમ અને વિનમ્રતાથી વાત કરે છે. કોઈચી સમ્માન પૂર્વક તેના દાદા સાથે સંબોધન કરે છે.

પાલન કરવું

1. ટ્રાફીકની લાલ લાઈટ થઈ, તો એથલે તેની કાર  ભી રાખી દીધી. એથલ ટ્રાફીકના નિયમોનું પાલન કરવા માટે સજાગ હતો.
2. મેરીસોલ જ્યારે પુસ્તકાલયમાં જતી ત્યારે તે શાંત રહેતી હતી, જ્યાં લોકોને શાંતિ જાળવવાનું અને ધીમા અવાજે બોલવાનું કહેવામાં આવે છે. તે હંમેશા પુસ્તકાલયના નિયમોનું પાલન કરતી હતી.

આદેશ

1. સેમ્યુઅલ દરરોજ તેની સવારની અને સાંજની પ્રાર્થના કરે છે. દરરોજ પ્રાર્થના કરવી એ ઈશ્વરનો એક આદેશ છે. પ્રાર્થના કરીને, સેમ્યુઅલ ઈશ્વરના આદેશનું પાલન કરે છે.
2. ટેરેસા જુઠુ બોલતી નથી. તે સત્યવાદી બનવા માટેના ઈશ્વરના આદેશનું પાલન કરે છે.

## C. ગીતો

હંમેશની જેમ, પાઠના અભ્યાસ દરમિયાન બાળકો સાથે થોડા ગીતો ગાઓ.

**D.** વાર્તા

આજના પાઠ માટે, તમે બાળકોને નીચેની વાર્તા સંભળાવી શકો છો જે આનંદપૂર્ણ આજ્ઞાપાલનનું ઉપયોગી ઉદાહરણ પૂરું પાડે છે.

હાજી મહમદ, બહાઉલ્લાહના સમયમાં જીવતા હતા, અને તમે જાણો છો તેમ, બહાઉલ્લાહે આ યુગ માટે ઈશ્વરીય ઉપદેશો પ્રગટ કર્યા છે. એક વેપારી તરીકે હાજી મહમદ તેમની લેણ–દેણમાં પ્રામાણિક હતા અને તેમની વિશ્વાસપાત્રતા માટે જાણીતા હતા. થોડા સમય માટે તેનો વેપાર તેને અક્કા લઈ ગયો. એક દિવસ તેઓ તેમના કાર્યાલયમાં બેઠા હતા, ત્યારે બહાઉલ્લાહ તરફથી એક જરૂરી સંદેશ લઈને અબ્દુલબહા તેમના કાર્યાલયમાં આવ્યા. હાજી મહમદને તરત જ આરબના જેદાહ શહેર માટે રવાના થવાનું હતું. તેમણે અબ્દુલબહાને પૂછ્યું કે, રવાના થતા પહેલાં તેમને બહાઉલ્લાહનું સાંનિધ્ય પ્રાપ્ત કરવાનો લ્હાવો મળી શકે એમ હતું કે નહીં. અબ્દુલબહાએ સમજાવ્યું કે તેના માટે સમય ન હતો કારણ કે વહાણ રવાના થવાની તૈયારીમાં હતું. હાજી મહમદે તરત જ કાર્યાલય બંધ કર્યું અને વહાણમાં બેસવા જવા માટે સીધા બંદર તરફ રવાના થયા. આજ્ઞાપાલન કરવાની તેમની ઈચ્છા એટલી આદર્શ હતી કે તેના મનમાં બહાઉલ્લાહના આદેશનું પાલન કરવા સિવાય બીજી કોઈ ઈચ્છા ન હતી.

હાજી મહમદ જહાજમાં બેઠા અને તરત જ જહાજ ઉપડી ગયું. તેના પછી તેને યાદ આવ્યું કે ઉતાવળમાં ને ઉતાવળમાં, તેઓ અબ્દુલબહાને તેમની આરબની આ યાત્રાના ઉદ્દેશ વિશે પૂછવાનું ભુલી ગયા હતા. હવે તો ખૂબ મોડું થઈ ગયું હતું! છતાં, તેમને ચિંતા ન હતી. તેમને પૂરો વિશ્વાસ હતો કે જેદાહ પહોંચતાં, પરમેશ્વર તેમને માર્ગ બતાવશે.

તે દિવસે સમુદ્ર એકદમ વધારે તોફાની બની ગયો હતો, અને યાત્રા ખૂબ જોખમી હતી. બધાને ચિંતા થતી હતી કે જહાજ ડુબી જશે–હાજી મહમદ સિવાય બધાને ચિંતા હતી. તેઓ જાણતા હતા કે તેઓ સુરક્ષિત રહેશે અને જહાજ સહિસલામત જેદાહ પહોંચી જશે, કારણ કે બહાઉલ્લાહે તેમને આ શહેરમાં એક ઉદ્દેશ પૂરો કરવાનું કામ સોંપ્યુ હતું. અને ખરેખર, જહાજ તેની મંઝીલે સુરક્ષિત પહોંચી ગયું.

જહાજમાંથી ઉતર્યા પછી, હાજી મહમદે ટોળામાં બે લોકોને ફારસી ભાષામાં વાત કરતાં સાંભળ્યું. પોતે પણ એક પારસી હોવાથી, તેઓ તેમની પાસે ગયા અને તેને જાણવા મળ્યું કે તેઓ પણ બહાઈ હતા અને તેઓ બહાઉલ્લાહને મળવા અકકા જઈ રહ્યા હતા. તેમને તેમની આસ્થા માટે દશ વર્ષ સુધી અન્યાય પૂર્વક કારાવાસની સજા કરવામાં આવી હતી અને તેમને હમણાં જ કારાવાસમાંથી મુકિત મળી હતી. પાવન ભૂમિની આ તેમની પહેલી યાત્રા હતી, અને તેમને મદદની જરૂર હતી. હાજી મહમદને

હવે સ્પષ્ટ સમજમાં આવી ગયું કે જેદાહમાં તેનો ઉદ્દેશ, આ બે આત્માઓને અક્કા પહોંચવામાં અને બહાઉલ્લાહનું સાંનિધ્ય પ્રાપ્ત કરવામાં સહાયતા કરવાનો હતો, એક એવી જવાબદારી જેને તેમણે કાળજીપૂર્વક અને ધ્યાનપૂર્વક પૂરી કરી.

**E. નાટક**

હવે પછીની પ્રવૃતિઓ, રચનાત્મક નાટકના કૌશલ્યો અને ક્ષમતાઓનો વિકાસ કરવામાં બાળકોની મદદ કરવાનું ચાલુ રાખશે.

1. તમારા વિદ્યાર્થીઓને કાલ્પનિક ચોરસમાં  ભા રહેવાનું કહો. તેના પછી તમે તેમની પાસે પાઠ ૧.૨ માં સમજાવેલી શરીરને ખેંચવાની કવાયત કારાવી શકો છો.

2. હવે બાળકોને કહો કે તેઓ ખભેથી તેમના હાથ ફેલાવે અને ધીરે ધીરે ફરાવીને ગોળાકાર બનાવે. ધીરે ધીરે ગોળાકાર મોટા થવા જોઈએ. તેઓ આ કવાયત કરશે ત્યારે, ધીરે ધીરે તેમને તેમના હાથ વધારે ને વધારે ભારે લાગવા માંડશે. બાળકોને કહો કે, જ્યારે તેમના હાથ ખૂબ ભારે લાગે ત્યારે તેઓ હાથ નીચે કરીને હલાવે.

3. આ કવાયત માટે, બાળકો તેમના કાલ્પનિક ચોરસની બહાર કામ કરશે. તેમને સમજાવો કે તમે એક આકારનું નામ બોલશો. એકબીજા સાથે વાતચીત કર્યા વગર, તેમણે તેમનીજાતને એવી સ્થિતિમાં ઢાળવાનું છે કે તેઓ બધા સાથે મળીને તે આકાર બનાવી શકે. આમ કરવા માટે, તેમને કાળજી પૂર્વક એકબીજાને જોવાની જરૂર પડશે અને એકબીજાના હલનચલનનું ધ્યાન રાખવું પડશે. સૂચન કરવામાં આવે છે કે તમે નીચેના આકારોના નામ બોલોઃ ગોળ, ત્રિકોણ, ચોરસ, સીધી રેખા, આડી-અવળી રેખા.

ઉપરોક્ત કવાયતે તમારા વિદ્યાર્થીઓને એકબીજા પર ધ્યાન આપવાનું અને તેમની ક્રિયાઓનું સંકલન કરવાનું શીખવામાં મદદ કરી હશે. આ કવાયત, પાછલા પાઠની કવાયતના પાયા ઉપર આગળ જાય છે જેમાં તેઓ બધા એક વિશાળ જગ્યામાં આમ–તેમ આંટાફેરા કરતા હતા. હવે પછીની કવાયત આજના પાઠના વિષયને લગતી તેમની સમજમાં વધારો કરશે કે, આપણે ઈશ્વરના પ્રેમને કારણે તેની આજ્ઞાનું પાલન કરીએ છીએ.

બાળકોને કહો કે તમે તેમના માટે, હાજી મહમદે અક્કાથી જેહાદ જવા માટે વહાણ દ્વારા કરેલી મુસાફરીની વાર્તા ફરીથી કહેશો. તમારે તેમને સમજાવવું જોઈએ, કે જેમ જેમ તમે તેમને વાર્તા કહેશો, તેમ તેમ બધાએ મુસાફરોની ભૂમિકા ભજવીને તેમણે નાટક કરવાનું છે. બાળકોને એક લાઇન બનાવવાનું અને વહાણમાં ચઢવાની તૈયારી કરીને શરૂઆત કરો. તેઓ બધા જહાજમાં બેસી જાય છે પછી, સૂરજના ચોખ્ખા પ્રકાશમાં અને સમુદ્રના શાંત પાણીમાં જહાજ ચાલવા માડે છે. ધીરે ધીરે બંદરનો કિનારો આંખોથી અદ્રશ્ય થવા લાગે છે, ત્યારે આ લાંબી દરિયાઈ સફર પૂરી કરવા માટે બધા મુસાફરો આરામથી ગોઠવાઈ જાય છે. શરૂઆતમાં દરિયો શાંત હોય છે, પરંતું થોડા સમય પછી દરિયાની લહેરો જહાજની દિવાલો સાથે ટકરાવા લાગે છે. તોફાની લહેરોમાં જહાજ ડોલવા માંડે છે. બાળકોને કહો કે તેઓ ક્ષિતિજ તરફ જુએ;

તેમને તીવ્ર ઝડપે આવતા કાળા ડિબાંગ વાદળો દેખાવા લાગે છે અને વાદળોના ગરજવાનો અવાજ સાંભળે છે. મુસાફરો ગભરાવા લાગે છે. લહેરો મોટી થતી જાય છે અને અંધારું થતું જાય છે તેમ તેમ, બધા નજીક આવીને એકબીજાને ચોંટી પડે છે. બાળકોને કલ્પના કરવાનું કહો કે, આકાશમાથી વરસાદના મોટા મોટા છાંટા પડવા લાગ્યા છે, અચાનક વિજળી પડે છે અને દરિયાની લહેરો જહાજની દિવાલો સાથે ટકરાવા લાગે છે. ખૂબ વરસાદ વરસવા લાગે છે અને જહાજ આમથી તેમ ડોલવા લાગે છે. ઘણા મુસાફરોને ડર લાગે છે કે જહાજ દરિયામાં ડૂબી જશે. જેવો તેમને વિચાર આવે છે કે તેમણે બધું ગુમાવી દીધું છે તેની સાથે જ, તોફાન ટળી ગયું હોય એવું લાગવા માંડે છે. વરસાદ, તોફાન અને લહેરો બધું બંધ થવા લાગે છે. મુસાફરોને ખૂબ દૂર દરિયાનો કિનારો દેખાવા લાગે છે. ધીરે ધીરે વાદળોની પાછળથી સૂરજ બહાર આવે છે અને સમુદ્ર ફરી શાંત થઈ જાય છે.

હવે બાળકોને આ નાટકનું પુનરાવર્તન કરવાનું કહે, આ વખતે તેમને માત્ર પોતાની સફરે જતા હાજી મહમદનો જ અભિનય કરવાનું કહો. તેઓ કેવી રીતે જહાજના બીજા મુસાફરોથી અલગ હતા? તેમને બતાવવાનું કહો કે સંપૂર્ણ મુસાફરી દરમિયાન હાજી મહમદ સુરક્ષિત અને સલામત હોવાનો અનુભવ કરતા હતા કારણ કે તેઓ જાણતા હતા કે, તેઓ આ ધરતી પરના ઈશ્વરના અવતાર બહાઉલ્લાહની આજ્ઞાપાલનનું કાર્ય કરી રહ્યા હતા.

**F. ચિત્રકામ અને કલા**

આ પાઠમાં, બાળકો જટિલ છબી દોરવા માટે, સરળ આકારો વિશે જે શીખ્યા છે તેના પર વધુ નિર્માણ કરશે. તમારી પાસે દરેક બાળકને નક્કી કરેલી એક એક ચિત્રની શીટ આપવા માટે પૂરતી નકલો હોવી જોઈએ.

1. સૌથી પહેલાં, બાળકોને છેલ્લા પાઠમાં દોરેલા આકારો - વર્તુળ, ત્રિકોણ, ચોરસ અને લંબચોરસ - અને આ મૂળભૂત આકારોનો ઉપયોગ કરીને તેઓએ દોરેલા સંયુક્ત આકારો યાદ કરાવો. તમે સંદર્ભ તરીકે ઉપયોગ કરવા માટે પાઠ ૨.૧ માંથી કાગળની નકલો હાથમાં રાખવાની ઈચ્છા રાખી શકો છો.

2. હવે બાળકોને હાજી મહમદની જેદાહની દરિયાઈ યાત્રાની આ પાઠમાં સાંભળેલી વાર્તા યાદ કરાવો, જેનું તેમણે નાટક પણ કર્યું હતું. તેમને કહો કે, આ પ્રવૃત્તિ માટે, તેઓ એક જહાજ દોરશે જેના પર તેમણે મુસાફરી કરી હશે. તેમના ચિત્રોમાં, તેઓ બતાવશે કે શાંત પાણીમાં જહાજ કેવું દેખાતું હતું અને પછી તોફાની સમુદ્રમાં તે કેવું દેખાતું હતું.

3. દરેક બાળકને શીટ ૧ ની એક નકલ આપો, જે બતાવે છે કે ધીરે ધીરે જહાજનું ચિત્ર કેવી રીતે દોરવું. ડાબી બાજુના નીચેના ચોરસમાં, જેમાં શાંત પાણીનું પ્રતિનિધિત્વ કરતી સીધી રેખા છે, બાળકોને બતાવેલ ક્રમ પ્રમાણે જહાજ દોરવાનું કહો: પહેલા વહાણનું શરીર દોરો, તેમાં ધ્વજદંડ ઉમેરો, અને પછી સઢ અને ધ્વજ મૂકો. પછી તેઓએ છેલ્લા ચોરસમાં વહાણ દોરવામાં તે જ ક્રમ અનુસરવો જોઈએ, જેમાં લહેરોનું

પ્રતિનિધિત્વ કરતી વક્ર રેખાઓ છે. તેઓ શરૂ કરે તેના પહેલા, તેમને વર્ણન કરવા કહો કે ભારે પવનવાળા તોફાની સમુદ્રમાં જહાજ કેવું દેખાશે.

**G. સમાપન પ્રાર્થના**

## પાઠ ૨.૩

### A. પ્રાથના અને પવિત્ર શ્લોકનું ગાન કરવું

શરૂઆતની પ્રાર્થનાઓથી વર્ગ શરૂ કરો, અને પછી બાળકોને પાઠ ૨.૧ માં રજૂ કરેલી પ્રાર્થના મોઢે કરવામાં મદદ કરો. તમારે ખાતરી કરવી જોઈએ કે તેઓ તે સંપૂર્ણ રીતે મોઢે બોલી શકે, કારણ કે તેઓ આગામી પાઠમાં એક નવી પ્રાર્થના શીખવાનું શરૂ કરશે. આ સેટના આ અંતિમ પાઠનું સંચાલન કરતી વખતે, તમારે તમારી ચર્ચામાં સંતોષ, હિંમત અને વફાદારીના આધ્યાત્મિક ગુણો સાથે સંબંધિત વિચારો રજૂ કરવાની તકો શોધવાનું ચાલુ રાખવું જોઈએ, જે મુખ્ય વિષય સાથે ખૂબ નજીકથી સંકળાયેલા છે, અને બાળકોને ગયા વર્ષે શીખેલા અનુરૂપ શ્લોકોનું યોગ્ય સમયે પુનરાવર્તન કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

### B. અવતરણો મોઢે કરવા

આ પાઠ માટે અવતરણ રજૂ કરવા માટે તમે નીચે આપેલા વર્ણનને તમારા શબ્દોમાં સમજાવી શકો છો:

> ઈશ્વરે, તેમના પ્રેમથી, આપણને કાયદા અને ઉપદેશો આપ્યા છે. આપણે તેમને નિયમોના સમૂહ તરીકે વિચાર કરવો જોઈએ નહીં; તે દીવા જેવા છે જેના દ્વારા ઈશ્વર આપણો માર્ગ પ્રકાશિત કરે છે. તેમના દ્વારા ઝળહળતો પ્રકાશ આપણને સાચા અને ખોટા વચ્ચે ભેદ પાડવામાં મદદ કરે છે અને આપણે દરરોજ જે પસંદગીઓ કરીએ છીએ તેમાં માર્ગદર્શન આપે છે. ઈશ્વરની આજ્ઞાઓનું પાલન કરીને, આપણે આધ્યાત્મિક રીતે વિકાસ કરીએ છીએ અને બીજાઓને લાભ થાય તેવા કાર્યો કરીએ છીએ. તેથી આપણે તેમના ઉપદેશોને અમલમાં મૂકવા માટે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ. દરરોજ પ્રાર્થના કરવી એ ઈશ્વરનો એક આદેશ છે, અને આપણે બધી પરિસ્થિતિઓમાં, ઉદાહરણ તરીકે, જો આપણે થાકી ગયા હોઈએ તો પણ તેનું પાલન કરીએ છીએ. આપણને કહેવામાં આવ્યું છે કે આપણે બીજાઓનું ખરાબ ન બોલવું જોઈએ, કારણ કે નિંદા સ્વીકાર્ય નથી. તેથી જો આપણી આસપાસના લોકો ગપસપ કરતા હોય, તો આપણે આવી વાતચીતમાં ભાગ લેતા નથી. પ્રાણીઓ પ્રત્યે દયાળુ વર્તન કરવું; વિનમ્ર, મૈત્રીપૂર્ણ અને આતિથ્યપૂર્ણ બનવું; અને આપણા માતાપિતાનું સન્માન કરવું - આ પણ ઈશ્વરના આદેશો છે. આપણને દરરોજ આપણે શું કર્યું છે તેના વિશે વિચારવા અને આપણે શું કરી શકીએ તે વિચારવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે જેથી આપણા કાર્યો ઈશ્વરના ઉપદેશોને વધુને વધુ પ્રમાણમાં પ્રતિબિંબિત કરે.
>
> અબ્દુલબહાએ તેમનું જીવન પ્રભુધર્મની સેવા કરવા તથા તેના આદેશોનું પાલન પાલન માટે સમર્પિત કરી દીધું હતું. ધીરજ પૂર્વક, તેમણે આપણને માર્ગ બતાવ્યો. જ્યારે એક મિત્રએ તેમને પૂછ્યું કે ઈશ્વરના ઉપદેશોનો અમલ કરીને કેવી રીતે આધ્યાત્મિક ગુણોનો વિકાસ કરી શકાય છે, તો અબ્દુલબહાએ ખૂબ જ પ્રેમથી જવાબ

આપતાં કહ્યું "કમ કમ, રૂઝ બે રૂઝ" તેનો અર્થ છે "થોડુ થોડુ, દરરોજ". તેઓ આપણને કહે છે કે આપણે આપણી કામજોરીઓ અને દોષો તરફ જોવું જોઈએ નહીં, તેના બદલે આપણને ઈશ્વર તરફ મુખ ફેરવવા અને તેની દયા અને સહાયતા પર ભરોસો રાખવા પ્રોત્સાહિત કરે છે. દરરોજ ઈશ્વરના ઉપદેશોનું પાલન કરવાનો શક્ય એટલા બધા પ્રયત્નો કરવાનું યાદ રાખવામાં આપણીજાતને મદદ કરવા માટે, ચાલો આપણે બહાઉલ્લાહનું નીચેનું અવતરણ મોઢે કરીએઃ

**"નિશ્ચિતપણે જાણો કે મારા આદેશો મારા સેવકો વચ્ચે મારી સ્નેહીલ કલ્યાણ-ભાવનાના દીવા છે અને મારા સર્જિત જીવો માટે મારી કરૂણાની કૂંચી છે."**[૨૩]

નીચે થોડા વાક્યો આપ્યા છે જે ઉપરોક્ત અવતરણના એવા કેટલાક શબ્દોનો અર્થ સમજાવવામાં તમારી મદદ કરી શકે છે, જે બાળકો માટે કઠિન હોઈ શકે છે. તેઓ અગાઉના પાઠમાંથી "આદેશો" અને પહેલા ધોરણમાં પાઠ ૧૧ માં મોઢે કરેલા અવતરણમાંથી "દયા" શબ્દોથી પરિચિત હશે; આમછતાં, તમે તમારા વિદ્યાર્થીઓ સાથે આ શબ્દોનું પુનરાવર્તન કરી શકો છો.

નિશ્ચિતપણે

1. બે છોકરાઓ એકદમ સરખા દેખાતા હતા, તેથી શિક્ષિકાને ખબર પડી ગઈ કે તેઓ ભાઈઓ જ હોવા જોઈએ. "તેઓ નિશ્ચિતપણે ભાઈઓ છે," તેણીએ મનમાં વિચાર્યું.
2. ઓલુના મિત્રો તેને મળવા આવ્યા હતા. તેણે ખૂબ કાળજી રાખીને તેમના માટે સ્વાદિષ્ટ ભોજન તૈયાર કર્યું હતું. તે નિશ્ચિતપણે તેના મિત્રોને પ્રેમ કરે છે.

સ્નેહીલ કલ્યાણ-ભાવના

1. દૃષ્ટિ, શ્રવણ, સમજણ અને જીવન પણ ઈશ્વર તરફથી ભેટ છે. તે તેમની સ્નેહીલ કલ્યાણ-ભાવનાના ચિન્હો છે.
2. આપણે જાણીએ છીએ કે, ઈશ્વરના આદેશોનું પાલન કરીને, આપણે સાચું સુખ મેળવીએ છીએ અને નુકસાનથી સુરક્ષિત રહીએ છીએ. આપણે ઈશ્વરની સ્નેહીલ કલ્યાણ-ભાવનામાં વિશ્વાસ રાખીએ છીએ.

જીવો

1. ડોલ્ફિન અને વ્હેલ પાણીની બહાર જીવી શકતા નથી. તેઓ સમુદ્રના જીવો છે.
2. ઈશ્વરે બધી વસ્તુઓને અસ્તિત્વ આપ્યું છે. આપણે બધા ઈશ્વરના જીવો છીએ.

## C. ગીતો

## D. વાર્તા

આ પાઠમાં, તમે બાળકોને નીચેની વાર્તા સંભળાવી શકો છો જે તેમના મનમાં ઈશ્વરના આદેશોનું દરેક પરિસ્થિતિમાં પાલન કરવાના મહત્વની સમજને વધારે દૃઢ કરશે:

> પાછલા પાઠમાં આપેલી હાજી મહમદની વાર્તા તમને યાદ હશે કે, તેઓ બહાઉલ્લાહના કેટલા આજ્ઞાકિંત હતા અને તેમના પરના ભરોસામાંથી તેને કેટલી શકિત મળતી હતી. પરંતું મહમદ આજ્ઞાપાલનમાં હંમેશાથી એટલા તત્પર ન હતા. કદાચ તમને જાણવાની રુચિ થશે કે તેમને શિકાર કરવાનો શોખ હતો અને તેઓ ઉત્કૃષ્ટ નિશાનબાજ હતા. તેમની બંદૂકની ગોળી કદી નિશાન ચૂકતી ન હતી. તેઓ તીર્વ ઝડપે ઘોડે સવારી કરતાં કરતાં પણ આકાશમાં ઉડતા નાનામાં નાના પક્ષીનો શિકાર કરી શકતા હતા. એક દિવસ તેઓ બંદૂક ખભે ઉપાડીને જઈ રહ્યા હતા, ત્યારે સ્સ્તામાં તેમને બહાઈઓનું એક જૂથ મળ્યું, તેઓ બહાઉલ્લાહ સાથે ફરવા જઈ રહ્યા હતા. હાજી  મહમદે પણ તેમની સાથે જવાનો નિશ્ચય કર્યો.
>
> જ્યારે બહાઉલ્લાહે જોયું કે હાજી મહમદ તેની બંદૂકનો ઉપયોગ કરવા જઈ રહ્યા હતા, ત્યારે બહાઉલ્લાહે તેમને કહ્યું કે તે માસુમ પક્ષીઓને નહીં મારે. હાજી મહમદે બહાઉલ્લાહની વાત તરફ કોઈ ધ્યાન આપ્યું નહીં. કારણકે તેનું ધ્યાન નિશાનબાજીમાં હતું અને આ તેને ખૂબ પસંદ હતું. તેથી, તેની નજરમાં આવતા દરેક પક્ષી તરફ તેણે નિશાન તાકવાનું ચાલુ રાખ્યું. પરંતું તેને આશ્ચર્ય થવા લાગ્યું કે તેનું એક પણ નિશાન બરાબર લાગતું ન હતું. તેણે એક વાર ગોળી છોડી, તેણે બીજી વાર ગોળી છોડી, તેણે ઘણીવાર બંદૂક ચલાવી–પરંતુ તે એકપણ પક્ષીનો શિકાર કરવા સફળ થઈ શક્યો નહીં. તેણે મોટા પક્ષીઓ અને નાના પક્ષીઓ પર નિશાન સાધ્યું, પણ કોઈ સફળતા મળી નહીં.
>
> જ્યારે મિત્રોનું જૂથ પરત આવી રહ્યું હતું ત્યારે એક મોટા, સુંદર, સફેદ પક્ષી ઉપર હાજી મહમદની નજર પડી. આ પક્ષી એટલું મોટુ હતુ કે તેનાથી ▯ ડી શકાતું ન હતું, તેથી હાજી મહમદે વિચાર કર્યો કે નિશ્ચિતપણે તેનો શિકાર કરવું ખુબ શરળ હતું. તેનો પહેલો બાર ખાલી ગયો. તેણે ફરીથી નિશાન લગાવ્યું, પરંતું તે દર વખતે ચૂકી ગયો. ગભરાયેલું પક્ષી તેમની નજીક આવી ગયું. હાજી મહમદને લાગ્યું કે હવે તો નિશાન ચૂકવાનું શક્ય ન હતું. તેણે ફરીથી બે વાર ગોળી મારી, પરંતું પક્ષી બચી ગયું.
>
> હાજી મહમદ આશ્ચર્યમાં પડી ગયા, અને તે આખી ઘટના વિશે વિચાર કરવા લાગ્યા. અચાનક તેને એક મહત્વપૂર્ણ વાત સમજમાં આવી. તેને સમજાયું કે બહાઉલ્લાહે તેને એક સ્પષ્ટ આદેશ આપ્યો હતો, પરંતું પોતાની જ ઈચ્છાઓ અને ચાહતોમાં મગ્ન એવા

હાજી મહમદે બહાઉલ્લાહની ઉપેક્ષા કરી હતી. તે દિવસથી હાજી મહમદે દરેક પરિસ્થિતિમાં ઈશ્વરના આદેશોનું પાલન કરવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો.

**E. નાટક**

નીચેની પ્રવૃત્તિઓ બાળકોના નાટકને લગતા કૌશલ્યો અને ક્ષમતાઓનો વિકાસ કરશેઃ

1. હંમેશની જેમ, બાળકોને તેમના કાલ્પનિક ચોરસમાં ▯ભા રાખીને શરૂ કરો અને તેમને શરીરને ખેંચવાની કવાયત કરાવો.

2. હવે તમારા વિદ્યાર્થીઓને સમજાવો કે, આગળની પ્રવૃત્તિ માટે તેઓ માત્ર તેમના શરીરના હલન-ચલનના ઈસારાથી વાતચીત કરશે. શરૂઆત કરવા માટે તેમના હાથનો ઈસારો કરીને તેમને બોલવાનું કહો, ‘થોભો!’ તેના પછી તમે નીચે મુજબ ઈસારો કરવાનું કહી શકો છોઃ

| બોલો (ઈસારો કરો) | ...નો ઉપયોગ કરીને |
|---|---|
| “હા” | માથું |
| “મને સમજાતું નથી.” | આંખ |
| “મને કંઈક સંભળાઈ રહ્યું છે.” | કાન |
| “હું આશ્ચર્યચકિત છું.” | જડબું |
| “મને ગરમ રોટલીની સુગંદ આવી રહી છે.” | નાક |
| “અંહિ આવો!” | આંગળી |
| “હું દોડી રહ્યો છું.” | હાથ |
| “હું દિવાલ સાથે ટકરાવું છું.” | ખભો |
| “હું લપસી રહ્યો છું.” | પગ |
| “હું થાકી ગયો છું” | આખુ શરીર |
| “હું રાહ જોઈ રહ્યો છું.” | આખુ શરીર |
| “હું કોઈને શોધી રહ્યો છું.” | આખુ શરીર |

3. વિદ્યાર્થીઓને પાંચ–પાંચ કે છ-છ ના જૂથમાં વહેંચી દો. બાળકોને એકની પાછળ એક હારમાં ▯ભા રાખો. દરેક બાળકને તેની આગળના બાળકના ખભે તેમના હાથ રાખવાનું કહો. દરેક હારમાં સૌથી છેલ્લે ▯ભેલા બાળક સિવાય બાકીના બધા બાળકોએ તેમની આંખો બંધ રાખવી જોઈએ. આ બાળક “ડ્રાઈવર” છે અને બાકીના બધા બાળકો “બસ” છે. જ્યારે તમે કહેશો ‘ચાલો’ ત્યારે બધી બસો આગળ ચાલવા

લાગશે. ડ્રાઈવર ડાબા કે જમણા ખભે ધીમેથી દબાવીને બસને ડાબે–જમણે ફરાવે છે, અને દરેક બાળક તેના આગળના બાળકને તે મુજબ ઈસારો કરે છે, આવી રીતે રમત આગળ ચાલે છે. 'બસ'ને  ભી રાખવા માટે 'ડ્રાઈવર' ધીરેથી તેની આગળના બાળકના બંને ખભાને પકડીને ધીરેથી પાછળ ખેંચે છે.

ઉપરોકત કવાયતે બાળકોને તેમના હલન-ચલનનું સંકલન કરવાની અને એકબીજાને સહકાર આપવાની ક્ષમતામાં વધારો કર્યો હશે. હવે, આગામી કસરતની તૈયારીમાં, બાળકોને સમજાવો કે આપણે જાણીએ છીએ કે આપણા માતાપિતા આપણા માટે શ્રેષ્ઠ ઇચ્છે છે અને ભગવાને આપણને તેમનું સન્માન અને આજ્ઞાપાલન કરવાનો આદેશ આપ્યો છે. તેમને કહો કે, આપણા માતાપિતા આપણને જે કંઇ કરવાનું કહે છે તે ખંતથી કરવું અને યોગ્ય કાળજી અને પ્રયત્ન વિના કરવું એમાં ફરક છે. બાળકોને જોડીમાં વિભાજીત કરો અને જ્યારે તમે દરેક ટીમને આ મુદ્દાને સમજાવવા માટે જે દ્રશ્યનું વર્ણન કરો છો જેનો તેઓ અભિનય કરશે ત્યારે તેમને શાંતિથી બેસીને સાંભળવા કહો:

બાળકોને કલ્પના કરવાનું કહો કે, તેઓ પહાડોમાં એક નાની જગ્યામાં રહે છે જે સ્થાનિક બજારથી બહુ દૂર નથી. એક દિવસ તેમની માં તેમને બજારમાં જઈને થોડી શાકભાજી ખરીદવા અને સીધા ઘરે પાછા આવવાનું કહે છે. તેઓ રવાના થાય છે તેના થોડા જ વખતમાં, તેમને રસ્તામાં ઘેટાંનું એક ઝુંડ મળે છે, તેમણે રસ્તો રોકી રાખ્યો છે. ઘેટાંઓની ખસવાની રાહ જોયા વગર, તેઓ ધીરે ધીરે ઘેટાંઓની વચ્ચેથી રસ્તો કાઢે છે. આગળ, તેઓ એક ઝરણું પાસે આવે છે, જે તેમને એક પથ્થરથી બીજા પથ્થર પર પગ મૂકીને પાર કરવું પડે છે. પથ્થરો એકબીજાથી ઘણા દૂર છે, અને તેઓ એકબીજાના હાથ પકડીને સંતુલન જાળવી રાખે છે. તેઓ ચાલતા ચાલતા આગળ જાય છે ત્યારે, તેમને કેટલાક મિત્રો મળે છે જેઓ તેમને ફૂટબોલ રમવા બોલાવે છે. પહેલાં તો તેમને રમવા માટે  ભા રહેવાનો વિચાર આવે છે, પરંતું તેમને યાદ આવે છે કે, તેમણે શાકભાજી ખરીદીને વાર લગાડયા વગર ઘેર પાછા ફરવાનું તેમની માં ને વચન આપ્યું છે. બજારમાંથી પાછા ફરતી વખતે, તેમણે બીજો રસ્તો લેવાનો વિચાર આવે છે, જે રસ્તો સુંદર છે અને આખા રસ્તામાં ફૂલ તોડવા મળશે. બીજો રસ્તો તેના કરતા પણ ટૂંકો છે, પણ એટલો સુંદર નથી, તેઓ ટૂંકા રસ્તે જવાનું નક્કી કરે છે અને થોડીવારમાં તેમની માં એ મગાવેલી શાકભાજી સાથે ઘરે પહોચી જાય છે.

**F. ચિત્રકામ અને કલા**

વર્ગના આ ભાગ માટે, તમારી પાસે પાઠ ૨.૩ માટે આપેલી બે શીટની પૂરતી સંખ્યામાં નકલો હોવી જોઈએ, સાથે દરેક વિદ્યાર્થી માટે બે સફેદ કાગળ પણ હોવા જોઈએ.

1. શરૂ કરવા માટે, દરેક બાળકને એક કોરો કાગળ આપો. પછી દરેક વિદ્યાર્થીને એક અથવા થોડા વિદ્યાર્થીઓને શીટ ૧ ની એક એક નકલ આપો અને વર્ગને તેમાં દર્શાવેલ

વિવિધ પર્વતો જોવા કહો, જે આકાર અને રેખાઓના વિવિધ સંયોજનનો ઉપયોગ કરીને દોરવામાં આવ્યા છે.

2. બાળકોને તેમના કોરા કાગળ પર છબીઓની નકલ કરવા માટે પ્રોત્સાહિત કરો. છેલ્લા પાઠની જેમ, આ પાઠની વાર્તા હાજી મુહમ્મદ વિશે છે - આ વખતે તે બહાઉલ્લાહના આદેશોનું પાલન કરવાનું મહત્વ કેવી રીતે શીખે છે તેની વાત કરે છે. "નિર્દોષ પક્ષીઓ"નો ઉલ્લેખ કરવાની ખાતરી કરીને બાળકોને વાર્તાના મુખ્ય મુદ્દાઓ યાદ કરાવો, કે હાજી મહમદને ગોળીબાર ન કરવાનું કહેવામાં આવ્યું હતું. દરેક બાળક માટે એક કોરા કાગળની સાથે, આ પાઠ માટે બીજી શીટની નકલ આપો, જે બતાવે છે કે કેવી રીતે રેખાઓ અને આકારોને તબક્કાવાર દોરીને પક્ષી બનાવી શકાય છે. બતાવેલ પગલાંનું અનુસરણ કરીને બાળકોને તેમના કોરા કાગળ પર પક્ષી દોરવા કહો.

**G. સમાપન પ્રાર્થના**

# સેટ ૩

---

## જ્ઞાન પ્રાપ્ત કરવું

## પાઠ ૩.૧

### A. પ્રાથના અને પવિત્ર શ્લોકનું ગાન કરવું

શરૂઆતની પ્રાર્થનાથી વર્ગ શરૂ કર્યા પછી, તમે હંમેશની જેમ નીચે આપેલઈ પ્રાર્થનાનો પરિચય આપી શકો છો, જે બાળકો આગામી ત્રણ પાઠમાં મોઢે કરશે.

> **"હે મારા ભગવાન! હે મારા ભગવાન! તું આ બાળકોને જુએ છે જે જીવનના વૃક્ષની ડાળીઓ છે, મોક્ષના હરિયાળા ઉપવનના પક્ષીઓ છે, તારી કૃપાના મહાસાગરના મોતી છે, તારા માર્ગદર્શનના બાગના ગુલાબ છે.**
>
> **"હે ભગવાન! અમારા પ્રભુ! અમે તારા સ્તુતિગાન કરીએ છીએ, તારી પવિત્રતાની સાક્ષી આપીએ છીએ અને તારી દયાના સ્વર્ગ સમક્ષ આતુરતાથી વિનંતી કરીએ છીએ કે તે અમને માર્ગદર્શનના પ્રકાશ બનાવે, માનવજાતમાં શાશ્વત મહિમાની ક્ષિતિજ પર ચમકતા તારા બનાવે, અને તારા તરફથી વહેતું જ્ઞાન શીખવે. યા બહા'ઉલ-અભા!"[૨૪]**

આ સેટના ત્રણ પાઠ શીખવતી વખતે, બાળકોને જ્ઞાન પ્રાપ્ત કરવાના આપણા પ્રયત્નોમાં આધ્યાત્મિક ગુણો - ખાસ કરીને વિનમ્રતા, શુદ્ધતા, સત્યવાદિતા અને ન્યાય - પ્રગટ કરવાનું મહત્વ સમજવામાં મદદ કરવાની તકો શોધવાનું યાદ રાખો. તમારા વિદ્યાર્થીઓએ ધોરણ ૧ માં આ ચાર ગુણોને લગતા જે શ્લોકો મોઢે કર્યા હતા તેનું પુનરાવર્તન કરવા માટે તેઓ ઉત્સુક હશે તેમાં કોઈ શંકા નથી:

> **"હે માનવ પુત્ર! મારી સમક્ષ તારી જાતને વિનમ્ર બનાવ, જેથી હું અનુગ્રહપૂર્વક તને દર્શન આપી શકું."[૨૫]**
>
> **"હે ચેતના પુત્ર! મારો પ્રથમ ઉપદેશ આ છેઃ એક શુદ્ધ, દયાળુ અને પ્રફુલ્લિત હૃદય ધારણ કર..."[૨૬]**
>
> **"સત્યવાદિતા બધા જ માનવીય સદગુણોનો પાયો છે."[૨૭]**
>
> **"તમે ન્યાયના માર્ગે ચાલો, કારણકે, ખરેખર, આ સીધો માર્ગ છે."[૨૮]**

### B. અવતરણો મોઢે કરવા

નીચેના વિચારો તમને આ પાઠમાં મોઢે કરવાના અવતરણનો પરિચય તૈયાર કરવામાં તમને મદદ કરશે:

> આપણે દરરોજ પ્રાર્થનામાં પરમેશ્વર તરફ વળીએ છીએ. તેમના પ્રત્યેના આપણા પ્રેમથી, આપણે તેમની આજ્ઞાઓનું પાલન કરવાનો અને આપણા બધા કાર્યોમાં પ્રેમાળ-કરુણા, ન્યાય, વિનમ્રતા અને ઉદારતા જેવા ગુણો પ્રતિબિંબિત કરવાનો પ્રયાસ કરીએ છીએ. જેમ જેમ ઈશ્વર પ્રત્યેનો આપણો પ્રેમ વધે છે, તેમ તેમ તેમને ઓળખવાની આપણી ઇચ્છા પણ વધે છે. પરંતુ પરમેશ્વરનું જ્ઞાન મેળવવાનો અર્થ શું છે? આપણે તે ખાસ વિભૂતિઓ દ્વારા ઈશ્વરને ઓળખીએ છીએ જેમને ઈશ્વર દ્વારા

માનવજાત સમક્ષ મોકલવામાં આવે છે જે આપણા માટે તેમના નિયમો અને ઉપદેશો લાવે છે. પરમેશ્વરના આજના અવતારોના શબ્દો સાંભળીને, તેમના કાયદા અને ઉપદેશોનો અભ્યાસ કરીને અને તેમને આપણા જીવનમાં લાગુ કરીને, આપણે પરમેશ્વરની નજીક જઈએ છીએ. અલબત્ત, આપણે ઈશ્વરની સૃષ્ટિ વિશે વધુને વધુ શીખવું જોઈએ અને બ્રહ્માંડનો અભ્યાસ કરવા અને તે કેવી રીતે કાર્ય કરે છે તે સમજવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવો જોઈએ. અને જેમ જેમ આપણે આમ કરીએ છીએ, તેમ તેમ આપણે જોઈએ છીએ કે દરેક સર્જિત વસ્તુ આપણી સાથે પરમેશ્વરની મહાનતા અને મહિમા વિશે વાત કરે છે.

અબ્દુલ-બહા સમજાવે છે કે, જ્યારે આપણે દુનિયા તરફ નજર કરીએ છીએ, ત્યારે આપણને દરેક જગ્યાએ પરમેશ્વરની પૂર્ણતાના ચિહ્નો દેખાય છે. જેમ જેમ આપણે તેમના શબ્દો પર ચિંતન કરીએ છીએ અને તેમના અર્થને સમજવાનો પ્રયાસ કરીએ છીએ, તેમ તેમ આપણે આપણી આસપાસ પરમેશ્વરના ચિહ્નોને સમજી શકીએ છીએ. સૂર્ય ચમકે છે અને વિશ્વને પ્રકાશ, હૂંફ અને જીવન આપે છે, જે આપણને ઈશ્વરના પ્રેમની યાદ અપાવે છે, જેના વિના આપણે નાશ પામીશું. જેવી રીતે ધરતી પર વરસાદ પડે છે તેવી જ રીતે પરમેશ્વરની કૃપા આપણા આત્માઓ પર સતત વરસતી રહે છે. એક પર્વત આકાશ તરફ ઉપર ઉઠે છે, જે તેમની મહિમા અને ભવ્યતાને યાદ કરાવે છે. જ્ઞાન પ્રાપ્ત કરવાના, ખાસ કરીને ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત કરવાના મહત્વને યાદ રાખવામાં આપણને મદદ કરવા માટે, ચાલો આપણે બહાઉલ્લાહનું નીચેનું અવતરણ મોઢે કરીએ:

"માનવીનું સર્જન કરવાનો પરમાત્માનો ઉદ્દેશ તેને તેના સર્જનહારને ઓળખવા અને તેનું સાંનિધ્ય પ્રાપ્ત કરવા યોગ્ય બનાવવાનો છે અને હંમેશા રહેશે."[૨૯]

ઉદ્દેશ

1. ઓરડામાં ખૂબ અંધારું હતું, તેથી નીનાએ મીણબત્તી સળગાવી. મીણબત્તીનો ઉદ્દેશ પ્રકાશ આપવાનો છે.
2. શિક્ષકે વિદ્યાર્થીઓને તેમની ગાણિતિક કુશળતા સુધારવા માટે થોડો સ્વાધ્યાય આપ્યો. સ્વાધ્યાયનો ઉદ્દેશ વિદ્યાર્થીઓની સરવાળો અને બાદબાકી કરવાની ક્ષમતાને મજબૂત કરવાનો હતો.

પ્રાપ્ત કરવું

1. મિંગના પરિવારને તેમના પૂર્વજોના ગામમાં પહોંચવા માટે ત્રણ દિવસ સુધી ટ્રેનની અને પછી બે દિવસ સુધી બસની મુસાફરી કરવી પડી હતી. ટ્રેન અને બસની ઘણા દિવસોની મુસાફરી પછી જ તેઓ તેમના ગંતવ્ય સુધી પહોંચ્યા હતા અને તેમનું ગંતવ્ય પ્રાપ્ત કર્યું હતું.

2. ખેડૂતોએ નક્કી કર્યું હતું કે તેમના પશુઓને રસ્તા પર જતા અટકાવવા માટે વાડની જરૂર છે. તેઓએ વાડ બનાવવા માટે સાથે મળીને કામ કર્યું અને ખંત અને સહકાર દ્વારા તેમનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું.

સાંનિધ્ય

1. જ્યારે પણ રાજા રૂમમાં પ્રવેશ કરે છે, ત્યારે તેની પ્રજા તેની આગળ નમી જાય છે. તેની પ્રજા તેના સાંનિધ્ય એટલે હાજરીમાં નમી જાય છે.
2. એમિલના માતાપિતાએ તેને તેની નાની બહેનને રૂમમાંથી બહાર લઈ જવા કહ્યું, કારણ કે તેઓ તેના સાંનિધ્ય એટલે કે તેની હાજરીમાં તેમની ચર્ચા ચાલુ રાખવા માંગતા ન હતા.

**C. ગીતો**

**D. વાર્તા**

સૂચન કરવામાં આવે છે કે તમે બાળકોને નીચે આપેલી વાર્તા કહો, જે તેમને ફક્ત પરમેશ્વરની સૃષ્ટિના અભ્યાસ દ્વારા જ નહીં પરંતુ તેમના અવતારો દ્વારા પણ જ્ઞાન મેળવવાનું મહત્વ સમજાવશે.

> તમે જાણો છો કે ઘણા વર્ષો પહેલા, જ્યારે બાબ પર્શિયા (ઈરાન)ના લોકો માટે પરમેશ્વર તરફથી એક નવો સંદેશ લઈને પ્રગટ થયા, ત્યારે સમગ્ર દેશમાં ભારે હંગામો મચી ગયો. તેમની મહત્વપૂર્ણ ઘોષણાના સમાચાર ઝડપથી ફેલાઈ ગયા કે તે પરમેશ્વરના અવતાર હતા જેની તેઓ લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા. જેમ જેમ તેમના અનુયાયીઓની સંખ્યા વધતી ગઈ અને આંદોલન વધતું ગયું, તેમ તેમ પર્શિયાના રાજાએ નક્કી કર્યું કે તેમણે પરિસ્થિતિની તપાસ કરવા માટે કોઈ મહાન જ્ઞાની વ્યક્તિને મોકલવું જોઈએ. તેમણે એક યુવાન વિદ્વાનને મોકલવાનું પસંદ કર્યું જે વાહિદ નામથી ઓળખતો હતો, અને આજે આપણે બાબ સાથેની તેમની મુલાકાતની વાર્તા સાંભળીશું.
>
> વાહિદને તેના તેજ મગજ અને વિશાળ જ્ઞાન માટે સમગ્ર દેશમાં ખૂબ માન આપવામાં આવતું હતું. તે પર્શિયાના વિદ્વાનોમાં એટલું ઉચ્ચ સ્થાન ધરાવતો હતો કે, દરેક સભામાં, ભલે ગમે તે હાજર હોય, તે હંમેશા મુખ્ય વક્તા રહેતો. કોઈ તેમના વિચારો કે શાણપણ પર પ્રશ્ન ઉઠાવવાની હિંમત કરતો ન હતો. બધા તેમની સમક્ષ આદરપૂર્વક મૌન પાળતા હતા.
>
> હવે, વાહિદ બાબની દલીલોનું ખંડન કરવાના દૃઢ નિશ્ચય સાથે પર્શિયાની રાજધાની શિરાઝ જવા નીકળ્યો, જ્યાં બાબ રહેતા હતા. ઈરાન પહોંચતાની સાથે જ તેણે મુલાકાત માટે વિનંતી કરી. લગભગ બે કલાક સુધી, વાહિદે બાબને સૌથી મુશ્કેલ

વિષયો વિશે પ્રશ્નો પૂછ્યા, એવા વિષયો જેનો જવાબ ફક્ત સૌથી બુદ્ધિશાળી અને સૌથી જ્ઞાની, અસામાન્ય સમજ ધરાવતા લોકો જ આપી શકે. બાબે દરેક પ્રશ્ન ધીરજથી સાંભળ્યો, પછી દરેક પ્રશ્નનો ટૂંકો પણ સ્પષ્ટ જવાબ આપ્યો. બાબે આપેલા જવાબોથી વાહિદ આશ્ચર્ય અને પ્રશંસાથી ભરાઈ ગયો અને ખૂબ જ નમ્રતાનો અનુભવ કર્યો. તેણે વિનંતી કરી કે, શું તે બાબને ફરીથી મળવાનો આનંદ મેળવી શકે છે.

બીજી વાર જ્યારે તે બાબને મળ્યો, ત્યારે વાહિદ વધુ આશ્ચર્યચકિત થઈ ગયો. તમે જુઓ, મુલાકાત પહેલાં, તેણે બાબને પૂછવા માટે પ્રશ્નોનો એક નવી સૂચિ તૈયાર કરી હતી. પરંતુ જ્યારે તે પહોંચ્યો, ત્યારે તેણે જોયું કે દરેક પ્રશ્ન તેના મનમાંથી ભૂંસાઈ ગયો હતો. તેમ છતાં, પૂછ્યા વિના, બાબે વાહિદે તેમને જે પ્રશ્નો પૂછવાની યોજના બનાવી હતી તે દરેક પ્રશ્નનો જવાબ આપ્યો. છતાં, ફરીથી, વાહિદે વિનંતી કરી કે તેમને બાબ સાથે બીજી મુલાકાતની મંજૂરી આપવામાં આવે.

ત્રીજી બેઠકનો સમય આવ્યો ત્યાં સુધીમાં, વાહિદ પાસે ફક્ત એક જ પ્રશ્ન બાકી હતો, પરંતુ તે પ્રશ્ન પૂછવા માટે ખૂબ જ ગભરાઈ ગયો હતો. પરંતુ, બાબ જાણતા હતા કે વાહિદના મનમાં શું છે અને તે જે પ્રશ્નનો જવાબ ઈચ્છતો હતો, બાબે તે જવાબ આપ્યો. હવે વાહિદ નિશ્ચિત થઈ ગયો હતો. તેણે મેળવેલા જ્ઞાનથી તેનું હૃદય પ્રકાશિત થઈ ગયું હતું. તેણે પછીથી સમજાવ્યું હતું કે, બાબ સાથેની મુલાકાતો દરમિયાન, તે "પોતાને તેના પગ નીચેની ધૂળ જેટલો તુચ્છ" અનુભવતો હતો.

વાહિદ બાબના દૈવી સ્થાનથી સંપૂર્ણ રીતે સહમત હતો અને તેણે તરત જ રાજાના દરબારમાં એક લેખિત અહેવાલ મોકલી દીધો. ત્યારબાદ બાબની સૂચનાથી તેણે શિરાઝ છોડી દીધું હતું. તે દિવસથી, તેણે પોતાની શક્તિઓ તેમના ધર્મના પ્રચાર માટે સમર્પિત કરી, જે પ્રચારનો ઉદ્દેશ, તમે જાણો છો તેમ, લોકોને બધા યુગોના પ્રતિક્ષિત અવતાર, એવા પરમેશ્વરના બીજા અવતાર, બહાઉલ્લાહના આગમન માટે તૈયાર કરવાનો હતો.

**E. નાટક**

રચનાત્મક નાટકના કૌશલ્યો અને ક્ષમતાઓનો વિકાસ કરવાનું ચાલું રાખવામાં બાળકોની મદદ કરવા માટે નીચેની પ્રવૃત્તિઓનું સૂચન કરવામાં આવે છે.

1. બાળકોને તેમના કાલ્પનિક ચોરસમાં □ભા રહેવાનું કહીને શરૂ કરો અને શરીરને ખેંચવાની કસરત કરવાનું કહો. તેના પછી તમે બાળકોને પાઠ ૨.૨ માં જણાવેલી કસરત કરાવી શકો છો.

2. તેના પછી તમારા વિદ્યાર્થીઓને એક ગોળાકારમાં □ભા રહેવાનું કહો. એક બાળકને "સંશોધક" તરીકે પસંદ કરો અને જે જગ્યાએ વર્ગ છે તેનાથી બહાર જવાનું કહો. હવે બીજા એક બાળકની "શરૂઆત કરનાર" તરીકે પસંદગી કરો. બાળકોને સમજાવો કે

આ બાળક સરળ પ્રવૃત્તિઓ કે હલન-ચલન કરવાની ક્રિયાના ક્રમમાં વર્ગનું નેતૃત્વ કરશે. દાખલા તરીકે, તે ડાબા હાથને ખભેથી ગોળ ગોળ ફેરવશે, જમણા હાથને ગોળ ગોળ ફેરવશે, તેના પછી નીચે નમીને જમીનને કેટલીક વાર સ્પર્શ કરી શકે છે, વગેરે. બાકીના બાળકોએ એટલું જલ્દી અને ગાઢ રીતે ક્રિયાઓની નકલ કરવી જોઈએ કે "શરૂઆત કરનાર" કોણ છે તેને "સંશોધક" સરળતાથી શોધી શકે નહીં. તેમણે ધોરણ ૧ ના પાઠ ૨૩ માં આના જેવી જે પ્રવૃત્તિ કરી હતી તે તેમને યાદ આવશે.

બાળકોને રમત શરૂ કરવાનું કહો, અને પછી "સંશોધક"ને ગોળાકારમાં વચ્ચે આવીને ઊભા રહેવાનું કહો. શું તે "શરૂઆત કરનાર"ને શોધી શકે છે? જ્યારે તે "શરૂઆત કરનાર"ને શોધી કાઢે, તેના પછી નવા બાળકની "સશોધક" તરીકે અને બીજા બાળકની "શરૂઆત કરનાર" તરીકે પસંદગી કરીને રમતનું પુનરાવર્તન કરો. જો સમય હોય તો, આ રમતનું કેટલીક વાર પુનરાવર્તન કરાવો જેથી દરેક બાળકને ઓછામાં ઓછું એક વાર "સંશોધક" અને એકવાર "શરૂઆત કરનાર" બનવાનો અવસર મળી શકે.

હવે તમે આજના પાઠનો વિષય- જ્ઞાન પ્રાપ્ત કરવાનું, ખાસ કરીને ઈશ્વરીય જ્ઞાન પ્રાપ્ત કરવાના મહત્વને લગતી પ્રવૃત્તિઓ કરી શકો છો.

બાળકોને યાદ અપાવીને શરૂ કરો કે બધી ચીજોમાં, આપણે ઈશ્વરના ચિન્હો જોઈએ છીએ. પછી તેમને જણાવો કે તમે તેમને વારાફરથી એવી અલગ અલગ ચીજોનો અભિનય કરવાનું કહેવાના છો, જે આપણે દુનિયામાં જોઈએ છીએ. દરેક બાળકના કાનમાં કોઈ એક તત્વનું નામ ધીરેથી કહોઃ જેમ કે વરસાદ, વાદળ, પર્વત, ફૂલ, નદી, સાગર, પવન, વગેરે. બાકીના બાળકોએ અનુમાન લગાવવાનો પ્રયત્ન કરવો જોઈએ કે તેમનો સહધ્યાયી શેનો અભિનય કરી રહ્યો છે.

**F. ચિત્રકામ અને કલા**

પાઠોના આ ત્રીજા સેટમાં, વિદ્યાર્થીઓ કલાના મૂળભૂત તત્વોમાંના એક, "રચના (પોત કે વણાટ)" વિશે શીખતી વખતે તેમની કલાત્મક કુશળતાનો વધુ વિકાસ કરશે. આ પાઠમાંની પ્રવૃત્તિઓ માટે, દરેક બાળકને બે કે ત્રણ કોરા કાગળ અને કદાચ, એકમના અંતે આપેલી શીટની નકલની જરૂર પડશે.

1. શરૂ કરવા માટે, બાળકોને સમજાવો કે, મૂળભૂત સ્તરે, રચના કે પોત (વણાટ) એટલે કંઈક કેવું લાગે છે. આ વિચારને સમજવામાં મદદ કરવા માટે, તેમને વર્ગ જે વાતાવરણમાં યોજાય છે તેની આસપાસ જોવા કહો અને વિવિધ રચના (વણાટ) ધરાવતી વસ્તુઓ અને સપાટીઓ નક્કી કરવાનું કહો – જેમ કે ઈંટની દિવાલ, લાકડાના ટેબલની સપાટી, લાદીવાળું ભોંયતળિયું, વણેલી ટોપલી, કાપડનું ઓશીકું, કપડાં, વગેરે. તમે તેમને "ઈંટો કેવી લાગે છે?" અને "કાપડ કેવું લાગે છે?" જેવા પ્રશ્નો પૂછી શકો છો.

એકવાર તેઓ કેટલીક રસપ્રદ રચના (વણાટ)ની નોંધ લઈ લે, પછી તેમને કહો કે ફક્ત પેન્સિલનો ઉપયોગ કરીને કાગળ પર રચના (વણાટ) જેવુ દેખાડવું શક્ય છે. દરેક બાળકને કોરો કાગળ અને પેન્સિલ આપો. તેમને નક્કી કરેલી કોઈ એક રચના (વણાટ)ની પસંદગી કરવાનું કહો અને તેના ઉપર તેમનો કાગળ મૂકવાનું કહો. હવે તેમને તેમની પેન્સિલથી કાગળની સપાટી પર ધીમેથી અને કાળજીપૂર્વક ઘસવાનું કહો. ખાતરી કરો કે તેઓ તેમની પેન્સિલની ટોચનો ઉપયોગ ન કરે પરંતુ તેઓ તેની બાજુનો ઉપયોગ કરે. કાગળ તેની નીચેની વસ્તુની રચના કે વણાટનો દેખાવ લેવાનું શરૂ કરશે. તેઓ કામ પૂરું કરે પછી, તેમને વણાટવાળી સપાટીઓ પર અને પછી તેમના કાગળ પર આંગળીથી ઘસવા કહો અને તેમને કેવું લાગે છે અને કેવા દેખાય છે તેનું વર્ણન કરવા કહો. તેમણે ઓળખવું જોઈએ કે, કાગળ ભલે થોડા વણાટનો દેખાવ આપે છે, તે વાસ્તવમાં તેનો સ્પર્શ સુંવાળો છે.

2. બાળકોને કહો કે, આગામી પ્રવૃત્તિ માટે, તમે બધા સાથે બહાર ફરવા જઈને કુદરતી વાતાવરણમાં રસપ્રદ રચના (વણાટ)વાળી વસ્તુઓ શોધશો, જેમ કે પાંદડા, ઝાડની છાલ, કાંકરા અને ફૂલો. તમે તેમને યાદ અપાવી શકો છો કે, પાઠમાં અગાઉ ચર્ચા કર્યા મુજબ, આપણે પ્રકૃતિમાં આપણી આસપાસ ઈશ્વરની પૂર્ણતાના ચિહ્નો જોઈ શકીએ છીએ. તેમને એવી કેટલીક વસ્તુઓ શોધવા કહો જે તેઓ, એક-બે પાંદડા સહિત, થોડી ચીજો તેમની સાથે વર્ગમાં પાછા લાવી શકે. જ્યારે તેઓ ફરીથી સ્થાયી થાય, ત્યારે દરેક બાળકને એક નવો કોરો કાગળ આપો. તેમને તેમણે એકત્રિત કરેલા પાંદડા, નસવાળી બાજુ ઉપર તરફ રાખીને, કાગળની નીચે મૂકવા કહો. હવે તેમને કહો કે તેઓ પહેલાની જેમ તેમની પેન્સિલથી ઘસે. પાંદડાની છબી ટૂંક સમયમાં ઉભરી આવશે. પછી તેઓ એકબીજા સાથે પાંદડા બદલી શકે છે અને આ પ્રવૃત્તિનું પુનરાવર્તન કરી શકે છે. આકર્ષક દેખાવ મેળવવા માટે, પાંદડાની આકૃતિઓને આંશિક રીતે એકબીજા પર રાખી શકાય.

3. અંતે, તમે બાળકોને તેઓ જેની પ્રેક્ટિસ કરી રહ્યા છે તેને લાગુ કરવામાં મદદ કરી શકો છો જેથી તેઓ પ્રકૃતિની છબી બનાવી શકે જે વિવિધ રચના (વણાટ)નો દેખાવ આપે. આ તેમને પ્રકૃતિ જગતનો અભ્યાસ કરીને જ્ઞાન મેળવવાના મહત્વની યાદ અપાવવાની તક હોઈ શકે છે, જે આપણને પરમેશ્વરની મહાનતા અને મહિમા વિશે જણાવે છે. આ અંતિમ પ્રવૃત્તિ હાથ ધરવાની બે રીતો છે. તમારા વિદ્યાર્થીઓના આધારે, તમે તેમને દરેકને બીજો કોરો કાગળ આપી શકો છો અને તેમને પ્રકૃતિમાંથી એક સરળ દ્રશ્ય દોરવા માટે પ્રોત્સાહિત કરી શકો છો, જેમાં તેઓએ અગાઉના પાઠોમાં વિકસાવેલી રેખાઓ અને આકારો દોરવાની ક્ષમતાનો તેઓ ઉપયોગ કરી શકે. વિકલ્પરૂપે, તમે દરેક બાળકને શીટ ૧ ની એક નકલ આપી શકો છો, જેમાં પહેલાથી જ પર્વતનું દ્રશ્ય દોરેલું છે. કોઈપણ કિસ્સામાં, તેમને ઘસીને તૈયાર કરેલી છબીનો

સંદર્ભ આપો. તેમને તેમના ચિત્રના દરેક ભાગ માટે એક અલગ રચના (વણાટ) પસંદ કરવા કહો અને ત્યારબાદ વિદ્યાર્થીઓને તેમના કાગળને સંબંધિત વસ્તુ પર ચોંટાડી રાખીને તેનું પોત કે રચના (વણાટ) દેખાય તેવી રીતે ઘસવાનું કહો. તેઓ તેમના આસપાસની વસ્તુઓ અને તેમણે બહારથી એકત્રિત કરેલી વસ્તુઓનો ઉપયોગ કરી શકે છે. તેમની કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને, તેઓ સુંદર આલેખનવાળું ચિત્ર બનાવી શકે છે.

**G. સમાપન પ્રાર્થના**

## પાઠ ૩.૨

### A. પ્રાથના અને પવિત્ર શ્લોકનું ગાન કરવું

તમે અને કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાઓના ગાનથી વર્ગની શરૂઆત કરો. ત્યારબાદ, તમે બાળકો સાથે પાછલા પાઠમાં શીખાવવામાં આવેલી પ્રાર્થનાનું પુનરાવર્તન કરી શકો છો, જેથી તેઓ તેને સારી રીતે મોઢે કરી શકે. આ પાઠ દરમિયાન આગળ વધતા, જ્ઞાનની શોધમાં આપણે દર્શાવતા કેટલાક આધ્યાત્મિક ગુણો - ખાસ કરીને **વિનમ્રતા, પવિત્રતા, સત્યવાદિતા અને ન્યાય** - નો ઉલ્લેખ કરવાનો અવસર શોધો અને વિદ્યાર્થીઓનું ધ્યાન ગયા વર્ષે શીખેલા સંબંધિત શ્લોક તરફ દોરો.

### B. અવતરણો મોઢે કરવા

આ પાઠમાં બાળકો જે અવતરણ મોઢે કરશે, તેને રજૂ કરવામાં તમને મદદ મળે તે માટે તમે નીચે આપેલી સમજૂતીનો ઉપયોગ કરી શકો છો.

> માનવ વિકાસ માટે જ્ઞાન અનિવાર્ય છે. એક બહેતર દુનિયાનું નિર્માણ કરવા માટે, આપણે વિજ્ઞાન અને કલાઓનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. આપણે જે શીખીએ છીએ તેને અમલમાં મુકીને, ઉદાહરણ તરીકે આપણે જે અનાજ ઉગાડીએ છીએ તેની ગુણવત્તામાં સુધારો કરી શકીએ છીએ, દવાના ક્ષેત્રમાં પ્રગતિ કરી શકીએ છીએ જે નિરોગી અને સ્વસ્થ જીવન જીવવામાં આપણને મદદ કરી શકે છે, દૂર દૂરના વિસ્તારમાં રહેતા લોકો સાથે સંપર્ક કરવાની પદ્ધતિઓ શોધી શકીએ છીએ, અને એવી ચીજોનું નિર્માણ કરી શકીએ છીએ જે દુનિયાને સુંદર બનાવતી હોય.
>
> ‘અબ્દુલ-બહા આપણને કહે છે કે ઈશ્વરે આપણને આપણી આસપાસની દુનિયા જોવા અને સમગ્ર માનવજાતની પ્રગતિમાં આપણે શું યોગદાન આપી શકીએ છીએ તે જોવા માટે આંખો આપી છે. તેમણે આપણને સાંભળવા માટે કાન આપ્યા છે, જેથી આપણે એવા લોકોના જ્ઞાનનો લાભ લઈ શકીએ જેમણે તેમની વિશાળ સૃષ્ટિના રહસ્યો શોધવા માટે સખત મહેનત કરી છે. તેમણે આપણને તર્કશક્તિ અને બુદ્ધિ આપી છે, જે આપણને પ્રાણીઓથી જુદી પાડે છે, જેથી આપણે આ શક્તિઓનો ઉપયોગ આ દુનિયાને વધુ સારી જગ્યા બનાવવા માટે કરી શકીએ. તેથી આપણે વિજ્ઞાન અને કલાઓનો અભ્યાસ કરવો જોઈએ. તેની સાથે, આપણે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો જોઈએ જે ઈશ્વરના અવતારોના ઉપદેશોમાંથી મળે છે. આ ઉપદેશો આપણને આપણા જ્ઞાનનો બીજાઓના લાભ માટે ઉપયોગ કરવાની તથા શાંતિ અને એકતા માટે કાર્ય કરવાની પ્રેરણા આપે છે. સમસ્ત માનવજાત સુરક્ષિત રીતે જ્ઞાનના ગઢમાં એકત્રિત ન થાય ત્યાં સુધી અબ્દુલબહા આપણને ખંતપૂર્વક પ્રયાસ કરવા પ્રોત્સાહિત કરે છે. જ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે આપણને વિશ્વના કલ્યાણમાં યોગદાન આપવા સક્ષમ બનાવે

છે તે યાદ રાખવામાં આપણી મદદ કરવા માટે, ચાલો આપણે નીચેનું અવતરણ મોઢે કરીએ:

"જ્ઞાનની વિવિધ શાખાઓ અને સાચી સમજ મેળવવા માટે સંપૂર્ણ પ્રયત્ન કરો. ભૌતિક અને આધ્યાત્મિક બંને સિદ્ધિઓ હાંસલ કરવા માટે પૂરી તાકાત લગાવો."[30]

સંપૂર્ણ પ્રયત્ન કરવો

1. કોલિસ પાકની માવજત કરતાં થાકી ગયો, પરંતું દિવસ ભરનું કામ પુરૂં કરવા માટે તેણે સખત મહેનત કરી. સૂરજ ડૂબતાં પહેલાં તેનું કામ પુરૂં કરવા માટે તેણે સંપૂર્ણ પ્રયત્ન કર્યો.
2. બાળકો તેમનો પાઠ બરાબર સમજી શકે તેની કાળજી રાખવા માટે શિક્ષકે તેમના વિદ્યાર્થીઓ સાથે કામ કરતાં, તેમની સાથે કલાકો વિતાવ્યા. શિક્ષકે તેમના વિદ્યાર્થીઓની મદદ માટે સંપૂર્ણ પ્રયત્ન કર્યો.

સમજ

1. એમિલિયા બે વાર પાઠ વાંચી ગઈ. આમછતાં, જ્યારે તેની બહેને તેને પાઠ સમજાવ્યો ત્યાર પછી તેને પાઠ બરાબર સમજમાં આવ્યો.
2. આર્નોલ્ડની માં હંમેશા તેમની સાથે એકતાના મહત્વ વિશે વાત કરતી હતી, પરંતું તેણે વિભિન્ન પુષ્ઠભૂમિના બાળકો સાથે મિત્રતા કરી અને એકતાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો, તેના પછી જ તેની સમજમાં વધારો થયો.

પૂરી તાકાત લગાવવી

1. પર્વતની ચોટી સુધી પહોંચવા માટે ફેનીએ પોતાની બધી શક્તિ લગાવી દીધી. ત્યાં પહોંચવા માટે તેને પૂરી તાકાત લગાવીને પ્રયત્ન કરવો પડ્યો.
2. બરણી બહુ મજબૂતીથી બંધ હતી, અને દેવીએ પૂરી તાકાત લગાવી છતાં તેને ખોલી શકી નહીં.

સિદ્ધિ

1. તે વૃદ્ધ માણસે જીવનમાં ઘણું બધું કર્યું હતું, છતાં તે ક્યારેય પોતાના ભૂતકાળ વિશે બોલતો નહોતો. તે વિનમ્ર માણસ હતો અને પોતાની સિદ્ધિઓ વિશે ક્યારેય વાત કરતો નહોતો.
2. આગની શોધ માનવજાતીની પ્રથમ સિદ્ધિઓમાંની એક હતી.

## C. ગીતો

## D. વાર્તા

હવે બાળકોને શાંતિથી બેસવા કહો અને તેમને એક બહાદુર ડૉક્ટર, સુજેન **મૂડી**ની વાર્તા કહો જેને 'અબદુલ-બહા'એ પોતાના દેશ અમેરિકાથી **ઈરાન** જવા માટે આહવાન કર્યું હતું, જેથી તે ઈરાનની સ્ત્રીઓને મદદ કરી શકે.

> સુજેન મૂડી લગભગ એક સો વર્ષ પહેલાં, ઓગણીસમી સદીના શરૂઆતના સમયમાં, અમેરિકાના એક શહેર, શિકાગોમાં રહેતી હતી. તે સમયમાં ખૂબજ ઓછી સ્ત્રીઓ ડોકટર હતી, પરંતું બાવન વર્ષની વયે સુજેનને ડોકટર બનવાની પ્રેરણા મળી. થોડા વખતમાં જ તેણે મેડીકલનો અભ્યાસ પૂર્ણ કર્યો અને ડોકટર તરીકે કામ કરવાની શરૂઆત કરી. લગભગ તે જ સમયે, તેણીને બહાઈ ધર્મનો પરિચય થયો અને તે બહાઈ સમુદાયની સક્રિય સભ્ય બની, આજે આપણે જે વર્ગો લઈ રહ્યા છીએ તેની જેમ બાળકોના વર્ગોમાં શીખવતી હતી, અને તેના ઘરે મુલાકાતો અને બેઠકોનું આયોજન કરતી હતી. સુજેન દૈવી પ્રેમની અગ્નિથી એટલી પ્રજ્વલિત થઈ ગઈ કે તેણે પરમેશ્વરને પ્રાર્થના કરી કે તે પોતાને સંપૂર્ણપણે તેમને સમર્પિત કરી શકે અને તેમની ઇચ્છાનુસાર કાર્ય કરી શકે.
>
> હવે,ઈરાનમાં ડોકટરોની એક ટૂકડી હતી જેઓ ઈરાનની રાજધાની તહેરાનમાં એક દવાખાનું ખોલવાની યોજના બનાવી રહી હતી. કદાચ, તમે જાણો છો કે ત્યાંની પરંપરાને કારણે અનેક સ્ત્રીઓને તેમનો ચહેરો પુરુષ ડોકટરોને બતાવવાનું અયોગ્ય લાગતું હતું, અને દેશમાં મહિલા ડોકટરોની સંખ્યા ખૂબ ઓછી હતી. તેથી ડોકટરોની આ ટૂંકડીએ અપીલ કરી કે, અમેરિકાથી એક મહિલા ડોકટર પણ તેમની ટૂકડીમાં જોડાય, અને અબ્દુલબહાએ સુજેન મૂડીને ઈરાન જવા પ્રોત્સાહન આપ્યું. કોઈ આશ્ચર્યની વાત નથી કે તેમના પરિવારજનો અને મિત્રોએ અમેરિકામાં તેમની દાકતરી છોડીને એક એવા દૂરના દેશના લોકોની મદદ કરવાની સુજેન મૂડીની ઈચ્છાનો વિરોધ કર્યો, જ્યાં તેને અસામાન્ય રોગો અને કઠિન સમસ્યાઓનો સામનો કરવાનો વારો આવી શકે એમ હતું. પરંતુ, સુજેન અબ્દુલબહાનું આહવાન સ્વીકારવા તૈયાર હતી. તે સમજી ગઈ હતી કે આટલા વર્ષો પછી તેને દાકતરી અભ્યાસ કરવાની એટલી ઈચ્છા કેમ થઈ હતી. લગભગ ૬૦ વર્ષની વયે તે નિકળી પડી.
>
> નિઃશક, એ દિવસોમાં, દુનિયાના એક ભાગમાંથી બીજા ભાગમાં મુસાફરી કરવા માટે લાંબો સમય લાગતો હતો, અને ઈરાન તો અમેરિકાથી ખૂબ દૂર હતું. ઈરાન જતી વખતે, ડો. મૂડી થોડા દિવસો પવિત્ર ભૂમિમાં રોકાઈ હતી, જ્યાં તેને અબ્દુલબહાના સાંનિધ્યમાં સમય વિતાવવાનું સૌભાગ્ય મળ્યું. તેમણે ડો. મૂડીને કહ્યું કે તેમની નવી જગ્યાએ પહોંચ્યા પછી તેને ધીરજ રાખવાની જરૂર પડશે, પરતું તેને આશ્વાસન પણ આપ્યું કે તેઓ તેના માટે વારંવાર પ્રાર્થના કરશે અને હંમેશા તેની સાથે રહેશે. તેના

પછી તે તેમની બાકીની મુસાફરી પૂરી કરવા રવાના થઈ અને વહાણમાં કાસ્પીયન મહાસાગરની મુસાફરી કરીને ઈરાનના ઉત્તર-પૂર્વમાં આવેલા એક શહેરમાં પહોચી. ત્યાંથી તેમણે ઘોડા-ગાડીની સવારી કરી અને તેમના રસ્તામાં બહાઈ મિત્રોને મળવા તથા બિમારોની સારવાર કરવા માટે રોકાતાં રોકાતાં, પહાડોના રસ્તે તે રાજધાની તહેરાન પહોંચી. સુજેનને સમજમાં આવવા લાગ્યું હતું કે તેમના જેવી મહિલા ડોકટરની કેટલી વધારે જરૂર હતી, કારણ કે ઘણી મહિલાઓ મદદ મેળવવા માટે તેમની પાસે આવતી હતી.

અંતે, જ્યારે ડો. મૂડી તહેરાન પહોંચી ગઈ, ત્યારે તેણે તરત જ બીમાર લોકોની સારવાર કરવાનું શરૂ કરી દીધું અને થોડા જ વખતમાં સારી રીતે ફારસી બોલવા લાગી. દવાખાનામાં કામ કરવાની સાથે તેણે તેમના ઘરે પણ એક નાનું દવાખાનું ખોલ્યું હતું. તે કરૂણામય, દયાળુ અને કોમળ–હૃદય વાળી હતી, અને બધા તેને ખૂબ ચાહતા હતા. એક સ્થાનિક અખબારે “તેમના સારા અને દયાળુ ગુણો”ની પ્રશંસા કરી અને આગળ લખ્યુંઃ

> “શુક્રવાર અને રવિવારની બપોરને બાદ કરતાં, દરરોજ સવારથી બપોર સુધી તેઓ તેમના કાર્યાલયમાં હોય છે, અને સલાહ, તપાસ અને સારવાર માટે તેમના દરદીઓને મળે છે. શુક્રવારે અને રવિવારે બપોરે તેઓ સેહત દવાખાને જાય છે... આવી શ્રેષ્ઠ મહિલા આવી આદરણીય વ્યકિતનો અમે ખૂબ આભાર માનીએ છીએ અને ધન્યવાદ આપીએ છીએ, જેમની હાજરી ફારસ દેશ માટે મહાન સૌભાગ્ય છે...

દવાખાનું શરૂ કર્યાના ખૂબ જ ઓછા સમયમાં ડો. મૂડીને આરોગ્યને લગતી બાબતો વિશે શીખવામાં બીજા લોકોની મદદ કરવાની જરૂર લાગી અને મહિલાઓને નર્સિંગ અને પ્રસુતિની તાલીમ આપવાની શરૂઆત કરી. અંતે તે પણ, છોકરીઓ માટે તરબિયત શાળા નામની એક શાળાની સ્થાપના કરવા માટે બીજા લોકો સાથે જોડાઈ. આ શાળાએ અનેક છોકરીઓને શિક્ષણ આપ્યું, તેમાંથી અનેક બહેનો આગળ જતાં ખુદ શિક્ષક બની, જેનાથી દેશભરમાં છોકરીઓ માટે બીજી શાળાઓ શરૂ કરવાનું શક્ય બન્યું. છોકરીઓ માટેની તરબિયત શાળા ખૂબ સન્માનને પાત્ર બની અને દરેક પૃષ્ઠભૂમિની બહેનો તેમાં ભણવા લાગી. ડૉ. સુજેન મૂડીનું ૮૩ વર્ષની વયે ઈરાનમાં અવસાન થયું. તેમણે પોતાના જીવનના લગભગ વીસ વર્ષ પોતાના નવા વતનને વધુ સારું બનાવવા માટે મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કર્યો અને અન્ય લોકોને, ખાસ કરીને મહિલાઓને પણ એવું જ કરવાની તક મળે તે માટે મદદ કરી.

**E. નાટક**

તમે બાળકોને સર્જનાત્મક નાટક માટે જરૂરી કુશળતા અને ક્ષમતાઓ વિકસાવવામાં મદદ કરવા માટે નીચેની પ્રવૃત્તિઓમાં દોરવણી આપી છો:

1. એવું સૂચન કરવામાં આવે છે કે તમે હંમેશની જેમ, વિદ્યાર્થીઓને તેમના કાલ્પનિક ચોરસમાં  ભા રાખી અને શરીરને તૈયાર કરવા માટે શરીરને ખેંચવાની કસરત કરીને શરૂ કરો.

2. આગળ બાળકોને ગોળાકારમાં બેસાડો, તમે પણ તેમની સાથે બેસો. એક નાની વસ્તુ, જેમ કે ડાળી, પેન અથવા પેન્સિલ, ઉપાડો અને કહો, "જાણે કે કાંસકો હોય એવી રીતે, હું આનો ઉપયોગ કરું છું." પછી તમારા વાળને તેનાથી કાંસકો કરવાનો અભિનય કરો. ખાતરી કરો કે તે સ્પષ્ટ છે કે તમે ફક્ત અભિનય કરી રહ્યા છો અને તમે ખરેખર તમારા વાળમાં વસ્તુ ભરાવતા નથી. હવે, વસ્તુ તમારી બાજુમાં બેઠેલા બાળકોમાંથી કોઈ એક બાળકને આપો અને બાળકને પૂછો કે તે તેનો ઉપયોગ શેના માટે કરી શકે છે. તમારા ઉદાહરણને અનુસરીને, બાળકે જવાબ આપવો જોઈએ અને દર્શાવવું જોઈએ કે વસ્તુનો ઉપયોગ બીજી કેવી રીતે કરી શકાય. તે અથવા તેણી કહી શકે છે, ઉદાહરણ તરીકે, તે કહી શકે છે કે, “હું એક વાંસળી તરીકે તેનો ઉપયોગ કરી શકું છું અથવા“ હું માછલી પકડવાની એક લાકડી સમજીને તેનો ઉપયોગ કરી શકું છું.” આવી રીતે તેના પછી આ વસ્તુ આગળના બાળક પાસે આપવી જોઈએ.

એકવાર દરેક બાળકને આ રીતે વસ્તુનો અભિનય કરવાનો અવસર મળી જાય પછી, તમે આજના પાઠના વિષયને લગતી પ્રવૃતિ શરૂ કરી શકો છો, જે સભ્યતાના વિકાસ અને વિશ્વના કલ્યાણ માટે જ્ઞાન કેન્દ્રસ્થાને છે તે વિચારને મજબૂત બનાવવામાં મદદ કરશે.

બાળકોને સમજાવો કે, આજે તેઓ સુજેન મૂડીની વાર્તાના અલગ અલગ પાત્રોનો અભિનય કરશે. શરૂઆતમાં તેમને વાર્તાની યાદ અપાવો અને તેઓ બહેનોની મદદ માટે કેવી રીતે ઈરાન ગઈ હતી, નહીં તો તેમને આરોગ્યની સારવાર મળી નહીં હોત. બાળકોને પૂછો કે ઈરાનમાં અનેક મહિલાઓની સેવા કરવા માટે સુજેન મૂડીએ કયા ગુણો દર્શાવ્યા હતા. જેનાથી તેમનું જીવન અનુપ્રાણિત હતું તે સેવાની ભાવના પર ભાર આપો. તેના પછી તમે દરેક બાળકને આ વાર્તાના એક પાત્રની ફાળવણી કરી શકો છો, એક વાતનું ધ્યાન રાખો કે ક્યારેય પણ કોઈએ અબ્દુલબહાનું પાત્ર ભજવવું જોઈએ નહીં. તેમને દરેકને એક અલગ પાત્રની ભૂમિકાના સંદર્ભમાં સુજેન મૂડીનું વર્ણન કરવાનું કહો. જરૂર પડે તો, એક કરતાં વધારે બાળકો દરેક પાત્રનો અભિનય કરી શકે છે, અથવા તમે એવા અન્ય પાત્રો શોધવાની ઈચ્છા રાખી શકો છો જેમના સંપર્કમાં સુજેન મૂડી આવ્યા હશે. તેમાં નીચેના પાત્રો સામેલ હોઈ શકે છે:

- સુજેન મૂડીના પરિવારના એક સભ્ય જે તેણીને ઈરાન જવા દેવા માંગતા ન હતા, પરંતુ તેણીને સમજાયું કે તેણીએ ત્યાં જવાનું કેમ નક્કી કર્યું.

– ઈરાનમાં કામ કરતા એક સાથી પુરુષ ડૉક્ટર જે જાણતા હતા કે સ્ત્રીઓને કેટલી મદદની જરૂર હતી અને જે ખુશ હતા કે સુજેન મૂડી તેમની સંભાળ રાખવા માટે ત્યાં હતી.

– એક મહિલા જે સુજેન મૂડીની દર્દી બની.

– એક યુવાન છોકરી જેણે છોકરીઓ માટેની તરબિયત સ્કૂલમાં અભ્યાસ કર્યો અને પછીથી ડૉક્ટર બની.

**F. ચિત્રકામ અને કલા**

આ પાઠના કલાત્મક ઘટકની શરૂઆત કરવા માટે, વિદ્યાર્થીઓને તેઓ રચના કે પોત (વણાટ) વિશે શું શીખ્યા છે તે યાદ અપાવો. તમે ઉલ્લેખ કરી શકો છો કે, પાછલા પાઠમાં, તેઓએ કાગળ પર છબીઓ બનાવી હતી જે રચના (વણાટ) નો દેખાવ આપતી હતી. હવે, તમારે તેમને કહેવું જોઈએ કે, તેઓ વાસ્તવિક રચના (વણાટ) ધરાવતી કલાકૃતિઓ બનાવશે. નક્કી કરેલા ચિત્રકામના કાગળોની નકલો, થોડા કોરા સફેદ કાગળો અને પેન્સિલો ઉપરાંત, વર્ગના આ ભાગ માટે તમને કાતર, ગુંદર અને રંગીન કાગળની જરૂર પડશે.

1. દરેક બાળકને બે સફેદ કોરા કાગળ આપો અને વર્ગમાં બધા ઉપયોગ કરી શકે તે માટે થોડી કાતર ઉપલબ્ધ રાખો. તમારે બાળકોને કાતરનો કાળજીપૂર્વક ઉપયોગ કરવાની ચેતવણી આપવાની જરૂર પડશે. વિદ્યાર્થીઓને કહો કે તેઓ એક કાગળમાંથી કોઈપણ આકાર - ચોરસ, વર્તુળ, લંબચોરસ - કાપી શકે છે. પછીથી, તેમને આ કાગળમાંથી ઘણા વધુ આકારો કાપવાની જરૂર પડશે, તેથી આકારો ખૂબ મોટા ન હોવા જોઈએ. પછી તેઓએ આકારને બીજા કાગળ પર ગુંદરથી ચોંટાડવા જોઈએ. એકવાર તેઓ આ કરી લે, પછી તેમને પૂછો કે શું તેઓ કાપેલા આકારો જોઈ શકે છે. તેમને આ ખૂબ મુશ્કેલ લાગશે. પછી તેમને કહો કે તેઓ કાગળમાંથી એ જ આકાર કાપે. પરંતુ, આ વખતે, તેમણે આકારને એક બોલમાં ચોળી નાખવો જોઈએ અને પછી બીજા કાગળ પર ગુંદરથી ચોંટાડતા પહેલા તેને ફરીથી સપાટ કરવો જોઈએ. હવે તેમને પૂછો કે કાગળના બીજા ટુકડા પર ગુંદરથી ચોંટાડેલા બે આકાર વચ્ચે તેમને શું તફાવત જોવા મળે છે. તમે સમજાવી શકો છો કે બીજા આકારમાં "વાસ્તવિક વણાટ (રચના)" છે, જે અનુભવી શકાય છે, અને આકારને જોવામાં પણ સરળ બનાવે છે.

2. ઉપરોક્ત પ્રવૃત્તિમાં બાળકોને મળેલી "વાસ્તવિક વણાટ (રચના)" ની સમજણ વધારવા માટે, તેમને કાગળના પહેલા ટુકડામાંથી ઘણા વધુ આકારો કાપવા, દરેક આકારને અલગ વણાટ આપવા અને તેમને સુંદર બીજા કાગળ પર ગુંદરથી ચોંટાડવા કહો. તેઓ તેમના કાપેલા આકારોમાં નીચેની રીતે વિવિધ વણાટ (રચના) બનાવી શકે છે: પેન્સિલ અથવા કાતરથી કાળજીપૂર્વક છિદ્રો કરીને, તેમને ગોળ વાળીને અને

મરડવું, તેમને પંખા અથવા સંગીત વાદ્ય (એકોર્ડિયન)ની જેમ વાળીને, અથવા તેમાં ઝાલર (ફ્રિન્જ) કાપીને. તમારે બાળકોને સમજાવવાની જરૂર પડી શકે છે કે વણાટ (રચના)માં સામાન્ય રીતે ઘણા પુનરાવર્તનો હોય છે. ઉદાહરણ તરીકે, આકારના કેન્દ્રમાં એક છિદ્ર પાડવાથી રચના બનશે નહીં; તેઓએ તેના પર સરખા છિદ્રો પાડવા જોઈએ.

3. આ પાઠમાં કલાની અંતિમ પ્રવૃત્તિ માટે, બાળકોને સુજેન મૂડી દ્વારા કરવામાં આવેલી અદ્દભુત સેવાની યાદ અપાવો, જેમણે અન્ય લોકોને મદદ કરવા માટે દવાના જ્ઞાનનો ઉપયોગ કર્યો હતો. પછી તમે દરેક બાળકને આ પાઠ માટે ડ્રોઇંગ કાગળની એક નકલ, ડૉક્ટરની બેગની છબી અને એક રંગીન કાગળ આપી શકો છો. વર્ગને સમજાવો કે ડૉક્ટરની બેગનો ઉપયોગ તબીબી સાધનો સંગ્રહવા માટે થાય છે. બાળકોને તેમના રંગીન કાગળોનો ઉપયોગ કરીને, અગાઉની પ્રવૃત્તિમાં જે પદ્ધતિઓનો ઉપયોગ કરીને અભ્યાસ કર્યો હતો તે રીતે વિવિધ વણાટ (ટેક્સચર) બનાવવા અને તેને બેગના વિવિધ ભાગો પર ચોંટાડવા કહો. જ્યારે તેઓ પૂર્ણ કરે, ત્યારે વિદ્યાર્થીઓ તેમના સહપાઠીઓએ બનાવેલી બેગ જોવાનો આનંદ માણી શકે છે.

**G. સમાપન પ્રાર્થના**

પાઠ ૩.૩

## A. પ્રાથના અને પવિત્ર શ્લોકનું ગાન કરવું

શરૂઆતની પ્રાર્થનાઓનું ગાન કર્યા પછી, બાળકોએ પાઠ ૩.૧ માં રજૂ કરેલી પ્રાર્થના મોઢે કરવાનું પૂરું કરવું જોઈએ. જેમ તમે પાછલા બે પાઠોમાં કર્યું છે, તેમ શક્ય હોય ત્યારે બાળકો સાથેની તમારી ચર્ચામાં વિનમ્રતા, શુદ્ધતા, સત્યવાદિતા અને ન્યાયને લગતા વિચારોનો સમાવેશ કરવાનો પ્રયાસ કરો અને તેમને યોગ્ય લાગે ત્યારે ધોરણ ૧ માં મોઢે કરેલા અવતરણોનું પુનરાવર્તન કરવા પ્રોત્સાહિત કરો.

## B. અવતરણો મોઢે કરવા

નીચેના વિચારોનો તમારા પોતાના શબ્દોમાં ઉપયોગ કરીને કરીને તમે આજનું અવતરણ રજુ કરી શકો છોઃ

> જ્ઞાન પ્રાપ્ત કરવા માટે, આપણી આજુબાજુની દુનિયા વિશે જાણવા અને સત્યની શોધ કરવાના પ્રયત્નમાં આપણે આપણુ જીવન વિતાવી દઈએ છીએ. જેમ જેમ આપણે વિજ્ઞાન અને કલાનો અભ્યાસ કરતા જઈએ છીએ, ઈશ્વરના ઉપદેશોમાંથી અંતઃદ્રષ્ટિ મેળવીએ છીએ, પ્રાપ્ત કેરલ જ્ઞાનને અમલમાં મૂકીએ છીએ, અને સાચી સમજ પ્રાપ્ત કરવાના આનંદનો અહેસાસ કરતા જઈએ છીએ, તેમ તેમ શીખવા પ્રત્યેનો આપણો પ્રેમ વધતો જાય છે. આપણે આપણને મૂંઝવતા પ્રશ્નો માટે આપણા માતા–પિતા, વડિલો, અને શિક્ષકો તરફ વળીએ છીએ અને તેના પર ચિંતન કરીએ છીએ. સત્યની શોધ કરવા માટે જરૂરી છે કે આપણે સચેત રહીએ એટલે કે ધ્યાનથી સાંભળીએ, ધ્યાનથી જોઈએ, ગહન વિચાર કરીએ. આપણે પ્રયત્ન કરીએ છીએ અને આપણે સતત લાગી રહીએ છીએ. અમુક વિચારોની, ખાસ કરીને ગહન વિચારોની આપણી સમજ, ક્યારેય પૂર્ણ નહીં થાય; પરંતુ જેમ જેમ આપણે અભ્યાસ કરવા, શીખેલી બાબતોને અમલમાં મૂકવા અને આપણા કાર્યો પર ચિંતન કરવા માટે પ્રયત્ન કરીશું તેમ તેમ તેમાં વધારો થતો જશે.
>
> અબ્દુલબહા આપણને કહે છે કે, સત્ય એક છે, પછી આપણે તેને ગમે ત્યાંથી મેળવતા હોઈએ. દાખલા તરીકે, પ્રકાશ સારો છે, પછી તે ગમે તે દીવામાંથી પ્રગટ થતો હોય. ગુલાબનું ફૂલ સુંદર હોય છે, પછી તે ગમે તે બગીચામાં ખીલતું હોય. અબ્દુલબહા સમજાવે છે કે, સત્યની આપણી શોધમાં, આપણે પૂર્વગ્રહ અને અંધવિશ્વાસનો ત્યાગ કરી દેવો જોઈએ. જવાબ શોધવા માટે આપણે હંમેશા આપણુ મન ખુલ્લુ રાખવું જોઈએ. અબ્દુલબહા તેમને મળવા આવતા અનેક લોકોને પ્રશ્ન પૂછવા માટે પ્રોત્સાહિત કરતા હતા, અને ખૂબજ વિનમ્રતા, પ્રેમ, ધીરજ અને વિવેક પૂર્વક તેનો જવાબ આપતા

હતા. તેમના જવાબથી લોકો ભૌતિક અને આધ્યાત્મિક વાસ્તવિકતાને લગતા તેમના જ્ઞાન અને સમજમાં ઉમેરો કરી શકતા હતા તથા તેઓ જોઈ શકતા હતા કે સમાજના કલ્યાણમાં તેઓ કેવી રીતે યોગદાન આપી શકતા હતા. અબ્દુલબહા આપણને કહે છે કે, આપણે જીવનભર શીખવાનું ચાલુ રાખી શકીએ છીએ. સત્યની શોધ કરવા અને જ્ઞાન પ્રાપ્ત કરવા માટે હર સંભવ પ્રયત્ન કરવાનું યાદ રાખવા માટે, આવો આપણે નીચેનું અવતરણ મોઢે કરી લઈએઃ

**“તેણે તેની મહત્તમ ક્ષમતા અને પરિશ્રમથી સત્યની શોધ કરવી જોઈએ, જેથી ઈશ્વર, તેમની કૃપાના પંથે અને તેમની દયાના માર્ગે તેને માર્ગદર્શન આપે”[૩૧]**

મહત્તમ

1. લી યોંગે તેની પૂરી તાકાતથી ધક્કો માર્યો છતાં તે લારીને રસ્તા પર ચઢાવી શક્યા નહીં. લી યોંગે તેમની લારીને રસ્તા પર ચઢાવવા માટે મહત્તમ પ્રયત્ન કર્યો.

2. ગમે તેટલી મહેનત કરવી પડતી હોવા છતાં, સ્ટેલા તેની નાની બેનના ઘરકામમાં તેને મદદ કરવાનો સખત પ્રયત્ન કરે છે. સ્ટેલા તેની બેનની મદદ કરવાનો મહત્તમ પ્રયત્ન કરે છે.

ક્ષમતા

1. કાર્મેન શાળામાં સરવાળો અને બાદબાકી કરવાનું શીખી રહી છે. દરરોજ અભ્યાસ કરીને, કાર્મેન સરવાળા અને બાદબાકી કરવાની ક્ષમતાનો વિકાસ કરી રહી છે.

2. નઈમ મકાનોની ડિઝાઈન બનાવવાનું કામ કરે છે. તેમના કામના એક ભાગ રૂપે તેને તે મકાનનું ચિત્ર બનાવવાનું હોય છે, જેનું તે બાંધકામ કરવા ઈચ્છે છે. નઈમના કામમાં ચિત્રકામની ક્ષમતા મહત્વની છે.

પરિશ્રમ

1. ડોલ ખૂબ વજનદાર હોવા છતાં, કુવામાંથી એક ડોલ પાણી કાઢીને ઘરે લઈ જવામાં નબીલ તેની માં ની મદદ કરવા ઈચ્છતો હતો. તેથી તે ખૂબજ પરિશ્રમથી ડોલ ઉપાડી ને ઘરે લઈ ગયો.

2. છોકરાઓ તેમના મિત્રોને નદીની ઉપરની બાજુ મળવા ઈચ્છતા હતા, તેથી તેમણે નદીના પ્રવાહની વિપરિત દિશામાં તરવાનું શરૂ કર્યું. નદીના પ્રવાહની વિપરિત દિશામાં તરવા માટે ખૂબ પરિશ્રમ કરવાની જરૂર પડે છે.

C. ગીતો

D. વાર્તા

સત્યની શોધ કરતા લોકોના ગુણો દર્શાવવામાં બાળકોની મદદ કરવા માટે આજે તમે તેમને તાહિરાની નીચેની વાર્તા સંભળાવી શકો છોઃ

> એવા લોકોની અનેક વાર્તાઓ છે જેમણે ઈશ્વરની સમીપ જવા અને તેમણે જે બ્રહ્માંડનું સર્જન કર્યું છે તેનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સત્યની શોધ કરી અને જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ એક બહાદુર અને જ્ઞાની મહિલાની વાર્તા છે, જેમને બહાઉલ્લાહે 'તાહિરા' નામ આપ્યું હતું, જેનો અર્થ છે 'પવિત્ર'.
>
> લગભગ બસો વર્ષ પહેલાં, અઢારમી સદીની શરૂઆતના દશકામાં, પૂર્વ ઈરાનમાં તાહિરાનો જન્મ થયો હતો. નાનપણથી જ તેમનામાં જ્ઞાન માટેની તરસ હતી, તેને ચોપડીઓમાંથી અભ્યાસ કરવાનું ખૂબ ગમતું હતું, અને તેનાથી શક્ય હોય એટલું તે શીખવા માટે ઉત્સુક હતી. જ્યારે તેના માતા–પિતા અને પરિવારજનો આધ્યાત્મિક અને ધાર્મિક વિષયો પર ચર્ચા કરતા, ત્યારે તે ધ્યાનથી સાંભળતી હતી, અને તેના પિતાજી, જેઓ તેમના દેશમાં એક પ્રસિદ્ધ મુલ્લા હતા, તેઓ તેને પાઠ શીખવવા આવતા, જેને તે સરળતાથી સમજી લેતી હતી. તે સમયમાં, મહિલાઓ ભણેલી હોય એવું ભાગ્યે જ જોવા મળતું હતું, પરંતુ જ્ઞાન માટે તાહિરાની ઈચ્છા એટલી તીવ્ર હતી કે, અંતે તેમના પિતાજીએ તેના માટે એક શિક્ષકની વ્યવસ્થા કરી જેમણે કલા અને વિજ્ઞાનના અભ્યાસમાં તેની મદદ કરી. તાહિરાની પ્રગતિ જોઈને તેના પિતાજીએ પડદાની પાછળ બેસીને તેમના પોતાના ધાર્મિક વર્ગોમાં થતી ચર્ચા સાંભળવાની તાહિરા માટે વ્યવસ્થા કરી હતી, કારણકે ત્યાંનો રિવાજ તેને પુરૂષ વિદ્યાર્થીઓ સાથે બેસવાની કે હળવા-મળવાની છૂટ આપતો ન હતો. તેની સિદ્ધિઓનું સ્તર એટલું વધારે હતું કે, એક વાર તેમના પિતાજીને એમ કહેતાં સાંભળ્યું હતું કે, જો તે છોકરો હોત તો તે તેમના ઉત્તરાધિકારી બન્યા હોત.
>
> નિઃશક, આટલું બધુ શીખવા છતાં, તાહિરાના મનમાં અનેક પ્રશ્નો હતા અને તે હજુ વધારે શીખવા માટે ઉત્સુક હતી. એક દિવસ, જ્યારે તે તેમના એક સંબંધીને મળવા ગઈ હતી, ત્યારે તેની નજર તેમના પુસ્તકાલયમાં રાખેલા કેટલાક પુસ્તકો પર પડી, જેમા તેને રસ પડવા લાગ્યો. તે શેખ અહમદ અને સૈયદ કાસિમ દ્વારા લખાયેલા હતા, જેઓ ધર્મના બે પ્રસિદ્ધ વિદ્વાન હતા જેમણે બાબના આગમનની આગાહી કરી હતી. તાહિરાના સંબંધી તેને આ પુસ્તકો આપવા માટે ખચકાઈ રહ્યા હતા, કારણકે આ પુસ્તકોનો તેના પિતાજીના વિચારો સાથે મેળ બેસતો ન હતો અને તેથી તેમને ડર

લાગી રહ્યો હતો. પરંતુ તાહિરાએ જીદ પકડી અને અંતે તેણે આ પુસ્તકો તેના ઘરે લઈ જવા માટે તેના સંબંધીને મનાવી લીધા.

તેણે ખૂબ ધ્યાનથી અને કાળજી પૂર્વક શેખ અહમદ અને સૈયદ કાસિમના લેખો વાંચ્યા અને તેમાંથી તેને ડહાપણના અનેક મોતી મળ્યા. તેણે તેમના લેખો વિશે તેના પિતાજી સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેમણે આ લેખોના શબ્દો સાંભળવાનો ઈન્કાર કરી દીધો. આમછતાં, તાહિરાનું દિલ આ વિચારોના સૌંદર્યથી આકર્ષિત હતું અને તેના અભ્યાસ દરમિયાન મનમાં ઉઠેલા અનેક પ્રશ્નો પૂછવા માટે તેણે સૈયદ કાસિમ સાથે પત્રવ્યવહાર કરવાની શરૂઆત કરી દીધી. તેને અહેસાસ થવા લાગ્યે કે તે એક નવીન આધ્યાત્મિક સત્ય તરફ દોરાઈ રહી છે અને તેણે દૃઢ સંકલ્પ કર્યો કે, તેણે સૈયદ કાસિમ સાથે અભ્યાસ કરવા માટે કરબલા જવું જોઈએ. એક સ્ત્રી તરીકે, તેને એકલી મુસાફરી કરવાની છૂટ ન હતી, તેથી તેણે તેના પિતાજીને મનાવ્યા કે તેને તેની બહેન સાથે કરબલા જવાની છૂટ આપવામાં આવે, અને એવી રીતે તે એક લાંબી યાત્રા પર નિકળી પડી. આખરે જ્યારે તેઓ કરબલા પહોંચ્યા, તો તાહિરાને જાણવા મળ્યું કે થોડા દિવસો પહેલાં જ સૈયદ કાસિમ સ્વર્ગવાસ પામ્યા હતા. તેની નિરાશાની કલ્પના કરો! તેણે સૈયદ કાસિમ પાસેથી શીખવાની અપેક્ષાએ એટલી લાંબી યાત્રા કરી હતી. સૈયદ કાસિમનો પરિવાર જોઈ શકતો હતો કે તે કેટલી નિરાશ હતી અને શીખવા માટે તેની ઉત્સુકતા કેટલી નિખાલસ હતી. તેથી તેમણે તાહિરાને થોડા દિવસો તેમની સાથે રહેવા આમંત્રણ આપ્યું અને સૈયદ કાસિમના કેટલાક એવા લેખો તેને વાંચવા આપ્યા જે હજું સુધી પ્રકાશિત થયા ન હતા. તેમના વિવેકી શબ્દોનો અભ્યાસ કરવાથી અને તેમાંથી નવી અંતઃદ્રષ્ટિ મેળવવાથી તેને કેટલો આનંદ થયો હશે. તેના પિતાજીના વર્ગોની જેમ, અહિં પણ તે પડદાની પાછળ બેસીને સૈયદ કાસિમના કેટલાક શિષ્યો સાથે કેટલાક ગહન વિષયોને લગતા તેના વિચારોની ચર્ચા કરી શકતી હતી.

ઘણાં વર્ષો સુધી તાહિરા ઘરે પાછી ગઈ નહીં. ઈશ્વરની કૃપાથી, કરબલા શહેરમાં સત્યની તેની આ શોધ, અંતે તેના અમૂલ્ય ફળ આપવાની હતી, કારણ કે એ શહેરમાં તેને એવા દિવ્ય સંદેશનો સ્વીકાર કરવાનો આશીર્વાદ મળવાનો હતો જે બાબના વ્યકિતત્વ દ્વારા ફારસના લોકોને આપવામાં આવ્યો હતો. તેને બાબને ઓળખવાનું માર્ગદર્શન કેવી રીતે મળ્યું હતું તે એક અલગ વાર્તા છે જે તેના હૃદયની શુદ્ધતાની ઝલક આપે છે. એક રાત્રે, સાંજની પ્રાર્થના કર્યા પછી, તેણી આરામ કરવા સૂઈ ગઈ અને એક અસાધારણ સ્વપ્ન આવ્યું. તેણીએ એક યુવાન વ્યક્તિ, કાળો ઝભ્ભો અને લીલી પાઘડી પહેરેલો, આકાશમાંથી નીચે ઉતરતો જોયો, જે તેની સામે હવામાં લટકતો હતો. તે શ્લોકોનો પાઠ કરી રહ્યો હતો અને હાથ ઉંચા કરીને પ્રાર્થના કરી રહ્યો હતો. તે જ ક્ષણે, તેણી જાગી ગઈ અને તેણીએ મોઢે કરેલા શ્લોકોમાંથી એક શ્લોક તેની નોટબુકમાં લખ્યો. પાછળથી, જ્યારે તેણીને બાબના લખાણોની એક નકલ મળી, ત્યારે

તેમાં તેણીને સ્વપ્નમાં સાંભળેલો શ્લોક જોવા મળ્યો. તરત જ તેણીએ આભાર વ્યક્ત કરતાં નમન કર્યું, કારણ કે તેણીને તેના હૃદયમાં ખબર હતી કે તેનો સંદેશ સત્ય હતો.

તમે પછીના વર્ગોમાં તાહિરા વિશે વધુ શીખી શકશો. પરંતુ તમારે જાણવું જોઈએ કે, બાબમાં પોતાની શ્રદ્ધા જાહેર કર્યા પછી, તાહિરા બહાઈ ધર્મની સૌથી ઉત્કૃષ્ટ નાયિકાઓમાંની એક અને સ્ત્રીઓના હિતની હિમાયતી બની. તેણીની હિંમત અને શક્તિ અજેય હતી, અને તેણીની શીખવાની વિશાળતા બહોળી હતી. તેણીએ તેનું શેષ જીવન જ્ઞાન મેળવવા, પરમેશ્વરના ઉપદેશોની તેણીની ઊંડી સમજણને પ્રતિબિંબિત કરતી કવિતાઓ અને લેખો લખવા અને ઘણા જિજ્ઞાસુ આત્માઓને તેઓ જે સત્ય શોધતા હતા તે તરફ દોરી જવા માટે સમર્પિત કર્યું. તેણીની કવિતાઓમાં, તાહિરા ઘણીવાર સત્યનો સ્વીકાર કરવાના આનંદ વિશે લખતી હતી. ચાલો આપણે "ઉદય" નામની એક કવિતા સાંભળીએ, જેમાં તેણી ઈશ્વરના અવતારના આગમનની તુલના નવા દિવસના ઉદય સાથે કરે છે, જ્યારે લોકો ઊંઘમાંથી જાગે છે, અને વસંતના આગમન સાથે તુલના કરે છે, જ્યારે નવીન અને તાજું જીવન દેખાય છે.

હે નિદ્રાધીન, પ્રિય આવી ગયાં છે — ઉઠો!
ઉંઘ અને અહંકારની ધૂળ ઝાડીને, ઉઠો!

જુઓ, શુભ ઇચ્છા આવી પહોંચી છે,
તેના સમક્ષ આંસુ લઈને ન આવો — ઉઠો!

ચિંતા-દુખનો ઉપચારક તમારી પાસે આવ્યો છે,
હે ભારગ્રસ્ત હૃદયવાળા, ઉઠો!

હે વિયોગથી પીડિત,
જુઓ, પ્રિયના મિલનનો શુભ-સંદેશ આવ્યો છે — ઉઠો!

હે શરદથી કુમળાયેલા,
હવે વસંત આવી ગઈ છે — ઉઠો!

જુઓ, નવા વર્ષ સાથે નવી જીવંતતા આવી છે,
હે ગયા વર્ષની સુકાયેલી લાશ સમા, કબરમાથી જાગો — ઉઠો!

**E. નાટક**

રચનાત્મક નાટકમાં ભાગ લેવા માટે જરૂરી કૌસલ્યો અને ક્ષમતાઓનો વિકાસ કરવાનું ચાલુ રાખવામાં તમારા વિદ્યાર્થીઓની મદદ કરવા માટે, તમે તેમની સાથે નીચેની પ્રવૃત્તિઓ કરી શકો છોઃ

1. શરૂ કરવા માટે, હંમેશની જેમ, બાળકોને તેમના કાલ્પનિક ચોરસમાં  ભા રાખીને શારીરિક કસરત કરાવો.

2. હવે પછીની આ કવાયત માટે, બાળકો તેમના કાલ્પનિક ચોરસમાં રહેશે. તેમના શરીર, માથું, હાથ અને પગનો ઉપયોગ કરીને તેમના શરીરનો એક આકાર બનાવવાનું કહો, આ આકાર નં. ૧ હશે. થોડી ક્ષણો માટે તેમને તે આકારમાં રહેવાનું કહો.

   તેના પછી તેમને બીજો આકાર બનાવવાનું કહો. તે હશે આકાર નં. ૨. ફરી થોડા સમય માટે તેમને તે આકારમાં રહેવાનું કહો. હવે બાળકો એક પછી બીજા આકારમાં જાય તેવી રીતે ગણતરી કરો ૧, ૨, ૧, ૨, ૧, ૨. ત્રણથી ચાર વાર તેનું પુનરાવર્તન કરો. તેના પછી જ્યારે બાળકો આકાર ૨ માં હોય ત્યારે કહો “સ્થિર”.

   હવે બાળકોને એક તદ્દન નવો જ આકાર બનાવવાનું કહો. આ હશે આકાર નં. ૩. તેમને થોડીવાર આ આકારમાં રહેવાનું કહો, અને તેના પછી તેમને આકાર નં. ૧ માં જવાનું કહો. હવે જ્યારે બાળકો એક પછી બીજા આકારમાં જાય એવી રીતે ગણતરી કરો–૧,૨,૩,૧,૨,૩. ત્રણથી ચાર વાર તેનું પુનરાવર્તન કરો અને જ્યારે બાળકો આકાર ૩ ની સ્થિતિમાં હોય ત્યારે કહો “સ્થિર”.

   અંતમાં, બાળકોને એક ચોથો આકાર બનાવવાનું કહો અને થોડીવાર તે આકારની સ્થિતિમાં રહેવાનું કહો. તેના પછી તેમને આકાર ૧ ની સ્થિતિમાં જવાનું કહો અને બાળકો એક પછી બીજા આકારમાં જતા હોય ત્યારે, ગણતરી કરતાં એક લય સ્થાપિત કરવાનો પ્રયત્ન કરો.

આગળની પ્રવૃત્તિ માટે, તમે બાળકોને એક વાર્તાના કેટલાક ભાગોનો અભિનય કરવાનું કહી શકો છો, જે અપૂર્ણ વિકસિત રૂપમાં હોવા છતાં, તેમના મગજમાં દૃઢપણે સ્પષ્ટ કરવા મદદ કરશે કે સત્યની શોધ કરવાનો અર્થ શું છે. શરૂઆતમાં, બાળકોને તેમના કાલ્પનિક ચોરસમાં બહાર પગ મૂક્યા વગર તેમને નીચેની ક્રિયા કરવાનું કહોઃ ચાલવું, દોડવું, ચઢવું, કુદકા મારવું, જોરથી પગ પછાડવા, ધકેલવું, અને જોવું અથવા એકીટસે જોવું. તેના પછી બાળકોને જણાવો કે તમે તેમને લગભગ તેમના જેવા જ બાળકોના એક જૂથની વાર્તા સંભળાવશો, જેઓ  કારૂ કારૂ નામના એક ગામમાં રહે છે. જ્યારે તમે વાર્તા સંભળાવતા હોય ત્યારે તેમને ધ્યાનથી સાંભળવાની જરૂર પડશે. જ્યારે પણ તમે ઉપર બતાવવામાં આવેલી

કોઈ એક ક્રિયાનો સંદર્ભ આપો– જેમકે, ચાલવું– તો તેમને એકદમ એવું જ કરવાનું છે, અને બાળકોએ તેમની જાતને વાર્તાના પાત્રો એટલે કે બાળકો સમજવાનું છે. તેમની મદદ કરવા માટે, દરેક ચોક્કસ ઉદાહરણમાં તમે પોતે પણ તે ક્રિયા કરી શકો છો.

> કારૂ કારૂ ગામ એક સુંદર નદીના કિનારે વસેલું હતું. ગામના લોકો રસોઈ માટે, સફાઈ માટે અને પાક ઉગાડવા માટે નદીના પાણીનો ઉપયોગ કરતા હતા. ઉનાળાની સખત ગરમીના દિવસોમાં, બાળકો ચાલતા ચાલતા નદીના ઠંડા પાણીમાં તરવા જતા હતા. ઉનાળાની ગરમીમાં એક દિવસ શાળામાં રજા પડી, તેના પછી બાળકો દોડતા દોડતા નદી કિનારે ગયા. પરંતુ જ્યારે તેઓ નદીના કિનારે પહોચ્યા તો તેમને જોઈને આશ્ચર્ય થયું કે, જ્યાં પહાડોમાંથી પાણીનો મોટો પ્રવાહ આવતો હતો ત્યાં હવે થોડું થોડું પાણી આવતું હતું. તેમને ખબર હતી કે જો નદીમાં પાણી સુકાઈ રહ્યું હોય, તો નદીના ઉપરના ભાગમાં કોઈ મુશ્કેલી  ભી થઈ હોવી જોઈએ. આટલા ઓછા પાણીથી આખા ગામને મુશ્કેલી પડી શકે છે. ખેડુતો કેવી રીતે તેમની ખેતી કરશે? બધા લોકો કેવી રીતે ખાવાનું બનાવશે? જો તેમને ખબર પડી જાય કે શું મુશ્કેલી છે તો તેઓ તેનો ઉકેલ શોધવાનો પ્રયત્ન  કરી શકે છે. તેઓ વિચારમાં પડી ગયા કે, પાણીનો સ્ત્રોત તો સુકાઈ નહીં ગયો હશે ને? તેમના શિક્ષક અને વાલીઓ સાથે ચર્ચા કરીને તેમણે નિશ્ચય કર્યો કે આ સમસ્યાની તપાસ કરવાનો પ્રયત્ન કરવા માટે અને તેઓ શુ કરી શકે છે, તે જોવા માટે, તેઓ બીજા દિવસે તેમના શિક્ષક સાથે ચાલતા પહાડ ઉપર જશે.
>
> બીજા દિવસે મળશકે બાળકો તેમના શિક્ષક સાથે નિકળી પડ્યા અને તેમના શિક્ષકની સાથે પહાડની તળેટી સુધી ચાલતા ગયા. પહાડ તરફ જોઈને કેટલાક બાળકો બોલવા લાગ્યા, "પહાડની ટેકરી ખૂબ દૂર છે, આપણે કેવી રીતે ત્યાં પહોંચીશું? શિક્ષકે સમજાવ્યું કે, "આપણે ધીરે ધીરે જવું પડશે અને એકબીજા સાથે તથા આપણી પોતાની સાથે ધીરજ રાખવી પડશે. એકબીજાનો હાથ પકડીને અચકાતા અચકાતા તેઓ પહાડ પર ચઢવા લાગ્યા. તેઓ ઉપર ચઢતા ગયા, અને ચઢતા ગયા અને જેટલા ઉપર ચઢતા ગયા તેટલું કઠિન બનતું ગયું. પરંતું તેમણે તેમના જોરનો સહારો લેવાનું શીખી લીધું. ઘણીવાર તેમના પગ લપસી જતા હતા, પરંતું તેઓ આગળ વધવામાં એક બીજાની મદદ કરતા હતા. તેઓ ચાલતા ગયા, અને ચાલતા ગયા અને એવું લાગતું હતું કે આ યાત્રા કદી પૂરી નહીં થાય. જ્યારે તેઓ કાદવવાળા રસ્તે પહોંચ્યા, તો કેટલાક બાળકો તેમના પગ ઘસડીને તેમાંથી નિકળી ગયા, જ્યારે કેટલાક ઝડપથી અને ધ્યાનપૂર્વક શક્ય એટલા જોરથી દોડીને તેમાંથી નીકળી ગયા. થોડી વાર ચાલ્યા પછી તેમને જમીન પર પડેલું એક ઝાડ જોવા મળ્યું. પહેલાં તો ઝાડ હટાવવા માટે બધાએ એક એક કરીને વારાફરથી અલગ અલગ રીતે પ્રયત્ન કર્યો, પરંતુ કંઈ પરિણામ આવ્યું નહીં. તેના પછી, બધાએ એક સાથે પ્રયત્ન કર્યો અને ધકકો મારીને તેને રસ્તામાંથી હટાવી દીધું.

તેઓ જેટલા ઉપર ચઢતા ગયા તેટલો પહાડનો ઢોળાવ સીધો થતો ગયો. પહાડની ટેકરી સુધી લઈ જતા રસ્તે ચઢવા માટે તેમને તેમના હાથ અને પગનો ઉપયોગ કરવો પડ્યો હતો. જ્યારે તેમના માંથી કોઈ એક બાળક હાર માનવા ઈચ્છતો, તો બીજા તેને યાદ અપાવતા કે ગામની મદદ કરવા માટે તેમણે આગળ વધવું જોઈએ. અંતે, તેઓ પહાડની ટેકરી ઉપર પહોંચી ગયા અને આનંદિત થઈને નદીના સ્ત્રોત તરફ દોડવા લાગ્યા. પરંતુ ત્યાં તો પાણીનો પ્રવાહ બરાબર હતો અને તેમણે જોયું કે ત્યાં કોઈ સમસ્યા ન હતી, તેથી બાળકો પહાડના બીજા ભાગમાં ગયા જ્યાંથી તેઓ પહાડની નીચે વહેતી નદી જોઈ શકતા હતા, અને જ્યારે તેમણે દૂર નજર કરી તો જોયું કે નદીમાં અવરોધ હતો જેનાથી નદીનો પ્રવાહ ક્યાંક બીજી તરફ ફંટાઈ જતો હતો. અંતમાં તેમની લાંબી યાત્રા પછી તેમણેં સમસ્યા શોધી કાઢી. બાળકો ખુશીથી ઉછળવા લાગ્યા, કારણ કે અંતમાં તેમને ખબર પડી ગઈ હતી કે ગામમાં ફરીથી પાણી લાવવા માટે તેમણે શુ કરવાનું હતું.

## F. ચિત્રકામ અને કલા

આ પાઠમાં, બાળકો શૈલી (પેટર્ન) અને તે રચના કે વણાટ (ટેક્સચર) સાથે કેવી રીતે સંબંધિત છે તે શીખશે. તમારે વર્ગમાં કોરા સફેદ કાગળ, કોરા રંગીન કાગળ, અને નક્કી કરેલી કાગળની નકલો, તેમજ કાતરની કેટલીક જોડી, કેટલીક ફૂટપટ્ટી અને પેન્સિલો લાવવાની જરૂર પડશે. પહેલી પ્રવૃત્તિ શરૂ કરતા પહેલા, બાળકોને કહો કે રેખાઓ અને આકારોનું પુનરાવર્તન થાય ત્યારે શૈલી (પેટર્ન) તૈયાર થાય છે. કેટલીકવાર, તમારે ઉલ્લેખ કરવો જોઈએ કે, આપણે વણાટ (ટેક્સચર)માં શૈલી (પેટર્ન) જોઈ શકીએ છીએ.

1. વિદ્યાર્થીઓને સમજાવો કે, આ પ્રવૃત્તિમાં, તેઓ કાગળનો ઉપયોગ કરીને ખૂબ જ સરળ વણાટ કેવી રીતે બનાવવો તે શીખશે.

    a. પ્રથમ, વર્ગને જોડીમાં વિભાજીત કરો અને દરેક જોડીને એક સફેદ કાગળ અને એક રંગીન કાગળ આપો.

    b. હવે તેમને તેમના લૂમ (કાપડ વણવાનું યંત્ર) બનાવવાની જરૂર પડશે. તમે તેમને શીટ ૧ ની નકલો આપી શકો છો જેથી તેઓ આ કેવી રીતે કરવું તે સમજી શકે. બાળકોને સમજાવો કે તેઓએ સફેદ કાગળને લંબાઈની દિશામાં ગડી કરવી જોઈએ, જેથી લાંબી ધાર મળે. દરેક જોડીમાં એક બાળકે કાગળની ગડી કરેલી ધાર સાથે નીચેથી પકડી રાખવો જોઈએ, જે તેની નજીક છે, અને પછી ગડી કરેલી ધારથી કાગળમાં ઉપરથી લગભગ 1¼ સેમી સુધીના સ્લિટ્સ (સાંકળી કાપ મારીને) કાપવા જોઈએ. કાપ લગભગ 2½ સેમીના અંતરે હોવા જોઈએ. ખાતરી કરો કે વિદ્યાર્થીઓ સમજે છે કે તેઓએ કાગળમાં આખો રસ્તો કાપવો જોઈએ નહીં.

પહેલા તમે થોડા કાપ દર્શાવવા માટે તેમને મદદરૂપ થઈ શકે છે. એકવાર તેઓ પૂર્ણ કરી લે, પછી જોડીને કાગળ ખોલવા દો. આ કાગળ તેમની લૂમ તરીકે કામ કરશે.

c. પછી દરેક જોડીએ રંગીન કાગળને લંબાઈની દિશામાં લગભગ 2½ સેમી પહોળા પટ્ટાઓમાં કાપવા જોઈએ. જો જરૂરી હોય તો, તેઓ ફૂટપટ્ટીનો ઉપયોગ કરી શકે છે અને લંબાઈની દિશામાં સમાંતર રેખાઓ દોરી શકે છે જેથી તેઓ કાપી શકે.

d. આગળ બાળકોને બતાવો કે કાગળની એક પટ્ટી કેવી રીતે લેવી અને તેને લૂમમાં કેવી રીતે વણવી: રંગીન પટ્ટી લૂમની પહેલી સફેદ પટ્ટી ઉપર, બીજી નીચે, બીજી ઉપર, વગેરે. જ્યારે તેઓ તેમની પહેલી રંગીન પટ્ટી વણી લે, ત્યારે તેઓ આગલી પટ્ટી ઉમેરી શકે છે. જોકે, આ વખતે, તેમણે લૂમ પરની પહેલી પટ્ટીની નીચે જઈને શરૂઆત કરવી જોઈએ અને પછી પહેલાની જેમ વારાફરતી વણાટ કરવું જોઈએ. જોડી આ રીતે ચાલુ રાખવી જોઈએ, ધ્યાન રાખવું જોઈએ કે લૂમમાં વણાટ કરી રહેલા રંગીન પટ્ટીઓ વચ્ચે મોટું અંતર ન રહે.

2. બાળકો હવે આ પાઠમાં સાંભળેલી વાર્તા સાથે સંબંધિત પ્રવૃત્તિ તરફ આગળ વધશે. પહેલા, તેમને તાહિરાની કવિતાની યાદ અપાવો, જેમાં તેણીએ લખ્યું છે:

હે શરદથી કુમળાયેલા,

હવે વસંત આવી ગઈ છે — **ઉઠો!**

જુઓ, નવા વર્ષ સાથે નવી જીવંતતા આવી છે,

અગાઉની પ્રવૃત્તિમાં જે શીખ્યા છે તેના આધારે, બાળકોને શીટ ૨ અને ૩ નો ઉપયોગ કરીને – એક પાનખરમાં વૃક્ષનું ચિત્ર અને બીજું વસંતમાં ફૂલોવાળા વૃક્ષનું ચિત્ર - કલાનો એક ભાગ બનાવવામાં મદદ કરી શકાય છે. તેઓ જોડીમાં રહી શકે છે અથવા વ્યક્તિગત રીતે કામ કરી શકે છે. પહેલા તેમને ચિત્રના કાગળમાં રંગ પૂરવાનું કહો. તેમને મદદ કરવા માટે, તમે વર્ગને પ્રશ્નો પૂછી શકો છો જેમ કે, "શિયાળો નજીક આવતાની સાથે પાનખરમાં પ્રકૃતિમાં વસ્તુઓ કેવી દેખાય છે?" અને "વસંતમાં પ્રકૃતિમાં વસ્તુઓ કેવી દેખાય છે?" પછી તેઓ શીટ ૨ નો ઉપયોગ લૂમ બનાવવા માટે કરી શકે છે, તેને પહેલા કોરા સફેદ કાગળની જેમ કાપી શકે છે. આગળ તેઓ શીટ ૩ ની પાછળ સમાંતર રેખાઓ દોરી શકે છે, જેમ કે તેઓએ રંગીન કાગળના ટુકડા સાથે કર્યું હતું, અને તેને પટ્ટાઓમાં કાપી શકે છે. તેઓ હવે ખીલેલા વૃક્ષના પટ્ટાઓને લૂમમાં અને બહાર વણી શકે છે. જેમ જેમ તેઓ વણાટ કરે છે, તેમ તમે


તેમને યાદ કરાવી શકો છો કે કેવી રીતે પરમેશ્વરના અવતારનું આગમન દૈવી વસંત જેવું છે.

**G. સમાપન પ્રાર્થના**


# સેટ ૧ -3

---


## ચિત્રકામના પત્રકો




ટૂંકી રેખા




લાંબી રેખા




પાતળી રેખા



જાડી રેખા



વક્ર રેખા



આડી-અવળી રેખા

ટૂંકી રેખા




લાંબી રેખા


પાતળી રેખા

જાડી રેખા


વક્ર રેખા

આડી-અવળી રેખા






*સતત રેખા*



*તૂટેલી રેખા*




*કિરણો છોડતી રેખા*


સતત રેખા

તૂટક રેખા


કિરણો છોડતી રેખા




રીંગણ



લીંબુ



સીધી અને સમાંતર રેખા



સીધી અને એકબીજાને કાપતી રેખા



કોણીય રેખા



તરંગાકાર રેખા

સીધી અને સમાંતર રેખા

સીધી અને એકબીજાને
કાપતી રેખા

કોણીય રેખા

તરંગાકાર રેખા

ABCDEFGHIJKLMN
OPQRSTUVWXYZ


abcdefghijklmn
opqrstuvwxyz


# તે ઈશ્વર છે!


# હે ઈશ્વર, મારા ઈશ્વર!


# મને મોતી જેવું એક શુદ્ધ

# હૃદય પ્રદાન કર..












પાઠ ૨.૨
શીટ ૧





પાઠ ૨.૩


શીટ ૧












વળેલી કિનારીથી સ્ટેપ લાઇન સુધી કાપો
વાળેલી કિનારી
સ્ટેપ લાઇન





## સંદર્ભસૂચિ


1. અબ્દુલબહા, પ્રાર્થના અને ભક્તિમય જીવન
2. અબ્દુલબહાની એક પાતીમાંથી
3. ધ સમન્સ ઓફ ધ લોર્ડ ઓફ હોસટ્સ, નં. ૧.૫૩
4. અબ્દુલબહાની એક પાતીમાંથી
5. બહાઉલ્લાહ, કિતાબ-એ-ઈકાન, ફકરો નં. ૫૨
6. અબ્દુલબહા, પ્રોમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ
7. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થના
8. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થના
9. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થના
10. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થના
11. બહાઉલ્લાહની પાતી
12. અબ્દુલબહા અબ્બાસની પાતી
13. ધ સમન્સ ઓફ ધ લોર્ડ ઓફ હોસટ્સ, નં. ૧૧૯
14. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૩૬
15. અબ્દુલબહા, અનિવાર્ય પ્રાર્થના અને ઉપવાસનું મહત્વ
16. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં, 16
17. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થના
18. ટેબ્લેટ્સ રિવિલડ આફ્ટર કિતાબ-એ-અકદસ, નં. ૧૦.૪
19. ટેબ્લેટ્સ રિવિલડ આફ્ટર કિતાબ-એ-અકદસ, નં. ૧૦.૧૦
20. ટેબ્લેટ્સ રિવિલડ આફ્ટર કિતાબ-એ-અકદસ, નં. ૧૭.૯૫
21. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં, 9
22. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૫૫
23. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૫૫
24. અબ્દુલબહા, બહાઈ પ્રાર્થના
25. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં, ૪૨
26. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં, ૧
27. અબ્દુલબહા, એડવેન્ટ ઓફ ડિવાઈન સિવિલાઈઝેશન, ફકરો નં. ૪૦
28. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૧૧૮
29. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઇટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, ૨૯
30. અબ્દુલબહા, બહાઈ એજ્યુકેશન
31. બહાઉલ્લાહ, જેમ્સ ઓફ દિવાઇન મિસ્ટરીસ